૩૪૯૫

સંન્યાસી.

મૂળ બંગાળીમાં

શ્રી દેવીપ્રસન્નરાય ચૌધુરી પ્રણિત

તેનું ભાષાન્તરકર્તા

નારાયણ હેમચંદ્ર.

મુંબઈ:

“એજ્યુકેશન સોસાઇટી” પ્રેસમાં છાપ્યું.

સન ૧૮૮૮.

જેના સરળ સત્યપરાયણ પવિત્ર જીવનની સ્મૃતિમાત્ર

આ જગતમાં

મારૂં ધર્મબાજ થયું છે;

જેના અસીમ સ્નેહ અને વાત્સલ્યનું ચિંતન

મારો ગંભીરશાન્તિસાગર છે:

તે ભક્તિભાજન નવીનચંદ્ર રાયનું

પવિત્ર નામ ગ્રહણ કરીને

આ પુસ્તક

અર્પણ કર્યું છે.

નારાયણ હેમચંદ

મુંબઈ,
સંવત ૧૯૪૪ શ્રાવણ શુદ ૧૫
તા૦ ૨૧ મી આગષ્ટ ૧૮૮૮.

जिसके सरल सत्यपरायण जीवनकी स्मृतिमात्र

इस जगतमें

मेरा धर्म्मबीज हुआ है;

जिसके असीम स्नेह और वात्सल्यकी चिंता

मेरा गभीरशांतिसागर है;

वह भक्तिभाजन नवीनचन्द्र राय का

पवित्र नाम ग्रहण करके

संन्यासी

उत्सर्ग किया.

मुम्बई,
२१ आगष्ट १८८८. } नारायण हेमचन्द्र.

(તોટક)

દુઃખ ભોગવું દોહલું જો હું ઘણું,
નવ તે થકિ કાંઈ ગણું હું ઉણું;
સુખ નાવ બિજાતણું પ્રેરિ રસે,
સુખિ થાઉં,--હું એ મનભાવ વસે. ૧

મુજ નેન ભલે જળપૂર વહે,
મન તે થકિ ના પરિતાપ લહે;
હરૂં અન્યતણાં જળ લોચનથી-
ઈશ! એટલું યાચું પુરા મનથી. ૨

ધન ચાહું ન માન ન ચાહું કંઈ,
નવ પ્રાણ વિશે કંઇ પ્રીતિ રહી;
જીવું જો હું મર્યો રહી કૃત્ય વિશે,
ઈશ! વાંછુ સદા તુજ આશિષ એ. ૩

અતિ ઉત્તમ ઈશ લિલા નિરખી,
પછી ગાઉં બધે હઈડે હરખી;
કર સાધન યોગ્ય મને ઈશ હે,
મરણાન્ત સુધી મન એહ ચહે. ૪

ભરિયું મુજ અંતર દુઃખ ભરે,
મચિ કૃત્ય વિશેજ જિવું હું ખરે;
કરતાં નિજ કૃત્યજ દેહ પડો,-
ધરૂં આશ મહાનજ, પૂર્ણ કરો.

૩૫૪૩

संन्यासी.

ખંડ ૧ લો.

પ્રકરણ ૧ લું.

ચાંદની રાત્ય.

ચાંદરણાંવાળી બે પહર રાત્ય ગઈછે, આકાશમાં ચંદ્ર મંદ મંદ હસેછે. રમતીયાળ ચતુર મેઘ ચંદ્રનું પ્રફુલ્લ હાસમય વદન જોઇને દોડતો દોડતો ત્હેના શરીર ઉપર પડેછે, ચંદ્ર તોપણ હસેછે. આ સર્વ કુદ-રતની છબી કોણ જોશે? ગામ નિસ્તબ્ધ,—ગડબડ વિનાનું છે. ધન્ય છે નિદ્રાની મોહની શક્તિને; કહેવી લાલચથી ખેંચીને ગામના સઘળા જીવજંતુને પો-તાના રાજ્યની પ્રજાની શ્રેણિમાં મેળવ્યા છે! આંખ્ય હોવા છતાં સર્વ જોવાની શક્તિથી વંચિતછે, કાન હોવા છતાં સર્વની શ્રવણશક્તિ વગર કામની છે. સઘળા થઈને રહેલાછે, કોણ આ છબી જોશે? કોણ પ્રકૃ-નીરવ સંગીત સાંભળીને મોહિત થશે? જુવે અ-જુવે ત્હેમાં ચંદ્રને શું? ચંદ્ર તો સંસારમાં પરોપકારમાં બદ્ધછે; નહિ તો વળી શું નિ-

સ્તબ્ધ સમયમાં, સર્વ પ્રકારના યશ માનની આશા છોડીને પોતાનાં કોમળ કિરણ વિસ્તૃત કરી સકે? આ ચાંદની રાતે ગામના સઘળાં માણસો ઉંઘમાં અભિભૂત છે, પરંતુ એક ઘરમાં દીવો મૃદુ મૃદુ ભાવથી બળેછે, તે ઘરના સઘળા દરવાજા ઉઘાડા છે, ચંદ્રમાનો પ્રકાશ યદૃચ્છા ક્રમથી ખુલ્લા દરવાજામાંથી ઘરમાં પ્રવેશ કરીને રાજત્વ કરેછે. ઘરમાં ફક્ત બે સ્ત્રિયો છે. બે જાગેલિયો છે,— ત્હેમાંથી એક કુલવધૂ છે અને બીજી ત્હેની સખી છે; હાવી ગંભીર રાતે તેઓ શું કરેછે?

કુલવધૂ "હું પરોપકાર જાણતી નથી, ધર્મ સમઝતી નથી; બીજાની આંખમાં આંસુ જોઇને તે લ્હોવાની ઈચ્છા થશે કે નહિ, તે પણ હજી જાણતી નથી; પારકાનું દુઃખ જોઈને આંખ્યમાંથી આંસુ પડીને ગાલ ભીંજશે કે નહિં તે પણ અનુભવ કરી સકતી નથી; પરંતુ હમણાં જે સમજી છું તે નિશ્ચય કરીશ. સંસારમાં સઘળું તણાવા દીધુંછે, હવે રહીને શું કરૂં? તેથી મ્હેં આજ આ વેશ ધારણ કર્યોછે; આ વેશને હવે આખી ઉમ્મર સુધી છોડીશ નહિ; મ્હેં મ્હારી સર્વ વાત ત્હને સરલ ભાવથી કહી સંભળાવી, મ્હને જવાની રજા આપ્ય."

સખી "શી રીતે ત્હને રજા આપું આપીને પછી હું શું લઈને રહીશ તે જ કહે? ન

મ્હારા સવાલનો જવાબ નહિં આપે ત્ય્હાંસુધી તું મ્હને છોડીને જવા પામીશ નહિં."

કુલવધૂ "શામાટે ઘર છોડી આવીછું તે તો ત્હારા જાણવામાંજ છે, જે નહિં જાણતો હોય ત્હેને કહી સકુંછું, ત્હારી આગળ શામાટે કહું? મ્હારા મનની વાત કોઈ દિવસે પણ ત્હારી આગળ છુપાવી છે?"

સખી "મ્હેં જે કંઈજાણ્યુંછે તે ઉપરથી તો અહિં રહેવું ઉચિત નથી ખરૂં, પરંતુ ચાલ્ય આપણે આપણે ઘેર જઈએ ત્ય્હાં તો આપણું સર્વ છે. શામાટે આ ત્રેશર્થી જાયછે? જો તેમ કરવાની મરજી નહિં હોય તો ત્હારા મનનો ભાવ મ્હને ખુલ્લે ખુલ્લો કહે, હું પણ ત્હારી સાથે આવીશ, એકલી ઘરમાં રહીને શું કરૂં?"

કુલવધૂ "તું ક્ય્હાં આવીશ? હું જે રસ્તે જનાર છું તે રસ્તા ઉપર આજસુધી કોઈ સુખી થયુંછે હેવું મ્હેં સાંભલ્યું નથી, તું મ્હારી સાથે ક્ય્હાં આવીશ?"

સખી "ત્ય્હારે તું શામાટે જાયછે? તે રસ્તા ઉપર ઘણાં કાંટા છે તો હું ત્હને જવાની રજા આપીશ નહિં. તું શું કરીશ?"

કુલવધૂ "આજ મ્હને કોઈ રોકીસકે હેવો મનુષ્ય હું જોતી નથી, મ્હેં જે રસ્તો પકડયો છે તે રસ્તા ઊપર જવાથી હું સુખી થઈશ તે હું નિશ્ચય જાણું છું, તું મ્હને નિષેધ કરીશ નહિં"

સખી "આ મ્હોલ્લાનાં સર્વ માણસોને ઉઠાડીને બોલાવી લાવું છું, તેઓ ત્હને આ વેશમાં જોઈને શું કહેછે તે જો."

કુલવધૂ "તેઓ શું કહેશે? મ્હારા મનનો કોણ માલીક છે? હું શું ન્યાય વિરૂદ્ધ કામમાં લાગેલી છું?"

સખી "ત્હારે હું બોલાવું છું; ત્હારે હું બોલાવું છું?"

કુલવધૂ "છેઃ આ શું? છીઃ આ શું સખિ! તું શું ઘેલી થઈ છે? મ્હને શું તું ઘેલી જાણેછે? મ્હને શું તું ઘેલી સમજેછે?" હાવું કહેતાંકહેતાં તે ભયરહિત રમણી વિજળીની પેઠે ઘરમાંથી નીકળી. પછવાડે પછવાડે સખી પણ "આ શું?—હું પણ આવું છું." કહેતી કહેતી દોડી. નીરવ જગતમાં નિદ્રાના ખોળામાંથી આંખ્ય ઉઘાડીને રાત્રીનો આ દેખાવ કોઈએ જોયો નહિં; ફક્ત તે મૃદુ હસ્તા હસ્તા આકાશના ચંદ્રમાએ જોયો; ફક્ત આ દેખાવનો સાક્ષી તે સ્વાર્થ રહિત ચંદ્રમા રહ્યો, પણ તે અસ્વાર્થી ચંચલ મેઘના ઓઠે રહીને."

પ્રકરણ ૨ જું.

સ્મશાનમાં.

"ભુલા પડેલા મુસાફર! તું ક્હાં જાયછે? અમાવાસ્યાની રાતે ભીષણ અંધકારમાં જગત ઘેરા-

યલું છે, હાવા ભયાનક સ્થાનમાં હાવી રાતે આ જગ્યા ઉપર માનવ તું શામાટે એકલો ફરતો ફરેછે?''

એક સંન્યાસી યોગની સાધના કરવાના ઈરાદાથી અમાવાસ્યાની રાતે કોઈ સ્મશાનમાં ફરતો ફરતો પોતાના મનને આ પ્રશ્ન પુછતો હતો. જગત્ નિદ્રામાં અભિભૂત હતું તેથી નિસ્તબ્ધ હતું; વાયુ ઝાડનાં પાંદડાંને ભેદીને શબ્દ કરતો કરતો એક તરફથી બીજી તરફ જતો હતો. સ્મશાનની પાસે એક મ્હોટું તળાવ હતું. ત્હાંથી હિમાલય પર્વત ઘણો પાસે હતો. હવા ઘણી ઠંડી હતી,—સંન્યાસીનું શરીર વિભૂતિથી આવૃત નહોતું તેથી ટાઢથી રોમાંચિત થયેલો હતો. આકાશમાં નક્ષત્ર કેવલ સંન્યાસીની આંખ્યને ખેંચતાં હતાં. તારાનાં પ્રતિબિંબ મ્હોટા તલાવના સ્વચ્છ તરંગવાળા પાણીની સાથે રમત કરતાં કરતાં તરતાં હતાં, તે બાજુએ સંન્યાસીની આંખ્ય એક વાર પણ પડી નહોતી. ઝાડનાં પાંદડાં ભેદીને પવનના દોડવાથી જે શબ્દ ઉત્પન્ન થતો હતો તે તરફ મન નહોતું, કેમ નહોતું તે હમે જાણતા નથી. સંન્યાસી આકાશની તરફ આંખ્ય ઊંચી કરીને નક્ષત્ર જોતો હતો અને કહેતો હતો;

મન, સંસારના દુર્ગમ રસ્તાની બિભીષિકા જોઈને ભયભીત થયુંછે, પોતાનું અવલંબન સોધી સકતું નથી! અવલંબન શું? આ તારા કહેવા સુંદર છે.—પરંતુ

અજ્ઞાન, મૂર્ખ. સમજતું નથી, કે હેની અંદર શું છે? સમજીને શું કરે અવલંબન કરી સકત નહિં? મ્હારા કરતાં જે બુદ્ધિમાન્ છે, તે કહેછેકે હેમાં એક જીવ વસેછે; કદાચ એમ પણ હોય, પણ હું તો તે જોઈ સકતો નથી; જ્હારે હું આંખ્યથી જોઈ સકતો નથી ત્હારે એ વાતને હું માની સકતો નથી: જે માનવા ઈચ્છતો નથી ત્હેનું અવલંબન કરી સકતો નથી; ત્હારે હવે નક્ષત્રમંડલ મ્હારૂં અવલંબન નથી. ત્હારે મ્હારૂં અવલંબન શું? હું વળી કોણ? શામાટે આ રસ્તા ઉપર આવ્યોછું?—શામાટે બિભીષિકા જોઈને ભયભીત થયો છું? શામાટે મ્હારૂં અવલંબન મળ્યું નહિં? સંસાર છોડીને પર્વત ઉપર આવ્યો; વળી પર્વતને છોડીને આ નીરવ સ્મશાનમાં શામાટે આવ્યોછું? કારણ સંસારમાં મ્હારૂં અવલંબન નથી. પર્વત ઉપર બિભીષિકામય લાલચ છે; તેથીજ એકલો ફરવા આવ્યોછું. સંસાર અવલંબનશૂન્ય છે,—સંસાર અવલંબનશૂન્ય છે—કેમકે સંસારમાં પવિત્ર પ્રેમનું ચિત્ર જોઈ સકતો નથી—સંસારનું સઘળું ચંચલ છે. કેમ ચંચલ છે, તે હું સમજ્યો છું–સમજ્યો છું મન જે ઈચ્છેછે. તે સંસારમાં મળતું નથી. સંસારમાં પ્રેમ છે,—તે પ્રેમનો અર્થ સ્વાર્થ છે,—તેથીજ સર્વ જતું મ્હેળ્યુંછે; અને તેથી હું લક્ષ્ય વગરનો થઈને તણાઉં છું. ક્હાં જાઉંછું તે હું જાણી સકતો નથી. લક્ષ્ય શું છે તે જાણતો નથી,

અવલંબન શું છે તે પણ સમજતો નથી. શરીરપણ મ્હારૂં નથી, હું પણ શરીરનો નથી, આ સંસારમાં મ્હારૂં અવલંબન શું છે તે સમજતો નથી જે અવલંબન હતું તે તણાઈ ગયું છે. હું શું છું તે સમજતો નથી, મ્હારૂં મન શું છે તે જાણતો નથી, કેવળ એટલુંજ જાણું છું કે મ્હને કોઈ રીત્યનો અભાવ છે; તે અભાવ પૂર્ણ કરવાને માટે આ શ્મશાનનો આશ્રય લીધો છે; પરંતુ આ શ્મશાનની શું કોઈ જાત્યની શક્તિ છે કે મ્હારો અભાવ પૂર્ણ કરી સકે? આ સંસારનો સંબંધ છોડવાની જગ્યા છે,—જે શ્મશાનનો સેવક છે તે ભૂત છે, ત્હેનાં ચિન્હો પણ દેખાતાં નથી. ક્હાં ભૂત જીવ? સંસારનું શરીર માટીમાં મળી જાયછે; પરંતુ બીજું સર્વ? શરીરજ શું જીવનું સઘળું છે? સમજતો નથી, સમજી સકતો નથી. જો તેમજ હોય તો હવે અવલંબન શામાટે સોધું? મરવાને માટે આવ્યો છું, મરી જાઉં; અવલંબનની હવે શી જરૂર છે? મરીને જો જીવનના માર્ગનો છેડો લાવી સકું તો હવે વિચાર શામાટે કરવો? ત્હારે તો જીવનનું અવલંબન અને લક્ષ્ય કેવળ શ્મશાન છે? કહેવી સુખદાયક જગ્યા છે! ગડબડ વગરની—ગંભીર. આ જગ્યાપરની પ્રકૃતિ કહેવી મધુર છે!" હાવી રીત્યનો વિચાર કરતો કરતો સંન્યાસી અચેતન થઈ પડ્યો. તે અચેતન અવસ્થામાં શું થાયછે તે હમે કહેવાને અશક્ત છિયે.

પ્રકરણ ૩ જું.

પર્વત શિખર ઉપર.

તે સુસ્નિગ્ધ અંધારી રાત્ય યથા સમય ચાલી ગઈ. આકાશના તે ઉજ્જવલ તારા ચમક ચમક કરતા હોલવાઈ ગયા. નિસ્તબ્ધ શ્મશાનનું ગાંભીર્ય નાશ પામ્યું. પવનના પરાક્રમની સાથે પાણીની તરંગ-લીલા ધીરે ધીરે નિસ્તેજ થવા લાગી. આકાશના ચારે બાજુએ જોતા જોતામાં મેઘ એકઠો થયો. ઉત્તરમાં ગાઢા કાળા મેઘની પેઠે ગગનભેદી હિમમય પર્વત શોભા આપવા લાગ્યો. આ વખતે અચેતન. અવલંબન શૂન્ય, વિચારમાં વ્યાકુલ, સંસાર ઉપર વીતરાગ સંન્યાસી સચેત થયો. સંન્યાસી ઉઠીને બેઠો. બેશીને ઉભો થયો. માથું તે વેળાએ ફરતું હતું, હૃદય તેવેળાએ અસ્થિર હતું તોપણ સંન્યાસી ઉભો થયો. ત્ય્હાર પછી શું કર્યું? થોડીવાર સ્તંભિત ભાવથી ઉભો રહીને ધીરે ધીરે પગ ઉપાડતો ચાલ્યો. પર્વતની પાસેનું વિસ્તૃત અરણ્ય, જય્હાં ઘણું જંગલ—જે બાજુએ માણસ ભૂલ્યથી પણ જવાને ડરતા—જય્હાં કેવળ મારી ખાનારાં પશુનું રહેઠાણ હતું,—તે તરફ ચાલ્યો: અરણ્યમાંથી એકલો ઉત્તર તરફ જવા લાગ્યો. સંન્યાસી બલિષ્ઠ, શરીરે મ્હોટો, અને ઘણો સાહસી હતો. પોતાના સાહસ ઉપર આધાર રાખીને

ભયાનક જંગલમાંથી દુર્ગમ પર્વતની ચઢવાની જગ્યા ઉપર પ્હોચ્યો, તે રસ્તા ઉપર માણસો કદી પણ જતાં નહોતાં, જે જગ્યા ઘણી બિહામણી હતી. કોઈ કોઇ પથ્થરના બે કટકા થઈને થોડા આશરા ઉપર ટકેલા હતા. કોઈ કોઈ પથ્થર ૫૦૦-૬૦૦ ફુટ ઊંચાને ઉંચા ઊભા હતા. કોઈ કોઇ જગ્યા ઉપર મ્હોટું જંગલ હતું. મ્હોટાં મ્હોટાં ઝાડોએ પથ્થરોને તોડીને પોતાનું મસ્તક ગગનમાં ઉપાડયું હતું, કોઈ કોઈ જગ્યા ઉપર પર્વત ફાડીને સ્વચ્છ પાણી અવિરત નીચેની બાજુ તરફ દોડતું હતું, કોઇ કોઈ જગ્યા ઉપર ગંભીર અતલસ્પર્શી ન્હાની ગુફાઓ હતી, જે તરફ જોવામાં આવે તે તરફ પ્રાણ કાંપી ઉઠતો હતો. શરીર વિકંપિત થતું હતું. જ્યહાં મનુષ્યનો પગ લપશી પડે તો ત્હેનું અસ્તિત્વ ક્યહાં વિલીન થઈ જાય ત્હેનો નિર્ણય કરવો મનુષ્યની શકિતની બ્હારય હતો. હેવી દુર્ગમ જગ્યા ઉપરથી સંન્યાસીના પાદચારણનો માર્ગ હતો. સંન્યાસીનાં ભ્રમણનું પ્રશસ્ત ક્ષેત્ર હતું. સુકૌશલથી થોડીવારમાં સંન્યાસી મ્હોટા મ્હોટા પથ્થરોનો અતિક્રમ કરીને પર્વત ઉપર ચઢવા લાગ્યો, સંન્યાસીના પગ એક વેળાએ પણ સ્ખલિત થયા નહિ;-શરીરમાંથી પસીનો પણ નીકળ્યો નહિં; હાવી દુર્ગમ જગ્યા કાપતો કાપતો સંન્યાસી ક્યહાં જતો હતો? લક્ષ્ય શું હતું? લક્ષ્ય ગમે તે હોય તે લક્ષ્ય પર જવાની સંન્યાસીના

ઈચ્છા હતી; ભૂખ તરશને ન ગણકારતા અવિશ્રાંત ચાલ્યો જતો હતો, મધ્યાન્હ થઈ ગયું. સાંજ પડવા લાગી, સૂર્યનાં કિરણ બહુધા તે દુર્ગમ સ્થાન ઉપર આધિપત્યનો વિસ્તાર કરી સકતાં નહોતાં. મેઘમાલાજ રશ્મિની મ્હોટી પ્રતિબંધિકા હતી; અને જો કોઈ વખતે મેઘરાશિ સ્ખલિત તથા સ્થાનભ્રષ્ટ થઈ જાય અથવા ઉપર ચાલ્યો જાય તોપણ ગગનવિસ્તૃત ઝાડોનાં ભરાવવાળા પાંદડાં ભેદીને કિરણ આવી સકતાં નહોતાં. સવારે અને સાંઝે બહુધા બન્ને તરફના આકાશસ્પર્શી પર્વત સૂર્યને ઢાંકી નાખતા હતા; તેથી સંન્યાસીનો રસ્તો ઘણોખરો સૂર્યના કિરણ વગરનો થયો હતો. થોડો વખત બાકી રહયો ત્ય્હારે સંન્યાસીએ શિખર ઓળંગવાનો આરંભ કર્યો. એક શિખર ઓળંગ્યા પછી સામે બીજું એક મ્હોટું શિખર આવ્યું; ત્ય્હાર પછી ત્રીજું શિખર આવ્યું; એ પ્રામણે આશરે ૩૦।૪૦ ન્હાનાં ન્હાનાં શિખર ઓળંગીને એક મ્હોટા શિખરની પાસેની ગુફાના દરવાજા ઉપર આવ્યો, તે વેળાએ સૂર્ય આથમી ગયો હતો. ગુફાના દરવાજા ઉપર પગનો અવાજ સાંભળીને ગુફામાંહેલો માણસ ચમકીને પૂછવા લાગ્યો "કોણ છે? આ જગ્યાની શાંતિનો વિનાશકારી થઈને કોણ આવ્યોછે?"

સ્વામીજી તે વેળાએ તપશ્ચર્યા પુરી કરીને ફળ–

મૂળ ખાવાને માટે તૈયારી કરતા હતા. સંન્યાસીએ જબાબ આપ્યો "હું."

સ્વામી બોલ્યા "હરિનારાયણ?" આવ્ય બેટા! ઘણા દિવસ થયાં ત્હેને જોયો નથી.

સંન્યાસી ગુરૂદેવના ચરણ ઉપર માથું મુકીને કહેવા લાગ્યો "દેવ! હું અવલંબન શૂન્ય થયોછું, મ્હારૂં મન અસ્થિર થયું છે, તેથી આપની કને આવ્યોછું."

સ્વામીજીએ જવાબ આપ્યો—"હું ત્હારા મનની વાત સમજ્યો છું; ઈન્દ્રિયના સ્વાધીન પદાર્થમાં સુખ સોધવાથી મનુષ્ય કદી પણ સુખી થઈ સકતો નથી; કારણ કે ઈન્દ્રિય ચંચલ છે; ઈન્દ્રિયનું અવલંબન પણ ચંચલ છે; એ વિષય ઉપર હું આજ વધારે કહીશ નહિં, તોપણ આટલું કહુંછું કે ધર્મસાધન કરવું હોય તો સંસારની આસક્તિ છોડવી જોઇયે; નહિં તો મનુષ્યનું મન ઈન્દ્રિયના મારથી અસ્થિર થઈને રસ્તો ભૂલી જાયછે અને ભટકતો રહેછે, અથવા અસ્વાભાવિક માર્ગે જાયછે. સંસારના પ્રલોભન ઉપર જય મેળવવો એ ઘણું કઠણ કામ છે. રિપુને એકદમ વશ નહિં કરી સક્યાથી કોઈ જય મેળવવાને સમર્થ થતો નથી. જે સંસાર તે ચિરકાલ સંસારજ રહેશે, તે હમેશાં ચંચલ રહેશે. આ સંસારમાં અર્થાત આ પાર્થિવ જગતમાં ત્હેનેજ અવલંબન

છે કે જે ઇન્દ્રિયના આયત્ત ભોગ વિલાસમાંથી મનને ફેરવીને તે અતીન્દ્રિય પદાર્થમાં મન સમર્પણ કરી સકેછે. સંસારનું સુખ અને સંસારની શાંતિ સર્વ નશ્વર શરીરની પેઠે ક્ષયશીલ અને ચંચલ છે; તો અચંચલ, અવિનશ્વર પદાર્થ શિવાય ચિર ઉન્નતિપ્રિયમનનું અવલંબન બીજો કોણ થશે? જો આપણા ચિર ઉન્નતિશીલ આત્માનું અસ્તિત્વ આપણે નહિં માનિયે તો તું કોણ અને હું કોણ? આત્મા અવયવ વગરનો છે, સંસારના અવલંબન વગરનો છે, મનની વૃત્તિયો ઇન્દ્રિયોને આધીન છે, વિચાર સર્વનો દાસ જેવો છે. આત્માનું અવલંબન આ સંસારનો કોઈ પદાર્થ નથી. જેઓ મનના રિપુઓના ઉત્તેજિત ભાવથી રક્ષા કરીને આત્માના ભલાની તરફ દોડી સકેછે, તેઓનેજ આ સંસારમાં ધન્ય છે. મનને સંસારના નરકમાં નાંખીને, બેટા! ત્હારો આત્મા બીજા કોનું અવલંબન કરશે તે કહે? મન આત્માને યંત્ર સ્વરૂપ છે. એ યંત્ર ખરાબ થયાથી આત્મા અસ્થિર થાયછે, અવલંબન શૂન્ય થાયછે, ત્હારા મનને સંસારથી ખેંચીને લાવ્ય, આત્માના કલ્યાણની તરફ દોડાવ્ય. ખરૂં અવલંબન છે તે વગર હરકતે મેળવી સકીશ. નહિં તો મનને સંસારમાં છોડી મૂકને કદી પણ શાન્તિની આશા કરતો નહિં, આત્માને શાંતિમાં રાખવો જોઈએ; આત્માનું અવલંબન એક શિવાય બીજું નથી. જે આત્માનું અસ્તિત્વ માનેછે, જે આ-

ત્માની હમેશાંની ઉન્નતિશીલતા માનેછે, તે જાણેછે કે આત્માનું અવલંબન એકજ છે. સંસારના જીવ શરીર અને ઇન્દ્રિય સંસારનાં સુખ મેળવીને પરિતૃપ્ત થઇ સકે છે, પરંતુ આત્મા અવયવ વગરનો છે અને ઇન્દ્રિયથી અતીત છે તે કેહેવી રીતે સંસારમાં શાંતિ મેળવશે? જ્યહારે આત્માનું યંત્ર મન સંસારનું સુખ સોધીને શરીરની પુષ્ટિ કરવામાં લાગેલું હોયછે, ત્યહારે આત્મા રોગગ્રસ્ત થાયછે; ત્હને પણ તે રોગે ઘેર્યો છે; બેટા! આપણે સંસાર છોડીને આવ્યા-છિયે, હેમાં ઘણાં છુપાં તત્ત્વ રહેલાંછે ભોગ વિલાસની આસક્તિ છોડ્ય, પ્રલોભન ઉપર જય મેળવ્ય. સંસારનું સુખ વિસર્જન કર્ય, એટલે આત્માનું અવલંબન પોતાની મેળે મળશે, નહિ તો મનને સંસાર-માં રાખીને શામાટે ચંચલમતિ બાળકની પેઠે આ-ત્માનું અવલંબન શોધવાને માટે યત્ન કરેછે? રોગનો નિર્ણય ન થાય તો કદી યોગ્ય ચિકિત્સા થઈ સકતી નથી. મ્હેં ત્હારો જે રોગનો નિર્ણય કર્યો છે એ શું ખરો નથી?"

સંન્યાસીએ દીર્ઘ નિશ્વાસ નાંખ્યો. આંખ્યમાંથી આંસુ પડવા લાગ્યાં, એકાએક એક આશ્ચર્યભાવ ત્હેના મનમાં આવ્યો; તેથી શરીર રોમાંચિત થયું જોતા જોતામાં સંન્યાસી સ્વામીજીના પગ ઉપર માથું મૂકીને કહેવા લાગ્યો,—" પ્રભુ! હું મરી

ગયો છું, હું ડુબી ગયો છું—મ્હારો હવે કંઈ બીજો ઉપાય નથી, મ્હારી રક્ષા કરો, મ્હારી રક્ષા કરો.

સ્વામીએ અવિચલિત ભાવથી ભમર કુંચિત કરી. ત્યાર પછી સંન્યાસીના માથા ઉપર હાથ મૂકીને બોલ્યો—" બેટા! હમણાં સુસ્થિર થા, હમણાં સુસ્થિર થા."

પ્રકરણ ૪ થું.

તળેટી ઉપર.

જે પર્વતની ગુફામાં ગુણરામ સ્વામીનો યોગાશ્રમ હતો. ત્હેની ઉત્તર તરફનો પર્વત નીચો થતો થતો તેણે સમતલ ભૂમીમાં આશ્રય કર્યો હતો; તે શિખરથી સપાટ જમીન ૨૦૦૦ હાથ નીચી છે. સપાટ જમીનની એક બાજુએ પ્રબલ વેગવતી નદી ઉત્તર પશ્ચિમ તરફથી પૂર્વદક્ષિણ તરફ તીરની પેઠે પ્રવાહીત થાયછે; એ નદીનું નામ તૃષ્ણા છે: એ નદી બીજી એક નદીની સાથે મળીને જલપાઈ ગુડીની પૂર્વ સીમામાં પ્રશસ્ત પટ ધારણ કરીને તૃષ્ણા નામથી પ્રખ્યાત થઇછે. દારજીલિંગની ઉત્તર અને ઉત્તરપશ્ચિમ સીમામાં મ્હોટી રંગિત અને ન્હાની રંગિત નામની બે નદી વહેછે. ન્હાની રંગિતના કરતાં મ્હોટી રંગિત ઘણી વેગવતી છે; મ્હોટી રંગિત સિ-

કીમ પ્રદેશમાંથી આવેછે, હેની ઉત્પત્તિની જગ્યા હિમગિરિ છે; ન્હાની રંગિત, નેપાલ અને દારજીલિંગ સીમાની વચમાંના હજારો ઝરણાં એકઠાં થઈને ઉત્પન્ન થઈછે. એ ન્હાની અને મ્હોટી રંગિત મળીને જે જગાપર એક હૃદય અને એક પાટ ધારણ કર્યો છે, હમે તે જગાથી ઘણી છેટેની વાત કહિયે છિયે. તે ઉત્તર અને પૂર્વ સીમામાં ભૂટાનની હદનો મ્હોટો પર્વત છે, ઉત્તરમાં સિકિમ પ્રદેશ છે, પશ્ચિમમાં પણ સિકિમના તાબાની કેટલીક ન્હાની ન્હાની પર્વતની હારો છે. તે વેળાએ ઉપલ્યાં સર્વ સ્થાન કુટિલ દગાખોર મોહની શકિતના બલથી અંગ્રેજોએ તાબે કર્યાં ન હોતાં.

ઝાડોથી ઘેરાયલા પર્વતની શોભા, ગિરિસંકટ સ્થાનની ભયાનક બિભીષિકા, ઝરાનો આશ્ચર્યકારક સુમધુરસ્વર, હિમગિરિની ગગનભેદી શ્વેત મસ્તકના સુંદર મૂર્તિ અને તલેટી ઉપર મેઘનું છાવું અને મેઘની અતિઆશ્ચર્યકારક લીલા અને રમતનું વર્ણન કરવામાં કોઈની પણ કલમ આજ સુધી સમર્થ થઈ નથી. કવિની આશ્ચર્યકારક કલમથી નીકળેલી સ્વભાવની જે સુંદરતા તેનુ વર્ણન વાંચીને એક દિવસે મોહિત થયો હતો, આ નયન સમક્ષ જ્યહારે તે પ્રાકૃતિક સૌન્દર્યે ક્રીડા કરતું જોયું, ત્યહારે ધાર્યું હતું કે ક્યહાં સ્વર્ગ છે અને ક્યહાં નરક છે? પ્રાકૃતિક શોભા ઘણી જાત્યની છે, પર્વત સંબંધી સર્વ જાત્યની સુંદરતા ત્હેમાં પ્રધા-

ન છે; ત્હેમાં વળી પર્વત શોભામાં હિમગિરિના પા-
સેનું સ્થલ સર્વથી શ્રેષ્ઠ છે; કવિની કલમ આખો જ-
ન્મારો સુધી યોગ તપશ્ચર્યા કરે તોપણ એ સ્થાનના
સૌન્દર્યનું વર્ણન કરી સકશે નહિં. અનંત આકા-
શમાં મેઘરાશિની સાથે જે પ્રચંડ વિસ્તૃત પર્વત-
રાશિ, બરફ મસ્તક ઊપર ધારણ કરીને લીલા
કરેછે.—એક મેઘ નીચે આવેછે, એક ઉપર ચઢેછે.
પર્વત ઊપરના બરફનો ઢગલો સૂર્યના કિરણથી
આસ્તે આસ્તે સ્ખલિત થઇને પડેછે, અને તે,
સ્ખલિત બરફમાંથી અનંત પ્રવાહ સાગર સંગમમાં
મળેછે, કોઈની હરકત ઊપર નજર નાહિં રાખતા
સર્વ પ્રકારની હરકતો અતિક્રમ કરીને જાયછે,
વળી તે સ્રોતમાંથી સાંમે હજારો ખંડ મેઘ પળમાં
ઊત્પન્ન થઈને અનંત આકાશની તરફ દોડેછે;
પળમાં હજારો ખંડ મેઘની ઊત્પત્તિ થાયછે, પળમાં
વાયુભરથી તેઓ ગગનને સ્પર્શ કરેછે; પળમાં
અનંત સાગરમાં પરિણત થાયછે, અને પળમાં
પર્વતની ભીમ મૂર્તિની સાથે મળેછે, એ જેણે
જોયું છે ત્હેની આંખ્યમાંથી પાણી પડીને ભૂમિને
સ્પર્શ કરેછે; પરંતુ કોની મગદુર છે કે તે સૌન્દર્ય-
રાશિનું મ્હોએ બીજાની પાસે વર્ણન કરીને કૃતાર્થ
થાય. પર્વતવાસી ભાવિકોજ ત્હેનો અનુભવ કરી
સકેછે, પળમાં વૃષ્ટિની ઉત્પત્તિ, પાછું એક પળમાં
સુર્યદર્શન અને નિમિષમાં અકુલ સાગર સદ્દવાસ

એ કેહવી વસ્તુ છે ! કંઈ પણ ક્યહાં નજરે પડતું નથી આકાશ સ્વચ્છ છે,—ચારે બાજુએ પર્વતોએ ગગનને સ્પર્શ કર્યો છે. ચારે બાજુએ ઝરણાનો સુસ્વર કર્ણમાં અમૃત પ્હોંચાડેછે, આંખ્ય કેટલું જુએછે! પરંતુ મુહૂર્ત પછી જોનાર એકલો સમુદ્રમાં તણાયછે, કહેવો આશ્ચર્યકારક દેખાવ? ક્યહાં છુપાઈ રહ્યો તે ગગનભેદી ભીષણ પર્વત, ક્યહાં ગયો શબ્દ, ક્યહાં ગયો કલરવ, ક્યહાં ગયું આકાશ; ક્યહાં ગઈ આશ્રિત ભૂમિ, જોનારને મેઘે ઘેરી દીધોછે. જોનાર નિમિષમાં અકુલ સમુદ્રમાં તરેછે. ત્ય્હાં કેટલી વારને માટે? કદાચ એક પળપછી ફરીથી ગગનમાં સૂર્યના ઉજ્વળ કિરણ પ્રકાશ આપેછે, કોઈકોઈ પર્વતની ઉપર સ્થાને સ્થાને કિરણ, ક્યહાં અંધકાર, ક્યહાં તો ખંડ મેઘ, ક્યહાં તો પાછા તે ઝાડો, વિધાતાની લીલા; ક્યહાં ગયો સાગર—ક્યહાં ગયો અનંત વારિપુંજ. હાવી રીત્યે જ્યહારે દર્શક શોભા જોવાને નિમગ્ન થાયછે, ત્ય્હારે ત્હેનું બ્હાહ્ય જ્ઞાન વિલુપ્ત થાયછે, ભૂખ તરશ જતાં રહેછે, કોની મગદુર છે કે તે દૃશ્યનું વર્ણન કરીને કૃતાર્થ થાય? પ્હાડની પાસેની જમીન મેઘ ઉત્પત્તિનું સ્થાન છે; હમે જ્યહારે પ્રાકૃતિક શોભા જોવા જઈયે છિયે ત્ય્હારે કહિયે છિયે કે મેઘસમય આવ્યોછે, લીલા કરો, એકવાર ઉત્પન્ન થાઓ, એકવાર ઊપર જાઓ, અને એકવાર પડીને પૃથ્વીનું હૃદય શીતલ કરો; હમે જોઈનેજ કૃ-

તાર્થ થઈ યેછિયે એ વળી બીજા કોઈને કહેવા જનાર નથી; કારણ કે તે કોણ સમજશે? સંસારના ખરા બનાવ માણસની આગળ અવિશ્વાસને યોગ્ય થાયછે; ત્હમારી એ લીલા ચાતુરી સંસારના માણસની કને શું કહું? જ્યહારે પર્વતવાહિની નિર્ઝરિણીમાં માછલાંને રમતાં જોઉં ત્યહારે કહુંછું માછલાં, ક્રીડા કરો. સાગરથી આ ૪૦૦ હાથ ઉપર આવ્યાંછો, ક્રીડા કરો. ક્રીડા કરો; હમે વિસ્મયમાં ડૂબી જઈયે, છિયે. ભૌતિક નિયમના પક્ષપાતી અવિશ્વાસી પુરૂષોની પાષાણ સરખી અહંકારવાળી છાતીના ટુકડા થઈ જાઓ. હમે જ્યહારે પ્હાડ ઉપર ઉભા રહીને જોઈયે છિયે, કે તે ઉત્તરના ગગનસ્પર્શી ધવલ પદાર્થમાંથી એક ઉપરનો અને એક ત્હેની નીચેનો બરફનો કટકો સ્ખલિત થઈ પડેછે, ત્યહારે કહિયે છિયે પ્રકૃતિની શોભા આ સંસારમાં ત્હમેજ સુખી છો; હમે અસાર સંસારના મનુષ્ય અપદાર્થ થઈ ગયા. નરકની શોભા જોઈને; પવિત્ર થઈને ત્હમે હાવી રીતે સાગરમાં પ્રવાહિત થઈ જાઓ.

અસાર વાતની જરૂર નથી; વૃથા પ્રલાપ વાક્ય ખર્ચીને અસંભવિત કીર્તિ સ્થાપવાનો યત્ન કરવો ત્હેમાં ફલ શું; વાચનારનું ધૈર્ય વિનષ્ટ કરવું ત્હેમાં લાભ શો? આપણે હવે ટૂંકામાં તે પ્રકૃત શોભાનો આધાર પ્હાડની તલાટી ત્યહાંથી આપણી વાર્તાનો ભાગ લેવામાં પ્રવૃત થઈયે. તે તલાટીની

એક બાજુએ પ્રબલ સ્રોતસ્વતી તૃષ્ણાની પાસે એક ભૂટીયાનું દેવમંદિર છે. મંદિરની અંદર બુદ્ધ દેવની મૂર્તિની સાથે પારસનાથ વગેરે બીજી ઘણી દેવમૂર્તિ વિશેષ વિશેષ સ્થાનમાં અધિષ્ઠિત રહેલી છે. મંદિરની ચો તરફ હજારો દેવ દેવીની મૂર્તિ ચિતરેલી છે. મંદિરના પુરોહિતો લામા નામથી ઓળખાયછે. લામા શબ્દ ટીબેટની ભાષામાં પુરોહિતનું એક નામ છે. લામાઓ વિશુદ્ધાચારી—પુરમ ધાર્મિક ઘણી તપશ્ચર્યા અને યોગ કર્યાથી લામા થઈ સકાયછે. પર્વતની સર્વ જાતિયોને લામા થવાનો અધિકાર છે. લામાઓને છોકરાંછૈયાં હોતાં નથી, કારણ કે અવિવાહિત શિવાય કોઈ લામા થવાને યોગ્ય થતો નથી. લામાઓનું કામ ધર્મગ્રંથો વાંચવા, અને યોગ તપશ્ચર્યા કરવી એ છે. હમે જે મંદિરનું વર્ણન કરવામાં પ્રવૃત્ત થયાછિયે, એ મંદિરમાં પુષ્કળ લામા રહેતા હતા; ત્હેમાં જે સર્વથી શ્રેષ્ઠ હતો તે ઋષિતુલ્ય હતો, સફેદબાળ અંગપ્રત્યંગ સંસારની ભોગ વિલાસની આશા-પરિત્યાગ કરીને એક પ્રકારથી નિર્જીવ અને નિસ્તેજ થયું હતું, પરંતુ ત્હેમાંથી એક અત્યંતનું આશ્ચર્યકારક સૌન્દર્ય પ્રકાશિત થઈ રહ્યું હતું, તે મંદિરની આસપાસ કેટલાક ન્હાના ન્હાના ઘરમાં પ્હાડી લોકોની વસ્તી હતી. એ તલાટોની પૂર્વે પ્રકાંડ પર્વતની હાર ગગનભેદ કરીને આકા-

શાની, તરફ ગઈ હતી, એ પર્વત ભૂટાનની દુર્ભેદ્ય દિવાલ તરિકે પ્રખ્યાત હતી હેની ઉપર જગે જગે ભૂટાનનું લશ્કર રહેતું હતું.

મંદિરની પાસે એક અપ્રશસ્ત માર્ગ હતો, એ રસ્તો ક્યહાંથી આરંભ થયો છે અને ક્યહાં ત્હેનો છેડો આવ્યો છે, તે હમે આ વખતે કહીશું નહિ, પરંતુ એટલું તો કહી શકિયે છિયે કે આ નિવિડ અરણ્યમય પર્વતની હારમાં ન્હાની સીડી ઈંગ્રેજોને સાધન રૂપ નહિ થઈ હોત તો ત્હેમના રાજત્વના ઈતિહાસનો એક અધ્યાય કલંકની રેખાનો ચિન્હ સ્વરૂપ થઈને પૃથ્વીને પ્રતારિત કરત નહિ, અને દુર્ભેદ્ય દિવાલથી ઘેરાયા છતાં સિકિમરાજે જે કલંકનો બોજો મસ્તક ઉપર લીધો છે, તે જોઇને સાંભળીને આ દૂરદેશવાસી નિર્જીવ શરીરના શીતલ લોહીનાં બિંદુ નિશ્ચલ ફેફસામાં ગરમ થઈને વેગથી દોડત નહિ; સમયના ઘેરાની ઘોરતર જંજાળ રાશિ-પરિપૂર્ણ ઘટના ચક્ર જ્યહાંસુધી કુટિલ પથગામી થઇને ચાલશે, ત્યહાંસુધી હમારી સુખશાંતિની આશા કોઈ અતલસ્પર્શી પાણીની નીચે છુપાઈ રહેશે, ત્હેનું નિર્ધારણ કરીને સીમાબદ્ધ કરવું એ મનુષ્યની બુદ્ધિને અસાધ્ય છે.

પ્રકરણ ૫ મું.

યશલાલસિંહ અને ત્હેની કન્યા મરીચિ.

યશલાલસિંહ સિકિમની હદનો શાંતિરક્ષક સેનાનો અધિનાયક છે, યશલાલની ઉમ્મર ૪૦ વર્ષથી વધારે નથી; શરીરે બલવાન, સત્સાહસી, પ્હેલાં તે એક સામાન્ય તીરધારી સેનાનું કામ કરતો હતો. હેની બુદ્ધિ. બળ અને સુકૌશલને લીધે સિકિમ રાજ્ય ઘણાં દિવસ સુધી શાંતિમાં હતું. યશલાલ શીખેલો નહિ હોવા છતાં પણ બુદ્ધિ અને પ્રતિભાના બળે કરીને સિકિમ રાજ્યની રક્ષા કરવામાં તેણે જે મ્હોટા કામો કર્યાં છે, ત્હેનું વિદેશીય કલમથી લખાયલા પક્ષપાતથી ભરેલા પંકિલ ઈતિહાસમાં વર્ણન કર્યું નથી તોપણ આસપાસના પર્વતના રહેવાસિયોનાં હૃદયમાં હમેશાં તે સર્વ સ્વર્ણાક્ષરથી અંકિત રહેશે. અને જો કોઈ વેળાએ ભરતખંડવાસી—પ્રાંતરવાસી જાતિયોની સાથે એઓના મનનો ભાવ, અદલબદલ કરે તો તે વેળાએ આ યશલાલસિંહ અનંતકાળ સુધી ભારતવાસીના અંતરમાં સ્વદેશના કીર્તિસ્તંભ સ્વરૂપ જાગ્રત રહે.

યશલાલસિંહનો જન્મ લેપચા વંશમાં થયો હતો. પર્વતવાસી જાતિમાં લેપચા જાતિ સૌન્દર્યને માટે પ્રખ્યાત છે. કેવલ સૌન્દર્યને માટેજ નહિ, પણ

એઓનો સ્વભાવ વિનમ્ર અને અમાયિક છે, હૃદય પ્રેમથી પરિપૂર્ણ છે; મન સર્વદા પ્રફુલ્લ હોયછે. એઓના જીવનનું શ્રેષ્ઠ મહત્વ એ છે કે કોઈ વખતે તેઓમાં પરસ્પર લઢાઈ જગડો જોવામાં આવતો નથી. સઘળા એક કુટુંબના જાણે હોય તે પ્રમાણે સર્વના ઉપર ખરી પ્રીતિ રાખેછે. હાવી એકતાની અંદર બીજી એક સુંદર પ્રકૃતિ જોવામાં આવેછે. એઓ ટોળાબન્ધ થઈને ખાધા વગર મરી જાય તો પણ સ્વતંત્રતા વેચવાને ચ્હાતા નથી. ઘણી જગ્યા ઉપર જોવામાં આવ્યું છે કે જ્યહારે બીજી જાત્યની કોઈ ખોરાકની સામગ્રી નહિ મળતી હોય ત્યહારે એઓ બટાટાના જેવા એક જાત્યના ઝાડનાં મૂળિયાં ખાઈને દિવસ ગાળેછે. આજકાલ ચ્હાના બગીચા વગેરેમાં ઘણાં માણસો કામ કરેછે તેછતાં જ્યહારે તેઓની સ્વતંત્રતાના ઉપર જરા કઠોર નિયમ પ્રચલિત થવાની શરૂઆત થાયછે કે તરત તેઓ ટોળાબન્ધ થઈને ચાકરી છોડીને જતા રહેછે. વખતે વખત સ્વતંત્રતા ચોરનારના ઉપર તેઓ એટલા બધાં ક્રોધાંધ થઈ જાયછે કે જ્યહાં સુધી તેઓનું ગરમ લોહી શીતલ માટીમાં મળી નહિ જાય ત્યહાંસુધી તેઓ વિશ્રામ લેતા નથી. લેપચા જાતિના પુરૂષના કરતાં સ્ત્રિયો વધારે બળવાન મજબુત બાંધાની અને ઘણી ખુબસુરત હોયછે.

પર્વતવાસી જાતિયો સ્ત્રીપુરૂષ બંને સ્વાધીન

હોયછે, કોઈ કોઇને તાબે હોતા નથી; પ્રેમ પણ કોઈ નિયમમાં આબદ્ધ હોતો નથી. જેની સાથે ત્હેનો પ્રેમ થયો હોય તે ત્હેને પરણેછે; હેવા સ્વેચ્છા વિવાહમાં કોઈ હરકત પુગાડી સકતા નથી. હેવો વરકન્યાની સાથે પ્રેમ થયોછે એ સગાંવ્હાલાંના કાન ઉપર ગયાથી તેઓના લગ્નની તૈયારી કરેછે. અને જો કોઈ રીત્યની વિપત્તિની આશંકા કરીને ત્હેવી રીત્યનો લગ્નમાં તેઓ અસંમતિ પ્રકાશ કરે તો વરકન્યા સ્વેચ્છાપૂર્વક નાસીને એકઠાં રહેછે: એ તેઓ લગ્ન જાણેછે. બાલ્યવિવાહ, અસંમતિ વિવાહ એઓની અંદર ચાલતો નથી. વિધવાવિવાહનો એઓની અંદર નિષેધ નથી.

યશલાલસિંહને બે છોકરી છે, તે બન્ને ખુબસુરત છે; એકનું વય ૨૨ વર્ષનું છે, અને બીજીની ઉમ્મર ૨૦ વર્ષની છે. મ્હોટી છોકરીનું નામ સુરૂચિ, અને ન્હાનીનું નામ મરીચિ છે. ન્હાનપણમાંથી બન્ને બ્હેનો ગળામાં એકમેક હાથ ભેરવીને પર્વતે પર્વતે વને વને રમતી ફરતી હતી; બન્નેનું મન પવિત્ર છે, પાપથી અસ્પર્શ્ય, બન્ને સાથે મળીને બુદ્ધદેવના મંદિરમાં દેવસેવામાં લાગેલી રહેતી; યશલાલસિંહે છોકરીઓને બાલ્ય કાળથી ઉત્તમ રીત્યનું શિક્ષણ આપ્યું હતું; હમણા તેઓના સ્વભાવની સ્વાભાવિક સુંદર ગતિને હરકત પુગાડતો નહોતો તેણે

સ્વેચ્છા પૂર્વક મંદિરની કુમારીશ્રેણિમાં છોકરી-ઓને લગાડી હતી.

તે મંદિરમાં એક માણસ લામાઓની આગળ ધર્મગ્રંથનું અધ્યયન કરવા આવતો; તે હિંદી ભાષામાં વિશેષ કુશળ હતો. લામાઓ ત્હેની કનેથી હિંદુઓના શાસ્ત્રનું અધ્યયન કરતા, અને તે તેઓની પાસે બૌદ્ધધર્મશાસ્ત્ર શીખતો. મરીચિ અને સુરૂચિ મન લગાડીને પર્વતવાસી અને પ્રાંતરવાસી ધર્મસંપ્રદાયના પરસ્પર ભાવ જોતી હતી.

હાવી રીતે કેટલાક દિવસ ગયા, ત્ય્હાર પછી મરીચિની હિંદીભાષા શીખવાની ઈચ્છા થઈ. જે માણસ લામાઓને હિંદીમાં હિંદુધર્મગ્રંથ શીખાડતો હતો તે તણે સંસ્કૃત પણ જાણતો હતો; તેણે ૬|૭ વર્ષ સુધી સંસ્કૃત શીખીને સંસ્કૃત ભાષાની ઉત્તમ પ્રકારે વ્યુત્પતિ મેળવી હતી, પંડિતનો સંસ્કૃત પાઠ અને ત્હેની હિંદી વ્યાખ્યા સાંભળીને મરીચિને બન્ને ભાષા શીખવાની ઘણી ઈચ્છા થઈ. ત્હેણે પોતાના પિતા યશલાલસિંહની આગળ પોતાની ઈચ્છા જણાવી. ત્હેના પિતાએ કન્યાનું વિદ્યા શીખવા ઉપર મન જોઈને ખુશીથી લામાઓને મરીચિને ભણાવવાની વિનંતિ કરી, લામાઓએ નીચેથી આવેલા પંડિતજીને મરીચિને ભણાવવાને વિનંતિ કરી, પંડિતે મરીચિને સંસ્કૃત અને હિંદી ભાષા શીખવવાનો આરંભ કર્યો.

પ્રકરણ ૬ ઠું.

પ્રેમની સુંદર છબી.

એક વર્ષની અંદર, પંડિતના વિશેષ યત્નથી અને પોતાની બુદ્ધિના પ્રભાવથી, મરીચિએ વિશેષ ઉન્નતિ મેળવી. એક વર્ષ પછી મરીચિ પંડિતની સાથે હિંદીમાં વાતચીત કરી સકતી હતી.

વિજન અરણ્યમાં પણ ફુલ થાયછે, ભીષણ મરૂભૂમીમાં પણ તળાવ શોભા આપેછે. જ્હાં કંટક છે ત્હાં પણ કોમળ પદ્મ રહેછે, વળી જ્હાં વજ્રપાત થાયછે, ત્હાં પણ શીતળ પવન પ્રવાહિત થાયછે. મનુષ્યના અજાણતાં જગતમાં કેટલી જાત્યની આશ્ચર્ય ક્રિયા થાયછે, ત્હેની ગણતરી કોણ કરેછે? જંગલમાં કેટલાં ફુલ પ્રફુલ્લિત થઈને સુકાઈ જાયછે, માણસ ત્હેની ક્યહાં ગણતરી કરી રાખે છે? મનુષ્યને વિચાર જ્હાં પ્હોચી સકતો નથી, માણસ જ્હાં ભય જુએછે, ત્હાં પણ સુખશાંતિ છે. દિવસ ચાલ્યા ગયા—વિજન અરણ્યમાં ફુલ પ્રસ્ફુટ થયાં; દિવસ ચાલ્યા ગયા ભીષણ મરૂભૂમિમાં સુંદર તળાવ ઉત્પન્ન થયું. જ્હાં કાંટા હતા, ત્હાં કોમલતા આવી. જ્હાં કઠણતા હતી, ત્હાં વિનમ્રભાવ આવ્યો. પર્વત પાલિતા વનલતા મરીચિયે અપ્રેમના કાંટાવાળા રાજ્યમાં રહીને પણ

પ્રેમનું કુસુમ હૃદયમાં ધારણ કર્યું; મરીચિની ઉ-જ્વળ અને તીક્ષ્ણ આંખ્ય સેંકડો બાજુએથી કોમલ ચંદ્રના પેઠે ચારે બાજુએ પ્રેમની જ્યોતિ વિસ્તાર કરવા લાગી. આ જોઈને મોહિત કોણ થયો? તે પર્વત બિહારી સંકૃતજ્ઞ પંડિત. મરીચિને લખવા વાંચવાઉપર શિથિલતા થઈ, ભણવાની વખતે એ-કાગ્ર મનથી સસ્નેહ નયનથી પંડિતના મ્હો તરફ જોઈ રહેતી. પર્વત પાલિતા વનલતા પ્રેમ શું? પ્રીતિ શું? તે કંઈ સારી રીતે જાણતી નહોતી. વિશેષતઃ લામાઓ અવિવાહિત, તે સ્થાનમાં સ્ત્રીપુરૂષનું મિલન અતિ અલ્પ હતું તે છતાં પંડિતની તરફ જુવેછે; મરીચિની દૃષ્ટિયે સારો લાગતો, એકપદાર્થ— પંડિતની મુખશ્રી. સાંભળવા ગમતી, આ એક સ્વર પંડિતના મ્હોએથી નીકળેલી અમૃતમય સંસ્કૃત કવિતા. મરીચિનું હવે પુસ્તક ઉપર મન નહોતું. વિમુગ્ધા હરિણિની પેઠે ઊભા થયલા કાનથી, સજલ નયનથી પંડિતનું મ્હો જોતી રહેતી હતી. એ જોઈને પંડિત ધીરે ધીરે ઘણો વિરક્ત થઇ જતો; તે હાવી રીતે કેમ થાયછે ત્હેનો મર્મ સમજતો નહોતો; તે ઘણીક રીતે ઉપદેશ આપતો, પરંતુ તેથી કંઈ ફળ જણાતું નહોતું; પુસ્તક સાંમે ઉઘાડું રાખ્યા છતાં મરીચિ એક પાનું પણ એક દિવસે પુરૂં કરી સકતી નહોતી, કેવળ કહેતી—પંડિત મહા-શય! આપની વાત સાંભળવી મ્હેને ઘણી સારી

લાગેછે.—ફરી તે કવિતા કહો, હાવી રીતે આખો દિવસ વિરક્ત થઈને પંડિતે ઘણો ક્રોધ પ્રકાશ કરવાનો આરંભ કર્યો, મરીચિ બેશીને મૃદુ મૃદુ હસતી, તે છબી જોઈને કિયો પાષાણુ ક્રોધ પ્રકાશ કરી સકે? પંડિત ઉપાયહીન થઈને વિચાર કરતો કે ક્હેવા ઉપાયથી મરીચિનો આ સ્વભાવ સુધારી સકું."

થોડા દિવસ પર્છી આ પ્રથમ અધ્યાય પૂરો થયો, જે સારૂં લાગતું તે પ્હેલાં કેવળ કલ્પનાથી હવે મનમાં ધારણુ થયું, આટલા દિવસ સારૂં લાગતું હતું તે કેવળ બ્હારના સ્વરથી અને સૌન્દર્યથી, આ વખતે ત્હેને હૃદયમાં આબદ્ધ કરવાનો સમય આવ્યો; મરીચિ હમણા હવે સંસ્કૃત કવિતા સાંભળીનેજ સંતુષ્ટ રહેતી નહોતી, હવે કેવળ મ્હોની તરફ જોઈનેજ તૃપ્ત થતી નહોતી; હવે મનની વાત અદલ બદલ કરીને પરસ્પર એક થવાની ઈચ્છા થઈ છે હવે મરીચિ શું કરેછે, તે કેવળ વાતચીત કરીનેજ વખતનો નાશ કરવાને ચ્હાયછે. તે વાતચીત ક્હેવી જાત્યની? વાંચનાર પર્વત ઉપર ડાકિયું કરીને એકવાર વિકસિત પ્રેમફુલ જુઓ. એકજણુ પ્રીતિ કરેછે તો તે પ્રીતિમાં તરત બીજો ખેંચાયછે, એ ચિત્ર ત્હમે ઘણાં જોયાં હશે; ઉપકાર કરનાર બંધુના ઉપર કોમલ સ્ત્રીની પ્રીતિ ક્હેવી રીતે આધિપત્ય વિસ્તારે છે તે ત્હમે ઘણીક વાર્તામાં વાંચ્યું હશે એ સર્વ સ્વાભાવિક ચિત્ર ઉપર ખરેખર

હૃદય પરિતોષ મેળવેછે. ત્ર્હારે શું હમે કરીશું? હમારા આ સ્વાભાવિક પર્વત કંદરમાંના છુપાયલા પવિત્ર પ્રેમના અસ્ફુટ ચિત્રના ઉપર હમે શું એક વાર પણ ત્હમારી હમેશાંની પરિતૃપ્ત નયનને ફેરવીશું નહિ? જો તુચ્છકારો તો આ વનલતા પળમાં છિન્ન કરી નાખીશું.

મરીચિ હવે પંડિતને પૂછતી હતી—"ત્હમારૂં શું લગ્ન થયું? જો લગ્ન થયું હોય—"બીજો પ્રશ્ન મ્હોમાંથી નીકળ્યો નહિં. હાવા અર્ધા પ્રશ્નો કેટલીવાર પૂછીને મરીચિ તિરસ્કૃત થઈ પડેછે, ત્હેની ગણતરી થઈ સકતી નથી.

પંડિતે કહ્યું—"ત્હમને એ ખબરનું કામ શું, ત્હમારૂં કામ વાંચવું લખવું છે, વાંચવા લખવામાં લાગો."

મરીચિ બોલી "ઠીક છે, હું સારી પેઠે વાંચી જાઉંતો શું ત્હમે મ્હારા પ્રશ્નનો જવાબ આપશો?"

પંડિતે લાચારીથી હા કહ્યું? પાઠ પૂરો કર્યા પછી બોલ્યો આજે કહીશ નહિં, આજે સારૂં વાંચશો તો કહીશ. હાવી રીતે કરતાં કરતાં ૧૫—૧૬ દિવસ ચાલ્યા ગયા, આટલી વારમાં મરીચિએ બીજું એક પુસ્તક પૂરૂં કર્યું. તોપણ પ્રશ્નનો જવાબ મળ્યો નહિ. એક દિવસ પંડિતનો હાથ પકડીને કહેવા લાગી પંડિતજી? ત્હમારે પગે

પડુંછું કે ત્હમારૂં લગ્ન થયું છે કે નહિં તે કહો? મ્હારે ત્હેની વિશેષ દરકાર છે.

પંડિતે કહ્યું—"ત્હમને ફક્ત લખવા વાંચવાની દરકાર છે, બીજા વિષયમાં ત્હમને દરકાર રાખવાની જરૂર નથી."

મરીચિ બોલી "પંડિતજી? ત્હમારા ઘરમાં બીજા કોણ કોણ છે? ત્હમે કેટલાં વર્ષ થયાં ઘર છોડયું છે?"

પંડિતે કહ્યું—"એ સર્વ ખબર પૂછવાની ત્હને શી દરકાર છે.? હું સંન્યાસી છું, કોઈની પાસે જીવનનો કોઈ ભાગ સ્પષ્ટ કહી સકતો નથી; મ્હને રોજ હાવી રીતે વિરકત કરીશ નહિં હાવી રીતે કરીશ તો હું હવે ત્હને ભણાવીશ નહિ."

મરીચિ "ત્હમે સંન્યાસી છો તે હું જાણુંછું, પરંતુ સંન્યાસી કોને કહેછે, શું કર્યાથી સંન્યાસી થવાય? મ્હારી ઈચ્છા છે કે હું પણ ત્હમારી પેઠે સંન્યાસી થાઉં; પંડિતજી કહો, શું કર્યાથી હું સંન્યાસિની થાઉં?"

પંડિતે કહ્યું—"આ સંસારની કોઈ વસ્તુમાં મનને આસક્ત નહિં રાખતા, જીવના કલ્યાણનો ભંડાર જે પરબ્રહ્મ ત્હેના ઉપર મનને દોડાવી સકે, તેજ સંન્યાસી છે; સંન્યાસી થવું એ કામ ઘણુંક કઠણ છે; ઈચ્છા કર્યાથીજ સહુ સંન્યાસી થઈ શકતા નથી."

મરીચિએ કહ્યું "ત્હમે માણસ છો, અને હું પણ માણસ છું. ત્હમે જ્યહારે સંન્યાસી થયાછો ત્યહારે હું શામાટે નહિં થાઉં ? કહો શું કર્યાથી સંન્યાસી થવાય."

પંડિત બોલ્યા "ત્હમને હું ધર્મનું શિક્ષણ આપવાને માટે મુકરર થયો નથી, હું ત્હમને ધર્મ સંબંધી કંઈપણ વાત કહેનાર નથી; હવે જો ત્હમને બીજું કંઈ શીખવાની ઈચ્છા ન હોય તો કાલથી હું અહિં આવીશ નહિં."

મરીચિએ જવાબમાં કહ્યું "ત્યહારે હવે આ વાત પડતી મૂકો હવે હું કંઈ કહીશ નહિં; ત્હમે અહિં નહિં આવશો તો હું અહિં રહેવા પામીશ નહિં."

પંડિતે કહ્યું—"ત્હમે કયી જગાએ જશો ?"

મરીચિએ જવાબમાં કહ્યું-"હું સંન્યાસિની થઈશ."

પંડિતે પૂછયું—"કેહેવી રીતે સંન્યાસિની થશો."

મરીચિએ જવાબમાં કહ્યું—"હું ત્હમારી પેઠે વસ્ત્ર ધારણ કરીશ; અને મ્હારા જીવનની વાત કોઈને પણ કહીશ નહિં."

પંડિતે કહ્યું—"હું ત્હમારા પિતાની પાસે આ સર્વ વાત કહી દઈશ; ખરેખર ત્હમને આટલીવાર સૂધી સમજાવ્યાં પણ તમારૂં મન કર્યું નહિં, ત્યહારે જરૂર હું ત્હમને શીખવવાને અસમર્થ છું, આ વાત ત્હમારા પિતાની પાસે તેમજ લામાઓની પાસે કહીશ. ત્હમે જે કહીને મ્હને કંટાળો આપો છે તે

સાંભળ્યાથી નિશ્ચય ત્હમારા ઉપર તેઓ વિરક્ત થશે. ત્હમે હજી પણ મ્હારી વાત સાંભળો.''

મરીચિએ જવાબ આપ્યો-''પિતાજી મ્હારૂં શું કરવાના છે? પિતાજી મ્હને બહુ ચ્હાયછે, તેઓ કદી પણ મ્હારા વિચારથી વિરૂદ્ધ થતા નથી ત્હમે આ દેશનો આચાર વ્યવહાર જાણતા નથી તેથીજ ત્હમે આમ કહો છો, કન્યાની યોગ્ય ઉમ્મર થાય એટલે પોતાની ઈચ્છા પ્રમાણે ચાલવાને તે મુખતિયાર છે. માબાપ તેનાં કરેલાં કામોમાં હાથ નાખી સકતા નથી.''

પંડિતે કહ્યું—'' લગ્ન કરવાની બાબતમાં ત્હમારામાં એ પ્રમાણે ચાલ છે એ મ્હેં સાંભળ્યું છે, પરંતુ ત્હમે ત્હમારા પિતાનો ધર્મ પરિત્યાગ કરીને સંન્યાસિની થવાની ઈચ્છા રાખો છો, એ વાત સાંભળ્યાથી ત્હમારા પિતા નિશ્ચય ત્હમારા ઉપર ક્રોધાયમાન થશે. અને લામાઓ આ મંદિરમાંથી નિશ્ચય ત્હમને દૂર કરશે. ત્હમે મ્હારી વાત ઉપર લક્ષ આપીને વિચાર કરો. મ્હારી પાસેથી શિક્ષણ મેળવીને ત્હમે સંન્યાસિની થયાથી મ્હારી હાનિ થશે.''

મરીચિએ કહ્યું—'' મ્હારૂં કંઈ થશે નહિં, તે નિશ્ચય છે, બેશક ત્હમને વિપદ્ પડવાની સંભાવના જણાયછે. મ્હને કહો જોઇએ, ત્હમારૂં લગ્ન થયું છે કે નહિં? જો ત્હમે નહિં કહેશો તો હું પિતાજીની

પાસે જઈને કહી દઈશ કે પંડિતજીએ મ્હને ભંભેરીને સંન્યાસિની કરી છે, પિતાજી તે સાંભળશે તો ત્હમને મારી નાખશે."

પંડિતે કહ્યું—"શું ત્હમે ખોટી વાત કહેશો? મ્હારી તો ખાતરી છે કે ત્હમે કદી પણ જુઠું બોલશો નહિં, અને તેમ છતાં જો ત્હમે કહેશો તો હું કંઈ ડરતો નથી; જો ત્હમારી જુઠી વાતથી ત્હમારા પિતા મ્હારા ઉપર ગુસ્સે થાય તો હું શું કરીશ? જ્યહારે આ દેહ ધારણ કર્યો છે, ત્યહારે તેનું નિશ્ચય મરણ નીપજશે; મૃત્યુના ભયે હું કદી પણ મ્હારા મતના વિરૂદ્ધ કામ કરીશ નહિં."

મરીચિએ કહ્યું—"ત્હમે એક દાહાડે કહ્યું હતું કે આત્મઘાતીના જેવું બીજું મ્હોટું પાપ એકે નથી, આજે જો ત્હમે સ્વેચ્છાપૂર્વક મૃત્યુનો દરવાજો ઉઘાડો તો શું ત્હમને પાપ લાગશે નહિં?"

પંડિતે જવાબમાં કહ્યું—"ત્હમે ગમે તે કહેશો તો પણ હું મ્હારા જીવનની કહાણી કદી પણ ત્હમને કહેનાર નથી." આટલી વાત કરીને પંડિત મરીચિની પાસેથી જતો રહ્યો. ત્યહારપછી બીજે દાહડે મરીચિની સાથે પંડિતની મુલાકાત થઈ નહિં."

પ્રકરણ ૭ મું.

અબળાની પ્રકૃતિ.

ત્હાર પછી બીજો દહાડો, ત્હાર પછી બીજો દહાડો, ત્હાર પછી બીજો દહાડો એમ દહાડા આવતા અને દહાડા જતા હતા. મરીચિ ઈચ્છાપૂર્વક અમૃતની આશાથી ઝેર છુપી રીતે પીવામાં પ્રવૃત થઈ હતી તેની જ્વાળાનો ધીરે ધીરે આરંભ થયો. સુરૂચિ તેમાંનું કંઈ પણ જાણતી નહોતી, ન્હાની બ્હેન વિલાવતી થઈ હતી તેમાં તે ઘણું સુખ સમજતી હતી, તે રાત્ર દિવસ દેવમંદિરના કામમાં તત્પર રહેતી હતી. દહાડા આવતા હતા, દહાડા જતા હતા, પણ પંડિત આવતા નહોતા. તેથી મરીચિનું મુખ પ્રફુલ્લ રહેતું નહોતું, મરીચિને કંઈ પણ સારૂં લાગતું નહોતું.

બ્હેનનું દુઃખ, બ્હેનથી સહન નહિ થાય એવી બળતરા પ્હેલાં બ્હેને જાણી. બ્હેનનો સ્નેહ બ્હેનની પ્રીતિ બ્હેનજ જાણવા પામેછે. પુરૂષના ઉપર પ્રેમ રાખવો, પવિત્ર પ્રેમ વગેરે કોઈ વૃત્તિનું પરિચાલન કરવા માટે બીજાના ઉપર પ્રેમ દેખાડવો, એ સર્વ મનુષ્યના ચરિત્રની સ્વભાવસિદ્ધ સાધના હોવા છતાં પણ પેલી દેવમંદિરમાં રહેનારી બ્હેનોના શિખવવાનાં નિયમથી વિરૂદ્ધ કાર્યમાં ગણાયલું હતું. મરીચિ એ નિયમની રક્ષા કરી સકતી નહોતી, તે સહુના

ઉપર પ્રેમ રાખતો હતો. પંડિત પણ તેની પ્રકૃતિ જાણતો હતો. તેથી તે સાવચેત રહેતો હતો, તે જ્ઞાની હતો. અજ્ઞાનયુવતી મરીચિ પણ એ સર્વ જાણતી હતી છતાં તેણે મનની શાંતિની રક્ષા કરી નહિં, તેણે હૃદયની પ્રબળ વૃત્તિની આગળ પોતાનીહાર માની. દેવમંદિરની સર્વથી મ્હોટી શિક્ષા એ હતી કે પોતાની ઈન્દ્રિયોને વ-શીભુત રાખવી પરંતુ તે તેમ કરી સકી નહિં. સુરૂચીએ બ્હેનના મનનો ભાવ સારી રીતે જાણ્યો, ચાર પાંચ દિવસ પછી મરીચિએ પણ કંઈ પણ વાત બ્હેનની પાસે છુપાવી નહિં. સુરૂચિના મનમાં તેથી આઘાત લાગ્યો ખરો. પરંતુ તેણે નિયમ વિરૂદ્ધના આ કાર્યને માટે બ્હેનને કંઈ પણ તિરસ્કાર આપ્યો નહિં. ત્યારે તેણે શું કર્યું? આ સર્વ પવિત્ર ચિત્ર ધોઈ નાખ્યું, ધોવા માટે તે ઘણી કોશેશ કરવા લાગી. કારણ કે મંદિરનો કઠણ નિયમ પ્રેમ કરવાને વિરોધી હતો. મંદિ-રમાં રહેનારાં સ્ત્રીપુરૂષો અને મરીચિના માબાપ તથા વડાઓથી આ વાત છુપી રહી હતી.

મરીચિ વિચારમાં ને વિચારમાં માંદી પડી તેથી રોગ દૂર કરવાની કોશેશ કરવા જતા સુરૂચિની દેવસેવા ઓછી થઈ, મંદિરનું કામ કરવાને જેટલો જોઈએ તેટલો સમય મળતો નહોતો. મંદિરમાં રહે-નારા સાધકોએ મરીચિના મંદવાડના સમાચાર સાંભળીને સુરૂચિની આ ન્યૂનતા પ્રસન્ન મનથી સહન કરી. સુરૂચિ બ્હેનને લઈને પર્વતમાં ફરવા નીકળી

તે જાણતી હતી કે કોઇ રીતે મરીચિનું બીજી વસ્તુ ઉપર મન લગાડ્યાથી રોગ દૂર થશે.

મરીચિ મ્હોટી બ્હેનની જોડે કુદરતની શોભા જોવામાં પરિતૃપ્ત થવા લાગી, પરંતુ ત્હેના મનની જ્વાલા ધીમે ધીમે વધવા લાગી. એક સુંદર ફુલ જોયાથી અથવા સુંદર પક્ષીનું ગાયન સાંભળ્યાથી એકદમ ત્હેના મનમાં આવતું કે આજ પંડિત મળે તો કેટલું સુખ તથા હર્ષ થાય. અતુલ શોભાના ભંડાર પર્વત ઉપર મેઘરાશિ જોયાથી, શકુન્તલા તથા કાદંબરીના જીવનનું એક પ્રકરણ ત્હેના મનમાં ઉદય પામતું હતું. વિચિત્ર શોભાયમાન ઝાડથી ઘેરાયલા શીતળ સ્થળમાં ગયાથી ત્હેના મનમાં સ્વામીએ તજેલી સરળમતિ સીતાની વાત યાદ આવતી હતી. આવી વાતો યાદ આવ્યાથી ત્હેની આંખોમાંથી અવિરલ ધારાથી આંસુ પડતાં હતાં.

આખો દહાડો આવીરીતે પર્વતના શિખર ઉપર, પર્વતની ગુફામાં, જંગલમાં, કાનનમાં ફરીને સાંજે તેઓ મંદિરમાં પાછા આવતાં હતાં.

એક દહાડો પર્વતના શિખર ઉપર ફરતાં ફરતાં મરીચિએ કહ્યું "બ્હેન! ત્હમે દરરોજ મ્હને ઉપદેશ આપો છો, કહો જોઈએ એક સુંદર ખીલેલું ફુલ જોઈને ત્હમે તે આગ્રહ પૂર્વક તોડીને શા માટે આણો છો?"

સુરૂચિએ જવાબમાં કહ્યું—" ફુલ જોયાથી મ્હોટા લામા ઘણાજ સંતુષ્ટ થાય છે, ત્હેને માટે ફુલ તોડવા જાઉં છું."

મરીચિએ પૂછ્યું—" ત્હેનો સંતોષ મેળવવા માટે ત્હમે આટલાં બધાં આતુર શામાટે થાઓ છો?"

સુરૂચિએ ઉત્તર આપ્યો—" ત્હેમની પાસેથી મ્હેં ઘણો ઉપકાર મેળવ્યો છે, તેઓ મ્હને ઘણાં ચ્હાયછે."

મરીચિએ પૂછ્યું—" પંડિતજીની આગળથી શું કંઇ મ્હેં ઉપકાર મેળવ્યો નથી? મ્હારે શું તેમની પ્રતિ પ્રીતિ કરવી ઉચિત નથી? તેઓ પણ મ્હારા ઉપર પ્રેમ રાખેછે."

સુરૂચિએ ઉત્તર આપ્યોઃ " ત્હેમને તો ત્હમે પ્રેમ કરો છો, પ્રેમ કરવામાં કોણ રોકે છે? એટલું છે કે જે ધર્મ વિરૂદ્ધ છે તે કરવું ઉચિત નથી. જેમ હું ફુલને ચ્હાઉંછું, જેમ હું મ્હારા મ્હોટા લામાને ચ્હાઉંછું તેમ તું પણ પંડિતને ચ્હા એટલું કહી રાખું છું કે અન્ધ! ધર્મવિરૂદ્ધ કાર્યમાં પ્રવૃત્ત ન થા! આપણે પ્હાડ ઉપરના રેહેવાસી છિયે. આપણે વિદેશીય ધર્મ રીતિને ધિકકારીએ છિયે, તું વિદેશીય ધર્મ ગ્રહણ કરવા ઈચ્છે છે એટલા માટે હું ત્હને ઉપદેશ આપતી રહુંછું."

મરીચિ બોલી—"ત્હમે હમણાં કહ્યું કે ફુલ મળ્યા-

થી મ્હોટા લામા ઘણાજ સંતુષ્ટ થાય છે, અને મ્હોટા લામાની પાસેથી ત્હને ઘણો લાભ થયોછે. તેથી ત્હમે ફુલ તોડોછો ; ખરેખર મ્હોટા લામાને સંતુષ્ટ કરવાવિના ફુલ તોડવામાં બીજો કંઈ લાભ નથી. મ્હેં પણ પંડિતજી આગળથી ઘણો ઉપકાર મેળવ્યો છે, તો તે જેનાથી ખુશ થાય તે હું કરીશ, ત્હેમાં શામાટે ત્હમે હરકત નાખો છો?"

સુરૂચિએ કહ્યું "તું પંડિતજીને ખુશ કરવા માટે શું કરવા ધારે છે? શું તું ફુલ તોડીને આપવા ઈચ્છે છે? જો તેમ કરવાની ઈચ્છા હોય તો ગમે તેટલાં કેમ તોડી આપતી નથી?"

મરીચિએ ઉત્તર આપ્યો "તેઓ ફુલ તોડવાને પાપનું કામ સમજેછે. તેઓ કહેછે કે જેઓ ઝાડની ખુબસુરતી ચોરી લેછે તેઓ ઘણાજ પાખંડી છે; તેઓ ફુલથી ખુશ થતા નથી."

સુરૂચિએ પૂછયું "ત્હારે તું શું કરવા ઇચ્છે છે?"

મરીચિએ ઉત્તર આપ્યો "હું પણ ત્હેમની પેઠે વસ્ત્ર ધારણ કરવા ઈચ્છું છું."

સુરૂચિએ પૂછયું "ત્હેનાથી શું તેઓ ખુશ થશે?"

મરીચિએ કહ્યું "હા એમ કર્યાથી થશે. કારણ કે પોતાના ધર્મમાં દીક્ષિત કરવાથી આ સંસારમાં સર્વ ખુશ થાયછે."

સુરૂચિએ પૂછયું "તું શું ત્હેમનો ધર્મ ગ્રહણ કરીશ? નહિં! હાવી વાત કહીશ ના, પિતાજી સાંભળશે

તો ત્હારા ઉપર ઘણા ગુસ્સે થશે. ધર્મ વિરૂદ્ધ કામ કરવામાં કદી પણ આગળ પડીશ ના.''

આ વાત સાંભાળીને મરીચિનું મ્હોં મલિન થયું, થોડીવાર વિચાર કરીને બોલી, બ્હેન! કાલે બે સાહેબ મંદિરમાં આવ્યા હતા, એનો પોશાક જોયાથી માલમ પડતું કે એઓ દેવતા હોવા જોઈએ એઓના ઉપર પ્રેમ રાખવાની ઈચ્છા થાયછે.''

સુરૂચિએ કહ્યું—'' એઓ મ્લેચ્છ છે, એઓનું મુખ જોયાથી આપણો ધર્મ લોપ થાયછે, તું કેમ કહેછે કે, એઓના ઉપર પ્રેમ રાખવાની મ્હારી ઈચ્છા થાયછે?''

મરીચિ બોલી "ત્હમે ગમે તે કહો, વિદેશીય લોકોના ઉપર ત્હમે ગાલો આપશો ના! વિદેશીય માણસો જોયાથી જ્યારે મ્હને ન્હાવાની ઈચ્છા થાયછે ત્યારે એઓના મનનો ભાવ જાણી સક્યાથી હું ઘણીજ સુખી થઈશ! મ્હારી ઈચ્છા થાયછે કે હું એઓની સાથે જાઉં.''

સુરૂચિએ કહ્યું "ત્હને શું થયું? જે મુખમાં આવે છે તે કહેછે, જરા પણ શરમાતી નથી, ત્હેં આજે જે કહ્યું છે એ બધું પિતાની પાસે કહી દઈશ. મ્લેચ્છ જાતિ આપણા પરમ શત્રુ છે. પિતાજીએ કહ્યું છે કે કેટલાં વર્ષ સૂધી ક્રમાગત ગડબડ કરીને આ પ્રદેશનું સર્વસ્વ ચોરવાનો તેઓ યત્ન કરેછે. તું કેવી રીતે એઓની સાથે જવા ઈચ્છેછે? એઓ જંગલનાં ફાડી ખાનારા પશુ

કરતાં પણ વધારે ધિક્કારને પાત્ર છે; પિતાજીએ પણ કહ્યું હતું કે એઓ જે જે રાજ્યમાં પેઠા છે, તે રાજ્યની પ્હેલાંની લક્ષ્મી નાશ કરી નાખી છે. હું ત્હારી આ સર્વ વાત પિતાજીને કહી દઈશ." મરીચિ તે સાંભળીને મૃદુ મૃદુ હસવા લાગી, ત્ય્હાર પછી ભ્રૂકુંચિત કરીને બોલી ત્હમે પિતાજીને કહેજો "તેઓ મ્હને સારીપેઠે જાણેછે."

આખો દિવસ હાવી રીતે વાતચીત કરીને બન્ને બ્હેનો પાછી મંદિરમાં આવી.

પ્રકરણ ૮ મું.

લાલચ અને મનુષ્યનું મન.

સ્વચ્છ હવા મળ્યાથી, તરંગ માળા રહિત, પરિપાટી નદીનું પાણી ઝોકા ખાયછે, ગમે તો તે ખુશીમાં હોય અથવા નિરાનંદમાં હોય તોપણ-પોતાનો ભાવ રોકી નહિ સક્યાથી પોતાની મેળે નાચેછે. વળી બીજે સ્થળે હોલવાઈ જતી આગમાં હવા લાગ્યાથી પોતાના તેજના મહિમાથી મત્ત થઈ જાયછે, એક શિખામાંથી સેંકડો શિખા ઉત્પન્ન થયાથી થોડીવારમાં મ્હોટી આગ ઉત્પન્ન કરેછે. ભૌતિક જગતના આ સર્વ અપરિહાર્ય નિયમને પ્રતિકૂળ ઉભું રહેવું એ મનુષ્યની શક્તિથી બ્હાર્ય છે. કેટલા વહાણમાં જનારાઓ આકાશ સ્વચ્છ જોઈને, વાયુની ગતિ સ્થિર જોઇને

આશાના બળથી દરિયામાં વ્હાણ ચલાવીને વિપદ્‌માં પડયાંછે તેની ગણતરી કોણે કરીછે? વળી રોજના જીવનના પ્રતિ મુહૂર્તની ઉપયોગી વસ્તુ આગ લઈને રમવા જતાં મ્હોટી આગ ઉત્પન્ન થઇને જરા વારમાં કેટલો ફેરફાર થાય છે તેની ગણતરી કરવી મુશ્કેલ છે. ભૌતિક વ્યાપારની અદ્‌ભુત લીલા ચતુરાઈ સર્વદા પોતાની કૌશલપૂર્ણ રમતમાં મત્ત રહેશે, મનુષ્યના કોઈ જાત્યના બળ લગાડ્યાથી તે અટકશે નહિ. યથા મનુષ્યનું મન તથા નદી! મનુષ્યનું મન પણ ચલાયમાન વસ્તુ છે. મનુષ્યનું મન ગમે એટલું નિર્વાણોન્મુખ થાય, સારા પવનમાં એ પણ પ્રજ્વલિત શિખા કાઢેછે. મનુષ્યનું મન દર્પણની પેઠે ચંચલ શોભાની પ્રતિકૃતિનો ભંડાર છે કે નહિં, તે હમે આ જગાએ વિચાર કરવા ચ્હાતા નથી. ચંચલ પ્રેમનું પ્રતિરૂપ સ્થાયિ રૂપથી મનુષ્યના મનમાં પ્રતિબિંબિત થાય છે કે નહિં, તે સવાલ સંબંધી હમને કંઈ કહેવું નથી, પણ આ વિષયમાં એટલું તો જાણીએ છિયે કે મનુષ્ય ગમે એટલો જ્ઞાની હોય, ગમે એટલો વિચારશીલ હોય તોપણ બગીચાની સુંદરતા જોયાથી તેના મનમાં ચંચલ સુખનો ઉદય થાય છે, તે સુખ પોતાની શક્તિથી મરૂભૂમિમાં બેસીને ભોગવી સકતો નથી. નદીમાં બે રમણી ન્હાવા ઉતરી છે, બે સ્ત્રીઓ તરે છે, નદીના કુલ પકડેછે, તરવાથી પાણી હાલીને કુલ અભિ-

માનથી તેથી પણ વધારે છેટે જાયછે, રમણીઓ થાકીને પાછી ફરેછે, આ ચિત્ર જોયાથી સર્વ મનુષ્યના મનમાં એક પ્રકારનો ભાવ ઉત્પન્ન થાય છે. તે ભાવ ફરીથી બદલાય પણ છે તે પણ હમે અસ્વીકાર કરતા નથી; પરંતુ જેના મનમાં અસ્થાયી પવિત્ર આનંદ નિસ્વાર્થ રીતથી ઉદય થાય છે, ત્હેના મનનું, તે આહ્લાદનું સુખ, તે દેખાવ નહિ જોયાથી કદીપણ ઉદય થશે નહિ. અથવા બીજી રીતે કહેતા આમ હમે કહીશું કે—લાલચથી મન ડગી સકેછે, લાલચથી છેટે રહેલા મનુષ્યનું મન વિચલિત થનાર નથી તે હમે કહી સકતા નથી; પરંતુ જેણે કદીપણ લાલચ જોઈ નથી તેનું મન ડગતું નથી; તોપણ જો કહેવામાં આવે કે તે સંસારના સુખદુઃખની કંઈ દરકાર રાખતો નથી, તે જૂદી વાત છે. નદીમાં તરંગની લીલાચાતુર્ય કદી પણ શોભત નહિ તો નદીનો આટલો આદર થાત કે નહિ, તે કહેવાની કંઈ જરૂર નથી. બાલ શોભા સૌન્દય જોયાથી મનુષ્યનું મન બદલાય છે; હવા લાગ્યાથી નદી ક્રીડા કરેછે. હમે કહીએ છિયેકે મનુષ્યનું મન દર્પણની પેઠે ઘણું ખરૂં સ્વચ્છ છે. હમે કહીએ છિએ કે મનુષ્ય ગમે એટલો ધૈર્ય તથા ધર્મબલમાં બલવાન હોય તોપણ સંસારની વૃત્તિની શોભા સૌન્દર્યતા, પ્રેમ તથા મ્હોબતથી, તેના મનનાં શોભા સૌંદર્ય, પ્રેમ અને

મ્હોબત પ્રતિફલિત થાય છે. પરંતુ એ બધા જો વિઘ્ન-કર્તા થાય તો મનુષ્યની કોણ રક્ષા કરે? ખારવો જો કુશલ હોય, મનુષ્યનું જ્ઞાન તથા વિવેક જો બલવાન હોય. સાવધાન હોય તો હજારો તરંગ કાપીને પણ તેને બચાવી સકેછે. પરંતુ સર્વના નસીબમાં ત્હેવી, જાત્યનો વિવેક સંભવતો નથી. ખારવાના દોષથી આ ભવસાગરના તોફાનમાં પુષ્કળ વ્હાણ, બેસ-નારાઓની સાથે અતલ પાપરૂપી પાણીમાં નિમગ્ન થઈને ચિરકાલને માટે છુપાઈ રહ્યાંછે. વળી બીજી બાજુએ ખારવાના ગુણથી હાવી સ્થિતિમાં એક સાગરમાંજ હજારો વ્હાણ એકવેળાએ તરંગ ભેદીને ચાલ્યાં ગયાં છે.

હમે સમઝાવવાને માટે આટલી વાર સૂધી જે યત્ન કર્યોછે તે હમણાં સહજ થઈ આવ્યોછે એવું માલમ પડેછે, નદીમાં હવા આવ્યાથી તરંગ ઉત્પન્ન થાયછે, સંસારની લાલચથી મનુષ્યને ચલાયમાન કરેછે. નહિ તો સિંહાસનના સુખનો અધિકારી મનુ-ષ્ય, સિંહાસનનો પરિત્યાગ કરીને લાલચમાં ડુબીને ઝેરનું પાત્ર ચુમ્બન કરત નહિ, નહિ તો કિલયોપેટ્રા આ સંસારના અપજશનો બોઝો માથા ઉપર ધરત નહિ. ઉસમાન બહુ બળતરામાં બળીને મરત નહિં. ફાસ્ટ કલંકની ટોપલી માથા ઉપર ઉપાડીને અંગ્રે-જોના અનાદરને પાત્ર થાત નહિં. આ તમામ ચિત્ર છે. તે સર્વ પાપનાં ચિત્ર છે ત્હેમાં સંદેહ નથી, પરંતુ આમ

કહીને એ પણ કહી સકતા નથી કે આ સર્વ અસ્વાભાવિક ક્રિયા છે. સુકૌશલ્યવાન વિશ્વનિયંતાની અચિંત્ય વિકસિત ભાવ રાશિની પરીક્ષા કરીને પાપપુણ્ય નક્કી કરવું એ કંઈ સહેલી વાત નથી. તેટલામાટે કોઈ કોઈ વખત એક માણસનું પાપ બીજાની આગળ પુણ્ય જણાયછે, એક માણસનું પુણ્ય બીજાની આગળ પાપ તરીકે ગણાયછે. વખતચક્રના ઘેરામાં દરરોજના બનાવની રેખા અંકિત કરીને આ વિશાળ બ્રહ્માંડને જ્ઞાનમાં પૂર્ણ કરેછે; પરંતુ કોઈ નિશ્ચય રૂપથી, કોઈ બાહ્ય જગત કે અંતર જગતના ક્રિયા ભાગનો સૂક્ષ્મરીતે વિચાર કરીને, ચિરસ્થાયી રૂપથી ક્રિયા એક બનાવને, પાપ પુણ્ય માટે નિર્દ્ધારણ કરવા પામેછે ?

પંડિતે ઈચ્છાપૂર્વક મરીચિની સાથે મળવાનું બંધ કર્યું. પરંતુ મનમાં નાના પ્રકારના વિચાર થવા લાગ્યા. તે પોતાને ગમે એટલો જ્ઞાની સમજે તો પણ ત્હેણે ઉત્તમ પ્રકારે મરીચિનું મન જાણી લીધું હતું એવું હમે કહી સકતા નથી, ત્હેનું મન ચલાયમાન થયું હતું કે નહિ તે હમે જાણતા નથી તો પણ આટલું તો જાણીએ છિયે કે મન ચલાયમાન થયાથી પણ તે ડુબનાર માણસ નહોતો. ત્હેનો વિવેક રૂપી ખારવો પ્રવીણ જ હોશિયાર હતો, ત્હેનું જ્ઞાન સુમાર્જિત હતું, સંસારી ધાર્મિક અને સંન્યાસીઓમાં ભેદ એટલોજ હોયછે કે સંસારી ધાર્મિક સંસારમાં રહીને પોતાના બળથી

લાલચની સાથે સંગ્રામ કરીને જય મેળવવાને મનુષ્ય-ત્વનું સર્વથી મ્હોટું લક્ષણ ધારેછે, પરંતુ સંન્યાસી લાલચને ઝેર સમાન જાણીને તે જોતાંજ પરિત્યાગ કરેછે. સંન્યાસી મનની દુર્બલતા દેખાડીને પોતાને કૃતાર્થ સમજેછે. જ્હાં તેઓ લાલચની વસ્તુ જુએછે અથવા જોઈ સકવા પામે તે જગાપરથી તે નાશી જાયછે, મનુષ્ય અસંપૂર્ણ જ્ઞાનનો અધિકારી છે તેથી સર્વ સમય ઝેર અને અમૃત ઓળખતો નથી, તે નિશ્ચય છે. એ વાસ્તે ઘણીક વેળાએ સંન્યાસીઓ પુષ્કળ નીતિપૂર્ણ ઉપદેશરાશિ જેમાં સમાયલી હોય છે ત્હેને પણ તેઓ પાપની લાલચ સમજીને પોતાને ત્હેનાથી વંચિત રાખેછે.

પંડિત મનમાં વિચાર કરતા હતા કે, મરીચિના હાથથી હું છુટ્યો, પરંતુ છુપીરીતે હાવા કામથી નિવૃત્ત થવું ઉચિત નથી. બીજો એ પણ વિચાર સુઝ્યો યશલાલસિંહને આ સર્વ વાત વિશેષ રીતે સમઝાવી જોઈએ, કારણ કે તે કન્યાને આ દેવમંદિરની સેવા કરવામાં મુકરર કરીને નિશ્ચિત રહ્યો છે; ત્હેના મનમાં કોઈ જાત્યનો સંદેહ નથી. વળી વિચાર કર્યો કે મરીચિએ મ્હને કહ્યું હતું કે ત્હમે જો મ્હારી વાતનો જવાબ નહિ આપશો તો પિતા-જીને કહી દઈશ કે "ત્હમે મ્હને સમજાવીને ત્હમારા ધર્મમાં દીક્ષિત કરી છે." આ વાત સાંભળ્યાથી મરીચિનો પિતા ક્રોધાયમાન થશે ત્હેમાં સંદેહ

જણાતો નથી. પરંતુ થશે તો ત્હેમાં મ્હારૂં શું જનારૂં હતું? હું સંન્યાસી છું. તેઓ મ્હારૂં શું કરશે? મ્હારૂં મન જો ઠીક હશે તો મનુષ્યનો ભય શા માટે કરૂં? અને જો મ્હારૂં મન અસ્થિર હશે તો મનુષ્યનો ભય નહિં હોવા છતાં પણ આત્મરક્ષા થઈ સકનાર નથી.

આ બધાનો વિચાર કરતાં કરતાં ત્હેની આંખ લાલ ચોળ થઈ, ઘણીવાર સૂધી સ્તંભિત ભાવથી ઉભો રહ્યો, પુષ્કળ વિચાર કર્યો, ઘણીકવાર દીર્ઘનિશ્વાસ મૂકયા, ત્ય્હાર પછી યશલાલસિંહના મુકામ ઉપર જવા નીકળ્યો.

પ્રકરણ ૯ મું.

ઝેરની નીક.

જય્હારે પંડીત યશલાલસિંહના મકાનમાં પુગ્યો ત્ય્હારે સાંઝ થવા આવી હતી. ઘેર જઈને જુએ છે તો બે સફેત દાહાડીવાળા પુરૂષ મનના આનંદથી વીજળીની પેઠે અહિંથી તહિં ફરેછે, ઘરમાં બીજો કોઈ માણસ ન હતો હેવું અનુમાનથી સમજયો, કારણ તે જાણતો હતો કે યશલાલસિંહનો કોઇ માણસ હોત તો પેલા બે જણ ઘરમાં જવા પામત નહિં, કારણ એઓ મ્લેચ્છ જાતિના માણસ હતા.

ત્હેવું અનુમાન કરીને તે ત્હાંથી સત્વર નાશી જવાના ઈરાદાથી નીકળ્યો, પરંતુ પંડિતને નાશી જતા જોઈને પેલા બે દાઢીવાળા સાહેબે દોડતા જઈને પંડિતને પકડીને મુશ્કે બાંધ્યો તેમાંના એક સાહેબે દયામણે સ્હેરે કહ્યું "ત્હમે આ ઘરના કોઈ માણસ હશો? હમને જોઇને શા માટે નાસો છો? હમે ત્હમને ઘણું ઈનામ આપીશું હમે જે પૂછીએ તેનો બરાબર ઉત્તર આપો."

પંડિતે કહ્યું, "ત્હમે મ્લેચ્છ છો. પહેલાં મ્હારા હાથ છોડો, ત્હાર પછી જે કહેવું હોય તે કહો".

સાહેબોએ નિઃસંદેહ ચિત્તથી હાથ છોડી મૂકયા ત્હાર પછી કહ્યું;—"હમે સાંભળ્યું છે કે યશલાલસિંહની બે કન્યાઓ છે, તેઓ હમણાં કહાં છે તે ત્હમે જાણોછો."

પંડિતે પૂછયું—"યશલાલની કન્યા સંબંધી ત્હમે કહાંથી સાંભળ્યું."

સાહેબે ઉત્તર આપ્યો—"કાલે હમે ભુટીયા દેવમંદિરમાં જઈને સર્વ શોધ કરીને જોયું, ત્હાં બે ઘણીજ રૂપવાન સ્ત્રીઓ જોઈ હતી, પરંતુ તેઓને પકડી સક્યા નહિં. એક માણસની આગળથી સાંભળ્યું છે કે એઓ યશલાલની કન્યા છે."

પંડિતને એ સઘળું સ્વપ્ના જેવું ભાસવા લાગ્યું અને કહેવા લાગ્યો, ત્હમે મ્લેચ્છ છો, કેવી રીતે ભુટીયા દેવમંદિરમાં પેઠાં?

એ સાંભાળીને એક સાહેબની આંખ્ય લાલચોળ થઈ અને મ્હોટો અવાજ કરીને પોતાની પાસેના મ્યાનમાંથી તરવાર કાઢીને બોલ્યો "આ તરવારના બલથી. ત્હારે આવી ખબર મેળવવાની શી દરકાર, શું આ તરવાર જોતો નથી? હમારી વાતનો જવાબ આપ્ય, નહિં તો ભૂંટાયા લામાઓની જેવી દશા કરવામાં આવી છે તેવી દશા ત્હારી કરીશું."

પંડિતે આશ્ચર્ય થઈને પૂછયું "જો જવાબ નહિં આપું તો શું કરશો?"

સાહેબે કહ્યું—"જો જવાબ નહિં આપે તો આ તરવારથી ત્હારૂં મરણ નીપજશે."

પંડિતે કહ્યું—"હું સંન્યાસી છું ને મૃત્યુનો ભય કરતો નથી. જો મ્હને માર્યાથી ત્હમને, કંઈ વિશેષ લાભ થાય તો મ્હને મારો."

સાહેબે ઉત્તર આપ્યો—"ત્હને માર્યાથી હમને કંઈ લાભ થનાર નથી, ત્હને જીવતો રાખ્યાથી લાભ છે, કારણ કે ત્હારી પાસેથી હમને ઘણી ખબર મળશે."

તે સાંભળીને પંડિત મનમાં ને મનમાં હસવા લાગ્યો. ત્ય્હાર પછી બોલ્યો. "ત્હમે આ રાજયમાં શામાટે આવ્યા છો?"

સાહેબોએ પંડિતને સામાન્ય સંન્યાશી સમઝીને કહ્યું: "આ રાજયમાં હમારૂં રા ય સ્થાપવા માટે આવ્યા છિયે."

પંડિતજીએ પૂછ્યું—"ક્ય્હાંથી આવ્યા છો?"

સાહેબે ઉત્તર આપ્યો—"હમે કલકત્તેથી આવ્યા છિયે. ત્હને ઘણી વાતો કહીછે હવે હમે કહીશું નહિં; હવે મ્હારી વાતનો જવાબ આપ્ય."

પંડિતે કહ્યું—"એક વાતનો જવાબ આપો; ત્હમે આ રાજય શામાટે મેળવવાને આવ્યા છો? અને રાજય મેળવવાને આવ્યા છો તો ભૂટિયા લામાઓના ઉપર જુલમ શામાટે કર્યો?"

સાહેબે કહ્યું—"ત્હને આનો જવાબ આપીશું, કારણ કે ત્હારી પાસેથી હમે ઘણી આશા કરીએ છિએ. ત્હને આ રાજયનો રાજા કરીશું. આ રાજય ભૂટાન અને નેપાલની વચ્ચમાં છે, હમે ભૂટાન અને નેપાલમાં રાજ્યત્વ સ્થાપવાનો બીજો કંઈ ઉપાય જોતા નથી. એટલું તો છે કે સિકિમનો રાજા દુર્બલ છે; હેને વગર હરકતે હમે જય કરીશું. હમે તેઓના ઉપર જુલમ ગુજાર્યો છે, ત્હેમાં ત્હારૂં શું જાયછે; તું હમારી સર્વ વાતનો જવાબ આપ્ય; હમે ખ્રિસ્તના ઉપાસક છિયે, હમે ત્હને નિશ્ચય કહીએછિયે કે ત્હમને આ દેશના રાજા કરીશું."

પંડિતે મનમાં ને મનમાં વિચાર કર્યો હું સંન્યાસી છું, હું રાજય લઈને શું કરૂં? અંગ્રેજોની ચતુરાઈ સારીપેઠે સમજીને પછી કહ્યું "ઠીક છે, ત્હમે તો રાજ્ય લેવા આવ્યા છો. ત્ય્હારે વળી યશલાલસિંહની કન્યાઓનો પત્તો શામાટે મેળવવા ઈચ્છો છો?"

સાહેબે ઉત્તર આપ્યો—"ત્હેનું પણ કારણ છે,

હમે પરોપકારનું વ્રત લીધું છે, હમે લોકોના મ્હોએ સાંભળ્યું છે કે યશલાલસિંહની મ્હોટી બે કન્યા હજી સૂધી કુવારી છે હમે હાવો જુલમ સહન કરી સકતા નથી હમે તેમની કન્યાઓની દુરવસ્થા દૂર કરીશું." પંડિત મનમાંને મનમાં સાહેબોને સર્પની પેઠે સમજવા લાગ્યો. ત્ય્હાર પછી બોલ્યો, જરા થોભો, હું હમણાં પાછો આવું છું." આટલું કહીને પંડિત ઘરમાં ગયો.

પ્રકરણ ૧૦ મું.

ભયં.

સાંઝની વેળાએ યશલાલસિંહ પોતાના મુકામપર આવ્યો. આગલ્યા દિવસનો જુલમ, લામાઓના ઉપર અંગ્રેજોનો જુલમ અને દેવમંદિરનું લુંટવું, આ સર્વ અપરાધને માટે અંગ્રેજોને કેવી રીતે સજા આપવી જોઈએ ત્હેનો વિચાર કરવા માટે યશલાલસિંહ ઘોડા ઉપર સ્વાર થઇને સિકિમના રાજાની પાસે ગયો હતો. સંધ્યાની પ્હેલાં ત્હેનો ઘોડો થાકી ગયો હતો તે જેવો રાજ્ય મેહેલની પાસે આવ્યો કે તરત એક દેશી સરદાર ઘોડાની લગામ પકડીને ઉભો રહયો એ સરદાર અંગ્રેજનો નોકર હતો.

યશલાલસિંહે પૂછયું—"ત્હમે શામાટે ઘોડાની લગામ પકડી?"

સરદારે જવાબ આપ્યો—"ત્હમારી જોડે મ્હારે કંઈ વિશેષ વાત કરવી છે, પરંતુ તે વાત છુપી છે, તેથી હું ત્હમને છુપીરીતે કહેવા ઈચ્છું છું."

યશલાલ તે સાંભળીને ઘોડા ઉપરથી ઉતર્યો, સરદાર ત્હેનો હાથ ઝાલીને જ્ય્હાં ઘાડ જંગલ હતું ત્ય્હાં લઈ ચાલ્યો. અરણ્યમાં એક પથ્થર પડેલો હતો ત્હેના ઉપર બન્ને બેઠા ત્ય્હાર પછી સરદારે કહ્યું—"યશલાલ! અંગ્રેજની જોડે વૃથા વિવાદ કરવામાં પ્રવૃત્ત થશો મા. ત્હમે હજી સૂધી ત્હેની રાજ્ય ચલાવવાની નીતિ જાણતા નથી, જાણશો તો નિશ્ચય કહેશો કે અંગ્રેજની રાજ્યનીતિ એ પરમસુખની વસ્તુ છે, ત્હમે પોતે એ વાત જાણતા હોત તો અંગ્રેજને મદદ કરી તેમનું રાજ્ય સ્થાપવાની ઈચ્છા કરત. ત્હમને હું અંગ્રેજોને મદદ આપવા કહેતો નથી, એઓની જોડે લશ્કર છે, જો ત્હમે ત્હેમને હરકત નહિ આપો, ત્હમે એઓના વિરૂદ્ધ ઉભા ન થાવ તો નિશ્ચય એઓ જય મેળવશે. બે દિવસ થયા મ્હને આજ્ઞા થઈ છે તેથી હું ભૂટાનના સેનાપતિની પાસે ગયો હતો, તેઓએ કહ્યું કે ભૂતાનના પ્રવેશ થવાના દરવાજા વિના, હું બીજે ક્ય્હાં પણ મદદ આપી સકીશ નહિ; તેઓ ભૂટાનમાં આવવા દેશે નહિ એ વાત ખરી છે, પરંતુ લામાઓને પણ મદદ કરશે નહિ. ત્હમે બુદ્ધિમાન છો, અદ્યાપિ હું

અંગ્રેજનો નોકર છું તથાપિ સ્વદેશની માયા છોડી સકતો નથી, તેથીજ મ્હેં આટલી વારસુધી કહ્યું.

યશલાલસીંહે ધીરજથી પૂછયું—"અંગ્રેજો શું કરવા કહેછે?"

સરદારે જબાબ આપ્યો"તે હું જાણતો નથી, એટલું તેઓ કહેછેકે હમારો દેશ ફરવાનો સ્વભાવ છે."

યશલાલે પૂછયું "ત્ય્હારે ત્હમે જય મેળવવાની વાત શામાટે કહોછો?"

સરદારે કહ્યું—"જો ત્હમે સહેજમાં દરવાજો નહિ છોડશો તો ત્હમારી જોડે લઢાઈ થશે."

યશલાલે કહ્યું "જય્હારે અંગ્રેજોની જોડે દારજીલીંગ સંબંધમાં હમારો બંદોબસ્ત થયો હતો ત્ય્હારે તેઓએ કહ્યું હતું કે હમે સામાન્ય પ્રજાની પેઠે દારજિલીંગમાં થોડાંક મકાન બનાવીને હવા ફેરફાર કરવા કોઈ કોઈ વખતે આવીશું; નહીં તો શું હમે ત્રણસો રૂપીઆ કરથી આટલો બધો પ્હાડ છોડી દેત? હમણા જોઈએ છિએ કે એઓ દારજિલીંગમાં રાજય સ્થાપવાની ગોઠવણમાં ગુંથાયલાછે. કેવળ દારજિલીંગ મળ્યાથી પણ તેઓની તૃષ્ણા જતી રહી નથી, તેથીજ તેઓ કોઈ રીતે સિકિમમાં પ્રવેશ કરીને હેને લેવાની ઈચ્છા કરેછે, વળી હમે સર્પને સારી પેઠે ઓળખીએ છિયે, હવે કદીપણ એઓની વાત માનીશું નહીં."

સરદારે પૂછયું—"શું સારૂં છું તે કહો; સારૂં નરસુ-વિચાર કરવાની ત્હમારામાં શકિત છે, કહો જોઈએ અંગ્રેજો દારજિલીંગમાં આ૦યાછે તે ઠીક કર્યું છે? કેટલા દહાડાસૂધી કેટલાક પર્વત અરણ્યમાં પરિપૂર્ણ થઈ ગયા હતા, તે શું સારૂં હતું? ત્હમે તો સર્વ સમજી સકશો, કિયું સારૂં છે તો કહો?"

યશલાલસિંહે જવાબ આપ્યો-"હમારા તાબેનો પ્હાડ અરણ્ય થઈ જાય તો ઠીક, તો પણ બીજાનું રાજ્ય સારૂં નથી."

સરદારે કહ્યું—"એ વાસ્તેજ ત્હમને જંગલી કહે છે, એટલા વાસ્તેજ ત્હમને આટલી વિપત્તિ પડેછે."

યશલાલે કહ્યું-"ગમે તો હમને જંગલી કહે અથવા પોતાની મરજીમાં આવે તે કહે, પણ હમે હમારી સત્તા છોડી લઈને કદી પણ સુધારેલામાં ખપવા મ્હાતા નથી. હમારૂં જીવનજ વિપદરૂપી નાવ છે, ત્હમે તે વાસ્તે ભય શા માટે દેખાડો છો?"

સરદાર બોલ્યો—"હું ત્હમારૂં બલવીર્ય જાણું છું, મ્હારી પાસે શામાટે બડાઈ હાંકોછો?"

"શું જાણે છે સરદાર?" યશલાલની આંખ્ય લાલચોલ થઈ, પોતાના બલથી ઉભો થયો, તરવાર મ્યાનમાંથી કાઢીને બોલ્યો, "તું પૈસાનો ગુલામ છે, તું મ્હારૂં બલ શું જાણશે? ઈશ્વર કરે ને તું જુવે કે યશલાલની શક્તિ કેવી છે?"

સરદાર નમ્રભાવથી બોલ્યા-"ત્હમને હું જાણું છું,

ત્હમારૂં પરાક્રમ મ્હારાથી છાનું નથી, ત્હમારૂં કહેવું મ્હેં અંગ્રેજોની પાસે કહ્યું હતું, તેઓ ત્હમારા ભય-થીજ આગળ વધવાની હિંમત કરતા નથી, ત્હમારી સાથે સલાહ કરવાને તેઓ હમણાં તૈયાર છે."

યશલાલ ક્રોધાયમાન થઈને બોલ્યો-"મ્હારા પ્રભુ-ની જોડે તો તેઓની સલાહ છેજ તે સલાહ તોડીનેજ એઓ સિકિમમાં પ્રવેશ કરવા માટે લશ્કરની જોડે આવે છે. જ્યહાં સૂધી મ્હારામાં શક્તિ હશે ત્યહાં સૂધી ત્હેનો બદલો લઈશું. વળી સલાહ શાની કહે-છો?"

સરદારે કહ્યું-"ત્હમારા રાજાની જોડે શી સલાહ હતી?"

યશલાલે ઉત્તર આપ્યો-"સલાહ થઈ હતી કે એઓ કદી પણ મ્હોટી રંગિત નદીની હદ ઓળંગીને આવે નહિં, તે કરાર શું તોડ્યો નથી?"

સરદારે કહ્યું-"કરાર તોડ્યો છે, કારણ કે ત્હ-મારા રાજાની જોડે એઓ સલાહ રાખવાની આવ-શ્યકતા માનતા નથી."

યશલાલે પૂછયું-"કેમ? એ શું સુધરેલા દેશની રાજ્યનીતિ છે?"

સરદારે ઉત્તર આપ્યો-"હું જાણતો નથી એટ-લુંતો જાણુંછું કે ત્હમારા રાજાને એઓ તૃણની પેઠે સમજે છે, તૃણની પેઠે લોકોને એઓ પગનીચે રાખવા

ઈચ્છે છે, ત્હેની જોડે વળી સલાહ શા માટે કરવી જોઇએ?''

યશલાલે કહ્યું-"એમ છે કે? ત્રહારે મ્હારી જોડે વળી સલાહ શામાટે કરવા ઈચ્છે છે? હું તો કોઈ રાજ્યનો રાજા નથી, મ્હારી જોડે વળી સલાહ શાની? જો મ્હારા રાજાને તૃણની પેઠે તુચ્છકારે તો હું તો વળી તૃણથી પણ દુર્બલ છું, મ્હારી જોડે વળી સલાહ કરવાની શી જરૂર છે?"

સરદારે કહ્યું—"ત્હમારો એઓને યમના જેવો ભય લાગેછે."

યશલાલે કહ્યું—"હું તો મ્હારા રાજાનો નોકર છું. શા માટે મ્હારા પ્રભુને તુચ્છ સમજેછે?"

સરદાર બોલ્યો—"અંગ્રેજો સમજે છે કે પૈસાના પ્રતાપથી સર્વ થઈ સકેછે, તેથી ત્હમારી જોડે બંદોબસ્ત કરવા તૈયાર છે."

યશલાલે પૂછ્યું—"પૈસાના પ્રતાપનો અર્થ શો ?"

સરદારે ઉત્તર આપ્યો—"પૈસા માણસના મનને વશ કરે છે."

યશલાલે કહ્યું—"ત્હેમાં શું? મ્હને તો મ્હારા પ્રભુની પાસેથી પૈસા મળેછે."

સરદારે કહ્યું—"૨૫૦ રૂપીઆ એ શું પૈસા છે? આ જુઓ અંગ્રેજો ત્હમને ચ્હાય છે તેથી કેટલા બધા રૂપીઆ મોકલ્યાછે, એ ત્હમે લ્યો."

એ સાંભળીને યશલાલસિંહનું શરીર ક્રોધથી

ધ્રુજવા લાગ્યું અને બોલ્યો "હું શું છુપીરીતે મ્લેચ્છ જાતિના પૈસા લઈને તેઓનો દાસ થાઉં?"

સરદારે જબાબ આપ્યો—"દાસ શા માટે થશો, ત્હમે આ સઘળું લ્યો, પ્રીતિના દાનને તુચ્છ કરશો નહિં કેવળ આ દાન નથી, આ જુઓ બીજું આ દાન છે, તુચ્છ કરશો નહિં," આટલું કહીને સરદારે ખીસામાંથી એક કાગળ કાઢ્યો કાગળમાં લખ્યું હતું કે "યશલાલસિંહની જોડે હમો સલાહ કરીને ત્હેને મ્હોટી રંગિત નદીની ઉત્તર તરફનો પ્હાડનો ભાગ સર્વ આપી દીધો." સહી.

યશલાલે કહયું "શી વાત! મ્હોટી રંગિત નદીનો ઉત્તર તરફનો પ્હાડ તો હમારા તાબામાં છે, ચતુરાઈ દેખાડીને અંગ્રેજ આ સર્વ ભાગ મ્હને અર્પણ કરવા આવ્યાછે. અને તું પેલા કુશલ મ્લેચ્છ જાતિનો ગુલામ થઈને મ્હારી પાસે આવ્યોછે ત્હને ધિક્કછે, કુલાંગાર અહિંથી દૂર થા; ત્હારા પૈસાને હું તૃણના કરતાં પણ તુચ્છ જાણુંછું" આટલું કહીને યશલાલસિંહે જમણા હાથથી સરદારનું ગળું પકડીને પાડી નાંખ્યો; અને પૈસાના ઢગળા ઉપર જોરથી પગ માર્યો. ત્પ્હાર પછી તરવાર મ્યાનમાંથી કાઢીને બોલ્યો "આ તરવારની મદદથી થોડી મુદતમાં હજારો અંગ્રેજને મારી નાખીશ, શું તે અંગ્રેજોની પાસથી વળી લાંચ લેવી. વળી જોઈશ કે અંગ્રેજો કેવી ચતુરાઈથી પોતાનું નિશાન ઉભું કરેછે."

આ સર્વે શબ્દ વજ્રની પેઠે પર્વતની ગુફામાં પ્રતિધ્વનિત થયા, પ્રત્યેક પ્હાડ જાણે ઉત્સાહમાં મત્ત થઈને યશલાલની પ્રભુભક્તિની સેંકડો પ્રશંસા કરતા હોય એમ ધ્વનિ કરવા લાગ્યા.

સરદાર જમીન પરથી ઉઠીને પાછલે પગે ખસતો ખસતો થોડે દૂર જઈને અને મુઠી બંધ કરીને બોલ્યો-" યશલાલ! સાવચેત રહેજે! અંગ્રેજ દૂતને અપમાન કરીને ક્યહાં રહી સકીશ ત્હેનો બદલો જરૂર મળશે."

યશલાલે ઉત્તર આપ્યો—"જો અંગ્રેજોને ધાર્મિક જાણત તો ભય કરત, સંસારમાં ઠગનાર, પ્રવંચકના દૂતને અપમાન કરવામાં સંકોચ કરવો એ કાયર પુરૂષનું કામ છે, તું જા, ત્હારા માલકને કહેજે કે યશલાલ ત્હમને તૃણની પેઠે તુચ્છ સમજે છે." આ વાત કહીને યશલાલ પોતાને મુકામે પાછો ફર્યો. સરદાર પણ આસ્તે આસ્તે વનમાં છુપાઈ ગયો.

પ્રકરણ ૧૧ મું.

સંદેહ દૂર થયો!!

યશલાલ થોડીવારમાં ક્રોધને વશીભૂત કરીને ઘરમાં આવ્યો. ધીરે ધીરે તરવાર વગેરે લશ્કરી પોશાક કાઢીને અન્તઃપુરમાં ગયો. અન્તઃપુરમાં પંડિતને જોઈને ઘણોજ સંતુષ્ટ થઈને બોલ્યો કે "આજકાલ

ઘણીજ ગડબડમાં પડયોછું તેથી આપની જોડે મુલાકાત કરી સકયો નથી. આપ કુશળ તો છો ને?"

પંડિત યશલાલસીંહને જોઈને ઉભો થયો, ત્હારે ધીરે ધીરે મસ્તક નીચું કરીને બોલ્યો, "હું હમણાં કેટલીક રીતે સુખમાં છું, આપ આજકાલ અંગ્રેજોના જુલમથી અસ્થિર થઈ પડેલા હશો?"

યશલાલે જવાબ આપ્યો—"હવે એ સહન થઈ સકતું નથી, ઘણું સહન કર્યુંછે, પરંતુ હમણાનો જુલમ સહન થઈ સકતો નથી, અંગ્રેજી દૂત કરાર તોડીને બલજોરીથી હમને નહિં ગણકારતા સિક્કિમમાં આવવા ઈચ્છે છે એ સર્વ કેમ સહન થાય? અંગ્રેજોની જોડે નિશ્ચય લઢાઈ કરવી પડશે."

પંડિતે પૂછયું—"આપ કાલે રાજાની આજ્ઞા માટે ગયા હતા ને, રાજાજીએ શું કહ્યું?"

યશલાલે જવાબ આપ્યો—તેઓએ સીમાન્ત પ્રદેશનો ભાર મ્હારી ઉપર સંપૂર્ણ રીતે મૂકયો છે. અને મ્હને તે પ્રદેશ સોંપતી વેળાએ કહ્યું છે કે "ત્હમારી જેવી ઈચ્છા હોય તે કરવાને ત્હમે મુખ્તીઆર છો." હું હમણા અંગ્રેજોની ચાલથી જોઉં છું કે અંગ્રેજોને એકવાર રાજયમાં પેસવા દીધા તો સર્વની હાનિ કરશે, જય્હાંસૂધી મ્હારો પ્રાણ છે ત્યહાંસૂધી તેઓને આપણા રાજ્યમાં આવવા દઈશ નહિં."

પંડિતે કહ્યું—"તો નિશ્ચય લઢાઈ કરવી પડશે.

ઠીક જો લઢાઈમાં જય નહિં મેળવી સકો તો શું કરશો?"

યશલાલે જબાબ આપ્યો—"શું કરશો? જયનહિં મળ્યાથી જે બનનાર હશે તે બનશે, શીતલ રક્તથી શું રાજ્ય છોડી દઈશું? જય્હાંસૂધી પર્વતવાસીના શરીરમાં લોહી છે ત્ય્હાંસૂધી કદીપણ તેમ બનવા દઇશું નહિં."

પંડિતે યશલાલનો ચ્હેરો લાલચોળ થઈ ગયેલો જોયો તેથી એ સર્વ વાત પડતી મૂકીને કહ્યું—"આપની પાસે કેટલીક વાત કહેવા ઈચ્છું છું."

યશલાલે કહ્યું—"આપની મરજી હોય તો કહી સકો છો. આપના ગુરૂદેવ હજી સૂધી શું આવ્યા નથી? કેટલાક દિવસ થયા મરીચિનું શરીર ઠીક નહોતું તેથી આપે ત્હેને કેટલાક દિવસ ભણાવી નથી, એ સંબંધમાં શું કંઈ આપને વાત કહેવી છે? શું આપ ગુરૂદેવની પાસે જવા ઈચ્છો છો?"

પંડિતે કહ્યું—"આજથી પાંચ મહીનાની વાત ઉપર હું એકવાર ગુરૂદેવના આશ્રમમાં ગયો હતો, તે વેળાએ તેઓ આવ્યા નહોતા હમણા હું ત્ય્હાં જનાર નથી એવું મ્હેં નક્કી કર્યું છે; કારણ કે આગળના કરતાં મ્હારૂં શરીર અને મન ઠીક છે; જણાય છે કે જલદીથી આરોગ્યલાભ કરી સકીશ. સંપૂર્ણ આરોગ્ય નહિં થયાથી હું ગુરૂદેવની પાસે

જનાર નથી. મરીચિના રોગ સંબંધમાં હું આપને કંઈ કહેવા ઈચ્છું છું."

યશલાલે કહ્યું—" નિઃસંદેહ ચિત્તથી જે કંઈ કહેવું હોય તે કહો."

પંડિતે કહ્યું—" મરીચિનું હૃદય આશ્ચર્યકારક પ્રેમથી બનેલું છે, એવું પ્રેમપૂર્ણ હૃદય મ્હેં આજ સૂધી કય્હાં પણ જોયું નથી, હું મરીચિના ઉપર ઘણોજ સંતુષ્ટ થયો છું, પરંતુ મરીચિ મ્હારા ઉપર જેવી રીતે પ્રેમ કરેછે, તેના ઉપરથી જણાય છે કે તે મ્હારા અદર્શનથી કષ્ટ ભોગવે છે. મરીચિના પ્રેમની પરીક્ષા કરવા માટે હું કેટલાક દિવસ ભણાવવા આવ્યો નથી. મ્હેં સાંભળ્યું છે કે મરીચિ મ્હને નહિં જોતા અસ્થિર થઈ પડીછે; મરીચિનું બીજું દુઃખનું કારણ કંઇજ નથી, હું હાવા પ્રેમને અન્યાય સમજું છું, મનુષ્યનું મન પ્રલોભનનો દાસ છે, મનુષ્યનું મન સર્વદા ચંચલ છે, પ્રેમનો પવિત્ર ભાવ મનુષ્યમાં પ્રાયઃ જોવામાં આવતો નથી, એ સર્વ કારણથી હું ઘણોજ ભય કરૂં છું. મરીચિને મ્હેં સુધારવાનો યત્ન કરી જોયો પણ તે મ્હારી વાત સાંભળતી નથી; તે કોઈને પણ ભયનું કારણ કહેલીતી નથી હેવું એના બોલવા ઉપરથી જણાયછે. હું હાવી રીતના પ્રેમને અન્યાય સમજુંછું તેથી આપની પાસે કહ્યાવિના રહી સકયો નહિં."

તે સાંભળીને યશલાલસિંહ જરા હસ્યો ત્ય્હાર

પછી બોલ્યો—" મરીચિનું હૃદય ખરેખર પ્રેમનું બનેલું છે, બીજા ઘણા માણસોની પાસેથી મરીચિના પ્રેમ સંબંધી ઘણી વાતો સાંભળી છે, અને પરીક્ષા કરીને જોયું છે, પરંતુ મરીચિના હૃદયનું પરિવર્ત્તન જોવામાં આવતું નથી. મરીચિ કોઈને પણ ભય કરતી નથી, તે કહેવું ખરૂં છે, હમારા દેશની ઉમ્મરે પુગેલી છોકરીઓ કોઈથી પણ ડરતી નથી, અમારી જાતિની રમણીઓની એ તો સ્વભાવસિદ્ધ વસ્તુ છે."

પંડિતે કહ્યું—" કદી પણ પરિવર્તન જોયું નહિ, તે તો ઘણુંજ સારૂં. પરંતુ જો કોઈ વેળાએ પરિવર્તન થાય તો શું કરો ?"

યશલાલે જવાબ આપ્યો—" વળી શું કરૂં હૃદ્‌પિંડ છિન્ન કરીને શું કન્યાને પોતાની કરી રાખવા પામીશ? જ્હારે કન્યા બીજાને ગ્રહણ કરવા ઈચ્છે છે, ત્હારે બીજાને આપીશ."

પંડિતે સવાલ કર્યો કે " ધારોકે કન્યા કોઈ અયોગ્ય પાત્રપર મન લગાડે, અર્થાત્ જ્હેને ખરેખર મેળવવાનો ઉપાય નથી ત્હેને મન અર્પણ કરે, ત્હાર પછી ઘણું કષ્ટ સહન કરીને દિવસ ગાળવાને તૈયાર થાય તો શું ત્હેને પ્હેલાં સાવચેતમાં રાખવી એ કર્તવ્ય નથી ?"

યશલાલે ઉત્તર આપ્યો " પ્હેલાં સાવચેત રાખવાનું મ્હેં માન્યું, પરંતુ પ્રકૃતિના મૂળમાં કુહાડો

મારીને અધર્મ વેચાતો લઈ સકતો નથી; પ્રેમ કરવો એ મનુષ્યનો સ્વભાવ છે, તે પ્રેમને કોઈપણ રોકી સકતો નથી. જો કોઈ અયોગ્ય પાત્રે મન અર્પણ કરે તો હેને માટે હું શું કરૂં ? તે પોતાનું કષ્ટ પોતે ઉત્પન્ન કરીને પોતે હેમાં બળી મરશે."

પંડિતે પૂછયું—"આપની કન્યાના સંબંધમાં આપનો વિશ્વાસ કહેવો છે ?"

યશલાલે જવાબ આપ્યો—"વિશ્વાસ અચળ છે, કન્યાનું હૃદય પ્રેમથી બનેલું છે, પરંતુ હેનું મન પવિત્ર અને સરળ છે."

પંડિતે પૂછયું—"શું મ્હારી વાત પર આપ વિશ્વાસ કરોછો ?"

યશલાલે ઉત્તર આપ્યો—"હું એ સંબંધમાં વિશ્વાસ કરી સકતો નથી, કારણ આપ મરીચિના હૃદય તથા મનને આજસૂધી જાણી સક્યા નથી.

પંડિતે ફરી પૂછયું—"ત્ય્હારે હું શું ઠગાયો છું ?"

યશલાલે જવાબ આપ્યો—" મ્હારો ખાત્રી છે કે આપ નિશ્ચય મરીચિના પ્રેમ સંબંધમાં વગર પાયાનો વિશ્વાસ હૃદયમાં પોષણ કર્યો છે."

પંડિતે પૂછ્યું-"ત્ય્હારે મ્હારા અદર્શનથી મરીચિને અસુખ કેમ થયું ?"

યશલાલે ઉત્તર આપ્યો—"પ્રેમની રીતિજ હાવી છે, અને પ્રેમનો સ્વભાવજ હાવો છે કે જેના

ઉપર પ્રીતિ રાખે છે તે ત્હેને જોયા વિના રહી સકતો નથી."

યશલાલની વાત સાંભળીને પંડિતના મનમાં એકાએક ગુરૂદેવની વાત યાદ આવી તેથી વિચાર કરવા લાગ્યો—"હું પ્રલોભનમાં રહેવાને આટલે બધો ભય શામાટે કરૂં છું? મરીચિના સ્નેહને હું શામાટે ઝેર સમાન સમજું? જો મ્હારૂં મન ચંચલ થયું હોય તો નિશ્ચય ધર્મની સુંદર સીડીમાં ચઢા સકીશ નહિં; હું શામાટે લાલચથી દૂર રહું? ગુરૂદેવે કહ્યું હતું કે લાલચથીજ ત્હારી પરીક્ષા થશે, પરીક્ષાથી ગભરાઈશ નહિં, આ પ્રતિજ્ઞા કરીને યશલાલસિંહ પાસેથી રજા લીધી. જવાની વેળાએ કહ્યું ત્ય્હારે કાલથી પાછો હું ભણાવવાનો આરંભ કરીશ.'

પ્રકરણ ૧૨ મું.

મરીચિના હૃદયનું મહત્વ.

ત્ય્હારપછી બીજે દહાડે પંડિત પાછો મરીચિને ભણાવવા આવ્યો; મરીચિનું બિમાર શરીર તનદુરોસ્ત થયું, તે પાછી આહ્‌લાદિત મનથી પંડિતની-પાસે ભણવા ગઈ.

પ્હેલાં વાત કોણ કરે? મરીચિનું મન ઘણુંજ ઉત્સુક હતું, પ્હેલ વ્હેલી તેણેજ પંડિતની જોડે વાત કરવાનો આરંભ કર્યો.

મરીચિએ કહ્યું પંડિતજી! ત્હમે જ્યહારે સંન્યાસી છો ત્યહારે ત્હમારૂં મન વળી દુ:ખમાં વિપન્ન શામાટે? ત્હમે જ્યહારે સંન્યાસી છો ત્યારે ત્હમે ત્હમારી પ્રતિજ્ઞા શામાટે તોડી?"

પંડિતે પૂછયું—"મ્હેં પ્રતિજ્ઞા તોડી છે?"

મરીચિએ ઉત્તર આપ્યો—"ત્હમે કહ્યું હતું કે હું હવે ત્હમને ભણાવવા આવીશ નહિં; આજે વળી શામાટે આવ્યા?"

પંડિતે પૂછયું—"હું આવ્યો છું તેથી શું ત્હમે નાખુશ થયા છો?"

મરીચિએ જવાબ આપ્યો—"મ્હારે ખુશ થવુ અથવા નાખુશ થવું ત્હેમાં ત્હમારે શી પંચાતી? ત્હમે તો સંન્યાસી છો, પ્રતિજ્ઞા તોડીને લોકનું મન સંતુષ્ટ કરવું એ શું આપનું કર્ત્તવ્ય છે?"

પંડિત ઘણો લજાયમાન થઈને બોલ્યો, મ્હેં ત્હમારી સઘળી વાત ત્હમારા પિતાને કહી સંભાળાવી, તેઓ ત્હમારા ઉપર બહુ વિશ્વાસ રાખેછે તો હું શામાટે અયથા અવિશ્વાસ કરૂં? હાવો ચારે બાજુએથી વિચાર કરીને આજે પાછો ભણાવવા આવ્યો છું".

મરીચિએ પૂછયું—"પિતાજીને શું કહ્યું?"

પંડિતે ઉત્તર આપ્યો—"મરીચિ મ્હારા ઉપર ઘણો પ્રેમ રાખેછે હેવા પ્રેમને હું અન્યાય સમજુંછું."

મરીચિએ પૂછયું—"તે સાંભળીને પિતાજીએ શું કહ્યું?"

પંડિતે જવાબ આપ્યો—"તેઓએ કહ્યું કે, મરીચિનો સ્વભાવજ પ્રેમ કરવા ઉપર છે ત્હેની ગતિને હું રોકવાની ઈચ્છા કરતો નથી."

મરીચિએ પૂછયું—"ત્હમે શું પિતાજીની વાત સાંભળીને સંતુષ્ટ થયા છો?"

પંડિતે ઉત્તર આપ્યો—"કેટલોક સંતુષ્ટ થયો છું."

મરીચિએ કહ્યું—"શામાટે સંતુષ્ટ થયાછો? હું ત્હમારી ઉપર પ્રીતિ રાખું છું એ વાત કોણે કરી?"

પંડિતે કહ્યું—"મ્હારો હાવો વિશ્વાસ છે."

મરીચિએ પૂછયું—"ત્હમારા વિશ્વાસમાં શું ભૂલ્ય રહી સકતી નથી?"

પંડિતે જબાબ આપ્યો—"જવા ઘો, હવે ત્હેની તકરાર કરવાની જરૂર નથી ત્હમે હમણાં અભ્યાસ કરવાનો આરંભ કરો."

મરીચિએ કહ્યું—"હમે અબલા જાતિ છિયે, પર્વતપર વાસ કરીએ છિએ, હમે પ્રવંચના જાણતા નથી, પ્રતિજ્ઞા લઈને પ્રતિજ્ઞા તોડવી એ મ્હોટું પાપ સમજીએ છિએ. જય્હાંસૂધી મ્હારા સર્વ વાતનો જવાબ નહિં મળશે ત્ય્હાંસૂધી ત્હમારી પાસે ભણીશ નહિં."

પંડિતે પૂછ્યું—"શી વાતનો જવાબ માંગો છો?"

મરીચિએ કહ્યું—"ઘણીવાર કહ્યું છે, કહો ત્હમે લગ્ન કર્યું છે કે નહિં?'

પંડિતે પૂછ્યું—"બીજી શી વાત કહેવી છે?"

મરીચિએ કહ્યું—"ત્હમે સંન્યાસી છો, તથાપિ ત્હમારૂં હૃદય ઉદ્વિગ્ન કેમ જોઉં છું, કેમ ત્હમને સર્વદા વિપન્ન જોઉં છું? જો ત્હમે દુઃખને ભુલી સકયા નહિં તો શામાટે આ માર્ગપર આવ્યા છો?"

પંડિતે કહ્યું—"હું આ માર્ગપર ધર્મને માટે આવ્યો છું."

મરીચિએ કહ્યું—"શું ધર્મને માટે? એ ખોટી વાત. ધાર્મિકોમાં આજસૂધી મ્હેં કોઈને પણ ખેદવાળો જોયો નથી."

પંડિતે જવાબ આપ્યો—"હું ધર્મની શોધ કરવા આવ્યો છું. આજસૂધી હું ધાર્મિક થયો નથી."

મરીચિએ પૂછયું—"શામાટે પર્વત પર આવ્યા છો? ત્હમારા દેશમાં રહીને શું ધર્મનું સાધન થતું નહોતું?"

પંડિતે ઉત્તર આપ્યો—"ત્હમે આ બધું સાંભળીને શું કરશો?" આટલું કહીને પંડિતે લાંબો શ્વાસ લીધો.

મરીચિએ કહ્યું—"ત્હમે કોઈ વિષમ જેરની યાતનાથી દેશ છોડયો હશે, નહિં તો આપને આટલા દલગીર થતા જોત નહિં."

પંડિતે કહ્યું—"ત્હમારો જેવો વિશ્વાસ હોય તેજ રહો, મ્હારા મનને ત્હમે કહેવી રીતે જાણશો? હવે ત્હમે શું કરશો તે કહો?"

મરીચિએ પૂછ્યું—"શું ત્હમે મ્હારા સવાલનો જ-બાબ આપશો નહિ?"

પંડિતે કહ્યું—"ત્હમારા સવાલનો જવાબ આપવા યોગ્ય નથી, તેથી જવાબ મળશે નહિ."

મરીચિએ કહ્યું—"ત્ય્હારે જણાય છે કે હવે ત્હ-મારી જોડે મુલાકાત પણ થશે નહિ, કારણ કે હમે બીજા કાર્યમાં દેહપાત કરવા જઈશું."

પંડિતે પૂછ્યું—"ત્હમારા સવાલનો જબાબ મળત તો ત્હમે શું કરત?"

મારીચિએ ઉત્તર આપ્યો—"મ્હારા સવાલનો જવાબ મળત તો સર્વ પરિત્યાગ કરીને ત્હમારી જોડે આવત."

પંડિતે કહ્યું—"મ્હારી સાથે આવવાના કરતાં બીજા કામમાં દેહપાત કરવો હજારો દરજ્જે શ્રેષ્ઠ છે, ત્હમે તેમજ કરજો, પરંતુ બીજું શું કામ કરવા ઈચ્છો છો?"

મરીચિએ જબાબમાં કહ્યું—"ત્હમે શું કંઈ સાંભ-ળ્યું નથી કે સાહેબો ત્રણ દહાડા થયા હમારૂં મંદિર લુંટી ગયા છે, મંદિરવાસિની સઘળી સ્ત્રીઓ એકઠી થઈને તેના જુલમનો બદલો લેવા જનારી છે."

પંડિતે પૂછ્યું—"આ વાત શું લામાઓએ સાંભ-ળી છે?"

મરીચિએ કહ્યું—"શું બદલો લેવાની વાત? તે

પ્રાણ જાય તોપણ કહીશું નહિં, લામાઓ સાંભળશે તો શું ત્હેનો બદલો લેવા દેશે ?"

પંડીતે પૂછયું—"ત્હમે પણ તે કામને માટે શું જનાર છો ?"

મરીચિએ કહ્યું—"ત્હેમાં દોષ શો ? હમે જુલમ સહન કરી સકતા નથી. હમારા દેશનો ધર્મ હાવો છે કે લોકો અનાહારથી મરશે તોપણ સ્વતંત્રતા વેંચશે નહિં, જુલમખોરની છાતીમાં છુરી ફેકવામાં હમે સંકોચીત થતા નથી."

પંડિતે કહ્યું—"હું કંઈ દોષની વાત કહેતો નથી. ત્હમે પણ લઢાઈ કરવા જશોને, તેજ જાણવા ચ્હાઉં છું."

મરીચિએ પૂછયું—"જો લઢાઈમાં જાઉં તો ત્હમે શું નાખુશ થશો?"

પંડિતે કહ્યું—"હું શામાટે નાખુશ થાઉં ? ત્હમારા દેશની રીતિનું ત્હમે અનુકરણ કરશો, ત્હેમાં મને શું? અને મ્હારી નાખુશીથી ત્હમારૂં શું જનારૂં છે ?"

મરીચિએ કહ્યું—" ત્હમારૂં શું જનારૂં છે ? ત્હેમાં મ્હારૂં જનારૂં છે, ત્હમારા અસંતોષથી મ્હારૂં હૃદય વિદીર્ણ થઈજાયછે."

પંડિતે કહ્યું—" નહિં, હું અસંતુષ્ટ નથી, ત્હમે જાઓ."

મરીચિએ કહ્યું—ત્ય્હારે ત્હમે શું સંન્યાસી છો ? ત્હમે પ્રતિહિંસાને અન્યાય શું સમજતા નથી ?

પંડિતે ઉત્તર આપ્યો—"હું મ્હારે માટે જાણું છું, પરંતુ બીજાના સંબંધમાં કેહવી રીતે સમજું ?"

મરીચિએ કહ્યું—"જે ધાર્મિક છે ત્હેણે ધર્મની વાત સહુને કહેવી જોઈએ."

પંડિતે કહ્યું—"બધા શામાટે સાંભળે ?"

મરીચિએ કહ્યું—"ગમે તો તે સાંભળે અથવા નહિં સાંભળે, ત્હેમાં ધાર્મિકનું શું ? ધાર્મિક માણસો વિશ્વાસ રાખેછે કે મ્હારી વાત સઘળાઓ સાંભળશે. તેઓ કદીપણ લોકને પોતાની ઈચ્છા પૂર્વક કુમાર્ગે લઈ જવા ઈચ્છતા નથી."

પંડિતે કહ્યું—"જ્યહારે ત્હમને પ્રતિહિંસા લેવાને રોકવામાં આવ્યાછતાં ત્હમે તે પ્રતિપાલન કરશો નહિ ત્ય્હારે શામાટે વૃથા કહું."

એ સાંભળીને મરીચિની આંખ્ય લાલચોળ થઈ ગઈ અને કહેવા લાગી "પંડિતજી ! હાવી રીતનો અપવાદ દેશો માં. મ્હેં કોઈ દિવસે પણ ત્હમારી જરા પણ કહેવા ઉપર અવજ્ઞા શું કરીછે ? ભણવા કહોછો તો હું ભણતી નથી ત્હેનું કારણ ફક્ત પ્રતિજ્ઞામાં બંધાઈ છું કહો ત્હમે શું મ્હને પ્રતિજ્ઞા તોડવાને કહોછો?"

પંડિતે કહ્યું—"નહિ, હું ત્હમને પ્રતિજ્ઞા તોડવા કહેતો નથી ત્હમારી જે ઈચ્છા હોય તે કરો."

મરીચિએ કહ્યું—"ત્હમારી જે ઈચ્છા હોય તેજ કરો? ત્હમે મ્હને સ્વેચ્છાચારિણી થવા કહો છો? ધારો કે, હું એક સાહેબની સાથે ચાલી જાઉં, તો શું

ત્હમે મ્હને હાવી જગાએ સ્વેચ્છાચારિણી થવા દેશો કે?"

પંડિતે ઉત્તર આપ્યો—"હું કહી સકીશ નહિં પણ ત્હમારા પિતા રોકી સકશે."

મરીચિએ કહ્યું—"ત્હમે પિતાના સ્વભાવને જરા પણ સમજતા નથી, તે કન્યાને કદીપણ કુમાર્ગપર જવા દેશે નહિં."

પંડિતે પૂછયું—"ત્યહારે ત્હમારી સ્વતંત્ર ઈચ્છા સંબંધમાં રોકવા કેમ ચ્હાતા નથી?"

મરીચિએ કહ્યું—"તેઓ જાણે છે કે હું કદીપણ ખરાબ માર્ગે જનાર નથી."

પંડિતે પૂછયું—"શું ત્હેનો પરિચય તેઓએ મેળવ્યો છે?"

મરીચિએ ઉત્તર આપ્યો—"ઘણીવાર ત્હમે શા માટે આ વાત કહો છો? નહિં તો મનની વાત મનમાંજ રાખત; ત્હમે મ્હને સ્વેચ્છાચારિણી અને દુશ્ચરિત્રા સમજો છો, નહિં તો કોણ મનનો ખરો મર્મ સંન્યાસીને કહે? આ છુરી જુઓછો, એનાથી પાંચ દુર્દમનીય રિપુના આધિન સાહેબનું પેટ ચીરી નાંખ્યું હતું; ત્હમે અંતરમાં આઘાત નહિં કર્યો હોત તો કોણ મનની વાત આજે ત્હમારી પાસે કહેત?"

પંડિતનું કલેજું થડકવા લાગ્યું, આશ્ચર્ય પામીને બોલ્યો, "મરીચિ! ત્હમારા દેશની બીજી સ્ત્રીઓના

અંધારામાં હાવી છુરી જોતા નથી, પુરૂષની કમરમાં છુરી તો રહે છે પરંતુ ત્હમે એ શામાટે રાખી છે?"

મરીચિએ જવાબ આપ્યો—"વિવાહિત સ્ત્રીઓની પાસે હાવી છુરી રહેતી નથી, એ વાત ખરી છે, પરંતુ જરૂર જણાય તો રાખવાનો સર્વનો એકસરખો અધિકાર છે. મંદિરમાં રહેનારી કુમારીઓની પાસે એક એક છુરી હોય છે."

પંડિતે કહ્યું—"ત્હમારી છુરી આજે લોહીથી ખરડાયલી કેમ છે?"

મરીચિએ કહ્યું—"કાલે હું અને મ્હારી બ્હેન ફરવા ગયાં હતાં, હમે આજ કેટલા દિવસ થયા રોજ ફરવા જઈએ છિયે; કાલે સાંઝે ઘરમાં આવીને જોઈએ છિયે તો એક સાહેબ ઓસરીમાં ફરે છે; સાહેબે હમને જોઈને બોલાવી. બ્હેન ઘણીજ થાકી ગઈ હતી, તે ઘરની અંદર ગઈ, હું નિર્ભયતાથી સાહેબનીપાસે ગઈ. સાહેબ મ્હને મળીને ઘણોજ ખુશ થયો. મંદિર લુટવાની આગમજ તે સાહેબને મ્હેં એકવાર જોયો હતો. કાલે મ્હને મળ્યા પછી તેને જાણે સ્વર્ગનો ચંદ્રમા મળ્યો હોય તેવો તે ખુશી થઈને મ્હને કહેવા લાગ્યો "હમે આ દેશના રાજા થઈશું ત્હમે મ્હારા જોડે ચાલો, ઘણું સુખ મેળવશો," એ સાંભળીને મ્હે કહ્યું "ત્હમારી સાથે ક્યહાં આવું સાહેબ? ત્હમે મ્લેચ્છ છો."

સાહેબે જવાબ આપ્યો—" મ્હારા દેશના બીજા સહુ મ્લેચ્છ છે ખરા પરંતુ હું મ્લેચ્છ નથી. મ્હારી સાથે છાવણીમાં ચાલો, ત્ય્હાં ત્હમારે માટે ઘણીજ સુંદર સામગ્રી રાખી છે." મ્હેં કહ્યું "ત્હમારા કેટલાક વાળ તથા કેટલા દાહાડીના વાળ એક સરખા જોવામાં આવે છે, ત્હમે ક્હેવી રીતે મ્લેચ્છ નથી?" તે સાંભળીને સાહેબે કહ્યું-"જુઓ હું ક્હેવો ખુબસુરત છું." મ્હેં સાહેબના ખુબસુરત શરીરનું કંઈ પણ ચિન્હ જોયું નહિં તેથી બોલી "ત્હમારી ખુબસુરતી જોઈને મરી જવાની ઇચ્છા થાય છે." સાહેબ મ્હારી મશ્કેરી સમજ્યો નહિં તેથી બોલ્યો "મ્હને સ્ત્રીઓ કહેછે કે ત્હમારા જેવો ખુબસુરત પુરૂષ બીજો કોઈ નથી; મ્હારા ગુણમાં પણ હું સુંદર છું, હું આ દેશનો રાજા થઈશ. ત્હમે મ્હારી છાવણીમાં ચાલો." એ સાંભાળીને મ્હેં કહ્યું "સાહેબ! ત્હમારા ગુણ યાદ આવ્યાથી હમણાજ ત્હમને સાથે લઈને યમપુરમાં નાસી જવાની ઈચ્છા થાયછે." સાહેબ આ વેળાની પણ મશ્કેરી સમજી સક્યો નહિં, સાહેબ ધીરે ધીરે મ્હારી પાસે આવવા લાગ્યો, મ્હેં આવતો જોઈને કહ્યું "આ તરફ આવશો માં." તે સાંભાળીને સાહેબે કહ્યું "કેમ સુંદરિ! 'હું ત્હમને મેળવવા આવ્યો છું.' મ્હેં કહ્યું "ત્હમારી જોડે આવું તો શું આપશો?" સાહેબે કહ્યું "જે માગશો તે આપીશ." મ્હેં કહ્યું "હું ત્હમારી સાથે આવું તો શું ત્હમે આ દેશ છોડીને જતા

રહેશો?' સાહેબે કહ્યું. 'હા નિશ્ચય જતા રહીશું ત્હમને મેળવી સક્યાથી સ્વર્ગ છોડીને પણ જવા તૈયાર છું' મ્હેં કહ્યું, 'શું ત્હમારા તાબાના સર્વ લશ્કરને મારી નાખશો?' સાહેબે કહ્યું 'નિઃસંદેહ મારી નાંખીશ ત્હમે જે કહેશો તેજ કરીશ!' આમ કહેતો કહેતો મ્હારી પાસે આવ્યો હું જરા દૂર ખસીને ઉભી રહી તેણે ત્ર્હાં એકદમ આવીને મ્હને પકડી, મ્હેં બળપૂર્વક તેનો હાથ છોડાવ્યો ને બીજી તરફ ગઈ, પામર હું, જ્ય્હાં ગઈ ત્ય્હાં આવીને મ્હને ભોળવવાના ઈરાદાથી પકડીને ઘણીક મીઠી વાતો કરવા લાગ્યો મ્હેં કહ્યું—'સાવધાન-મ્લેચ્છ જાતી ચિરકાલ કૃતઘ્ન હોયછે, આ શરીર ઉપર હાથ લગાડીશ તો હમણા ત્હેનું ફળ ચાખીશ.' સાહેબ ઉન્મત્તની પેઠે મનમાં વિચાર કરવા લાગ્યો કે હું ત્હને છલના કરૂં છું, તેથી બોલ્યો 'સુંદરિ! ત્હમે હમણા મદદ વગર છોં કોણ ત્હમારો હમણા બચાવ કરશે; હુંજ ત્હમારૂં શરીર છું, પ્રાણ છું, જીવન છું, માન છું, હું ત્હમારૂં સર્વ છું, ત્હમે પણ મ્હારા સર્વ છો, આટલું કહીને ત્વરાથી આવીને મ્હને પકડી, હું બળ પ્રકાશ કરીને પણ ત્હેના હાથથી છુટી સકી નહિ; છેલ્લીવારે આ છુરી અંબોડામાંથી કાઢીને ત્હેની છાતીમાં ભોંકી દીધી, પામર મ્હોટો અવાજ કરીને પડી ગયો, હું નિર્ભય થઈ ઘરમાં ગઈ. એ વાત ત્હમે શામાટે પૂછી? હું ઈશ્વરની પાસે અપરાધી છું કે નહિ તે જાણતી નથી.

પરંતુ માબાપના વિશ્વાસની પાસે કદી અવિશ્વાસિની નથી.''

પંડિત આ બધું સાંભળીને આશ્ચર્ય પામ્યો. અને મરીચિના સંબંધમાં ત્હેનો જે વિચાર હતો તે સંપૂર્ણ બદલાઈ ગયો, તેથી ત્હેણે સ્નેહપૂર્વક મરીચિનું પગ ચુમ્બન કર્યું.

મરીચિ બોલી–'' આ જીવન કલંકનો આધાર છે, પાપનું અગાધ પાણી છે, ત્હમે મ્હારા પાપના પ્રવાહ-માં કીચડ મેળવતા ના, હું પાપી છું. આટલું કહેતાંજ મરીચિની આંખ્યોમાંથી આંસુ પડવા લાગ્યાં તેથી પંડિતે કહ્યું '' મરીચિ! શામાટે વૃથા આંસુ પાડો છો. સ્ત્રીઓના સતીત્વના જેવી પરમ આદરની વસ્તુ કોઈપણ ધર્મગ્રંથમાં જોતો નથી, જેઓ પોતાનું સ-તીત્વ જાળવેછે, તેઓનેજ સ્વર્ગ મળેછે, ત્હમે વૃથા રોશો માં ''

મરીચિએ રોતાં રોતાં કહ્યું—''હું નરહન્તાને પિ-શાચો જાણું છું, ત્હમારી પાસેથી જો હાવું નહિ જાણ્યું હોત તો હું કદી પણ દલગીર થાત નહિં, ત્હમારી પાસેથી જે ધર્મ શીખીછું તે મ્હારા જીવનના સંપૂર્ણ વિરોધી થયું છે તેથી હું આજ ત્હમારી આગળ ઘો-રતર અપરાધમાં અપરાધિની છું.''

પંડિતે કહ્યું–''ત્હમે વગર વિચારે દલગીર થાઓછો. મ્હારા ધર્મમાં પણ હાવી જગાએ પ્રાણનાશ કરવો

અન્યાય નથી. હું ત્હમને આજે હૃદયની સાથે હૃદયથી આલિંગન કરૂંછું, હું ત્હમારા સ્વભાવથી મુગ્ધ થયોછું."

મરીચિ પાછી રોતાં રોતાં કહેવા લાગી—"ત્હમે પણ મ્હને અપરાધીની જાણી હતી, નહિં તો ત્હમે મ્હને જવાબ કેમ ન આપ્યો હોત ?"

પંડિતે મરીચિની હૃદયની યંત્રણા સારી રીતે સમજયાથી કહ્યું "હું કાલે પત્ર લખીને ત્હમને જણાવીશ!"

પ્રકરણ ૧૩ મું.

પંડિતનો પત્ર.

બીજે દહાડે સાંઝની વેળાએ મરીચિને પંડિતનો પત્ર મળ્યો પત્રમાં હાવું લખ્યું હતું.

મરીચિ !

કાલે મ્હેં વચન આપ્યું હતું તેથી આજે મનની સઘળી વાત ત્હમારા પુછેલા પ્રશ્નના ઉત્તરમાં સ્પષ્ટ લખી મોકલુંછું. જય્હારે ત્હમને મ્હારો પત્ર મળશે ત્ય્હારે હું સર્વ પર્વત શ્રેણી ઓળંગીને સમાન જમીન ઉપર પ્હોંચીશ ત્ય્હારે ત્હમે નિશ્ચય મ્હારો સંગાત કરી સકશો નહિં, હું હવે મ્હારૂં પાપરૂપી ચિત્ર ત્હમારી સામે રાખીશ નહિં હું ઘણોજ અપરાધી છું;

મ્હારૂં હૃદય ઘણુંજ નઠારૂં છે. હૃદયને પવિત્ર નહિં કર્યાથી નિશ્ચય હું આત્મઘાત કરીને મરીશ.

મનુષ્યનું મન પ્રેમથી બનેલું હોયછે, પ્રેમહૃદય પ્રેમહૃદયનું સ્વાભાવિક ધન છે, એ પ્રેમ અત્યંત પવિત્ર વસ્તુ છે તે હું જાણું છું, પરંતુ જેમ ગંગા પ્હાડમાંથી નીકળીને જમીનમાં પંક ધારણ કરીને અપવિત્ર થાય છે, તેમ મનુષ્યનું હૃદય પણ ધર્મને છોડીને આ પ્રેમના અનુસરણમાં જઈને સંસારના કલંકને એની સાથે મિશ્રિત કરીને હેને અપવિત્ર કરી નાખે છે. લાલચમાં મુગ્ધ થયેલો માણસ આ મલિન પ્રેમના અનુસરણમાં ઘસડાઇને ઘણીક જાત્યનાં લાંછન ધારણ કરેછે, છેલ્લીવારે હેના ઝેરથી પ્રાણપર્યન્ત તરફડીઆં માર્યા કરેછે.

મરાચિ! હું ત્હમારૂં મન સમજું છું; ત્હમારૂં હૃદય પવિત્ર છે તે પણ હું જાણુંછું; પરંતુ સંસારની બિહામણી છબી જોઈને મ્હારૂં મન ઘણું ભયભીત થાય છે, નહિં તો ત્હમારા પ્રેમને આદરથી હૃદયમાં ધારણ કરત. ત્હમે નરકથી ઘણે દૂર છો, નરકનું ચિત્ર કદીપણ ત્હમે જોયું નથીઃ પરંતુ હું નરકનો કીડો છું, સર્વદા નરકની યંત્રણા સહન કરતો આવ્યો છું, મ્હારૂં હૃદય પાપપંકયુક્ત સંસારની માટી છે, આ પાષાણભેદી પવિત્ર પ્રેમ-ગંગાને મ્હારા પંકિલ હૃદમાટીમાં આણીને ભયભીત થયોછું, સંસારની અપવિત્રતામાં મળી જશે, તેથીજ ત્હમારી

પ્રેમ નદીને નીચે આણવાનો યત્ન કર્યો નથી, મ્હારા જીવનમાં હવે પાપનો પ્રવાહ વધારવાની ઈચ્છા રાખતો નથી.

મ્હેં પોતે યત્ન કર્યો નથી તે છતાં ત્હમારા પવિત્ર પ્રેમે છુપીરીતે મ્હારા હૃદયને સ્પર્શ કર્યોછે, મ્હારૂં જે સામાન્ય પ્રેમ છે ત્હેમાં ત્હમે સંતુષ્ટ થયાં નથી તેપણ જાણુંછું: ત્હમે મ્હારૂં સમસ્ત હૃદય આધીન કરવા ઈચ્છોછો, તેપણ હું જાણુંછું; શું કરૂં? અપવિત્ર હૃદયમાં ત્હમારો પ્રેમ પવિત્ર રહેશે નહિં, હેવી આશંકા કરીને ત્હમને છોડીને જતો રહ્યો છું; હું નરકનો કીડો છું. ત્હમને છોડીને હું નિશ્ચય શાંતિ મેળવી સકીશ નહિં, પરંતુ તેમ હોય તોપણ ત્હમને કલંકિત કરીને જીવનમાં હવે પાપનો ભાર વધારી સકતો નથી.

મ્હારા ગુરૂદેવે કહ્યું છે કે લાલચમાં ત્હારી જીતેન્દ્રિયની પરીક્ષા થશે, મ્હારૂં હૃદય અસાર છે, આજસૂધી લાલચનો દાસ છું, પ્રતિજ્ઞા કરીને પણ હું પોતે વશીભૂત કરી સકયો નહિ, લાલચથી જય મેળવવાને હું આજ પણ શક્તિમાન થયો નહિં, જય્હારે જાણ્યું કે મ્હારૂં હૃદય ધીરે ધીરે ત્હમારા ઉપર આસક્ત થાય છે, ત્ય્હારેજ ત્હમને હું લાલચ સમઝયો; ત્ય્હારેજ ત્હમને છોડવાનું નક્કી કર્યું. ત્ય્હારથીજ મ્હને ત્હમારા ઉપર સંદેહ થયો છે, અને હાવી રીતે ઝેર પીવામાં તૈયાર થઈશ હેવો સંદેહ કરીને મ્હેં

ત્હમારા પિતાની પાસે સર્વ હકીકત જણાવી; તેઓ ત્હમને જાણતા હતા, મ્હારી વાત તેઓએ ઉડાવી દીધી; હવે સમઝયો છું કે ત્હમારૂં હૃદય પવિત્ર છે, મ્હારૂં હૃદય અપવિત્ર છે, હમણા જાણ્યું કે હું ત્હમને સર્પ સમઝ્યો હતો, અને ત્હમે મ્હને અમૃત જાણતાં હતાં; આજે ત્હમને મનની વાત કહું છું,—ત્હમેજ અમૃત છો, હુંજ સર્પ છું; આ સાપનું ઝેર ત્હમારાથી સહન થશે નહિં, તેથી મ્હેં ત્હમારો પરિત્યાગ કર્યો છે. મરીચિ! પ્રલોભનમાં પરીક્ષા આપવાના યોગ્ય હું આજ પણ તૈયાર થયો નથી. હું ડુબી ગયો છું, મ્હારૂં ધર્મજીવન ઉંડા પાણીમાં ડુબી ગયુંછે. હાય! મ્હારૂં હવે શું થશે?

મ્હારી ખાતરી છે કે મ્હેં ત્હમને મ્હારા ઝેરી દંખનો દંખ આપ્યો નથી, પરંતુ મ્હને આશંકા ઉપજે છે તેથી કહુંછું, જો ત્હમે મ્હારા ઝેરના દંખથી દંખાયલા હો તો પ્હેલા સાવચેત થઈને ત્હેનો પરિત્યાગ કરશો, હામ કહેવાનું ઘણું કારણ છે, સંસારના પ્રેમની ઘણી યંત્રણા છે, મ્હેં સ્ત્રીના હૃદયમાં ઘણા દિવસ થયા દંખ આપ્યો છે; હું જઘન્ય મનુષ્ય છું; મ્હેં અન્યથા નીરપરાધીની કામિનીના મનમાં ઘણું દુઃખ દીધું છે, હું નરાધમ છું, હું નરપિશાચ છું. હાવી વાત હું શામાટે કહું છું? મ્હેં ભ્રમ કર્યું છે, મ્હારી સ્ત્રી ઘણીજ સરળ છે, મ્હેં ત્હેને ઘણું દુઃખ દીધું છે, તેથીજ મ્હને અનંતકાળ નરક ભોગ-

વવું પડશે. મ્હારી સ્ત્રી મ્હારાવિના બીજા કોઇને જાણતી નહોતી; પરંતુ મ્હેં અમ્લાન વદનથી ત્હેની છાતીમાં દંખ દઇને ત્હેની સામે ઘણા ન્યાય વિરૂદ્ધ નિંદ્ય કામ કર્યા છે; એ બધું સાંભળીને મરિચિ ત્હમે શું કહેશો? આ જીવન નરકના કીડાનો આધાર છે, ઝેરથી પરિપૂર્ણ છે, ત્હમે મ્હને ઝેરની પેઠે પરિત્યાગ કરજો.

હું ત્હમને છોડીને સુખી થઈશ નહિ, મ્હારા જીવનમાં ઘણું દુઃખ છે, તે સમઝી સકયો છું. મ્હારા જીવન સમાન સુરબાળાનું અદર્શન મ્હને અસહ્ય છે, તે દુઃખથી હમેશાં હૃદય વિદાર્ણ થઈ જાયછે, રાત્રિ દિવસ અવસન્ન ભાવથી અને વિષાદથી દિવસ ગુઝારૂં છું; આજથી વળી ત્હમારા અદર્શનથી ઉપજતું કષ્ટ હૃદયમાં પોષણ કર્યું છે; જીવનમાંના ધર્મનો ભાર વિસર્જન કર્યોછે.

જો હું સારો સ્વામી હોત તો ત્હમને સંસારના સુખનો મર્મ સમજાવી સકત; હું અબળા કુળની પ્રીતિનો અયોગ્ય પાત્ર છું, તેથીજ કેવળ ત્હમને કષ્ટની વાત કહું છું. પરંતુ સંસારમાં પ્રેમ અપવિત્ર થયાછતાં તે સુખ રહિત નથી; કીચડવાળા સંસારમાંજ ગંગાનું વધારે આદર હોયછે. પ્રેમના અપરિસ્ફુટ ચિત્રમાં પણ સંસારની ગરમાઈ તથા કઠિનતા દૂર થઈ જાય છે, એ અપરિસ્ફુટ પ્રેમથી પણ પુષ્કળ માણસો જીવન મેળવે છે; હું જે વર્ણન કરવામાં કા-

તર થાઉં છું ત્હેનું કારણ હું સ્વામીકુલમાં કલંક રૂપ છું; સંસારના પ્રેમની સુંદર મૂર્તિ મ્હારી આગળથી મેળવી સકશો નહિં.

હું જાઉં છું—હું સમજું છું કે ત્હમારી છાતીમાં છરી ભોકીને જાઉં છું, કહ્હાં જઈશ તે હું જાણતો નથી, કેટલા દિવસ હૃદયની આગમાં બળીશ તેપણ જાણતો નથી. ઈશ્વર મ્હને શાંતિ આપશે કે નહિં તે પણ જાણતો નથી, તો પણ જરૂરને લીધે, લક્ષ્યવિનાના માર્ગપર જીવનને તણાવવા દીધું છે.

ત્હમે મ્હને વિસારી મૂકજો, કારણ કે ત્હમારૂં હૃદય પવિત્ર છે, હું અપવિત્ર હૃદયથી ત્હમારી છબી મ્હારા અન્તઃકરણમાં ચિતરી લઈ જાઉં છું, કદીપણ ભૂસાડી મૂકાઈ સકાય નહિં એ હું જાણી સકતો નથી.

ત્હમને પત્ર લખવાની જો ઈચ્છા થાય તો મ્હારા ગુરૂદેવના આશ્રમમાં લખજો, એટલે મ્હને મળશે.

ત્હમારો અકૃત્રિમ સ્નેહનો

સંસારનો ભેર ધારણ કરનાર સંન્યાસી.

ઉપલો પત્ર વાંચીને મરીચિએ શું કહ્યું, તે આગળ આપવામાં આવશે. સંન્યાસી કહ્હાં જતો રહ્યો? વાંચનારે બીજા પ્રકરણમાં હેનેજ એક દિવસે સ્મશાનમાં જોયોછે.

પ્રકરણ ૧૪ મું.

તીરધારિણી લલના.

સરદાર ત્રણ દિવસ પછી યશલાલસિંહની ખબર મેળવીને છાવણીમાં પાછો ફર્યો, અને તેણે સામાન્ય બનાવને મ્હોટું રૂપ આપીને અંગ્રેજોની પાસે કહ્યું. સરદારની સઘળી વાત પૂરી નહિં થતામાં અંગ્રેજના લશ્કરને આગળ વધવાનો હુકમ મળ્યો, પળમાં ચારેબાજુએ ગડબડ મચી ગઈ.

જ્હારે સર્વ લડાઈ માટે આતુર બનીને ઘણા ભીષણ વેગથી દોડવા લાગ્યા, ત્હારે સરદારે કહ્યું– ‘ અંગ્રેજ બાહાદુરને ધન્ય છે, હું અતિ સામાન્ય જીવ છું, પરંતુ જે કંઈ કહ્યું છે તે કદીપણ મિથ્યા જનાર નથી, આટલું ન્હાનું સરખું લશ્કર લઈને ત્હમે કદીપણ યશલાલસિંહની સાથે લઢાઈમાં જય મેળવશો નહિં, આ વાત સાંભળીને સર્વ પ્રજ્વલિત અગ્નિશિખામાં ઘી નાખ્યાથી જેમ અગ્નિની વૃદ્ધિ થાય છે તેમ ગરમ થઈ ગયા, સર્વે સરદારના કહેવાને તુચ્છકારીને ઠઠા મશ્કેરી કરવા લાગ્યા. પરંતુ તે વેળાએ જે આખા લશ્કરનો સેનાપતિ જે ઘણોજ બુદ્ધિમાન, ધીર અને ચતુર હતો તે સર્વને આગળ થતા જોઈને સરદારને બોલાવીને તંબુમાં લઈ ગયો, તંબુમાં લઈ જઈને તેમની સાથે પુષ્કળ વા-

તચીત કરી. જે વાતચીત થઈ હતી ત્હેનો તાત્પર્ય આવો હતો.

સેનાપતિએ પૂછ્યું—"સરદારજી! ત્હમે કેવા રીતે જાણ્યું કે હમે જય મેળવશું નહિ?"

સરદારે જવાબ દીધો—"યશલાલસિંહની સાથે કોઇ બહાદુર આજ સૂધી સામાસામી લઢાઇમાં જય મેળવવાને સમર્થ થયો નથી; વિશેષ કરીને ત્હમારૂં લશ્કર ઘણુંજ થોડું છે."

સેનાપતિએ કહ્યું—"પર્વતવાસીઓ બંદુક જોયાથીજ નાશી જશે."

સરદારે કહ્યું—"બંદુકથી કોઇ ડરનાર નથી કારણ કે યશલાલસિંહના સર્વ માણસો છુપાઈને હથિયાર ચલાવેછે."

સેનાપતિએ કહ્યું—"બીજું યશલાલસિંહ શું કરશે?"

સરદારે જવાબ દીધો—"યશલાલસિંહ કેવળ સલાહ આપશે, પરંતુ જ્યહારે જોશે કે શત્રુઓ ઘણા ખરા નાશ પામ્યાછે, ત્યહારે તે પોતાની તલવાર બહાર ખેંચી કાઢશે."

સેનાપતિ બોલ્યો—"યશલાલને શું હમે પકડી સકશું નહિ?

સરદારે જવાબ આપ્યો—"કોઈ રીતે નહિ."

સેનાપતિ બોલ્યો—"ત્વ્હારે હમે શું કરીએ તો ફાવીએ ?"

સરદારે કહ્યું—"એક ઉપાય છે,કલકત્તામાં મદદની માગણી કરો અને બીજી તરફ હું છુપી રીતે સિકિમના રાજાની પાસે જાવું."

સેનાપતિ—"રાજાની પાસે જઇને શું કરશો ?"

સરદાર—"હું લાલચથી રાજાને નિશ્ચય વશ કરી સકીશ. યશલાલસિંહની વિરૂદ્ધ વાત કહ્યાથી રાજાનું મન નિશ્ચય ફેરવી સકીશ."

સેનાપતિ—"રાજા શું યશલાલ ઉપર વિશ્વાસ રાખતો નથી ?"

સરદાર—"વિશ્વાસ રાખેછે, પરંતુ રૂપીઆ મળ્યાથી રાજા ખુશ થઇને આપણી વાત સાંભળશે. એવી મ્હારી ખાતરી છે; નહિ તો યશલાલ જ્યહાં સુધી હશે ત્યહાંસુધી કંઈ બીજો ઉપાય જોતો નથી; જ્યહાંસુધી રાજા યશલાલની સલાહ પ્રમાણે ચાલશે ત્યહાંસુધી તે રાજ લેવા પામશું નહિ."

સેનાપતિ—"રાજાને રૂપીઆ આપ્યાથીજ જો યશલાલના હાથથી છુટીએ તો કલકત્તેથી મદદ માગવાની આવશ્યકતા શું ?"

સરદાર—"સર્વ જંગાએ કેવળ લાલચથી કાર્ય સિદ્ધ થતું નથી. ભય દેખાડયા શિવાય આ દેશના માણસોનું મન સેહેલાઈથી બદલાતું નથી."

સેનાપતિ—"ત્હારી વાત જો રાજા ન માને તો?"

સરદાર—"હું એક વેળાએ રાજાનો માનીતો હતો, આજકાલ અદ્યાપિ તેઓ મ્હારા ઉપર નારાજ છે ખરા, તથાપિ હું જો કહું કે હું ત્હમારા ભલા માટે સાહિબોના પક્ષમાં ગયો છું, તો તેઓ સર્વ ભૂલી જશે. અને જો મ્હારી વાત ઉપર ભરૂસો નહિં રાખે તો તે વેળાએ લડાઈ શરૂ કરીશું."

સેનાપતિ—"આ બધી વાત પેહેલાં કેમ કહી ન હોતી."

સરદાર—"પેહેલાં વખત મળત તો કહેત; યશ-લાલની પાસેથી પાછો આવીને સલાહ કરીશું એવું ધાર્યું હતું; પરંતુ આટલી જલદીથી આપ લઢવાને તૈયાર થશો, એવું મ્હેં કદી ધાર્યું નહોતું."

સેનાપતિ, બીજુ કંઈ નહિં સાંભળતાં બોલ્યો—"સરદારજી! ત્હમને ઘણું ઈનામ મળશે. આજની લડાઈમાં જો હમે જય નહિં મેળવશું તો નિશ્ચય ત્હ-મને સિક્કિમના રાજાની પાસે મોકલીશું. ત્હમે હમણા વિશ્રામ લો." આટલું કહીને સેનાપતિ ઘોડાપર સ્વાર થઈને વિદ્યુતવત્ લડાઇના મેદાનમાં ગયો.

લડાઈનું મેદાન ક્યહાં છે? સેનાપતિએ લઢાઈના કંઈપણ ચિન્હ જોયા નહિં, કેવળ રસ્તામાં પોતાના લશ્કરના સિપાઈઓના મુડદાં જોવા લાગ્યો, ત્હેણે મુડદાનું લક્ષ્ય કરીને ઘોડો ચલાવ્યો. જેમ જેમ

આગળ જતો ગયો તેમ તેમ પોતાના માણસોનાં મુડદાં વધારે જોવા લાગ્યો, સર્વના શરીરમાં તીર પેઠાં છે' એ બધું જોઇને ત્હેણે શો વિચાર કર્યો? સરદારનું કહેવું ત્હેના હૃદયમાં તીરના જેવું ખુંચ્યું.''

જતા જતામાં ઘોડો થાકી ગયો; એક મ્હોટો પથ્થર કુદતી વેળાએ ઘોડાના પગ લપસી ગયાથી ઘોડો પડી ગયો, સેનાપતિએ આશ્ચર્યકૌશલથી પોતાનો બચાવ કરીને ઘોડાની લગામ છોડી અને પથ્થરના ઉપર કુદી પડ્યો. થોડીવારમાં ત્હેના પગમાં એક તીર લાગ્યું. તે પોતાની તરવાર ઉપર નિર્ભર થઈને ઉભો રહ્યો. ચારે બાજુએ આંખ ફેરવીને જોયું તો એક યુવતી લડાઈના પોશાકમાં પોતાની પછવાડે દોડતી આવેછે; યુવતીના ડાબા હાથમાં ધનુષ્ય છે, જમણા હાથમાં એક કટાર છે, લડાઈમાં પોશાકથી સજેલી સ્ત્રીને જોયાથી સેનાપતિ આશ્ચર્ય પામ્યો; હાથમાંની તરવાર છેટે નાખીને સેનાપતિ બોલ્યો, 'વીરકન્યા; જખમી થયલા સિપાઈ ઉપર હવે હથિયાર ઉગામશો નહિં—આ જુઓ મ્હેં હથિયાર છોડયાં છે.'

યુવતી બોલી—"તે દહાડાની વાત યાદ કર, પાખંડ, તે દહાડે શા અપરાધથી મંદિરના રહેનારા ધર્મયાજકોના ઉપર જુલમ ગુજાર્યો હતો! હમે પહાડના રહેવાસી છીયે, નિરાશ્રય છિયે, હથિયાર

વગરના છિયે, કિયા અપરાધથી તે દાહાડે હમને ધુળમાં રોળાવ્યાં હતાં ?

કહેતાં કહેતાંમાં રમણી પેલા સેનાપતિની પાસે આવી પહોંચી. સેનાપતિએ એકમાત્ર કૃપાના ઉપર આધાર રાખીને રમણીના આગળ આત્મસમર્પણ કર્યું. અને બોલ્યોઃ—"વીર દુહિતા! હમે નારકી છિયે. આજે બચાવો, હવે કદીપણ આવું ખરાબ કામ કરીશું નહિ."

યુવતી મ્હોટા અવાજે બોલી—"દુર્વૃત્ત મારી નાખનારા જનાવરને જાળમાં નાખીને કોણે છોડયાં છે? ઝેરી ભુજંગને પગ નીચે દબાવ્યા પછી કોણ ત્હેને છોડેછે? પાખંડ આ કટારીથી આજ ત્હારી છાતી ચીરી નાખુંછું."

સેનાપતિએ કહ્યું "છાતી ચીરવાને મુખતીઆર છો પરંતુ એક ભિક્ષા માગુંછું."

યુવતી—"શું કહેછે, સેંકડો અપરાધ વિસારી દઈને તે પાળીશ."

સેનાપતિ—"ભિક્ષા આટલીજ છે કે, આજની લડાઈ કોણે કરી?"

યુવતી—"મંદિરવાસિની સ્ત્રીઓના હાથથી વધારે લશ્કર માર્યું ગયું છે. બીજું પિતાજીએ લશ્કર મોકલ્યું છે. તે લશ્કરમાં બધા તીર ફેંકનાર છે."

સેનાપતિ—"ત્હમારો પિતા કોણ છે?"

યુવતી—"હું યશલાલસિંહની બીજી કન્યા છું. પિતાજીનું નામ, પાખંડ કદીપણ સાંભળ્યું છે?"

સેનાપતિ—"ત્હમારો પિતા હોવા છતાં ત્હમે લઢાઈમાં શામાટે આવ્યાંછો!"

યુવતી—"હમારા મંદિર ઉપરનો જુલમ હમે ભૂલીશું નહિ!"

સેનાપતિ—"હું જે જાણવા ઈચ્છતો હતો તે જાણી લીધું, ત્હમારી જેવી મરજી હોય તે હમણા કરવાને ત્હમે મુખતીઆર છો."

આ સાંભળીને યુવતીના હૃદયમાં આઘાત લાગ્યો, હાથમાંની કટાર નીચે પડી ગઈ, ત્યારપછી બોલી! "જાઓ સાહેબ ત્હમને માફી બક્ષી, આ પ્રદેશમાં હવે કદીપણ આવશો ના." આટલું કહીને યુવતી સામે દૂર નાંખી દીધેલી તરવાર લઈને જતી રહી.

સેનાપતિ ધીરે ધીરે છાવણી તરફ ચાલ્યો.

પ્રકરણ ૧૫ મું.

પછીનો બનાવ.

સેનાપતિ ધીરે ધીરે છાવણીની તરફ જવા લાગ્યો. છાવણીની પાસે જઈને જુએછે તો, છાવણી લુંટાઈ ગઈ છે, ત્હેણે ત્વરાથી દારજીલિંગ તરફ જવાની

તૈયારી કરી. રસ્તામાં પેલા વિશ્વાસી સરદારની જોડે ભેટો થયો, તેને સેનાપતિએ કહ્યું—"સરદારજી! ત્હમે, કહ્યાં જાઓછો ?"

સરદાર—"વળી કહ્યાં જાઉં ? આજના માઠા સમાચાર આપવા માટે દારજીલિંગ જાઉંછું."

સેનાપતિ—"દુર્દશાના સમાચાર શું કંઈ બીજા મળ્યાછે ?"

સરદાર—"જેટલા જોઈએ તેટલા સમાચાર મળ્યાછે, બે સિપાઇઓ નાશીને ખબર લાવ્યાછે, તેઓ એમ કહેતા હતાકે ઘણી મુશ્કેલથી હમે બે જણા પ્રાણ બચાવીને આવ્યા છિયે, અને બીજા સઘળા લઢાઈમાં મરી ગયાછે. આ ખબર મળ્યા એટલામાં યશલાલસિંહે પોતાની જોડે લશ્કર લઈને છાવણી ઉપર ઘેરો નાખ્યો. છાવણીની રક્ષા કરવા ઉપર કેટલાક સિપાઈઓ મુકરર હતા, તેઓ પ્રથમથીજ નાશી ગયા હતા, હું ઉપાય વગરનો થયેલો હોવાથી મ્હેં યશલાલસિંહને કહ્યું "યશલાલ—સઘળા જાત્યના અપરાધને માટે સજા છે એ યાદ રાખજો; આમ સર્વદા દિવસ જનારા નથી; હજી પણ સાવચેત થાઓ." ત્હેણે જવાબમાં કહ્યું—"તું દેશમાં કાપુરૂષ છે, તું કૃતઘ્ન પૈસાનો ગુલામ છે; સ્વદેશના ઉપર ત્હારા જેવા અકૃતજ્ઞ નારકીને શી સજા ભોગવવી પડશે ત્હેનો હું વિચાર કરી સકતો નથી. મ્હારા દેશને બચાવવા જતાં જો મ્હારૂં મરણ નીપજે તો મ્હારા

જીવતરનું સાર્થક થયું એવું સમજાશ; ત્હારે સજાના હાથથી છુટવાનો ઉપાય શો છે?"

મ્હેં કહ્યું—"મ્હને વળી કોણ સજા આપનાર છે?"

યશલાલ—"મ્હને વળી કોણ સજા આપશે?" એવું ધારતો નહિ, અંગ્રેજ બહાદુર પ્રવંચકોને સજા આપ્યા વિના છોડનાર નથી.

મ્હેં કહ્યું—"મ્હેં તેઓનું શું પ્રવંચકનું કામ કર્યુંછે?"

યશલાલ—"અંગ્રેજને ઠગ્યો શામાટે? ત્હેં ત્હારા સ્વદેશને ઠગ્યોછે; નિશ્ચય જાણજે કે તું સર્વની પાસે હમેશનો બેઈમાન રહીશ."

એ સાંભળીને સેનાપતિ મનમાં ને મનમાં હસ્યો.

સરદારે કહ્યું—"મ્હેં કહ્યું કે ત્હેના વિષય વિચાર કરવાની ત્હમને જરૂર નથી. ત્હમે પોતે સાવચેત રહો."

સેનાપતિ સ્નેહયુક્ત સ્વરથી બોલ્યો—"સરદારજી! ત્હમે ખરેખરૂં વિશ્વાસલાયક કામ બજાવો છો, ત્હમને યોગ્ય ઈનામ આપીશું."

સરદાર બોલ્યો—"ત્યહારપછી યશલાલની આજ્ઞાથી છાવણી લુંટવામાં આવી, હું છાવણીની માયા છોડી દઈને ત્યહાંથી નીકળ્યો, અને રસ્તામાં વિચાર કરવા લાગ્યો કે જેમ બને તેમ જલદીથી આ ખબર કલકત્તામાં મોકલવામાં આવે તો ઠીક."

સેનાપતિ—"જવા દે, હવે ગયેલી વાતને યાદ કરવાની જરૂર નથી; પ્હેલાં ત્હમારા કહેવા પ્રમાણે

ચાલવામાં આવત તો કંઈપણ વિપત્તિ પડત નહિ. હવે ત્હમે બતાવેલો ઉપાય અવલંબન કરીશું. ત્હમે ગુપ્તરીતે સિકિમના રાજાની પાસે પૈસા વગેરે ભેટ લઈ જાઓ—તેઓને સમજાવીને કહેજો કે યશલાલ વિશ્વાસઘાતક છે. યશલાલ વિશ્વાસઘાતક છે એવો રાજાજીના મનમાં વિશ્વાસ ઉત્પન્ન કરી સક્યાથી બીજી કંઈ તદબીર કરવાની જરૂર પડશે નહિ. હું આજેજ જલપાઈગુડીમાં લશ્કર આણવા માટે માણસ મોકલુંછું, બીજી જગાએ પણ ખબર મોકલાશ."

સરદાર—"ચાલો, હમણાતો આપણે દારજીલિંગ જઈએ."

આવી રીતની બીજી વાતો કરતાં કરતાં સેનાપતિ અને સરદાર દારજીલિંગમાં જઈ પ્હોંચ્યા. બે જણાઓએ ઘોડા લીધા હતા, દારજીલિંગમાં પ્હોંચતા બે કલાક લાગ્યા હતા.

સેનાપતિ દારજીલિંગમાં આવીને જુએછે તો પ્હેલાથી સર્વ જગાએ ખબર મળ્યા હતા; ત્હેણે ઘણા પૈસા અને રમકડાં વગેરે આપીને સરદારને સિકિમના રાજાને ભેટ સોગાદ આપવા માટે મોકલ્યો, ત્રણ દિવસમાં ચારેબાજુએ ઘણું લશ્કર આવીને એકઠું થયું, કલકત્તાથી હુકમ આવ્યો કે વગર ઢીલ કરે પાછી લઢાઈ કરવાનો આરંભ કરો. "ચારે તરફ લઢાઈની તૈયારી થવા લાગી; ઠેક ઠેકાણેથી અંગ્રેજ

હોયેદાર આવવા લાગ્યા, લઢાઈ કેવીરીતે કરવી ત્હેનો વિચાર કરવા માટે દારજીલિંગમાં ખાનગી સભા થઈ, ચાર દહાડામાં સરદાર સિકિમથી પાછો આવ્યો, સરદાર ખુશ ચ્હેરેથી કહેવા લાગ્યો સિકિમનો રાજાએ યશલાલના ઉપર ગુસ્સે થઈને ત્હેને બોલાવવા માણસ મોકલ્યો છે, ભેટ મળ્યાથી રાજાજી ઘણાજ ખુશ થયા, ત્હેણે માફી માગી છે; આપણે ત્હેના સ્વાર્થનો માર્ગ બંધ નહિ કરતાં જે કંઈ કહીશું, તે તે કરવાને રાજી થયાછે !"

મંત્રિસભાના સભાસદ ઘણાજ ખુશ થઈને બોલ્યા, સરદારજી ! ત્હમે પાછા હમણા સિકિમ જાઓ; રાજાજીને જઈને કહો કે નીચે લખેલા વિષય ઉપર ત્હમે પ્રતિબંધક છો કે નહિ?

૧ લું. યશલાલસિંહને હમારા હાથમાં સોંપવો, હમારી ઈચ્છા પ્રમાણે ત્હેને સજા કરીશું.

૨ જું. મ્હોટી રંગિતની દક્ષિણ સીમાથી દારજીલિંગ સૂધી સર્વ જગા અંગ્રેજને તાબે થશે. અને દારજીલિંગ સંબંધમાં ત્હમારો કંઇપણ દાવો નથી; ત્હમને હમે જેટલી જોઈએ તેટલી પૈસાની મદદ આપશું.

સરદાર આ સમાચાર લઈને ઘોડા ઉપર સ્વાર થઈને સિકિમ તરફ જવા લાગ્યો. પેલી તરફ મંત્રિસભાના સભાસદોએ સેનાપતિને હુકમ આપ્યો કે

"ત્હમે યશલાલસિંહના તાબાના સઘળા સિપાઈ-ઓની જોડે હમણા લઢવાને અગ્રસર થાઓ. યશલાલ હમણા પોતાની હદ છોડીને સિકિમમાં ગયો છે, આ વખતે વગર હરકતે યશલાલસિંહનાં માણસોને હરાવી સકશો."

આજ્ઞા મળતાંજ સિપાઈઓ ઉત્તર તરફ જવા લાગ્યા. પ્રાયઃ દશ હજાર સિપાઈઓ એકઠા થયા હતા, સઘળાઓ યુદ્ધના રણસિંગડા વગાડતાં વગાડતાં યશલાલના તાબેના કિલ્લાના ઉપર ઘેરા નાખવા ચાલ્યા. સેનાપતિ ઘોડા ઉપર બેસીને સર્વને ઉત્સાહ આપતો આપતો ચાલવા લાગ્યો. ત્હેની પછવાડે મંત્રિસભાના સભાસદો પણ આવવા લાગ્યા.

રાજાની તરફથી માણસ આવતાંજ યશલાલસિંહ સીમાંત સ્થાન પરિત્યાગ કરીને લઢાઈ કરવાને ચાર દિવસ થઈ ગયા પછી સિકિમમાં ગયો. જવાની વેળાએ મનમાં વિચાર કરવા લાગ્યો કે રાજાજી જયની વાત સાંભળીને ઘણાજ ખુશ થયા હશે, તેઓ મ્હને ઈનામ આપવા માટે બોલાવતા હશે.

ખુશી થતો થતો યશલાલ યથા સમયે રાજાના પાસે હાજર થયો. રાજાની સાથે મુલાકાત કરીને તે ઘણોજ દલગીર થયો, યશલાલને જોયાથી કદાપિ રાજા હાથ પસારીને ભેટ્યા વિના રહેતો ન હોતો અંગ્રેજની સાથે લઢાઈમાં જય મેળવીને યશલાલ આવ્યો હતો, તેથી માન મેળવાની સંભાવના હતી;

પરંતુ રાજા યશલાલની સાથે કંઈ નહિ બોલતાં પોતાના મેહેલમાં ગયો. હાવી રીત્યનું અપમાન થયાથી યશલાલ આશ્ચર્ય પામ્યો, આસરે એક કલાક પછી સિપાઈએ આવીને યશલાલને કહ્યું કે ત્હમને રાજાજી બોલાવેછે તેથી યશલાલસિંહ વિચાર કરતો કરતો રાજાનો પાસે ગયો.

રાજા ગંભીર ભાવ ધારણ કરીને બોલ્યો- " યશલાલ! ત્હમે અંગ્રેજોની જોડે શામાટે લઢાઈ કરી ? "

યશલાલ—" આપે મ્હારા ઉપર સર્વ પ્રકારનો ભાર અર્પણ કર્યો હતો, તેથી મ્હેં ઘણો વિચાર કરીને જોયું તો માલમ પડયું કે અંગ્રેજોની સામે લઢાઈ નહિ કરવામાં આવે તો નિશ્ચય તેઓ પોતાની મરજી પ્રમાણે મ્હને તુચ્છ સમઝીને પોતે ધારેલા જગાએ જશે, બીજો એ પણ વિચાર કર્યો હતો કે અંગ્રેજો આ વેળાએ આપણા રાજ્યમાં પ્રવેશ કરશે તો સર્વ લઈ લેશે અને આપણે ભીખ માગતા થઈ જશું, આ બધાનો વિચાર કરીનેજ હું લઢવા તૈયાર થયો. હવે કહો જોઈએ આમ નહિ કરવામાં આવે તો શું કર્યાથી સારૂ પરિણામ થાત ?"

રાજા—" ત્હમે તેઓને શામાટે રોક્યા ? "

યશલાલ—" આપની આજ્ઞાથી."

રાજા—" યશલાલ! સાવધાનથી વાત કરો, ત્હમારા પાપનું ફળ ત્હમેજ ભોગવશો; ઘણો યત્ન કરશો તો પણ મ્હને ત્હેમાં ફસાડી સકશો નહિ."

યશલાલ—"જો મ્હેં પાપ કર્યું હોય તો નિશ્ચય હું ત્હેની સજા ભોગવવાને તૈયાર છું."

રાજા—"ત્હમે નિશ્ચય પાપ કર્યું છે."

યશલાલ—"ઠીક છે, હવે મ્હને કોણ સજા આપશે?"

રાજા—"અંગ્રેજ સેનાપતિ."

એ સાંભળીને યશલાલસિંહનું શરીર રોમાંચિત થયું તેથી ગુસ્સે થઈને બોલ્યો—"અંગ્રેજ સેનાપતિને હમણા જઈને મારી નાખુંછું, યશલાલને આ દુનિયામાં કોણ સજા આપનાર છે? જો ન્યાય અન્યાયનો ઈનસાફ કરવો સંભવતો હોય તો તે કદીપણ આપના જેવા પૈસાના ગુલામ દ્વારા થનાર નથી; પરંતુ નિશ્ચય સમજજો કે હું મ્હારૂં ઈનામ પોતે મેળવીશ."

રાજા—"શેનું ઈનામ યશલાલ? ત્હમારા જેવા વિશ્વાસઘાતકને વળી ઇનામ શું હોય?"

યશલાલ—" આપ પૈસાના ગુલામ છો, મ્હારા કામનો ત્હમે શો બદલો આપશો? એટલો મને ભરૂસો છે કે જે સર્વદર્શી છે તેની આગળ હું કદીપણ તિરસ્કારને પાત્ર થનાર નથી."

રાજા—"શેનો બદલો? ત્હમે શું કામ કર્યુંછે?"

યશલાલ—"શું કર્યુંછે? તે આપના જેવાં અકૃતજ્ઞ માણસની આગળ કહેવામાં દુઃખ થાયછે. આજ કેટલાંક વર્ષ થયાં સ્વદેશની સ્વતંત્રતા જાળવવા માટે મ્હેં જે કર્યુંછે તે આ દેશના માણસો જાણેછે. આજે હું આપના સરખા પ્રભુની આગળ તુચ્છ થયોછું

ખરો, પરંતુ સ્વદેશીયની આગળ હું કદાપિ અવિશ્વાસી નથી, અને ઈશ્વરની પાસે પણ અપરાધી નથી. આપ પૈસાના ગુલામ છો. આપ મ્હારા કામની કદર શું સમજશો ?"

રાજા--"યશલાલ ! તું મ્હારૂં ઘણુંજ અપમાન કરેછે ત્હને હમણા ત્હેની સજા ભોગવવી પડશે."

યશલાલે માથું નીચું કરીને કહ્યું—"રાજા ઈશ્વરનોજ પ્રતિબિંબ છે, ન્યાયનો સોપાન છે, પ્રેમનો આધાર છે, પરંતુ આપ શું રાજા છો? આપને રાજા કહેવાની મ્હારી ઈચ્છા થતી નથી."

રાજા—"યશલાલ! સંભાળીને બોલ, હું રાજા નથી, તો રાજા કોણ છે ?"

યશલાલ—"આ હતભાગ્ય દેશનું રાજ્યસિંહાસન આજે શૂન્ય થયું છે. દેશના ભલામાટે, દેશની ઉન્નતિ માટે જેની નજર નથી તે કદાપિ આ ઈશ્વરે ઉપજાવેલા સ્વતંત્ર દેશનો રાજા થતો નથી; આજે રાજ્યસિંહાસન શૂન્ય થઈ પડ્યું છે, ઈશ્વરના પ્રતિબિંબ વિના પૈસાનો ગુલામ કદાપિ પણ આ સિંહાસનનો રાજા થવાને યોગ્ય નથી."

ઉપરના વચન સાંભળીને રાજાના હૃદયમાં આઘાત લાગ્યો, તેથી બોલ્યો "યશલાલ! સંભાળીને બોલ, હમણા ત્હને બંદીવાન કરીશ, હું આ સિંહાસનનો અધિકારી છું, તે શું વિસરી જાયછે?"

યશલાલ—"આપ કૃતઘ્ન છો, આપ કાયર છો, પૈસાના ગુલામ છો. અંગ્રેજના દાસ છો, સ્વદેશના પ્રાણહંતા છો, આપનો ભય હોવા છતાં પણ આજે હું ભય કરતો નથી."

રાજા—"તાબેદારી માનીલે; તેમ નહિં કરીશ તો યશલાલ! તું નિશ્ચય સજા ભોગવીશ."

યશલાલ—ત્હમારી શી તાકાત છે કે મ્હને અથવા મ્હારા દેશને સજા આપો? ત્હમે વિશ્વાસઘાતકના જેવું કામ કરીને સ્વદેશની સ્વતંત્રતા ચોરવા ઈચ્છો-છો, ત્હમે માતૃભૂમિના કલ્યાણ તરફ નજર નહિં રાખતાં ઝેરની નીખ ઈચ્છોછો, ત્હમે કૃતઘ્ન, નરાધમ અને કાયર છો, ત્હમારો ભય રાખીને જે દિવસે ચાલવું પડશે, તે દિવસે હું પોતે આ તરવારથી પ્રાણત્યાગ કરીશ. કોનેમાટે જીવવું? ધારશો ના કે યશલાલ ત્હમારા દંડને માટે ભયભીત થયો છે, હું સ્વદેશ વિરૂદ્ધ વિશ્વાસઘાતકનું કામ કરૂં તો નિશ્ચય દેશની આગળથી સજા મેળવીશ. પરંતુ ત્હમે કોણ છો?"

યશલાલની ભયાનક મૂર્તિ જોઈને રાજા ચમક્યો. અને કહેવા લાગ્યો—"હમણા ત્હને અંગ્રેજના હાથમાં સોંપુંછું."

યશલાલ—"ત્હમારામાં તેમ કરવાની શક્તિ નથી. જ્યહાંસુધી આ તરવાર મ્હારા હાથમાં છે ત્યહાંસુધી

મ્હને પકડવાની તાકાત નથી; ત્હમે કાપુરૂષ છો તેથી ત્હમે મ્હારૂં બાહુબલ કેવીરીતે અનુભવ કરશો ?"

હાવી વખતે સમાચાર મળ્યા કે અંગ્રેજોએ યશલાલના સિપાઈઓને એકદમ ઘેરીને મારી નાંખ્યા, અને થોડા દિવસમાં સિકિમમાં આવશે."

યશલાલનું હૃદયમન અસ્થિર થયું, તેથી બોલ્યો "પાપિષ્ટ, નરાધમ, કૃતઘ્ન, ત્હારી ચતુરાઈથી આ દેશની સ્વાધીનતા નાશ પામી. એટલું કહીને યશલાલ પોતાની તરવાર મ્યાનમાંથી બહાર ખેંચીને પોતાના ઘોડા ઉપર સ્વાર થઈને અંગ્રેજોનો પત્તો મેળવવાને નીકળ્યો. હજારો પ્હાડી લોકો યશલાલની સાથે જવા લાગ્યા. થોડા દિવસમાં આખા સિકિમ રાજ્યમાં શોર મચી ગયો.

રાજા થોડીવાર સુધી વિચાર કર્યા પછી ઘોડાપર બેસીને અંગ્રેજ સેનાપતિનો પાસે જવા નીકળ્યો.

ખંડ ૨ જો.

પ્રકરણ ૧ લું

આ ચિત્ર કોણ જોશે ?

ધનવાનનું ઘર માણસોથી પરિપૂર્ણ છે. દિવાનખાનામાં કીડીની પેઠે એકના પછી એક માણસો આવેછે અને જાયછે, ગાયન અને વાજાથી ઘર પ્રતિધ્વનિત છે. પુષ્પમાંથી મધ એકઠું કરનારી મધમાખીજ પુષ્પનું મધ આદર કરતાં જાણેછે, પરંતુ ઘણા દિવસનો એકઠો કરેલો મધપુડો લુંટનાર તે શું સમજશે? જ્યારે મધમાખીનું છમહિના સુધી સંચય કરેલું ધન વિના મહેનતે લુંટનાર લેછે, ત્યારે તેને મધનો આદર કેમ કરવો એ જણાતું નથી. મધ એકઠું કરનાર મધમાખીના પેઠે જેઓ પોતે વંચિત રહીને સર્વદા મહેનત અને કષ્ટ સહન કરીને પૈસા એકઠાં કરેછે, તેઓ પૈશાનો આદર કરી શકેછે. પરંતુ તે એકઠાં થયલા પૈસા જ્યારે બીજા માણસના અદૃષ્ટમાં વગર મહેનતે અને વગર કષ્ટે મળેછે ત્યારે તેના પક્ષે પૈસાનો યોગ્ય આદર કદી સંભવતો નથી ; તેથી અનાયાસે એકઠા કરેલા પૈસા થોડીવારમાં ઉરાડી નાંખે છે. વસંતપુર ઉત્તર બંગાલનું એક

પ્રસિદ્ધ ગામ છે, એ ગામમાં ઘણાક ધનવાન લોક વસેછે. હમે જે ધનવાનના ઘરનું વર્ણન કરવા બેઠાં છિયે, તે ધનવાનને વેપારમાં ખોટ આવ્યાથી તેણે પોતાની બાયડીના નામે સર્વ સંપત્તિ કરી નાંખી હતી. થોડા દિવસમાં કોઇ બનાવથી તે સંપત્તિ પોતાના ન્હાના બાલકના હાથમાં ગઇ. તેને બાપનો એકઠો કરેલો મધપુડો આવ્યો; ધનવાનના છોકરા જે દોષથી દૂષિત હોયછે, એના કરતાં તે કોઈરીતે ઓછો નહોતો તેનું નામ હરનાથરાય હતું. હરનાથ પિતાનો લાડકવાયો પુત્ર હતો, આદરથી પ્રતિપાલિત થયો હતો, સુખ અને ભોગવિલાસ એના જીવનનાં સોબતી હતા. બાલ્યકાળથીજ વિલાસનો દાસ થઈને મનુષ્ય નામે પરિચિત થયો હતો. એ હમણા ઘણા પૈસાનો માલીક બન્યો હતો,તેથી તેનો આહ્લાદ સમાતો નહોતો, ઘર દોસ્ત યારથી ભરપૂર થતું હતું-પરંતુ આખું ઘર નહિ, કેવળ દિવાનખાનુંજ ખુશી ખુશાલીનો ભંડાર બન્યો હતો, અને અન્તઃપુરમાં ઘણો વિષાદ ઉત્પન્ન થયો હતો. આપણે એકવાર અંતઃપુરમાં પ્રવેશ કરીને જોઈએ? અન્તઃપુર સર્વ પ્રકારની ખુશી વગરનું બન્યું છે. તે જોયાથી હૃદય કંપેછે. એક વિધવા એક ઓરડામાં બેસીને રાત દહાડો રૂવેછે, બીજા એક ઓરડામાં એક જુવાન સ્ત્રી નીચું માથું કરી મલિન ભાવથી ઘણા વિચારમાં બેઠેલી છે. તેણે પોતાની સામે ધરતીપર સોઈથી

ચિત્ર કાઢેલુંછે, અને જમણા હાથમાં સોઈ લઈને કાઢેલા ચિત્રપર યુવતી એકી નજરથી જોઈને વિચાર કરેછે; શો વિચાર કરેછે? અમે તે જાણતા નથી; તોપણ એટલું જાણીએ છિયે કે પેલી વિધવા હરનાથની મા છે અને પેલી જુવાન બાયડી હરનાથની સ્ત્રી છે; તેનું નામ સુરબાળા હતું. સુરબાળાએ મેલું કપડું પેહેરેલું હતું, શરીર સુકાયલું અને ફીકું ફચ થઈ ગયું હતું.

"વહુ! તમે આ ચિત્ર શેનું ચિત્ર્યું છે તેની તરફ શામાટે જુઓછો?"

"થોડા દિવસપર જ્યોશી મહારાજે કહ્યું હતું કે, ધરતીપર અંક કાઢીને આયુષ્યની ગણતરી કરાય છે, તેથીજ જોઉંછું કે, આ દુનિયામાં હવે કેટલી આયુષ્ય બાકી છે?"

આ શું બોલોછો વહુ, અમંગળની ઈચ્છા શામાટે કરોછો? તમારે વળાશેની વાંચ્છના, તમે તો રાજરાણી છો."

તે સાંભળીને સુરબાળાએ લાંબો નિશ્વાસ મૂક્યો, પળમાં તેની આંખ વિજળીની પેઠે આશ્ચર્યરૂપ ઝળકી ઉઠી, આંસુથી આંખો ભરાઈ આવી, મૃદુસ્વરે બોલી "હવે જીવવાની ઈચ્છા થતી નથી. મ્હારી સાસુજીની આંખમાં આંસુ આવેલા જોયાંથી મ્હારો પ્રાણ વ્યાકુલ થઈ જાયછે, મનમાં ઘણીક જાતના અમંગળ ભાવ આવેછે, જ્યાંસૂધી મ્હારા

સાસુજીના મ્હોપર પ્રફુલ્લભાવ હતો, ત્યાંસૂધી આ ઘેર લક્ષ્મી હતી, હવે તે દિવસ ગયાછે, હાલની દુરવસ્થાના વિશે વિચાર કર્યાથી હૃદય વ્યાકુલ થાય છે."

"જેમ આ ગામમાં તમારા ઘરમાં ખુશી આનંદ વ્યાપિ રહ્યોછે, તેમ ક્યાં પણ જોતી નથી, તમારા ઘરની લક્ષ્મી વળી ક્યાં જનાર છે."

"હવે તે વાત પડતી મૂકો, જે દુઃખથી હું રાત્ર દવસ ગાળુંછું, તે મનને જાણનાર માણસ શિવાય બીજો તે દુઃખની યાતના કોણ જાણે? તમે હવે વાત કાઢશો ના."

"તમે શું કહ્યું, વહુ? કહે તમારે શેનું કષ્ટ છે? તમારો સ્વામી શું બીજો વિવાહ કરેછે? કેમ તમને કંઈ છોકરૂં છૈયું થયું નથી તેથી કે? આવા સુંદર પદ્મમાં પણ કાંટા રહી જાયછે, આમ કરીને તમે કેટલા દિવસ ગાળશો?"

"સ્વામી જો વિવાહ કરે તો તેમાં મને દુઃખ શેનું? ઉલટા સ્વામી જો વિવાહ કરીને સુખી થાય તો તેથી હું પરમ સુખ સમજીશ. સ્વામીના સુખમાંજ મ્હારૂં સુખ છે, તેમાં મને દુઃખ શેનું? સ્વામીની ચરણપૂજા શિવાય બીજી સ્વામીની પાસેથી વધારે કંઈ આશા રાખતી નથી; તમે આવી વાત કહેશો ના, આવી વાત સાંભળ્યાથી મ્હારા મનમાં આઘાત થાયછે."

"તમે શું સમજો? શોકની બલતરા તમે કદી ભોગવી છે કે? તેથી તમે શું જાણો?"

"શોકની વાત વળી શેની કહો છો? જે સ્વામીની પ્રિયપાત્રી છે તે મ્હારા હૃદયની સામગ્રી છે; સ્વામીના પ્રીતિવાળો માણસ મ્હારો વિશેષ ઉપકારી બંધુ છે. તેનાથી વળી કષ્ટ કેમ પામીશ?"

"ત્યારે શું તમે ચિંતામાં ને ચિંતામાં મરવા ઈચ્છો છો? ધન, જન, માન, આબરૂ એની તો કંઈ ન્યૂનતા નથી."

"જેના ઘેર મહાલક્ષ્મી છે, તેના ઘેર કંઈ નહિ હોય તોપણ તે સુખી છે. મ્હારા ઘરમાંથી મહાલક્ષ્મી જતી રહીછે."

"તમારો સ્વામી તમારી વાત સાંભળતો નહિ હશે એવું જણાયછે."

સ્વામી મ્હારી વાત સાંભળે અથવા નહિ સાંભળે, તેમાં શું? મ્હારા જેવી બાયડીની વાત નહિ સાંભ-ળ્યાથી શી હાની થનાર છે? તેમાં વળી મને દુઃખ કરવાનુ કારણ શું?"

"ત્યારે તમે મનની વાત કહેવા ચાહતા નથી?"

સુરબાળા દીર્ઘ નિઃશ્વાસ નાંખીને બોલી "જો બની શકત તો છાતી ચીરીને મન દેખાડત." આટલી વાત કહીને મેલાં કપડાં પહેરેલી સુરબાળા તે જ-ગ્યાપરથી ઉઠીને જતી રહી.

પ્રકરણ ૨ જું.

સાસુના ઓરડામાં.

સાસુ જે ઓરડામાં શોકના બિછાનાપર સૂતાં હતી ત્યાં ધીરે ધીરે સુરબાળા ગઈ, જઈને મૃદુસ્વરે સાસુને કહ્યું—"જુઓ, તમે તો મને સર્વદા બાલિકા પ્રમાણે જાણોછો, તેથી કદીપણ મે તમારી પાસે કંઈ વાત કહી નથી; પરંતુ હવે હું ચુપ રહી શકતી નથી: તમે ચાર મહીનાથી શોકના બિછાનાપર સૂતાં છો, એટલામાં રૂપીઆ કર્જ કરવામાં આવ્યાછે, સસરાજીએ મરતી વેળાએ મને કહ્યું હતું કે ૫૦૦૦૦ રૂપીઆ નગદ અને સ્થાવર સંપત્તિની ઉપજ વર્ષે દહાડે ૧૬૦૦૦—૧૭૦૦૦ છે, તે મૂકીને જાઉં છું, તેનાથી તમે સુખથી રહી શકશો. ચાર મહીનામાં પચાશ હજાર રૂપીઆ વાવરી નાંખ્યાં, એ તે કંઈ જેવો તેવો ખર્ચ કહેવાય? હવે તમે મુંગાં કયાંસૂધી બેશી રહેશો? આજ તેમને બોલાવીને સમજાવો. ગુરૂજીએ તમને જે વાત કરી હતી તે તો તમે વિસરી ગયેલાં જણાવોછો. હવે શો ઉપાય થશે, તેનો હું ખ્યાલ કરી શકતી નથી. મુનીમ કાલે કહેતા હતા કે, સરકારમાં કર આપવાને હવે પંદર દિવસ બાકી છે, પરંતુ આજસૂધી રૂપીઆ આપવાની કંઈ પણ તજવીજ થઈ નથી; શેઠજી તો પોતાના દોસ્તો લઈને ગાંડા બન્યાછે, બે ત્રણ દિવસમાં કલકત્તામાં પોતાને

માટે માલ ખરીદ કરવા જશે, માલ ખરીદવા માટે ૩૦૦૦ રૂપીઆ કર્જે કાઢ્યાછે. તેમજ ખજાનચી ઘણો અફસોસ કરતા હતા, જેનું લુણ ખાધુંછે તેની દુર્દશા જોયાથી ઘણો અફસોસ થાયછે. ખજાનચી સર્વ વાત મ્હારી પાસે કહેતા હતા તેથી તેમને નોકરી પરથી કાઢી મૂક્યા. તમે હવે આવી અવસ્થામાં રહેશો નહિ; કદાચ થોડા દિવસમાં અન્નને ને દાંતને વેર થશે એવો મને ઢંગ લાગેછે."

પુત્રવધૂની પાસેથી આવાં વિનીત વાક્ય સાંભળીને હરનાથની માતાએ શોકનું બિછાનુ છોડયું; અપવાસથી અને જાગરણથી શરીર દુર્બલ થઈ ગયું હતું, ઉઠવાની શક્તિ નહોતી, તો પણ ઘણી મુશ્કેલીથી ઉઠીને બેઠી, ત્યાર પછી વધૂને કહ્યું—"હરનાથને બોલાવો મને ચાલવાની શક્તિ નથી."

સુરબાળાએ ઓરડામાંથી નીકળીને એક દાસીને કહ્યું કે "તું શેઠની પાસે જઈને કહે કે તમારી મા તમને બોલાવેછે."

. દાસી હરનાથને બોલાવવા ગઈ, સુરબાળા આસ્તે આસ્તે સાસુના ઓરડાની પાસે બીજા એક ઓરડામાં મા દીકરા વચ્ચેની વાતચીત સાંભળવાની આશાથી ઉભી રહી.

હરનાથ સારાં કપડાં પહેરીને સોબતીઓની સાથે હવા ખાવા બહાર જતો હતો એટલામાં દાસી આવીને "મા બોલાવેછે." એમ બોલી, આવું દાસીનું બોલવું

સાંભળીને હરનાથ જરા નારાજ થઈને મિત્રોને જરા થોભવાને કહીને ઘરમાં ગયો. હરનાથ માતાની પાસે જઈને બોલ્યો, "મા! મને શામાટે બોલાવ્યો ? શું તને આજે ઘણુંજ અસુખ છે ? હું હમણા ફરવા જતો હતો, શામાટે મને હમણા બોલાવ્યો ?"

માતા—"હરનાથ મ્હારે હવે મરવાના દિવસ ઘણા બાકી નથી, આ વખતે શામાટે મ્હારા જખમી હૃદય ઉપર બીજા ઘા મારેછે? મ્હારા મરણ પછી જે તારે કરવાનું હોય તે સુખે કરજે પણ હમણા કરીશ મા."

હરનાથ—"મા ! આવી વાત શામાટે કરોછો? મેં શું કર્યુંછે?"

માતા—"શું કર્યુંછે? કેટલા રૂપીઆ કર્જ કર્યાછે?"

તે સાંભળીને હરનાથનાં હૃદયમાં વજ્રઘાત થયો, માને આ ખબર કેમ પડી હશે એના વિચારમાં તેનું મગજ ફરવા લાગ્યું, તેથી બોલ્યો, "પિતાજીના મરણ વેળાએ જે નગદ રૂપીઆ હતા તે બધા પિતાજીના શ્રાદ્ધમાં ખર્ચાઈ ગયા, ત્યાર પછી ત્રણ મહીનામાં ત્રણ હજાર રૂપીઆનું કર્જ કર્યુંછે."

માતા—"મેં તારી સર્વ કીર્તિ સાંભળીછે તેથી કાલથી તમામ ઉપજખરચનો હિસાબ હું મ્હારે સ્વાધીન રાખીશ, હું જીવતી છું એટલામાં તું આટલો ફાટી ગયોછે."

હરનાથનું શરીર ધ્રુજવા લાગ્યું; માને હરનાથ

યમના જેવો ભય કરવા લાગ્યો તેથી બોલ્યો, "મા! તારે પગે પડું, મને માફ કર, હવેથી તું જે કહીશ તે હું કરીશ, તારા પગ અડકીને હું પ્રતિજ્ઞા લઉં છું કે હું હવે તારૂં વેણ ઉથાપીશ નહિ."

માતા—"હું જે કહીશ તે તું નિશ્ચય કરીશ? આજથી હવે કોઈની સાથે ઘેરની બહાર જઈશ નહિ; આજથી તારે દારૂ પીવો છોડવો, અને આજથી સુરબાળાના કહેવા પ્રમાણે કામ કરવું."

આ સાંભળીને હરનાથ જરા વિચાર કરીને બોલ્યો, "મા! હું સર્વ કરી શકીશ, પરંતુ દારૂ પીવો એકદમ છોડી શકીશ નહિ, મા તારે પગે પડુંછું, હું તારા કહ્યા શિવાય બીજું કંઈ કરાશ નહિં."

માતા—"ત્યારે હવે ચાલ્યો જા, તું મ્હારા ધનનો કોઈપણ ભાગનો અધિકારી થઈ શકીશ નહિ." આટલી વાત કહીને માતાએ મુનીમને બોલાવીને કહ્યું, "આજથી હરનાથને એક પૈસો પણ આપશો નહિ તમે મ્હારા મુનીમ છો, હરનાથની સાથે તમારો કંઈ પણ સંબંધ નથી, આજથી મ્હારા કહ્યા પ્રમાણે ચાલવું" ત્યાર પછી સિપાઈઓને બોલાવીને કહ્યું "મ્હારા ઘરમાં હરનાથને મળવા માટે કોઈ પણ માણસ આવશે તો દરેક માણસ દીઠ પાંચ રૂપીઆ દંડ કરીશ." ત્યાર પછી સુરબાળાને બોલાવીને કહ્યું "વહુ! મ્હારા હરનાથને તમારા હાથમાં સોંપવામાં આવેછે, તમે જો આજથી એને

સારો કરી નહિ શકો તો કદી પણ તમારી વાત સાંભળીશ નહિ. હું સિપાઈઓને કહી રાખીશ કે હરનાથને હવે ઘરમાંથી બહાર જવા ન દે.”

હરનાથની માતાના નિર્જીવ વાક્યથી આખું ઘર કંપાયમાન થયું. જે જ્યાં હતાં તે ત્યાં ભયથી દિંગમૂઢ જેવા ઉભા રહ્યા. હરનાથ, ચુપચાપ સુરબાળાની સાથે બીજા ઓરડામાં ગયો. એક પળ પછી હરનાથની માતાના કહેવા પ્રમાણે કાર્ય થવાં લાગ્યાં.

દિવાનખાનામાં જે સોબતીઓ હરનાથને માટે વાટ જોતા હતા,તેઓ ખેદિત થઈને અને લાંબો નિશ્વાસ છોડીને ચાલ્યા ગયા. એકાએક સર્વ જાતના આનંદમાં ભંગાણ પડ્યું.

પ્રકરણ ૩ જું.

પક્ષી સાંકળ તોડીને નાશી ગયું.

સ્વામીને લઈ સુરબાળા સૂવાના ઓરડામાં ગઈ, હરનાથના બીજા ગમે એટલા દોષ હોય તોપણ તેમાં એક સદ્‌ગુણ મ્હોટો હતો: તે ઘણોજ સરળ હતો, તેનું હૃદય પ્રેમથી પરિપૂર્ણ હતું. સુરબાળા પર તેની ઘણીજ પ્રીતિ હતી. કુસહવાસના સંસર્ગે તેના સ્વચ્છ પાણી જેવા જીવનને કીચડ જેવું નહિ કર્યું હોત તો તેનું જીવન અને-

કાંઇ ઉત્તમ થાત, પરંતુ બાલ્યકાળે પૈસો તથા પિતામાતાનો અઘટિત લાડ વગેરેમાં યુવાવસ્થામાં દુરાચારી મિત્રોની લોભી સલાહે અંતે તેના જીવનને સ્પર્શ કરીને અસારત્વમાં પરિપૂર્ણ કરી નાંખ્યું હતું. તોપણ તેને સ્વચ્છ કરી લીધાથી, હરનાથના મનમાં ઘણા સદ્‌ગુણ જોવામાં આવે એમ છે, માતૃ-ભક્તિ તેનામાં પ્રાધાન્ય હતી; હરનાથની દેવપ્રકૃતિનો અંશ કેવળ માતૃભક્તિમાં બંધાયલો હતો.

સુરબાળાએ સ્વામીને ઓરડામાં લઈ જઇને બિછાના ઉપર બેસાડ્યો; ત્યારપછી કહ્યું " જોયું! મ્હારી વાત તમે તે દિવસે સાંભળી નહોતી? હવે કહો જોઈએ કયો દોસ્ત તમારો બચાવ કરેછે હવે મ્હારા હાથમાં સપડાયાછો, હવે સારીરીતે તમને ચલાવવાનો યત્ન કરીશ."

હરનાથ—" તું મને શું શીખવીશ? તું તો દારૂનું ગ્લાશ હાથમાં પકડીને લાવીશ નહિ. એ તો સિદ્ધ છે, તો હવે તું મ્હને શીખવવાની આશા છોડી દે.

સુરબાળા—" હું ઝેરનો પ્યાલો તમારા મ્હોં પાસે ધરીશ નહિ તેથી તમને એમ લાગે છે કે હું હવે કંઈ કરી શકીશ નહિ."

હરનાથ—"શું કરીશ?"

સુરબાળા—"હવે મશ્કેરી કરવી મૂકો, હું કેવું એક મઝાનું ગીત શીખીછું. તે તમે સાંભળશો કે?

(૫૬.)

(પઢો રે પોપટ રાજા રામના સતી સીતા પઢાવે
એ ચાલ.)

સુંદર વનના પંખિડા! ચિત્ત ચંચળ તારૂં
નિરખીને આ નયણાંવિશે અવિરત આંસુડાંસારૂં.
સુંદર ૦ ૧.

પ્રેમે પઢાવું હું તુજને બોલ મધુરા અમોલા,
બાંધી રાખું પ્રેમસાંકળે તુજને પંખીડા મોરા!
સુંદર ૦ ૨.

આપી દઉં તુજ કારણે મુજ દેહ ને પ્રાણ,
ખાખ સમાન તજું હું આ તુચ્છ યૌવનમાન.
સુંદર ૦ ૩.

છોડીને વનનો મોહ તું જો ટકે ક્ષણ વાર,
બેસાડું આ હઇડા તણા પિંજરની મોઝાર.
સુંદર ૦ ૪.

સુણીને પંખીનું ગીતડું મન હર્ષિત થાશે,
તાપિત પ્રાણ શીતળ થશે, કોટી કદિ જો કરાશે.
સુંદર ૦ ૫.

મર્મ વીંધાશે માહરાં જો તું નકરે ઉચ્ચાર,
જઈશ અનાયાસ હું તજી ભવકારાગાર.
સુંદર ૦ ૬.

હરનાથ—"વાહ ઘણુંજ સારૂં ગાયન છે, ક્યાંથી શિખી, ફરી ગા?"

સુરબાળા—"શામાટે ગાવું? તમે શું મ્હારી વાત સાંભળશો? જો મ્હારૂં કહ્યું માનો તો હું ગાઉં."

હરનાથ— "તું જે કહીશ તે હું ધ્યાન લગાડીને સાંભળીશ."

સુરબાળા— "ત્યારે હું ગાઉંછું.

(ગઝલ.)

અહોનિશ ચાહું મનભરહું, તને મુજ પંખિડા મીઠા
પુરી પ્રાણપિંજરા માંહી, તને પોખું પંખિડા મીઠા! ૧.
જઈશ મા દૂર ઊડી તું, અરે મુજ પંખિડા મીઠા! !
કહું કેટલું હું સમજાવી તુને મુજ પંખિડા મીઠા? ૨.
જોઊં જો તને કોદી, અરે મુજ પંખિડા મીઠા!
મરૂં એકલી બળી હઈડે, ખરે મુજ પંખિડા મીઠા! ૩."

સુરબાળા—"કહો જીવન! હવે હું તને છોડી જઈશ નહિ, કહો હવે હું દારૂ પીશ નહિ; કહો હવેથી ખરાબ સોબતમાં ફરીશ નહિ."

હરનાથ—"ફરી ગા, જો ગાઈશ તો તારી વાત સાંભળીશ."

સુરબાળા—" સાંભળશો, ત્યારે હું ગાઉંછું— "

(તોટક.)

અતિનિષ્ઠુર ચિત્તડું સત્ય ધરે
મુજ પંખિડું ઊડું ઉડું જ કરે;
દઈ પ્રેમનિ સજ્જડ સાંકળિરે
નવ બાંધ્યું તું જાય હુંથી કદિરે. ૧.

"ઉડિને અહિંથી બિજિવાર જશે,
પછિતો નવ પાછું ફરી વળશે,
શું કરીશ પછી? શિ વલેજ અરે?"
મન એમ વિચારિ બળીજ મરે. ૨.
રૂઢ પ્રેમનિ જાળ તું છેદિ હવે
મુજ પંખિ! ક્યહાં તું જઈશ કહે,
તુજ પાય પડી વિનવું તુજને,
નવ નાંખિશ મારિઅરે મુજને. ૩."

હરનાથ—"તું તો ઘણુંજ સારૂં ગાતાં શિખીછે; મ્હારા મિત્રોની આગળ તને એકવાર ગાવું પડશે."

સુરબાળા—"તમારા મિત્રોની પાસે હું શું જઈ શકીશ? તમારી માતા તે માર્ગઉપર કાંટા રોપેછે."

હરનાથ—"મારા મિત્રોને હું નહિ જોઈશ તો મ્હારાથી રહેવાશે નહિ. તારે પગે પડું છું, મને જવા દે."

સુરબાળા—"મ્હારી વાત સાંભળશો કે?"

હરનાથ—"સાંભળીશ."

સુરબાળા—"મ્હારૂં ગાયન સાંભળ્યું છે તો કહો ગાયન કેવું ગાયું?"

હરનાથ—"ગાયન ઘણુંજ સારૂં હતું, ગાયન સાંભળ્યાથી મ્હારો પ્રાણ મિત્રોને માટે છટપટ કરેછે, આ વખતે જરા દારૂ હોત તો ઘણોજ આનંદ થાત."

સુરબાળા—"એવી વાત મ્હોંપર લાવતા નહિ."

હરનાથ—"શામાટે એ વાત નહિ કહું? તું શું મ્હારી માતા છે."

સુરબાળા—"એ ફક્ત નહિ કહ્યાથી મ્હારી વાત સાંભળશો?"

હરનાથ—"વાહ ઠીક કહ્યું, તેમાં શું થયું? તું શું માજીસ્ટર છે? એક વાત કહીછે તેથી તું શું મને ફાંસી દઈશ?"

સુરબાળા—"છિ, આ શું પ્રતિજ્ઞા કરીને, શું તેને તોડો છો?"

હરનાથ—"વાહરે બાયડી, અમે તો એવુંજ કરીએછિયે. આખા દિવસમાં પાંચસોવાર જુઠું કહીએ છિયે; તું શું મને ધર્મપુત્ર યુધિષ્ઠિર સમજે છે? વાહરે, આટલા દિવસ પછી મને ધાર્મિક જાણ્યો? વાહરે શું હું એક ધાર્મિક થયો?"

સુરબાળા—"એક જણને ધાર્મિક કહેવું એ ગાળ સમજો છો કે શું? પૃથ્વીમાં ધાર્મિક થવાના જેવું બીજું સારૂ શું છે?"

હરનાથ—"ઓ મા! હું શું સ્વર્ગમાં આવ્યોછું? ઓ મા, ઉપદેશના મારથી હું અસ્થિર થયો છું."

સુરબાળા—"મેં આજે તમને શો ઉપદેશ આપ્યો? સ્ત્રી શું પોતાના સ્વામીને કદી પણ ઉપદેશ આપતી નથી? જો મ્હારો ઉપદેશ સાંભળવામાં આવત તો તમારી આવી અવસ્થા થાત નહિ."

હરનાથ—"તું શું મ્હારો ગુરૂ થાયછે કે, તું મને ઉપદેશ આપેછે? ઓ મા, આ ગુરૂજી મ્હારા ઘેર ક્યાંથી આવ્યા? એના હાથથી છુટું તો જીવતો રહું. ગુરૂમહારાજ તેં મ્હારી શી દશા જોઈ?"

સુરબાળા—"તમારી સર્વ સ્થાવર જંગમ મીલકતનું લીલાવ થશે, તે શું તમે જાણો છો?"

હરનાથ—"હું સરકારનો કર આપી શકતો નથી તેથી સરકાર મ્હારા બાપદાદાની મીલકત વેચશે? તેમાં તારૂં શું? તારા બાપની તો મીલકત નથી."

સુરબાળાની આંખમાંથી આંસુ પડવા લાગ્યા, લુગડાના છેડાથી આંસુ લુછીને બોલી—"મ્હારૂં કહેવું હજી પણ સાંભળો, મને મારો, તમારી જેવી ઇચ્છા હોય તે કરો, પરંતુ મ્હારા કહેવાને તુચ્છ કરશો નહિ."

આમ કહેતાં કહેતાં સુરબાળાની આંખ બંધ થઈ તે મૃદુસ્વરથી બોલી "ઈશ્વર! સ્વામીનું મન પરિવર્તન કરો, તમારો પતિતપાવન નામનો મહિમા દેખાડો."

હરનાથ સુરબાળાની આવી અવસ્થા જોઈને તરત ત્યાંથી ગુપ્તમાર્ગે નાશી ગયો. જ્યાં તેને જવું હતું ત્યાં ગયો. સુરબાળાનું યત્નથી પોષણ કરેલું પક્ષી એક પળમાં જાળ તોડીને ઉડી ગયું.

પ્રકરણ ૪ થું.

મનુષ્યનું મન ઝેરથી પૂર્ણ છે.

પક્ષી ઉડીને ક્યાં ગયું? જ્યાં અરણ્ય છે, જ્યાં પાપના પ્રલોભનથી ઝાડ પરિપૂર્ણ છે, ત્યાં પક્ષી ઉડીને પડ્યું. પક્ષીને શું બીજા સોબતી મળ્યા? છુટેલું પક્ષી, મુક્તસ્વરે હાક મારી મારીને ઘણાક પક્ષીને ઊંઘમાંથી જગાડ્યા; ત્યાર પછી તેઓને ખુલ્લીરીતે ઘરની વાત કહીને પ્રાણને ઠંડો કર્યો.

બીજા પક્ષીઓમાં બે સારા પક્ષી હતા. તેઓએ કહ્યું—"હરનાથ! ખરેખર તમારી માતા વિરક્ત થાય એવું કામ કર્યું છે, મેં આજે સાંભળ્યું છે કે સરકારમાં કર આપવાનો હજી બંદોબસ્ત કર્યો નથી. તમે વળી ત્રણ હજાર રૂપીઆ કર્જ લીધા છે, થોડા દિવસમાં તમે કલકત્તે સામાન લેવા જનાર છો. તમારા રૂપીઆ તમે ખર્ચ કરવાને મુખતીયાર છો, તેમાં અમારૂં કંઈ જનાર નથી! અમે ખુશીથી કહીશું, તેમાં અમને કંઈ હરકત નથી. પરંતુ તમારી માતા તિરસ્કાર કરશે, તમે તેમાં વિરક્ત થશો ના, તે તમારા ભલાની વાત કહેછે."

બીજું એક પક્ષી બોલ્યું—"તમારી સરળા સ્ત્રીનું કષ્ટ યાદ આવ્યાથી ઘણુંજ દુઃખ ઉપજેછે. મેં ગામની દરેક સ્ત્રીના મ્હોંથી તમારી સ્ત્રીની પ્રખ્યાતી સાંભળી

છે, સર્વે એક અવાજે કહેછે કે તમારી સ્ત્રીને ઘણુંજ કષ્ટ છે. ખરેખર ઘેરના રૂપીઆ કાઢીને આવીરીતે ઉડાવી દેવા એ ઘણુંજ અન્યાયભરેલું કામ છે.''

એ સાંભળીને હરનાથ માથું નીચે નાંખીનેબેઠો રહ્યો પણ તે ટોળાના બીજા પક્ષીઓ ગુસ્સે થઇને બૂમો પાડવા લાગ્યા-"કેમ ભાઈ હમણાં દારૂનું ગ્લાસ હાથમાં નથી, હવે જણાયછે કે તું દારૂ પીશ નહિ.'' આમ કહીને હરનાથનો હાથ ઝાલીને કહેવા લાગ્યા "હરનાથ બાબુ, તમને ઘણા દિવસથી કહુંછું કે, આ બે નિમક હરામને સાથે રાખશો નહિ, તે તો તમે સાંભળતા નથી. થોડા દિવસ થયા તેઓ બન્ને તમારી માતાની પાસે જે જે આપણે કહીએ છિયે તે બધું કહી આવ્યા. એઓની મીઠી વાત સાંભળીને તમે બધું વિસરી જાઓછો, અને વિચાર કરોછોકે, એઓ મારા ખરા મિત્ર છે, વાસ્તવિક તેમ સમજતા નહિ, આજે તમારી માતાએ તમારૂં નુકશાન કર્યું તે તેઓની સલાહથીજ કર્યું છે. તમે અમારી સાથે આવો. અમે તમને સારી સલાહ આપીશું. તમે શા માટે ડરો છો? આપણું ટોળું કાયમ રહ્યું તો પછી શું જોવું તો. એક ગ્લાસ, બે ગ્લાસ કે એક બાટલી દારૂ પીધાથી સર્વ ચિંતા જતી રહેશે, ભય કોનો રાખોછો હરનાથબાબુ? બીજી એક વાત તમે આટલા દિવસ થયા સાંભળી નથી, એઓ બન્ને થોડા દિવસપર મેદાનમાં બેસીને ઉપાસના કરતા હતા, તમારી સાથે

એઓ શામાટે ફરેછે એ તમે જાણતા નહિ હશો; તમને કેવીરીતે ધાર્મિક કરે, એના યત્નમાંજ ફરેછે. ચાલો અમારી સાથે.''

આ વાત સાંભળીને હરનાથનું મુખ પ્રફુલ્લ થયું. તેથી વાત કહેવાનો આરંભ કર્યો, એટલામાં પેહેલો હિતૈષી બોલ્યો—"હરનાથ! અમારી વાતને તુચ્છકારી કાઢશો નહિ, માતાની વાત અમાન્ય કર્યાથી કદી પણ મંગળ થશે નહિ. અમારૂં કંઈ જનાર નથી, અમે તો આ ચાલ્યા;" આટલું કહીને બીજા હિતૈષીનો હાથ ઝાલીને જતો રહ્યો. ત્યારપછી હરનાથ કહેવા લાગ્યો "હું આટલા દિવસ પછી એઓની દગલબાજી સારી પેઠે સમજ્યો, એઓ ઠગીને મને કોઈરીતે ધાર્મિક કરવાની તદબીરમાં હતા, તે શું હું ભૂલનાર છું, જ્યાં સુધી આ દુનિયામાં દારૂ છે ત્યાં સુધી હું ભૂલનાર માણસ નથી, ભાઈઓ કેમ છે?" તરત ચારેબાજુએથી હાસતો હાસતો તેમ નહિતો બીજું શું, બાપનો છોકરો કોણ નહિ થાય, આવીરીતે આનંદનો અવાજ નીકળવા લાગ્યો. સર્વ દારૂની બાટલીઓ ઉઘાડીને આનંદથી દારૂ પીવાનો આરંભ કર્યો.

પેહેલા ગ્લાસના પછી હર્ષનો પ્રવાહ ચાલ્યો, બીજા ગ્લાસથી જરા જરા જ્ઞાન વિલુપ્ત થવાની સાથે ઉલ્લાસ વધ્યો, ત્રીજા ગ્લાસના પછી ઘણો ખરો ઉન્મત્તનો ભાવ આવ્યો. કેટલાક પાક્કા દારૂડિયા-

એને એક બાટલીથી કંઈ થયું નહિ. એ એઓમાંથી જે સર્વકરતા ચતુર હતો તે બોલ્યો,—પ્રાણપ્યારા હરનાથ, આવ બેટા તારૂં મુખચુંબન કરૂં, જીવતો રહે બેટા, જીવતો રહે તું. આવીરીતના સંબોધન સાંભળીને હરનાથ ઉલ્લાસથી નાચવા લાગ્યો.

બીજા ઈયારે કહ્યું—"હરનાથ! તારી સ્ત્રીને લઈ આવ્યો હોત તો આજે કેટલો આનંદ થાત."

હરનાથ કહેવા લાગ્યો—"તેં ઠીક કહ્યું ભાઈ, ઠીક કહ્યું. તાધિં તાધિં, હરિ બોલો, હું નૃત્ય કરૂંછું. હરનાથે નાચવાનો આરંભ કર્યો. ત્રીજો ઈયાર બોલ્યો, "હરનાથ, તારી મા તારા ઉપર આટલો જુલમ ગુજારેછે તેની સજા આપવાનો તેં નિશ્ચય કર્યોછે કે?"

હરનાથ બોલ્યો—"દારૂની નદી વહેછે, પીઓ અને ડુબો, તેનો વિચાર કરવાનું કામ શું છે?"

ત્રીજા ઈયારે કહ્યું—"કામ નથી. તો કાલે બીજી દારૂની નદી ક્યાંથી મેળવીશ?"

ચોથો ઈયાર બોલ્યો—"તને તો હવે કોઈ કર્જથી રૂપીઆ આપશે નહિ; હવે તારી માજ બધી મીલકતની માલેક છે. પેલું વીલ ચોરી લાવ્યાથી ડોશીના માથાઉપર વીજલી પડશે."

ત્રીજા ઈયારે કહ્યું—"તારે ચિંતા કરવી નહિ હું વીલ ચોરી લાવીશ."

બીજો ઈયાર બોલ્યો—" ચોરી કરી લાવ્યાથી કંઈ વળનાર નથી. તેતો રેજીસ્ટર કરેલું છે તેથી કંઈ ચાલનાર નથી."

પેહેલા ઈયારે કહ્યું—"હું સર્વે જાળ સાજી કરી શકું છું, પચાશ રૂપીઆ ખર્ચ કર્યાથી સર્વ ઠીક કરી આપીશ."

હરનાથ—"તાંધિ તાંધિ; ભાઈ તું મ્હારો સર્વસ્વ છે, તને મારી મીલકત આપી દઈશ."

પેહેલો ઈયાર બોલ્યો—તારી મીલકતની વાત તો પછીની; હમણા શું તારી પાસેથી થોડો લાભ મેળવીએછિયે."

હરનાથે કહ્યું—"તાંધિ તાંધિ, માની સરદારી તોડી નાખીશ, તાંધિ તાંધિ."

પેહેલા ઈયારે કહ્યું—"સારૂ હરનાથ, બીજું એક કામ કરવું પડશે."

હરનાથ પોતાના કાન તેના મ્હોં તરફ લઈ જઈને બોલ્યો "શું કામ કરવું પડશે."

પેહેલો ઈયાર બોલ્યો—"તારી માનું એક ઘણુંજ મઝાનું રોગનું ઔષધ છે."

હરનાથે કહ્યું—"સારૂં ઔષધ છે? તાંધિ તાંધિ તેને માટે જેટલા રૂપીઆ જોશે તે આપવાને તૈયાર છું. જેટલા રૂપીઆ જોશે તે હું આપીશ પણ માનું ઔષધ લાવી આપ."

પેહેલા ઈયારે કહ્યું—" ત્યારે તું મારી સાથે આવ, આજે રાત્રે ઔષધ લઈ રાખ; કાલે બપોરે ખવાડી દેજે."

" હરનાથ આહ્લાદથી નાચવા લાગ્યો; બીજા ઈયારો કહેવા લાગ્યા કે, "વાહ ઘણુંજ સારૂં થયું, તારી પાસે જે ઔષધ છે તે આપ્યાથી એકદમ તે રોગથી મુકત થશે."

હરનાથ બોલ્યો—"તાધિ તાધિં, હું આટલા દિવસ થયા તારી પાસેને પાસે રહુંછું ભાઈ, હું તે ઔષધ વિષય શું કંઈજ જાણતો નથી?"

પેહેલો ઈયાર કહેવાને માટે મ્હોં ઉઘાડતો હતો એટલામાં બીજા સર્વે ઈયાર કહેવા લાગ્યા કે "કાલે તે ઔષધ વિશે જાણવા પામીશ, વિચાર શેનો કરેછે?"

હરનાથ તાધિ તાધિ બોલતો બોલતો પેહેલા ઈયારની સાથે ઔષધ લેવા નીકળ્યો.

બીજા બધા ઇયાર ખુશી થતા થતા યથા સમયે પોતપોતાને ઘેર જવા લાગ્યા.

હરનાથ ઔષધ લઇને રાત્રે ત્રણ વાગે પોતાના ઘરના ઓટલા ઉપર સૂઇ રહ્યો, માનું મહૌષધ પોતાના પેહેરવાના કપડાના ખીસામાં હતું.

પ્રકરણ ૫ મું.

અમૃતમાં ઝેર!!

ઘણાજ ઝેરથી પરિપૂર્ણ હમેશાનું વૈષમ્યમય મનુષ્યનું મન પરીક્ષા કરીને જોવાની શક્તિ માણસમાં હોત તો આ દુનિયામાં ઘણીક વિપત્તિનો બોજો ઓછો થાત. ભૌતિક નિયમથી પૃથ્વીમાં અદ્ભુત વિપત્તિઓ સર્વદા માણસને અસ્થિર કરી મૂકેછે, તે સર્વના હાથથી છુટવાને જે ઔષધની જરૂર છે, તે કાળે કરીને પુષ્કળ મનુષ્યના જ્ઞાનને તાબે થતા આવેછે; વિશેષકરીને અજ્ઞાન માણસો તથા સાવચેતી વગરના મનુષ્યો શિવાય બીજા ભૌતિક વિપદથી કોઈને પણ મુઝાવવાને સમર્થ થતા નથી. પરંતુ મનુષ્યનું મન જ્યાં સુધી ઝેરથી પરિપૂર્ણ રહેશે, ત્યાં સુધી વિપદમાંથી છુટકો મેળવવાનો ઉપાય શો? જેઓ વિશેષરૂપથી નાના પ્રકારના જીવનચરિત્ર વાંચીને જ્ઞાનવાનમાં ખપ્યા હોય, તેઓ પણ મનુષ્યના મનની ગતિ જાણવાની વેળાએ પરાભવ માનેછે. ખરેખર બહારના કોઈ જાતના વ્યવહાર, રીતિ, આકૃતિ તથા સ્વભાવની પરીક્ષા કરીનેજ મનુષ્યની કુટિલ મનની ગતિ જાણી શકાતી નથી. જ્યારે માણસ મનમાં ઝેર પોષણ કરીને, બહારની ચતુરાઈના બળની બીજી જાતનો ભાવ પ્રકાશ કરેછે, ત્યારે તે છુપા ઝેરની

બળતરાથી, કેટલા માણસો ઠગાઈને સંસારમાંથી જવાનો લાગ શોધેછે! જો પૃથ્વીમાં એવું એક યંત્ર હોત કે જેનાથી મનુષ્યના કુટિલ મનની પરીક્ષા થઈ શકત તો પૃથ્વીની વિપત્તિ એકદમ જતી રહેત. અમારા આ કહેવાનું પ્રમાણ તેઓજ સારીપેઠે મેળવશે કે જેઓએ કોઈવાર પોતાના હૃદયમાં ઝેર પોષણ કર્યું છે. અમે તો આવી રીતના ચિત્રના પ્રમાણ સર્વદા પામીને સંસારી માણસોના ઉપર ધાર્મિક, અધાર્મિક, સરળ, કપટી, સત્સ્વભાવવાળા માણસ કે ઠગારા માણસના ઉપર એક પ્રકારના વિરક્ત થઈ ગયા છિયે. રાત્રદિવસ હૃદયમાં ઝેર ભરી રાખવાને બાધ્ય થઈને સંસારને વિષમય જાણિયેછિયે. તેઓ સંસારમાં ધન્ય છે, જેઓ સંસારમાં અંગ પ્રત્યંગ ધારણ કરી, યશ માનની આશા હૃદયમાં પોષણ કરી અને રિપુઓનું અસ્તિત્વ કાયમ રાખીને કદી પણ મનમાં ઝેર રાખીને પૃથ્વીને ઠગવા ચાહતા નથી અથવા ઠગવાની ઈચ્છાને પણ હૃદયમાં જગા આપતા નથી; ધન્ય તેઓનું જીવન છે કે જેઓ અંદરના ભાવની જોડે બહારના સ્વભાવને અનુરંજિત કરી શકેછે; અમે દુનિયાના માણસ છિયે, ઝેર હૃદયમાં પોષણ કરીને પણ તેઓની પગની રજકણો માથા ઉપર લઈ નેકૃતાર્થ થવાને સર્વદા આતુર છિયે.

સવાર થયું, હરનાથની માતા નિઃસંદેહ ચિત્તથી બિછાના ઉપરથી ઉઠીને પોતાનું કર્તવ્ય કાર્ય કરવામાં નિયુક્ત થઈ; હરનાથનો મનનો ઉત્સાહ ધીરે ધીરે ઓછો થતો આવ્યો હતો, તે હજી સુધી દિવાનખાનામાં સૂતો હતો.

સવારમાં રાત્રે પેલો ઔષધ આપનાર આવીને દિવાનખાનામાં પ્રવેશ કરવાની તજવીજ કરવા લાગ્યો. પણ સિપાઈઓએ જવા દીધો નહિ તેથી તેણે કહ્યું "હરનાથ બાબુને એકવેળાએ બોલાવો મારે તેમની પાસે કેટલીક અગત્યની વાત કરવી છે."

સિપાઈએ કહ્યું—"હમણા તેઓ સૂતા છે, હમણા તેમને ઉઠાડી શકતો નથી. આજથી તેઓની સાથે સર્વ જાતની વાતચીત મેળાપ બંધ થયો છે."

ઔષધ આપનારે કહ્યું—"હું બીજું કંઈ કહીશ નહિ, હું વૈદ્ય છું, શેઠને કાલે શું અસુખ થયું હતું, આજ તેઓની તબીયત કેવી છે, તે જોવા આવ્યો છું મને અંદર જવા દે, શેઠ તમને ઘણું ઈનામ આપશે."

સિપાઈએ કહ્યું—"માતાની પાસેથી જવાની પરવાનગી લઈ આવું છું, ત્યારપછી તેઓ કહેશે તો હું તમને અંદર જવા દઈશ."

આ વાત સાંભળીને ઔષધ આપનાર મનમાંને મનમાં હસ્યો, બીજું કંઈ નહિ કહેતાં આસ્તે આસ્તે પાછો જવા નીકળ્યો.

ગુરૂદેવના ચરણની પૂજા કર્યા વગર હરનાથની માતા કંઈ પણ કામ કરતી નહોતી; આજે માલકતમાં મન લાગેલું હતું તેથી તે પ્રાતઃસ્મરણીય મોટું કામ ભૂલીને બીજા કામમાં તત્પર થઈ હતી.

સુરબાળા સાસુનું આવું અન્યાય કાર્ય જોઈને ઘણીજ શંકાવાળી થઈ હતી; તેણે ગુરૂદેવના ચરણ પકડીને રાત્રિની સર્વે હકીકત તેમની પાસે કહી.

ગુરૂદેવ સ્તંભિત ભાવથી ઘણોવાર સુધી ઉભા રહ્યા, તમામ વિષયનો બારીક વિચાર કરીને બોલ્યા "સરળે સુરબાળા! તમે તમારા સ્વામીને સુધારી શકશો નહિ; આ ગામમાં મને માન નહિ આપે એવો મનુષ્ય જોતો નથી, મારી વાત નહિ સાંભળે એવો માણસ પણ કોઈ નથી, પરંતુ હરનાથને એક દહાડો પણ એક વાત પૂછીને તેનો સારો જવાબ મેળવી શક્યો નથી. હું આટલા દિવસમાં તો આ ગામ છોડીને જાત. જ્યારે કાશી છોડીને આવ્યો છું, ત્યારે મેં મનમાં નિશ્ચય કર્યો હતો કે, સર્વદા એક જગાએ રહીશ નહિ. આટલા દિવસ સુધી કેવળ તમારો સ્નેહ તથા ભક્તિ અને તમારી સાસુની શ્રદ્ધા સ્મરણ કરીને અહિં છું; હમણાં હું જોઉંછું. આ ઘરમાં ધુળધાણી થવાનો આરંભ થયોછે; શું કરૂં? કાળનો સ્રોત કોણ રોકી શકે?"

આ સાંભળીને સુરબાળાની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં અને રોતાં રોતાં કહેવા લાગી, "સ્વામીનું

ચરિત્ર સુધારવાનો બીજો કંઈ ઉપાય નથી? સાસુજી-એ જે ઉપાય પકડ્યો છે એનાથી શું કંઈ થશે નહિ?"

ગુરૂદેવે કહ્યું—"તમે અબલા છો, ગમે એટલા બુદ્ધિવાન હો તોપણ સંસારના કુટિલ માણસનું મન કેવીરીતે જાણશો? તમારો સ્વામી હમણા પાપનો કીડો થયોછે, તે જેઓની સલાહ લઈને હમણા કામ કરેછે, તેઓ નામાંકીત લુચ્ચા માણસો છે. તમારી મહેનતથી શું થશે તે હું જાણી શકતો નથી. એટલું તો છે કે, ઈશ્વર કોને કિયું સૂત્ર અવલંબન કરીને સન્માર્ગે ચઢાવેછે તે મનુષ્યની બુદ્ધિથી બહાર છે. સરળે! તમારા જીવનમાં ઘણું કષ્ટ છે. તમે કદીપણ વિભીષિકા જોઈને ડરતા ના."

સુરબાળાએ ગુરૂદેવના ચરણમાં અંજલિ નાખી, સાસુ જેવીરીતે ભક્તિ અને શ્રદ્ધાની સાથે તેઓની ચરણપૂજા કરતી હતી તેના કરતા હજારો દરજે વધારે ભક્તિથી વિનીત ભાવે અંજલિ અર્પણ કરી. ગુરૂદેવ આંખ મીંચીને આકાશની તરફ જોઈને બોલ્યા "દેવના દેવ! ભક્તવત્સલ, સરળા સ્ત્રીની પૂજા ગ્રહણ કરો, સંસારમાં પૂજા પામવાને અધિકાર માણસનો નથી, દેવ! તે તો હું જાણુંછું. પરંતુ આ વાત જગતમાં પ્રચાર કર્યાથી મનુષ્યનું મન સંસારને અંધકારમય જોઈને અભક્ત થઈ જાયછે; તેથીજ હું પૂજા ગ્રહણ કરૂં છું, એ સર્વ તમારૂંજ છે. પાપીની પ્રાર્થના હે ભક્તવત્સલ દેવ, તમે પૂર્ણ કરોછો, હું

પાપા છું, આજ હાથ જોડીને વિનીત ભાવથી, ખરા વિશ્વાસની સાથે આ પ્રાર્થના કરૂં છું કે, તમે સતી સાધ્વી સરળા સુરબાળાના મનને તમારી તરફ ખેંચીલો. હૃદયવિહારિ! હૃદયનું સર્વ જાણોછો તમારી પાસે બીજું વધારે શું કહું ?"

ગુરૂદેવની આંખ ઉઘડી અને જોયછે તો સુરબાળાનું મસ્તક તેના ચરણમાં પડેલું છે અને સુરબાળાની આંખમાંથી આંસુ ઝરેછે એ સર્વ જોઇને હાથ ઉપાડીને બોલ્યા, "સરળે સુરબાળા! તમે દીર્ઘાયુ થાઓ."

સુરબાળાએ મસ્તક ઉપાડીને કહ્યું, "દેવ! આપ અમને પરિત્યાગ કરીને જશો નહિ; આપને મળ્યાથી સર્વ દુઃખ વિસરી જઈએ છિયે. દેવ! આપ ચાલ્યા જશો તો શું લઈને રહું? આપ અમને પરિત્યાગ કરીને જશો નહિ."

સુરબાળાના ઓરડામાં આવીરીતિ દેવાર્ચના થતી હતી, એટલામાં બીજી બાજુએ ઘણી ગડબડ મચી રહી હતી. ગુરૂદેવ અને સુરબાળા ગડબડ સાંભળીને બીજા ઓરડામાં જઈને જુએછે તો હરનાથની માતા જમીન ઉપર પડીને યાતનાથી છટફટ કરેછે!! દાસીઓ રોતી રોતી ઘરની બાહાર આવીને બીજા માણસોને બોલાવવા ગઈ, સિપાઈઓ લાકડી લઈને જલદીથી વૈદ્યને ઘેર ગયા, સરદારો જોશીને બોલાવવા ગયા, ગુમાસ્તા વગેરે સર્વ દિશા તરફ જાણ-

નારાઓને બોલાવવા ગયા. હરનાથ આશ્ચર્ય થઇને સર્વ જોવા લાગ્યો, તે વેળાએ તેના મનમાં કંઈ પણ સંદેહ ઉપજ્યો નહોતો, કારણ કે ઔષધ આપનારે કહ્યું હતું કે આ ઔષધ ખવાડ્યા પછી એક કલાક સુધી રોગી ઘણોજ છટફટ કરશે, ત્યારપછી જ્યારે તે ચુપ રહેશે ત્યારે રોગ આરોગ્ય થશે. હરનાથ હજી સુધી રોગીના સુલક્ષણનો વિચાર કરતો હતો, પરંતુ ચારેબાજુએ લોકો શામાટે અસ્થિર થઇને ફરેછે તે નહિ સમજ્યાથી ઘણોજ આશ્ચર્ય પામીને જોતો હતો.

ધીરે ધીરે વૈદ્ય, જોશી, ડાક્ટર, મંત્રથી તારનાર વગેરેથી ઘર પૂર્ણ થયું; સઉએ રોગીના લક્ષણ જોઈને નિરાશ મનથી કપાળ ઉપર કરચર્ચા કરી, ડાક્ટરોએ આંગળી પરીક્ષા કરીને કહ્યું, હવે ઝેર આખા શરીરમાં ફેલાઈ ગયું છે, બીજાઓએ કહ્યું અમને હવે યત્ન કરવાનો સમય નથી, આવું કહીને તેઓએ ઔષધ આપ્યું અને મંત્રો ભણવા લાગ્યા.

સુરબાળા આંસુભરેલી આંખે ચકિત ભાવથી ગુરૂદેવની તરફ જોતી ઉભી હતી. ગુરૂદેવને પાસે ઉભેલો જોઇને, હરનાથની માતા ઝેરની યાતનામાં અસ્થિર હોવા છતાં પણ ગુરૂ દેવની પાસે લોટતી લોટતી આવી; આવીને ગુરૂદેવના પગનું ચુંબન કરીને અતિકષ્ટથી કહેવા લાગી "દેવ! હું ઘણીજ નારકી છું, હું ઘણાજ મોટા અપરાધમાં અપરાધિની છું, મેં આજ આપના ચરણમાં અંજલિ આપી નથી—આ

પ્રાણ જાયછે—હરનાથ મારો કાલસર્પ છે—મરી જાઉંછું—છુટી, પરંતુ—દેવ—હું અપરાધિની છું—આપના—ચરણ—રહીછું,—ક્ષમા કરો—હવે વિલંબ નથી. જાઉંછું—પ્રાણ જાયછે—હરનાથ મારા જીવનનું સર્વ છે—દેવ ક્ષમા કરો—કંઈ જાણતી નથી—હું—સમજીશ હું છું કે, હરનાથ કંઈ પણ જાણતો નથી—લોકના કહેવાથી ભૂલ્યોછે—ઓ પ્રાણ જાયછે—મને ઔષધ કહીને ઝેર આપ્યુંછે, દેવ—હરનાથને ક્ષમા કરો, ઓઃ પ્રાણ જાયછે—હવે મને ચરણમાં—સ્થાન આપીને તાપિત હૃદય શીતલ કરો."

આ વેળાએ ઘરના ગુમાસ્તાઓએ આવીને પૂછ્યું—"આપની મીલકતનું શું કરીએ?"

હરનાથની માતાએ કહ્યું—"ઊઃ મીલકત—જો રહે. રૂપીઆ નથી, કર આપવાના રૂપીઆ નથી—હાય પ્રાણ જાયછે—જો રૂપીઆ મળે—જો મીલકત રહે તો મારા—પ્રાણની સુરબાળા—સતીને સર્વ આપ્યું—ગુરૂદેવ આપ સાક્ષી, ડાક્ટર, વૈદ્ય સર્વ સાક્ષી રહ્યા—મારી મીલકત સુરબાળાને આપી, ગુરૂદેવ મને ક્ષમા કરો, હાય પ્રાણ જાયછે."

ગુરૂદેવ ગંભીરભાવથી બોલ્યા, "મનુષ્ય તમને શી ક્ષમા કરે! મનુષ્યના ગુણદોષ કોણ જાણે? પેલો જુઓ અનંત દેવનો મંગળ હાથ તમને બોલાવેછે, જાઓ સાધ્વી, પતિ પરાયણા સતિ, જાઓ અનંત ધામે; જ્યાં પતિસહવાસમાં કંઈ વિઘ્ન નડતાં નથી,

જ્યાં સુખમાં કાંટાં નથી. અમે નરકના કીડા છિયે, લોકોમાં ગુણદોષ જાણવાને અસમર્થ છિયે, કોણ ક્ષમા કરશે? તમારો અપરાધ જાણતો નથી, તમારા દોષ જાણતો નથી—તમારા સ્વભાવના વિરૂદ્ધ કંઈ પણ જાણતો નથી શું ક્ષમા કરૂં? તમને જે જાણુંછું તેના ઉપરથી આવું કહી શકુંછું કે ઈશ્વર તમારૂં મંગળ કરશે, ઈશ્વર તમારા તાપિત હૃદયને શીતલ કરશે. આ વાત સાંભળતા સાંભળતા હરનાથની માતાનો પ્રાણવાયુ નિમેષમાં આ લોક છોડીને નાશી ગયો. સંસારની ધર્મશાળા મડો, પ્રતિમા વિસર્જનના પછી શૂન્ય ઘરમાં લોટવા લાગ્યું."

માતાનો પ્રાણવાયુ દેહપરિત્યાગ કરીને નાશી ગયા પછી હરનાથના હૃદયમાં દારૂણ શલ્યવેધ થવા લાગ્યો; તેનું મન વિચારમાં, ચિંતામાં, શોકમાં, દુઃખમાં એકીવારે અસ્થિર થઈ ગયું, ચારે તરફ જોયછે તો તેનો એક પણ સોબતી ત્યાં નહોતો; સંસારના કુહકમંત્રમાં ઠગાયો, અને એકદમ ખેદ ઉત્પન્ન થયો. ચારે બાજુએથી રોવાનાં અવાજ ગગનને ભેદીને હરનાથની માતાના પ્રાણવાયુને પકડવા ઉપર ઉઠ્યો. સર્વે અસ્થિત થઈ ગયા. તે ગડબડમાંથી અદૃશ્ય ભાવે ગુરૂદેવ હરનાથને લઇને ક્યાં અન્તર્હિત થયા તે કોઈ જોવા પામ્યા નહિ.

પ્રકરણ ૯ મું.

ઘટનાચક્રનો ઘેરાવો.

ઘટનાપૂર્ણ જીવનનો પ્રવાહ પ્રવાહિત થયો; એક બનાવમાં બીજા એક બનાવે મદદ કરી, બીજો બનાવ પણ નીરવે સંસારમાં વિલીન થઈ ગયો, તેઓ પણ પાછા વારસાદાર થઈ ગયા, એવીરીતે જીવનપ્રવાહની સાથે દિવસે દિવસે, માસે માસે, વર્ષે વર્ષે કેટલા બનાવ તણાઈ ગયા, ચાલી ગયા—જ્યાં આગળ રાજભવન હતા, ત્યાં જંગળ થયા, જ્યાં સુસ્નિગ્ધ પાણીથી ભરેલા તળાવ હતા, ત્યાં મરૂભૂમિ થઈ, રાજા ભિખારી થયા, સંસારી સંન્યાસી થયા, ગૃહસ્થ વનવાસી થયા, ઘટનાચક્રના ઘેરાવામાં કેટલા વર્ષમાં ઘણા આશ્ચર્યકારક બનાવ બન્યા. મરૂભૂમિમાં પાણીની ઉત્પત્તિ થઇ. ભીખારી મનુષ્ય રાજસિંહાસન પર બેઠા. સર્વ બનાવ બનવા અસંભવ હતા તે સંભવ થયા; કારણકે ઘટનાના હાથથી સર્વદા આવા ફેરફાર થતા આવેછે. કોણ ઘટનાના ચક્રની ગતિ રોકીને મનુષ્યજીવનનું પરિવર્તન રોકવાને સમર્થ છે? હરનાથને લઈને ગુરૂદેવ ઘણી જગાએ ફર્યા, સરકાર માને મારી નાખનાર હરનાથની કંઈ ખબર મેળવી શકી નહિ. પુષ્કળ શહેરોમાં, દરેક થાણામાં તેનું નામ અને ચહેરાનું વર્ણન લખેલું

હતું અને હમેશાં લોકોના ચહેરા સરખાવતા હતા પરંતુ ગુરૂદેવ એવા તો સાવચેતીથી મુસાફરી કરતા હતા કે, કોઈ પ્રકારે હરનાથને પકડી શકે નહિ. જ્યારે મુસાફરી કરતાં કરતાં એક વર્ષ વહી ગયું, ત્યારે, સર્વ હરનાથને વિસરી ગયા, ત્યારપછી પોલીસ ચોકીમાં તેના નામની જાહેરખબર જોવામાં આવતી નહોતી. સશંકિત અવસ્થામાં ગુરૂદેવની જોડે એક વર્ષ રહ્યાથી હરનાથના જીવનમાં આશ્ચર્ય રીતનો ફેરફાર જોવામાં આવ્યો. હરનાથે દારૂ અને માંસ ખાવું છોડી દીધું. તેના ઉત્તેજિત રિપુનું દમન થવા માંડયું. એ વખતે પોતે કરેલા પાપનું સ્મરણ થયાથી અન્તઃકરણમાં દારૂણ શૈલવેધ થવાનો આરંભ થયો. ખરેખરૂં નરકનું દુઃખ ભોગવતો ભોગવતો પશ્ચાત્તાપથી અને આત્મગ્લાનિથી બળીને હરનાથના જીવનની મ્હોટી આશા, દુનિયામાં નામાંકિત થવાની ઈચ્છા એ સર્વ તે વિસરી ગયો અને મનમાં નક્કી કર્યું કે, ગુરૂદેવના ચરણની સેવા કરીને બાકી રહેલું જીવતર ગાળાશ, નક્કી કર્યું કે દેવ સમાન ગુરૂદેવના ચરણમાં અંજલિ સમર્પણ કર્યાથી સઘળા પાપથી મુક્ત થઈશ, આવું નક્કી કરીને તો ગુરૂદેવની પૂજામાં ઉપયોગી થવા લાગ્યો.

ગુરૂદેવ મનુષ્યચરિત્ર સુંદર રૂપે જાણતા હતા, કયા સ્થાનમાં મનુષ્યનું પતન થાય છે, તે તેઓ ઉત્તમ પ્રકારે જાણતા હતા. જ્યારે હરનાથના

ખરાબ રિપુઓ ધીરે ધીરે દમિત થયલા જોયા, જ્યારે હરનાથને આગળ કરેલા પાપને માટે આત્મ-ગ્લાનિ પામેલો જોયો, ત્યારે સમજ્યા કે, હરનાથ અવશ્ય એક દિવસે ધર્મને માટે તરસ્યો હશે. વળી એ પણ ધાર્યું કે હરનાથ વગર શિખેલો છે, જ્ઞાન વગર ભક્ત થયાથી હરનાથ જરૂર અજ્ઞાન લોકોની પેઠે મૂર્તિપૂજક ધર્મમાં સામેલ થશે; તેથી વિચાર કર્યો કે, કદાચ હરનાથ એક દિવસે મ્હારી ચરણ-પૂજા કરીને કૃતાર્થ થશે. જેના જીવનને આટલે દૂર લઈ આવ્યો છું તેને વળી ઉપધર્મમાં વિસર્જન કરવો એ ઘણું કષ્ટદાયક છે, આખી ઉમ્મરમાં એક પણ માણસને જો ઉત્કૃષ્ટ ધર્મમાં દીક્ષિત નહિ કરી શકું તો આ જીવન વૃથા છે. આવો વિચાર મન-માંને મનમાં કરીને હરનાથને શિખાડવાને માટે તે-ઓના હૃદયમાં ઈચ્છાની ઉત્તેજના થઈ; તેથી તેઓ હરનાથને લઈને કાશી તરફ ચાલ્યા. ત્યાં પહોં-ચીને હરનાથને ભણાવવાને માટે બંદોબસ્ત કર્યો અને પોતે પણ તેને ભણાવવાનો યત્ન કરવા લાગ્યા, ૬--૭ વર્ષમાં હરનાથને સંસ્કૃત ભાષાનું સારી રીતે જ્ઞાન થયું, ન્યાય, અલંકાર, સ્મૃતિ, વ્યાકરણ, ભાષા, દર્શન એ સર્વ હરનાથ સારી પેઠે શિખ્યો. સર્વ પુ-રાણ, વેદ તેના મ્હોંએ થયાં. શંકરાચાર્યે સ્થા-પેલા ધર્મમંત્રમાં તે દીક્ષિત થયો. ગુરૂદેવના ઉપદે-શથી તેને મૂર્તિપૂજા ઉપર ધિક્કાર ઉત્પન્ન થયો.

ભકિત અને જ્ઞાનની મદદથી સચ્ચિદાનંદ પરમેશ્વરના ધ્યાનધારણમાં જીવન ગાળવાની ઇચ્છા ઘણીજ પ્રબળ થઈ તે શંકરના પ્રચલિત ધર્મમાં દીક્ષિત થયો.

અધ્યયન કરાવ્યા પછી ગુરૂદેવે એક વર્ષ સુધી હરનાથને કેવળ ધર્મચર્ચા કરવામાં લગાડયો. યોગસાધનાના અલૌકિક રાજ્યમાં હરનાથને પ્રવેશ કરાવવા માટે વિશેષ યત્ન કર્યો, જ્યારે હરનાથ યોગસાધનમાં સારી રીતે કુશળ થયો, ત્યારે ગુરૂદેવ બોલ્યા,—"હરનાથ! હવે તું ફરી સંસારમાંથી, લાલચથી પૂર્ણ સંસારમાં જય નહિ મેળવશે તો તું કદી પણ ધ્યાનના રાજ્યમાં જઈ શકીશ નહિ, તું કેવળ ધર્મમંત્રમાં દીક્ષિત થયો છે. હજીપણ તું ધર્મસાધનનાં યોગ્ય થયો નથી. કારણકે સંસારની આસક્તિના હાથથી નહિ છુટયાથી મનુષ્ય કદી પણ ઈશ્વરને મેળવી શકતો નથી; જો સંસારમાં, જયાં તારી જિતેન્દ્રિયતાની પરીક્ષા થશે, ત્યાં પરીક્ષામાં પાસ થાય તો તું પાછો મ્હારી પાસે આવજે."

હરનાથ આ બધું સાંભળીને આશ્ચર્ય પામ્યો અને બોલ્યો—'ગુરૂદેવ! હું હવે સંસારમાં જઈશ નહિ; હું સંસાર છોડીને હમણા ઘણીજ સારી રીતે છું. હું આપને છોડીને સંસારમાં જઈશ નહિ, હું અહિંજ રહીને પરીક્ષા આપીશ."

ગુરૂદેવ—"હરનાથ! ડરીશ ના! સંસારમાંની લાલચથી છેટે રહ્યાથી તારૂં મન સારૂં રહેશે, પાપની મોહિની માયાના હાથથી છુટ્યાથી બધા સારા રહી શકેછે, પરંતુ જેઓ પાપમાં રહીને પણ જિતેન્દ્રિય થઈ શકેછે, તેઓ સંસારમાં રહીને પણ આસક્તિ શૂન્ય થઈ શકેછે, તેઓજ સાધનના યોગ્ય પુરૂષ છે. તું કદાચ સંસાર છોડીને સારો રહીશ, પરંતુ જ્યાં સુધી સંસારમાં રહીને પણ તેવો નહિ રહીશ, ત્યાં સુધી ઈશ્વર ધ્યાનના યોગ્ય પાત્ર થઈ શકીશ નહિ; આમાં પુષ્કળ છુપા તત્વો રહેલા છે. જ્યાં સંસારની લાલચ નથી, પાપની મનોહારિણી મૂર્તિ નથી, ત્યાં સર્વે જિતેન્દ્રિય છે; હરનાથ! તેઓ કદી પણ ધર્મના ઉપયુક્ત નથી. જા, સંસારમાં ભય કરીશ મા, ચાર વર્ષ પછી પાછો આવજે."

હરનાથ—"દેવ! આપ પણ મ્હારી સાથે ચાલો, નહિતો મ્હારી પરીક્ષા કોણ લેશે."

ગુરૂદેવ—"તારી પરીક્ષા તારો વિવેક લેશે, હું આવીને શું કરૂં? મેં ત્રણ વર્ષ સંસારમાં ગાળ્યાં છે હવે એક વર્ષ હું પોતાને આસક્તિશૂન્ય રાખવા માટે પર્વત પર જઈશ, તું મને પેલા હિમાલયના શિખર ઉપર શોધીશ તો મારો પતો મળશે."

હરનાથ—"દેવ! આપ મ્હારી સાથે ઘણા દિવસથી છો, આજ પણ શું આપની પોતાની પરીક્ષાના સમયનો અંત આવ્યો નથી."

ગુરૂદેવ—"હું જેટલા દિવસ તારી સાથે હતો, તેટલા દિવસ લાલચથી છેટે હતો, પૂર્વે ત્રણ વર્ષ સંસારની લાલચમાં રહ્યો હતો, એમાંથી એક પણ વર્ષ વૃથા ગુમાવ્યું નથી, બીજું એક વર્ષ બાકી રહ્યું છે તે પૂરૂં થાય તો મ્હારી પરીક્ષાનો અંત આવે.

હરનાથ—"એમાંથી એક પણ વર્ષ વૃથા ગુમાવ્યું નથી, એનો અર્થ શો?"

ગુરૂદેવ—"જે મ્હારા ગુરૂ છે, તેઓએ ઘણો વિચાર કરીને મને ચાર વર્ષની મર્યાદા આપીછે, એ સમય ઘણોજ થોડો છે. તેઓએ કહ્યું હતું કે, આ ચાર વર્ષમાંથી એક વર્ષમાં પણ જો એક દિવસ પણ તારૂં પદસ્ખલન થાય તો તે વર્ષ વૃથા થયું એમ ધારવું."

હરનાથ—"મ્હારા પ્રતિપણ આવીજ આજ્ઞા છે કે?"

ગુરૂદેવ—"તું પણ તેમ કરજે, ભય કરવાનું કંઈ કારણ નથી, મેં ત્રણ વર્ષ લાલચમાં ગાળ્યાંછે એમાં એક દિવસ પણ મ્હારૂં મન ચલાયમાન થયું નથી, હરનાથ ભય શામાટે કરેછે? અગ્રેસર થા."

હરનાથ—"હું કિયે રસ્તે જાઉં?"

ગુરૂદેવ—"જ્યાં પાપની લાલચ ઘણીજ પ્રબલ હોય, ત્યાંથી. પહેલ વેહેલા તારે ઘેર જવું, કારણ કે એ આસક્તિજ સર્વે અનિષ્ટનું મૂળ છે, સંસારની બીજી ચિંતાના કરતાં પોતાના કુટુંબની આસક્તિનું

વિસર્જન કરવું એજ ઘણીજ મુશ્કેલની વાત છે, તું સર્વથી પહેલો ઘેર જા."

હરનાથ—"મેં તો ઘર છોડચું છે, તેમાં વળી ભય શો?"

ગુરૂદેવ—"ઘર છોડયાથી ચાલશે નહિ, ઘરમાં જઈને આસક્તિ શૂન્ય થઈને આવ."

હરનાથ—"કિયે માર્ગે જાઉં તે હું જાણતો નથી."

ગુરૂદેવ—"હું તારી સાથે કેટલેક દૂર સુધી આવીશ ત્યારપછી હું તને ઘેર જવાનો માર્ગ બતાવીશ. જ્યાં તને છોડી દઈશ ત્યાંથી તું વગર હરકતે ઘેર પહોંચીશ."

હરનાથ—"હું હત્યાપરાધથી અપરાધી છું, આ વખતે જો મને પોલીશ પકડે તો?"

ગુરૂદેવ—"તેનો વિચાર કરીશ મા, મનુષ્ય ભવિષ્યની વિપદ્‌નો વિચાર કરીને કદી કામ કરી શકતો નથી; જો તને પકડે તો તારી કેદખાનામાં પરીક્ષાની જગા થશે. જો તારૂં અકાળ મૃત્યુ થાય તો તારી પરીક્ષાનો અંત આવશે, શામાટે ડરેછે? નિર્ભયે જા. ધાર્મિકના શરીરને અડકી શકે એવા જીવ સંસારમાં કોઈ નથી."

આટલું કહીને હરનાથને જોડે લઈને ગુરૂદેવ વસંતપુરની તરફ જવા નીકળ્યા.

પ્રકરણ ૭ મું.

ગુરૂદેવના મંત્રની વ્યાખ્યા.

માણસનું જીવન અધ્યયનની વસ્તુ છે, અધ્યયન કરીને એમાંથી સાર અસાર ગ્રહણ કરવું જોઈએ જેમ હંસ તલાવમાંથી પાણી પરિત્યાગ કરીને પોતાની ખાવાની વસ્તુ લઈને પેટમાં નાખેછે, તેમ મનુષ્યજીવનરૂપી તલાવમાંથી અસાર વસ્તુ પરિત્યાગ કરીને, વાંછિતસાર લેવામાં જેઓ સમર્થ છે, તેઓજ સંસારમાં રહીને ઉત્કૃષ્ટ ઉપકાર મેળવવાને અધિકારી થાયછે; નહિ તો ગંધેડાની પેઠે સ્વચ્છ પાણી અસાર પદાર્થ દ્વારા મેળવીને પોતે પીએછે તેમ સંસારની સાર વસ્તુની આગળ વિશેષ કંઈ ઉપકારજનક જણાતી નથી. તેઓ અથવા જેઓ અમૃતના શિવાય સારવસ્તુ બીજે ક્યાં પણ સોધતા નથી, તેઓની આગળ પુષ્કળ ઉત્કૃષ્ટ સાર પદાર્થ અપરિચિત રહી જાયછે, જેમ મધ એકઠું કરનારી મધમાખી ફૂલનો ભેદ નહિ ગણતાં સર્વ ફૂલમાંથી મધ એકઠું કરેછે, તેમ મનુષ્ય દરેક માણસનું જીવન તન્ન તન્ને કરીને સારાં નરસાનો વિચાર નહિ કરતા કેવળ અમૃત અને સાર વસ્તુ શોધેછે, તેઓજ સંસારમાં ધન્ય થઈ જાયછે, નહિતો સાર વસ્તુ શોધવા જતાં જેઓ અસાર પદાર્થમાં પોતાને ડુબાવી દેછે, તેઓને માટે આ સંસારના ચિરસ્થાયી સુખને

બદલે, ક્ષણિક સુખપ્રદ ચિરસ્થાયી દુ:ખજ અજા-
ણાતા એકઠું કરેછે, તેઓનું જીવન, ઇતર પ્રાણી-
ઓની પેઠે ખરાબ અને મનુષ્યના નામનાં અનુપ-
યોગી પદવિમાં સ્થાપિત થઈને આ લોકમાં પાપના
કીડાની પેઠે કરેછે. સંસારમાં એક જાતના ધાર્મિક
જોવામાં આવેછે, તેઓ કેવળ સાધુઓની રીતિ-
નીતિના પ્રમાણે ચાલેછે. જ્યારે ધાર્મિક અસાધુનો પ-
રિત્યાગ કરેછે, ત્યારે તે સ્વાર્થી થઇને ધિક્કારને પોતા-
નો સોબતી કરીને સ્વર્ગ રાજ્યમાં જવા માટે ઉત્સુક
થાયછે. બીજા એક જાતના ધાર્મિક જોવામાં આવેછે
તેઓ કેવળ પાપીઓની સાથે રહેવાને ઉત્સુક હોય-
છે. સાધુઓની સોબત કરવાની કંઈ જરૂર માનતા
નથી: આ બે જાતના લોકો ઘણાજ ભારી રોગમાં
ફસેલાછે. સર્વેએ યાદ રાખવું જોઈએકે દરેક મનુષ્ય-
જીવનજ અધ્યયનને યોગ્ય છે, એવું કોઈ ધિક્કાર-
વાલાયક જીવન નથીકે જે જીવનમાં બીજા માણસને
શીખવાના યોગ્ય કંઇ પણ મળી શકે નહિ. આપણે
જે જીવનને ઘણુંજ ધિક્કારવાલાયક સમજીએ
છિયે તે જીવનમાં એવા રત્નપૂર્ણ અધ્યાય છે કે તેવા
અધ્યાય ઘણાજ સારા માણસમાં જોવામાં આવતા
નથી; એટલામાટે કોઇને પણ ધિક્કારીને તુચ્છ
કરવો નહિ. સર્વ જીવનમાં પરસ્પરના શિક્ષોપ-
યોગી વિષય રહેલા છે, આ વિશ્વાસ દરેકના મનમાં
દૃઢ થયાથી વગર હરકતે અહંકારના ભયાનક રા-

જયના આધિપત્યથી મનુષ્ય પોતાની રક્ષા કરી શકશે. એક પ્રખ્યાત ધર્મપ્રચારકે કહ્યુંછે કે "પાપને ધિક્કારો, પરંતુ પાપીને ધિક્કારશો ના" આ કહેવું ઘણું સારયુક્ત છે. આપણે ઘણી વખતે પાપને ધિક્કારવાના છલથી પાપીના ઉપર એટલા બધા ક્રોધિત થઈએ છિયે કે તેઓના જીવનમાં રહેલી સાર વસ્તુ ઘણો યત્ન કર્યા છતાં પણ મેળવી શકતા નથી. પાપને ધિક્કાર્યાથી પણ જો પ્રેમના આકર્ષણમાં આપણે પાપી, તાપી, પુણ્યાત્મા સર્વને ઇન્દ્રિયની તાબેદારી પરિત્યાગ કરીને પરસ્પર પરસ્પર મળીએ તો આપણને ઘણોજ લાભ થાય. પાપનો દંડ આપીને પણ ભાઈને પ્રીતિ કરી શકાયછે, જે પ્રમાણે માતા પુત્રના અપરાધની ક્ષમા કરીને ફરી સ્નેહગુણથી સ્તનપાન કરાવીને છોકરાંની રક્ષા કરેછે, તે પ્રમાણે સ્નેહ અને પ્રેમ આપણા હૃદયને પરિશોધિત કરેછે. દરેક જીવનમાં અનુકરણ કરવા જેવું સત્ય છે, તે વિશ્વાસ દૃઢ રૂપે હૃદયમાં ધારણ કરીને, જે દિવસે ભારતવાસી જાતિ, ધર્મ, દેશ, પાપ, પુણ્ય સર્વ વિસરી જશે, અને એક હાથમાં દંડ અને બીજા હાથમાં પ્રેમની વિશ્વ વિસ્તૃત સાંકળ લઈને પરસ્પર જીવન અધ્યયનમાં વિયુક્ત થશે તે દિવસે પરસ્પરમાં સહાનુભૂતિની સુંદર પ્રકૃતિ દેદીપ્યમાન થઈને એક હૃદયના ખેંચાણથી ભારતને ઊંડા પાણીમાંથી કાઢવાને દોડશે, ત્યારે કોઈ પણ સાંકળને

તોડી શકશે નહિ. વિધાતાની આગળ તે દિવસના સુપ્રભાતને માટે અમે કાયમ વાક્યથી પ્રાર્થના કરીએછિયે.

અમે ગુરૂદેવના વિષય આગલ્યા પ્રકરણોમાં વારંવાર કહેતા આવ્યા છિયે કે, તેઓ ઘણાજ વૃદ્ધ હોવા છતાં જ્ઞાનબળમાં મનુષ્ય હૃદયની દુર્દમનીય વૃત્તીઓ વિશેષ રૂપથી જાણતા હતા, વળી એ પણ જાણતા હતા કે એકમેકના જીવનના અધ્યયન શિવાય મનુષ્ય કદી પણ ઉન્નતિ મેળવી શકતો નથી, અને ભારતવર્ષના મનુષ્યોની ઉન્નતિની આશા નથી. તેઓ જાણતા હતા કે, કોઈ કારણથી હિંદુસ્થાનમાં એક ધર્મ સ્થાપિત થતો નથી, તેઓ એપણ જાણતા હતા કે કોઈ વસ્તુની ખોટથી ભારતવાસીમાં ઐક્યતા સ્થાપન થતી નથી. એ સર્વ જાણીને મનમાંને મનમાં પ્રતિજ્ઞા કરી હતી કે જો કદી પોતાને ઠીક કરી શકું તો એક દિવસ લઢાઈમાં પ્રવૃત્ત થઈશ. મનમાં ને મનમાં નક્કી કર્યું હતું કે જો કદી સાધનમાં ફલીભૂત થઈ શકું તો ભારતવર્ષમાં એ સર્વ વાત ફેલાવીશ. ગુરૂદેવનું હૃદય કેવી રીતના પ્રેમભંડારથી પરિપૂર્ણ હતું, તે વાંચનારાઓ હવે પછી જોશે, અમે તેના મંત્રના એક ભાગની વ્યાખ્યા આ પ્રકરણમાં માત્ર અતિરંજિત કરી છે.

પ્રકરણ ૮ મું.

વિસર્જન.

સુરબાળાએ ઘણો યત્ન કર્યો તે છતાં સ્વામીને એક દિવસને માટે પણ દારૂ તથા અસત્ સંસર્ગની મોહિની માયાના હાથથી છોડાવી શકી નહિ, આજ ગુરૂદેવના સાધનાની કૌશલથી, તે સુરબાળાના જીવનનું ધન, સર્વ પ્રકારના આસક્તિના હાથથી મુક્તિની પરીક્ષા આપવા માટે સંસારમાં જાયછે, કેટલી ખુશીની વાત છે. ગુરૂદેવની જોડે ઘર તરફ જવા પછી સુરબાળાની વાત હરનાથના મનમાં આવવા લાગી. સુરબાળાના ઉપર જે નિષ્ઠુર વ્યવહાર કર્યા હતા, તે સર્વ સ્વપ્નપ્રમાણે પોતાના સ્વભાવના એક ખુણામાં કાળી રેખાપ્રમાણે જોવા લાગ્યો. વસંતપુરમાં જેટલા પાપના ચિત્ર અંકિત કર્યા હતા, જેટલી લીલા રમ્યો હતો તે સર્વ રસ્તામાં સ્મરણ આવવા લાગ્યું. સુરબાળાનું સરળ ચિત્ર આજે હૃદયમાં ઘણુંજ આનંદ આપવા લાગ્યું. મનમાંને મનમાં વિચાર કર્યો કે, મેં સરળા કામિનીના હૃદયમાં ઘણું દુઃખ આપ્યું છે, આ વખતે જો એકવાર મેલાપ થાય તો તેને મ્હારૂં આ હૃદય દેખાડીને ઘણોજ સંતોષ મેળવવાને અધિકારી થઈશ, અને સુરબાળા મ્હારૂં આ ચિત્ર જોઈને ઘણીજ ખુશી થશે.

ગુરૂદેવે એટલામાં હરનાથને કહ્યું—"હરનાથ! તેં તારી સ્ત્રીના ઉપર જે પ્રકારના નિષ્ઠુર ભાવથી વ્યવહાર કર્યો હતો, તે શું તને યાદ છે? ઘરમાં જઈને તારી સ્ત્રીની સાથે મેળાપ થયાથી તું શું કહીશ?"

હરનાથ ઘણો શરમાઈને બોલ્યો "શું કરૂં? સુરબાળાની પાસેથી સર્વે અપરાધની માફી માગીશ."

ગુરૂદેવ આવું સરળ બોલવું સાંભળીને ઘણાજ સંતુષ્ટ થયા ત્યારપછી બોલ્યા—"મનુષ્યજીવનનું અધ્યયન કર, તો તેથી તું આનંદિત થઈશ. હજારો ગ્રંથકાર પણ તેની પાસે તુચ્છ જણાશે. તારી સાધ્વી સુરબાળા એક રત્ન જેવી છે; સર્વદા તેની પાસે રહેવાની ઈચ્છા થાયછે. તેં એ રત્નને ચરણમાં મર્દન કરીનેકેવા ખરાબ ચરિત્રની ઓળખાણ આપી હતી. તે વેળાએ મારી વાત તને તુચ્છ જણાતી હતી. તારૂં તે વેળાનું જીવન અને હમણાના આ જીવનની તુલના કરીને ઈશ્વરની આગળ કૃતજ્ઞ થા."

હરનાથ—"હવે મને આગળ્યા જીવનની વાત યાદ કરાવશો ના, હું મૃતવત્ થયોછું; જ્યારે સુરબાળાની વાત યાદ આવેછે, ત્યારે નિમેષમાં તેની પાસે જઈને માફી માગવાની ઇચ્છા થાયછે. આપ હવે મને કષ્ટ આપશો ના; સુરબાળાની વાત મનમાં આવ્યાથી ઘણુંજ દુઃખ થાયછે."

આવી રીતે બંને જણા નાનાપ્રકારની વાતો કરીને સમય ગાળતા હતા. યથા સમય તેઓ કલકત્તામાં

પહોંચ્યા; ગુરૂદેવે કલકત્તામાં આવીને બીજી જગાએ જઈશ એવું પ્રથમથી ધાર્યું હતું, દૈવયોગે એક ઓળખીતા માણસની સાથે મેળાપ થયો. હરનાથે તેને ઓળખ્યો, તે તેનો ગુમાસ્તો હતો. ગુમાસ્તાની પાસેથી ઘરની ખબર મેળવવા માટે તેને પૂછ્યું "તમે હાલ ક્યાં રહોછો?"

ગુમાસ્તો—"હું હમણા ગંગાના યાત્રીઓને લઈને કલકત્તામાં આવ્યો છું. આપણા ગામના ઘણા માણસો આવ્યાછે, આપ ક્યાંથી આવ્યા?"

હરનાથ—"મ્હારી વાત પછી કહીશ, તમને હું જે પૂછું તેનો પહેલાં જવાબ આપો. તમે હમણા શું કામ કરોછો?"

ગુમાસ્તો—"હરગોવિંદને ત્યાં છોકરાંને ભણાવવાનું કામ કરૂંછું."

હરનાથ—"મ્હારા ઘરની શું કંઇ ખબર જાણો છો?"

ગુમાસ્તો—"હા, સર્વ જાણુંછું. શું આપ સાંભળવા ઈચ્છો છો?"

હરનાથ—"મ્હારા વિષયની અવસ્થા કેવા રીતની છે?"

ગુમાસ્તાએ લાંબો નિસાશો નાખીને કહ્યું "આપે શું કંઈ વિષય રાખ્યો હતો? સંપત્તિનું લીલાંવ થઈ ગયું છે."

હરનાથ—"કેમ લીલાંવ થયું?"

ગુમાસ્તો—"ગયલા જીવનને યાદ કરો. જ્યારે આપ ઘરમાંથી નીકળીને જતા રહ્યા, ત્યારે વીશ હજાર રૂપીઆનું કર્જ આપે આગળથી કરેલું હતું તે શું યાદ છે? આપની માતાના મૃત્યુનાં મુકદ્દમામાં બીજા ત્રણ હજાર રૂપીઆ કર્જ થયા હતા. ચાકર વગેરેનો લગભગ બે વર્ષનો પગાર બાકી હતો. આપના ગયા પછી સરકારમાં કર આપવાને કંઈ પણ ઘરમાં નહોતું. નાયેબ વગેરે સર્વ મુકદ્દમામાં ફસેલા હતા. આપની સ્ત્રીએ રૂપીઆ કર્જ લેવાનો ઘણો યત્ન કર્યો પણ ક્યાંથી પણ કર્જ મળ્યું નહિ."

આટલી વાત પૂરી થતામાંજ હરનાથ બોલ્યો "કેમ અમરીન્દ્રે શું વિશ્વાસઘાતકનું કામ કર્યુંછે કે? તેને મેં વીશ હજાર રૂપીઆ કર્જ આપ્યા હતા, તે શું પાછા આપ્યા નહિ?"

ગુમાસ્તો--"શું કર્જ આપ્યું હતું? કંઈ ખત મળ્યું નથી, તો પણ આપની સ્ત્રી તેમની પાસે ગયાં હતાં, તેઓએ રૂપીઆની વાત એકીવારે અસ્વીકાર કરી; આપની સ્ત્રીએ તેની પાસેથી કર્જસ્વરૂપ કેટલાક રૂપીઆ માંગ્યા હતા, તેના ઉપર તેઓએ કંઈપણ ધ્યાન આપ્યું નહિ.

હરનાથ—"અમરીન્દ્ર નરપિશાચ! તારે માટે મેં ઘણુંજ કર્યું છે! શું વિજયકૃષ્ણે પણ ધર્મને વિસર્જન કર્યો?"

ગુમાસ્તો—"હવે એ વાત ન બોલો તો સારૂ, આપના સગાવહાલાની ઓળખાણ મળીછે; વિજયકૃષ્ણ એક દિવસે દારૂ પીને આપની સ્ત્રીને બળપૂર્વક પકડવાને આવ્યો હતો."

હરનાથનું શરીર ધીરે ધીરે ગરમ થવા લાગ્યું, હાથ પગ ધ્રુજવા લાગ્યા, અને બોલ્યો "શશીકિશવ"

ગુમાસ્તો—"શશીકિશવે દગલબાજી કરીને આપની સંપત્તિ વેચાતી લીધીછે, તેની વાત હવે મ્હારી આગળ કરશો ના; તેના જેવો ખોટો ધાર્મિક બીજો આ વિશ્વબ્રહ્માંડમાં નથી. પરંતુ તેની વાત સાંભળીને હવે આપ શું કરશો? આપના ખજાનચીએ સરકારમાં કર આપવાનો બંદોબસ્ત કરવાની તજવીજ કરી; પરંતુ શશીકિશવે રાતે તેની છાતીમાં ખંજર ભોકીને મારી નાખ્યો."

હરનાથ એ સર્વ સાંભળીને ધ્રુજવા લાગ્યો, ગરમ લોહી સહન કરીને બોલ્યો, "હવે એ વાત પડતી મૂકો સંસારના સર્વ સગાવહાલાને ઓળખ્યા, સંપત્તિ જતી રહીછે તે જવાદો, સંપત્તિ લઈને શું કરૂં? હવે કહો મ્હારી સુરબાળા ક્યાં છે?"

ગુમાસ્તાની આંખમાં પાણી ભરાઈ આવ્યા અને બોલ્યો—"તેની વાત કહેતાં મ્હારૂં હૃદય ભરાઈ આવેછે અને હૃદયના ટુકડા થાયછે. જ્યારે સ્થાવર જંગમ સર્વનું લીલાંવ થઈ ગયું, ત્યારે તેઓ ગામના દરેક માણસની પાસે જઈને કહેવા લાગ્યાં,

'મને થોડી રહેવાની જગા આપો, મ્હારા ઉપર સઘળાએ જુલમ ગુજારેછે, હું હવે તે સહન કરી શકતી નથી, મ્હારો ઉપાય નથી.' આ વાત સાંભળીને ગામનાં કોઈ પણ માણસોએ તેઓને આશ્રય આપ્યો નહિ સર્વે કહેવા લાગ્યા પાપીની લાલચને કોણ ઘરમાં સ્થાન આપે ? આવું લોકોના મ્હોંથી સાંભળીને તેઓ ક્યાં જતા રહ્યા તેનો પતો હું જાણતો નથી, ગામના માણસો જાહેરરીતે તેઓના સ્વભાવની કાલિમા રસ્તે રસ્તે જાહેર કરતા ફરેછે. સર્વ કહેછે કે તેઓને કોઈ પાદરીએ ખ્રિસ્તી ધર્મમાં દીક્ષિત કરી છે."

હરનાથ—"શું સુરબાળા ઘરમાં નથી ? શું કહો છો, સુરબાળાને તમે આશ્રય આપી શક્યા નહિ."

ગુમાસ્તો—"જ્યારે તેઓ નાશી ગયા ત્યારે હું બીજા ગામમાં હતો."

હરનાથનું હૃદય કેવી રીતનું અસ્થિર થયું હતું તે તેણે જાણ્યું. આખો દિવસ તેને કેવું દુઃખ થયું હશે તે કોઈએ જાણ્યું નહિ. આખી રાત આંખમાંથી આંસુની ધારા પડીને અજાણતા ગાલ ઉપર સુકાઈ ગઈ. તે આંસુ પડવાં કેટલું વિષાદનું ફળ છે, તે પૃથ્વીમાં બીજા કોઈએ જાણ્યું નહિ. બીજે દિવસે સવારે ગુરૂદેવની પાસે સર્વ વાત કરી : કેવળ ગુરૂદેવ એક લાંબો નિશ્વાસ મૂકીને બોલ્યા—"મનુષ્યને એ સર્વ સહન કરવું જોઈએ, કારણ કે મનુષ્ય એક

હાથમાં દંડ અને બીજા હાથમાં પ્રેમ લઈને કોઈને પણ શાસન કરી શકતા નથી : ઈશ્વરને એ સર્વ સંભવેછે. તે પાપની સજા આપેછે, તેના ન્યાયથી કોઈ પણ છુટનાર નથી. પરંતુ બીજી બાજુએ તે પાપીને પણ પ્રેમમાં બાંધીને અલૌકિક મહત્ત્વની ઓળખાણ આપેછે. એ સર્વ ગુણ તેમાંજ કેવળ શોભા આપેછે, આપણે સંસારના કીડા છિયે, સજા આપતી વેળાએ ક્રોધમાં ઉત્તેજિત થઈને પ્રેમને વિસારી મૂકીએછિયે; ટુંકામાં આપણે સર્વ સહન કરવું જોઈએ. સહન કરો—પરંતુ તારી સુરબાળાને ભૂલિશ મા, સુરબાળાનું જીવન તારા જીવન કરતાં હજારોગણું ઉન્નત છે."

હરનાથ બોલ્યો—"મેં અતિ કષ્ટમાં સર્વ સહન કર્યું છે—આંખમાંના આંસુ અતિકષ્ટથી લુછી નાંખ્યા છે. હું આજે આપણી પાસેથી વિદાયગિરી લઈશ. આ કલંકિત મુખ હવે આવી અવસ્થામાં દેખાડવાની ઈચ્છા યતી નથી. આપની સાથે પેલા પર્વત ઉપર મેળાપ થશે."

ગુરૂદેવ—"જા ત્યારે બેટા! નિર્ભયે સંસારને આલિંગન કર, લાલચને હૃદય બિછાવીને બેસાડ. આવી રીતે જો જિતેન્દ્રિય થઈ શકે તો મને મળજે."

હરનાથનું હૃદય ચમક્યું ત્યારપછી બોલ્યો,—નહિ તો! જો તેવી રીતે જિતેન્દ્રિય થઈ નહિ શકું તો

શું આપનું દર્શન મેળવી શકીશ નહિ? હું આપના ઉપદેશ શિવાય શું રહી શકીશ?"

ગુરૂદેવ—"જો કદી પણ તરંગ અથવા ભયથી ભયભીત થાય તો નિઃસંદેહ ચિત્તથી મ્હારી પાસે આવજે. આવીશ તો હું યથાસાધ્ય ઉપદેશ આપીશ."

હરનાથ—"શું આપ એક વર્ષ પછી પર્વત ઉપર જશો?"

ગુરૂદેવ—"એક વર્ષ પછી જઈશ, પરંતુ બરાબર કંઈ કહી શકતો નથી; તોપણ આટલો નિશ્ચય છે કે એક વર્ષપહેલા જઈશ નહિ."

આટલું કરીને હરનાથ ગુરૂદેવના ચરણમાં પ્રણિપાત કરીને ઈચ્છાનુસારે એક તરફ ચાલ્યો.

ગુરૂદેવે હરનાથના જવાના માર્ગ ઉપર એકી નજરે જોયું તો જણાયું કે સુરબાળાના અદર્શને, હરનાથના મનને સંસારના આકર્ષણથી છિન્ન કરી નાંખ્યું છે; તે સમજ્યા કે, એક દિવસે હરનાથ ખરેખર પોતાના જીવનને ધર્મના સ્રોતમાં તણાવશે. આ સર્વ ભાવને મનમાં આણીને તેઓનું મન કેવું ઉત્કંઠિત થયું હતું, તેનું અમે વર્ણન કરવાને અસમર્થ છિયે. તેઓએ બીજે દિવસે પોતાનું જીવન ફરી લાલચના સ્રોતમાં તણાવ્યું.

ખંડ ૩ જો.

પ્રકરણ ૧ લું.

સોતની તરફ.

વાંચનાર પહેલા ખંડમાં પેહેલા પ્રકરણમાં જે છબી જોઈ હતી તે શું યાદ છે? અતિ કષ્ટથી, મનના દુઃખથી સુરબાળા પોતાનું ઘર છોડીને જતી રહીછે, તેનું દુઃખ કોઈએ જાણ્યું નહિ, કોઈએ તેના મનનું દુઃખ જાણીને જરા પણ મદદ કરી નહોતી, અડધી રાત્રે તેણે અતિ કષ્ટથી શરીર ઉપરના ઘરેણાં તેમજ વસ્ત્ર કાઢીને, માથા ઉપરનો વાળનો મ્હોટો ચોટલો છોડયો, પળવારમાં વાળથી તેના શરીરનો એક ભાગ ઢંકાઈ ગયો, કપાળ ઉપરનો સિંદુરનો ચાંદલો પોતાના કપડાંથી લુછી નાંખ્યો. પ્રથમથીજ એક ગેરવું વસ્ત્ર કરી રાખ્યું હતું, આજે વગર હરકતે પહેરેલું કપડું છોડીને તે ગેરવું વસ્ત્ર પહેર્યું. એ સર્વ કામ કરતી વેળાએ સુરબાળાની બાલ્યકાળની સખી કુન્દબાળાએ જે વાતો પૂછી હતી તે અમે પ્રથમ લખી ગયા છિયે. સુરબાળાએ વસંતપુરના સઘળા સગાંવહાલાંનું મન સમજી લીધું હતું, અને તે જાણતી હતી કે હવે મને કોઇ પણ મદદ કરશે નહિ.

તેથી તે રાતની વખતે નીકળી હતી તે તો નાશી ગઇ પરંતુ કુન્દબાળા શૂન્ય પડેલા ઘરમાં રહીને શું કરે?

કુન્દબાળા એક ગરીબ કાયસ્થની વિધવા કન્યા હતી, સુરબાળાના માબાપના આશ્રયથી તે પ્રતિપાલિત થઈ હતી. સુરબાળા અને કુન્દબાળા બાલ્યકાળથી સગી બ્હેનની પેઠે રમતાં હતાં; તે વખતથીજ બન્નેમાં પ્રીતિ ઉત્પન્ન થઈ હતી. કાળે કરીને જ્યારે સુરબાળાનો વિવાહ થયો ત્યારે કુન્દબાળાનું મ્હોં મલિન થયું, કુન્દબાળાએ માતાને મનનું દુઃખ જણાવ્યું. તે સુરબાળાની માને મા કહીને બોલાવતી હતી. માએ કહ્યું, "સુરને તો હવે પાણીમાં નાખી દેવા ઈચ્છતી નથી. તારી મરજી હોયતો સુરની સાથે જા, ત્યાં તને સુર ઘણા યત્નની સાથે રાખશે." કુન્દબાળા આ વાત સાંભળીને ઘણીજ ખુશી થઈને સુરબાળાની સાથે સુરબાળાના સ્વામીને ઘેર ગઈ. ત્યારથી કુન્દબાળા સુરબાળાની સાથે રહેતી હતી. જ્યારે સુરબાળા પોતાના પિતાને ઘેર જતી હતી, ત્યારે કુન્દબાળા પણ ત્યાં જતી હતી, પાછી સુરબાળાની સાથે સુરબાળાને સાસરે જતી, કુન્દબાળાનું આ દુનિયામાં બીજું કોઈ નહોતું, સગાં વહાલાંમાં, મિત્રમાં. ભાઇ બ્હેનમાં ફક્ત સુરબાળાજ હતી; સુરબાળાની અકૃત્રિમ સખા કુન્દ હતી. અજવાળી રાત્રે સુરબાળા અને કુન્દ ઘર છોડીને ચાલ્યાં ગયાં, પણ તે ક્યાં ગયાં? સુરબાળા જાણતી

હતી કે હું હવે આજન્મમાં પાછી આવીશ નહિ, કુન્દ વિશેષ કંઇ જાણતી નહોતી, કુન્દ એટલુંજ મનમાં ધારતી હતી કે, સુરબાળાના પગ દુખશે એટલે તે પાછી ફરશે, ઘણી દૂર ગઈ, એક પછીએક ગામ ગયાં, ઘણાંક મેદાન વટાવ્યાં, સુરબાળાના હાથમાં સોખંડનો ત્રિશુલ હતો, ઘણેક દૂર જઈને એક તલાવને કિનારે ઉભી રહી, ત્યારપછી કુન્દને કહેવા લાગી, "જો આ કેવી મઝાની જગા છે. તને આ તલાવપરની વાત શું યાદ આવેછે?"

કુન્દ—"હા, એકવેળાએ ઘેરથી વસંતપુરમાં આવતી વેળાએ આપણી પાલખી આ જગાએ ઉભી હતી, તું અને હું આ તળાવમાં નાહાવા ગયાં હતાં."

સુરબાળા—"બીજું કંઈ યાદ આવેછે."

કુન્દ—"હા, આ રસ્તે એક વખતે જવાની વેળાએ અહિં એક છોકરી રોતી હતી, તેં તેના આંખમાંનાં આંસુ લુછયાં હતાં. તેં તેને સ્વામીઘરની ઘણી સુખની વાતો કહી હતી."

સુરબાળા—"આજ તે મળત તો હું કહેત કે, આવ બહેન, તારી સાથે રડું છું, બાલ્યકાળની રમત ગમત છોડીને શા માટે સ્વામિને ઘેર જાયછે? પૃથ્વીમાં બાલ્યકાળની રમતના જેવું બીજું સુખદાયક કામ કંઈજ નથી. કુન્દ! બીજું કંઈ યાદ આવેછે."

કુન્દ—"હા, એક દહાડે એક સ્વામીએ તજેલી સ્ત્રી અહિં બેસીને રોતી હતી, અને સ્વામીને ઘણો તિરસ્કાર તથા ગાળો દેતી હતી, તે તેને ઘણી સમજાવી અને તું બોલી હતી કે આપણાજ દોષથી આપણે સ્વામીનું મન વિરક્ત કરીએ છિયે નહિ તો સ્વામીના જેવી વસ્તુ આ દુનિયામાં બીજી કોઈ નથી; એ સર્વ યાદ છે."

સુરબાળા—"આજ જો તે મળત તો હું કહેત કે બ્હેન તારી સાથે આવુંછું, આજ જરા રડુંછું."

કુન્દબાળા—"તું ક્યાં જાયછે? કહે, શું તું ઘેર જઈશ નહિ?"

સુરબાળા—"જો ઘરમાં જવું હોત તો આવો પોશાક પહેરત નહિ."

કુન્દબાળા—"તો આવી વાત શા માટે બોલેછે?"

સુરબાળા—"શા માટે? તે તું જાણતી નથી, મ્હારાં હૃદયમન અસ્થિર થઈ પડ્યાં છે, ચાલ આપણે આ પથ્થર ઉપર જઈને બેશીએ.

કુન્દબાળા ઘણું ચાલી શકતી ન હોતી આટલી દૂર આવ્યાથી તે ઘણીજ થાકી ગઈ હતી, સુરબાળાએ જ્યારે કહ્યું ચાલ બેશીએ, ત્યારે કુન્દ જલદીથી જઈને પથ્થર ઉપર બેઠી. સુરબાળા ધીરે ધીરે પથ્થરની એક બાજુએ બેઠી, બેશીને લમણા ઉપર ડાબો હાથ મૂકીને થોડીવાર પછી સુરબાળા ગાવા લાગી—

(ચોપાઇ ત્રણ તાલની.)

"ઓખા કહેછે તે સુણ્ય સાહેલી"--એ ચાલની.

" હસે ચંદા નભમાં ચારુ,
રૂવે આંહિયાં હઈડું મ્હારૂં;
કેમ સ્હેવાય એ દુઃખ, બ્હેની?
કેમ ભૂલાય એ તો કહેની? ૧
જાઉં ભૂલી ઘણું મન થાય,
તોય તે ન ઘડી વીસરાય;
મલયાનિલ મધુરા વાય,
અને હા હઇડું બળિ જાય. ૨
નવ મેં તો એ સ્હેવાય,
હવે જીવનનો શો ઉપાય?
કેમ દૂખડું પાડું વિસારે?
પૂછું તુજને સખી! વારવારે. ૩

સુરબાળાએ આટલે સુધી ગાયું ત્યારપછી ગાયું નહિ, મનમાં કંઈ વિચાર આવ્યાથી બોલી, "ચાલ કુન્દ તને આપણા ઘર તરફ પહોંચાડી આવું."

કુન્દબાળાની આંખમાંથી આંસુ પડતાં હતાં, એકદમ સખાનો ભાવ બદલાયલો જોઈને બોલી, "સખિ! મને મૂકીને તું ક્યાં જઈશ?"

સુરબાળા—" હું ઘણી દૂર જઇશ, ઉત્તર તરફના પહાડની વાત તેં સાંભળી છે, તેનાથી પણ દૂર, તું ઘેર જા, મ્હારી સાથે તું આવી શકીશ નહિ.

કુન્દ—"કેમ સખિ? તું પણ ઘેર ચાલ. ઘેર ગયાથી મા ઘણીજ ખુશી થશે."

સુરબાળા—"તું શું ઘેલી થઈછે? હું જો ઘેર આ-વવા ઇચ્છતી હોત તો આવો પોશાક ધારણ શામાટે કરત?"

કુન્દબાળા—"ત્યારે આ પોશાક ઉતાર."

સુરબાળા—"સંસારની કઇ વસ્તુની ઈચ્છાથી એ છોડું? સંસારને શું આજ પણ ઓળખવા પામી નથી?"

કુન્દબાળા—"તેં શું ઓળખ્યું છે. ફક્ત ક્લેશનો બોઝો માથા ઉપર ઉઠાવ્યો છે તેજકની, સુખની કદર તું શું જાણેછે? સંસારની કઈ વસ્તુ તેં જોઈછે?"

સુરબાળા "જે જોયુંછે, તેનીજ વાત કહુંછું, જે જોયું નથી, તેની વાત શું કહું?"

કુન્દબાળા—"જે જોઉંછું, તેમાં એવી કંઈ વસ્તુ નથી, જેને માટે તું આ વેશ છોડી શકે?"

સુરબાળા—"મને તો કંઈ યાદ આવતી નથી."

કુન્દબાળા સાંભળીને ઉભી થઈ ત્યારપછી સુર-બાળાનો હાથ પકડીને બોલી "ચાલ સખિ! માને સર્વ કહ્યા પછી તેઓ તારા વરને શોધવા માટે મા-ણસ મોકલશે."

સુરબાળા—"તું જા, તું માને કહેજે, તારા બને-વીને લઈને રહેજે, હું તારા બનેવીને લઈને શું કરૂં? હું જેની શોધને માટે બહાર પડીછું, તે હજારો તારા

બનેવી એકઠા થાય તોપણ મને તે આપી શકશે નહિ. તું ઘેર જા."

કુન્દબાળા—"તેમ જો ખરેખર હોય તો તારા મનમાં આટલું કષ્ટ શામાટે થાય?"

સુરબાળા—"તે તું કેમ સમજીશ? સંસારનું ઝેર કદી પણ ઈચ્છા કરીને તો કોઈ મ્હોંમાં નાખતા નથી, તું તે વાતમાં શું સમજીશ, તે ઝેરની જવાળાના હાથથી છુટવું કેટલું કષ્ટદાયક છે. મેં ઘર છોડયું, તેથી શું હું કષ્ટ પામું છું?"

કુન્દબાળા—"ત્યારે શામાટે?"

સુરબાળા—"હું જીવનનાં સઘળાં ચિત્ર મનમાંથી ભુસી નાખવામાં પ્રવૃત્ત થઈછું. આટલા દિવસસુધી જ્યાં આદરથી જે ચિત્રને રાખ્યાં હતાં, આટલા દિવસ મનને જે સારૂં સમજી હતી, આજ તે સર્વ ભાગીને ચૂર્ણ કરૂંછું, આજ મનને બીજે માર્ગે ચલાવવાનો યત્ન કરૂંછું, આટલા દિવસ સુધી જેમાં હૃદય તૃપ્તી પામતું હતું, આટલા દિવસ સુધી જેને ચાહતી હતી, તે સર્વને લુછી નાંખવામાં ઘણુંજ દુઃખ થાયછે! તેં કદી પણ સંસારના ઝેરથી હૃદયને રોગવાળો કર્યો નથી, તું રોગથી મુક્ત થવાની વખતે દુઃખ શી રીતે સમજે?"

કુન્દબાળા—"તેં આટલા દિવસસુધી પ્રેમથી હૃદયમાં રાખ્યું છે, તે એકદમ આજે શા માટે કહાડી નાખેછે?

સુરબાળા—"આટલા દિવસ પછી સાર અસાર સમજી છું, આટલા દિવસ પછી જે સારૂં લાગતું હતું, તે અસાર વસ્તુ છે, અમૃત સમજીને ઝેરને આટલા દિવસ સુધી હૃદયમાં પોષણ કરી રાખ્યું હતું, હવે સર્વ સમજી છું; તેથીજ અસાર વસ્તુ હમણાં ભુંસી નાંખવાનો યત્ન કરૂં છું."

સુરબાળાએ ત્યારપછી બહુ ભય દેખાડીને કુન્દબાળાને ઘેર મોકલી દીધી ત્યારપછી પોતે ધારેલા માર્ગ ઉપર પોતાના જીવનને છોડી દીધું.

પ્રકરણ ૨ જું.

આ ચિત્ર એથી પણ વધારે સુંદર છે.

સુરબાળાએ પ્રેમની સાંકળને ખેંચી લીધી, પરંતુ તેનો સુંદર પક્ષી જૂદાઇથી બળવા લાગ્યો. ગુરૂદેવની પાસેથી શાન્તમનથી હરનાથે વિદાયગીરી લીધી, પરંતુ મનુષ્યહૃદયના ગુપ્ત સ્થાનમાં જે દુર્દમનીય હિંસારિપુ રહેછે, તે મનુષ્યને થોડીવારમાં છોડી મૂકતો નથી; હરનાથે એક દાહાડે જેઓને પોતાના મિત્રો સમજીને હૃદયપૂર્વક આલિંગન કર્યાં હતાં, તેઓનાં ખરાબ આચરણે અને સુરબાળાના પ્રત્યે અનાચારે તેને ઘણોજ બુઝાવી નાખ્યો. પ્રતિહિંસા લેવી એ ગેર ઈનસાફવાળું કામ છે ખરૂં, પરંતુ તે વિવેચનથી ચલાયમાન થઇને બદલો લેવાની

વૃત્તિને એકીવારે હૃદયમાંથી દૂર કરી શક્યો નહિ, તે ગુપ્તરીતે આ રિપુને મનમાં પોષણ કરીને ઘર તરફ જવા લાગ્યો.

ઘેર જઇને સમજ્યોકે, તેના આગલ્યા મિત્રો અમરીન્દ્ર વગેરે ખરેખર તેના શત્રુ થયાછે, તે ઘરમાં કોઇની પાસે પણ આદર પામ્યોનહિ, એક દિવસે એક વિશ્વાસી માણસની પાસેથી સાંભળ્યું કે, તારા મિત્રો તેને પકડાવવાનો યત્ન કરેછે. પેલા ગુમાસ્તાએ જે કહ્યું હતું, તે સર્વ હવે પોતાની આંખે જોયું. શું કરવું, સંસારી લોકોની જોડે તેને કોઈ જાતનો ખરાબ વ્યવહાર કરવાની ઈચ્છા થઈ નહિ; વિશેષ વિચાર કરીને જોયું કે, વૈષયિક બુદ્ધિની ચતુરભરેલ જાળ તોડવી એ કંઈ રમત વાત નથી, એનો વિચાર કરીને તેણે લાંબો નિઃશ્વાસ મૂકી ઘર છોડચું. ત્યારથી સંસારના ઉપર તેનો અન્તરની સાથે તિરસ્કાર છુટ્યો; તે સઘળા જાતની લાલચના હાથથી બચવા માટે, ગુરૂદેવના નિર્દિષ્ટ પર્વત શિખરપર જવા નિકળ્યો. ત્યાં પહોંચ્યો પણ ગુરૂદેવની સાથે મેળાપ થયો નહિ, તે નિરાશ મનથી પર્વતની ગુફામાં ફરીને દિવસ ગાળવા લાગ્યો. ઘર છોડચા પછી પોતે સંન્યાસીના નામથી ઓળખાણ આપવા લાગ્યો, મંત્ર લેવાની વેળાએ તેના ગુરૂદેવે તેનું હરિનારાયણ નામ પાડચું હતું, તે પોતાને 'હરિનારાયણ' નામથી ઓળખાણ આપતો હતો. સંન્યાસીના

જીવનનું પહેલું પ્રકરણ અમે ટૂંકામા બતાવ્યું. બીજું પ્રકરણ પહેલા ખંડમાં બતાવ્યુંછે ત્રીજું પ્રકરણ ટૂંકામાં પુસ્તકના અંતના ભાગમાં બતાવીશું.

ગુરૂદેવનું નામ ગુણરામ સ્વામી હતું, તેનું રહેઠાણ કાશીમાં હતું; હરનાથનો પિતા એકવાર કાશીમાં જઈને ઘણોજ વિપદમાં પડ્યો હતો, તે સમયે ગુણરામ સ્વામીએ તેને વિપદમાંથી મુક્ત કર્યો હતો. ઘરમાં પાછા આવતી વેળાએ તે સ્વામીજીને પોતાની જોડે વસંતપુરમાં લાવ્યો; એ તેને ગુરૂદેવ કહીને બોલાવતો હતો, અને ખરેખર ગુરૂદેવની પેઠે ભક્તિ અને શ્રદ્ધા કરતો હતો. હરનાથના પિતાનું મરણ થવાની વેળાએ ગુરૂદેવના હાથમાં હરનાથને સોંપીને મરણ પામ્યો હતો, હરનાથ સ્વામીજીનો ઘણો પ્યારો હતો. હરનાથની આગળથી છેલ્લી વિદાયગીરી લઈને સ્વામીએ ઘણીક જગાએ મુસાફરી કરી હતી. જીવનની ઉત્કર્ષ સાધના માટે તેઓ દરેક મોહોલ્લામાં દરેક ઘરમાં જરા જરા વખત રહેતા હતા, પૂર્વ બંગાળ અને પશ્ચિમ બંગાળ તેઓએ પહેલેથી ફરી લીધું હતું, આ ટૂંકા સમયમાં તેઓ ઉત્તરપૂર્વમાં ફરવા ગયા હતા. તેઓ જયાં જતા હતા, ત્યાં સર્વ તેમને આદરથી ગ્રહણ કરતા હતા; તેમનું હૃદય પ્રેમથી બન્યું હતું, પ્રેમની મોહિની શક્તિથી તેઓ સર્વના મનને ખેંચતા હતા, આવીરાતે મુસાફરી કરતાં એક વર્ષ ચાલ્યું ગયું, લાસચથી તેઓ

જય પામ્યા. હું હવે પર્વત ઉપર ચઢીને યોગસાધનામાં નિયુક્ત થઈશ, એવું મનમાં નક્કી કરીને ઉત્તર તરફ જવા લાગ્યા, રસ્તામાં એક ન્હાનું ગામ નજરે પડ્યું, તે ગામ જોવાની ઈચ્છા થઈ, તે ગામમાં રહીને બીજા ગામની પેઠે ઘણો ઉપકાર મેળવ્યો, બીજો એક વિષય જાણ્યાથી તેઓ ઘણાજ આનંદિત થયા.

તેઓએ ગામના દરેક માણસોની આગળથી એક સ્ત્રીની પ્રશંસાની વાત સાંભળી. સર્વે કહેવા લાગ્યા.—આ ગામમાં ત્રણ વર્ષ થયાં એક સંન્યાસિની આવીછે, સંન્યાસિની રાત્રે એક મ્હોટા વડની છાયામાં બેસીને યોગ ધ્યાન કરેછે, અને આખો દિવસ ગામના લોકોઉપર ઉપકાર કરતી ફરેછે; તેઓ પણ સાંભળીને આશ્ચર્ય પામ્યા કે, સંન્યાસીની પાસે પૈસો ટકો કંઈ નથી. તોપણ ગામના બધા માણસો તેના ઋણી છે; બધા તેને અન્તરથી ચાહે છે. રોગીની સેવાચાકરી કરવી, વૃદ્ધ માણસોની પગચંપી કરવી, શોકથી બળેલા આત્માને શાન્ત્વના આપવી, સતીને પતિભક્તિ શિખાડવી, પતિને સ્ત્રીની કોમળ પ્રકૃતિનો ભાવ સમજાવીને પત્નીના ઉપર અકૃત્રિમ સ્નેહ દેખાડવો જોઇએ એવા ઉપદેશ આપવા, મુસાફરોને પાણી પાવું, બાલિકાઓને નીતિનું શિક્ષણ આપવું, બાળકોને શિખામણ દેવી વગેરે ઉત્તમ કામમાં તેનો દિવસ જાયછે, ખેડુત, ધનવાન, ગરીબ, મૂર્ખ, જ્ઞાની, મુસલમાન, ચંડાલ, બ્રાહ્મણ, શૂદ્ર સઘળાના

ઘરમાં સમાન યત્નની સાથે, પોતાનું કર્તવ્ય પાલન કરેછે, તેઓએ એ પણ સાંભળ્યું કે, આ ગામની માતૃવગરની માતા છે, પિતૃ વગરનો પિતા, બ્હેન વગરની બ્હેન, પત્ની વગરની ભાર્યા, સ્વામી વગરનો સ્ત્રીનો સ્વામી, મૂર્ખનો શિક્ષક, રોગીનો વૈદ્ય, મિત્રરહિતનો બંધુ, બાળક બાળિકાનો ઉપદેશક છે. ગામના તમામ લોકો સંન્યાસીનીને હૃદયની સાથે ચાહેછે; કોઈ પણ તેની સલાહ લીધાવગર કદી પણ કંઈ કામ કરતાં નથી. સંન્યાસિની ગામના દરેક ઘરમાં એક વેળાએ ફરતી ફરે છે, પરંતુ કોઈને ત્યાં જવાનો મુકરર સમય ન્હોતો. સંન્યાસિનીના આ સર્વ ઉત્તમ ગુણની વાત સાંભળીને ગુણરામ સ્વામી તેના વિષયમાં વિશેષ તપાસ કરવામાં પ્રવૃત્ત થયા; પરંતુ સંન્યાસિનીની વિશેષ કઇ વાત કોઈ કહી શક્યા નહિ. સઘળાઓએ કહ્યું કે તેઓ પોતાનો પૂર્વ વૃત્તાન્ત કોઈની પાસે પણ કહેતાં નથી; તેઓને પૂછ્યાથી કહેછે કે—" ભાઈ! મને આ સર્વ વાત પૂછ્યાથી તેનો જવાબ મ્હારીપાસેથી મળશે નહિ; શા માટે મ્હને તમારા ચરણમાં અપરાધી કરોછો? મ્હને કંઈ પૂછશો ના."

સંન્યાસિનીના સંબંધમાં કંઈ નહિ જાણ્યાથી તેઓ ઘણાજ દલગીર થયા, સંન્યાસિનીનો મેળાપ કરવાની ઘણીજ ઈચ્છા થઈ. પરંતુ મેળાપ ક્યાં થાય? તેઓ જ્યારે એક ઘરમાં જાયછે, ત્યારે સં-

ન્યાસિની બીજી જગાએ પોતાના કામમાં કદાચ લાગેલી હોય, જ્યાં રાત્રે બેશીને તે ધ્યાન કરતી હતી ત્યાં પ્રાણ જતાં પણ ગામના રહેવાસીઓ કોઈને જવા દેતા ન હોતા, કારણકે, સંન્યાસિનીએ કહી રાખ્યું હતું કે, "જે દહાડે મ્હારા ધ્યાનની વેળાએ મ્હારી પાસે મનુષ્ય આવશે તે દિવસે હું આ ગામ છોડીને જતી રહીશ." ગુણરામ સ્વામીએ જોયું કે, કોઇ રીતે લાલચ આપીને પણ લોકોને વશ કરી શકાય તેમ નથી. કોઈ પણ તે જગાપરની વાત કહેતા નથી; બીજું એ પણ જાણ્યું કે રાત્રે ગામના રહેવાસીઓમાંથી કેટલાક ચોકીદાર થઈને માર્ગમાં ઉભા રહે છે, પ્રાણ જાય તો પણ કોઈને રાત્રે તે જગાએ જવા દેતા નથી. છેલ્લી વારે એક જાતની નીરાશા થઈ અને ઘણાકોની પાસે કહેવા લાગ્યા કે—"તમારી સાથે સંન્યાસિનીનો મેળાપ થાય તો તેમને કહેજો કે એક સંન્યાસી તમારા ચરણદર્શન કરવાના અભિપ્રાયથી ઘણા દિવસ થયા અહિં મુકામ કરીને રહ્યો છે, આપને જ્યારે અવકાશ મળે ત્યારે એકવાર દર્શન આપીને કૃતાર્થ કરશો."

ગુણરામ સ્વામીને બે દિવસ પછી એક માણસનાં મારફતે સંન્યાસિનીનો ઉત્તર મળ્યો કે, "ભાઈ આપની સાથે મેળાપ કરવાનો અવકાશ મળતો નથી, આપને જોવા માટે હું પણ ઘણીજ આતુર છું; પરંતુ મ્હારૂં કામ મૂકી રાખી શકતી નથી, દહાડે

એવો વખત મળતો નથી કે જે સમયે કોઈ માણસની આગળ મ્હારૂં કંઈ કર્ત્તવ્ય કાર્ય નહિ હોય; મને ક્ષમા કરજો, હું અસહાયા છું, શું કરૂં?"

ગુણરામ સ્વામી આ વાત સાંભળીને ઘણાજ આશ્ચર્ય પામ્યા અને વિચાર કરવા લાગ્યા, ખરેખર જેનું જીવન બીજાની સેવા કરવા માટે છે તેને અવકાશ મળવાની સંભાવના ક્યાંથી હોય; પરંતુ સંન્યાસિનીનો મેળાપ નહિ થતો જોઇને તેઓ ઘણાજ વ્યાકુલ થઈ પડ્યા; કેવો ઉપાય પકડ્યાથી મેળાપ થાય, એ કોઈ કહી શક્યા નહિ.

તેઓએ ઘણા દિવસ સુધી તપાસ કરીને સંન્યાસિનીના સંબંધમાં કેટલાક વિષય જાણ્યા હતા, તે બહુજ સંગીતપ્રિય છે, છેટેથી એક બે દિવસ તેનું ગાયન સાંભળ્યું હતું. સંન્યાસિની એક વેળા ખાયછે, ખાવાનો મુકરર વખત નથી, સર્વને ઘેર ખાયછે. માછલી તથા માંસ ખાતી નથી. તેના જીવનનું સર્વથી મ્હોટામાં મ્હોટું કર્તવ્ય, પતિ વગરની અબળાઓને સાન્ત્વના આપવાનું છે, કારણ કે, સાંભળવામાં આવેછે કે, વિધવા અથવા ત્યાગ કરેલી સ્ત્રીઓની પાસે તે ઘણીવાર બેશીને સાન્ત્વના આપેછે.

આ સર્વ ખબર મળ્યાથી તેની વધારે તપાસ ચલાવવાની ઈચ્છા થઈ. તેઓએ પર્વતપર જવાની

ઈચ્છા હમણા માંડી વાળી, લગભગ ૬ મહીના સુધી તે ગામમાં રહ્યા.

પ્રકરણ ૩ જું.

સંન્યાસિનીજ ઉદાસિની છે.

પાર્થિવ જગતની મળતી આશા છોડીને ઘણાજ થોડા માણસો બીજાને કોઈ પદાર્થ આપેછે. સંસારનું એવું તો મજબુત બંધન છે કે, જ્યાં મળવાની કંઈ આશા હોયછે, ત્યાં દાનનો દરવાજો સર્વદા બંધ રહેછે. પ્રાપ્તિની આશા હૃદયમાં પોષણ કરી સંસારમાંના માણસો બીજાને મદદ કરવામાં આગળ પડેછે. મિત્ર મિત્રને મહોબત કરેછે, તે મહોબત પામવાને માટે, સ્ત્રી પ્રેમ કરેછે સ્વામીને, તે પોતાની ઈચ્છા પૂરી પાડવા માટે, ધનવાન મદદ કરેછે ગરીબને, તે પદસેવાનો સોબતી કરી રાખવા માટે, ધાર્મિક પાપીઓને ધર્મનો ઉપદેશ આપેછે, તે શિષ્ય મેળવવા માટે; સંપદ્‌માં બેઠેલા માણસો વિપદ્‌માં પડેલાને મદદ કરેછે તે ગુલામ કરી રાખવા માટે, સગાવહાલા પોતાના સગાવહાલાને સારી વસ્તુ આપીને ખુશ કરેછે, તે કેવળ ઉત્તમ વસ્તુ મેળવવાની આશાથીજ, આ પ્રમાણે સંસારના પ્રત્યેક ખાતાની બારીક તપાસ કરી જોયાથી, એજ સિદ્ધ થશે કે, સંસારમાં પ્રાપ્તિની આશા,—સાધારણ

સ્વાર્થની આશાનો પરિત્યાગ કરીને કોઈ બીજાને મદદ કરવાને આગળ પડતા નથી. એજ કારણથી વખતે વખત રિપુને વશીભૂત થનાર મનુષ્યને કદી કદી રોતો જોવામાં આવેછે. મિત્રનું હૃદય મિત્રને પ્રેમ નહિ મળ્યાથી અસ્થિર થાયછે, સ્ત્રીનું મન સ્વામીના અદર્શનથી ચંચલ થાયછે, વિચ્છેદથી રૂવેછે, ધનવાન ક્રોધાન્ધ થઈને મદદ લેનારની મદદ નહિ મળ્યાથી અસ્થિર થાયછે અને અયોગ્ય તેને અકૃતજ્ઞ કહીને ગાળો દેછે, ધાર્મિક શિષ્યના હૃદયને સ્વાધીન માર્ગપર ચઢેલો જોયાથી બીજા સાધારણ મનુષ્યની પેઠે ગાળોનો વર્સાદ વરસાવેછે, આમ સંસારના પ્રત્યેક ખાતાના મનુષ્યને બીજું રૂપ ધારણ કરીને પોતાની મતલબ પાર પાડવામાં લાગેલા જોવામાં આવેછે. સઘળાઓ કોઈને કોઈ સ્વાર્થની ખોળમાં ફરતાં ફરતાં પારકાના ઉપકારમાં લાગેલા જણાયછે એ સર્વ સંસારિક માનવનો સ્વભાવ છે, સારૂં કે નરસું એનો વિચાર અમે કરીશું નહિ. જો આવી રીતે સ્વાર્થની આશાથી મનુષ્ય પોતાના હૃદયનું મહત્વ પ્રકાશ કરવામાં પ્રવૃત્ત નહિ થાત તો તેનું જીવન હજારો દરજ્જે ઉન્નત થાત કે નહિ. નૈરાશ્ય તેને ઘેરીને કદીપણ મલિન કરી શકત કે નહિ, તે સર્વનો વિચાર કરવાની કંઈ આવશ્યકતા જોતા નથી. અમે જે લઈને રમવા આવ્યાછિયે, તેના વિષયજ વિચાર કરીશું. સંન્યાસિની આખો

દહાડો પારકાની સેવામાં ગાળેછે, તેનો સ્વાર્થ શો છે, તેની પ્રાપ્તીની આશા શી છે, તે અમે જાણતા નથી. સંન્યાસિની સંસારમાંની હોવા છતા શામાટે પોતાના સ્વાર્થનો પરિત્યાગ કરેછે, તે ગામના ઘણાંકો સમજતા નથી. જ્યારે સંન્યાસિનીનું નામ ચારે બાજુએ ફેલાયું, ત્યારે ચારે બાજુએથી ખાવાને માટે પુષ્કળ ભેટ આવવા લાગી, પરંતુ સર્વને તે અમ્લાન વદનથી લેવા ના પાડતી હતી. પ્રેમ કરનાર મનુષ્યને પ્રેમની સારી વસ્તુ આપવાને આ સંસારના સઘળાઓ આતુરતા દેખાડેછે, જ્યારે સંન્યાસિની આસ્તે આસ્તે સર્વની અકૃત્રિમ પ્રેમની અધિકારિણી થઈ, જ્યારે સર્વનાં મન અજાણતાં પોતાની તરફ ખેંચી લીધાં, ત્યારે સર્વ તેને ઉપયુક્ત પ્રેમની વસ્તુ ભેટ મોકલાવવા લાગ્યા, તે વેળાએ તે શું કરતી હતી? તે હસ્તે ચહેરે કહેતી, "ભાઈ! હું આ સર્વ ભેટ લઈને શું કરૂં, આ સર્વ વસ્તુની મ્હારે કંઇ દરકાર નથી, જેઓને તેની ખોટ છે, તેઓને એ આપ્યાથી તેઓ ઘણા ઉપકાર માનશે." આવી વાત સાંભળીને એક બે માણસો જો કહે કે, "આપ અમારા ઉપર આટલો બધો ઉપકાર કરોછો અને અમે શું આપને માટે કંઈ કરીએ નહિ?" એના ઉત્તરમાં સંન્યાસિની બોલતી કે "ભાઈ! હું કોઈ વસ્તુને માટે તમારી પાસે આવી નથી, ઈશ્વરકૃપાથી મ્હારે કોઈ વસ્તુની ખોટ નથી. જુઓ ભાઇ

તમને અભાવ છે, તેથીજ હું તમારી ખોટ દૂર કરવામાં યત્ન કરૂંછું. જ્યારે તમને કોઈ જાતની ખોટ રહેશે નહિ, ત્યારે હું તમારે માટે કંઈપણ કરીશ નહિ. હું તમારી પાસે કોઈ વસ્તુ મેળવવાની આશાથી તમારૂં ભલું કરવાને આવી નથી. મ્હારા કર્તવ્યપાલનના સમયે, ભાઈ તમે શામાટે હરકત નાંખોછો ?" આ વાતના જવાબમાં એક બે માણસોએ કહ્યું કે—"આપ તો અમારી પાસેથી કંઈ પ્રત્યાશા કરતાં નથી, આપને તો કોઈ જાતનો અભાવ નથી, પણ આપને કંઈ નહિ આપ્યાથી, અમારૂં મન ખુશ રહેતું નથી; શામાટે અમને કરજદાર કરી રાખોછો.

આના જવાબમાં સંન્યાસિની બોલી—"ભાઈ! આ દુનિયામાં કોઈ પણ માણસ કોઈ વિષયમાં કોઈની પાસે કરજદાર નથી; જેઓને આપવાની વસ્તુ છે, તે આપેછે, અને જેને જેની ખોટ છે તે ગ્રહણ કરેછે એજ વિશ્વરચનારનો ચિરપ્રચલિત નિયમ છે, મનુષ્ય કદીપણ મનુષ્યની પાસે ઋણી નથી. ઈશ્વર કિયો માર્ગ અવલંબન કરીને કોને દાતા કરેછે. અને કોને લેનાર કરેછે, તે મનુષ્ય કેવીરીતે સમજે ? ભાઈ! હું તમને ઋણી કરવા આવી નથી, મ્હારૂં કર્તવ્ય પાલવા આવીછું." આ વાતથી જો કોઈ કહે કે, "અમારી વસ્તુ છે, તેજ આપને આપવા ચાહીએછિયે, આપ તે કેમ ન લ્યો ?" તો તે કહેતી

"મને તો કંઈ તે વસ્તુની ખોટ નથી, ભાઈ, શામાટે તે લેઉં?"

સંન્યાસિનીનો આવો અલૌકિક ભાવ જોઈને સઘળા આશ્ચર્ય થયા. પ્રથમ ગામના રહેવાસીઓએ પુષ્કળ સંન્યાસી અને સંન્યાસિની જોઈ હતી, તેઓ સર્વે ખુશીની સાથે દાન લેતાં હતાં, પરંતુ આ સંન્યાસિની કેવળ ખાવા જેટલી વસ્તુવિના બીજું કંઈ લેતી નથી. તોપણ સર્વદા ઘણીજ મહેનતની સાથે સાધારણના ભલાને માટે યત્નશીલ છે, આનો અર્થ શો હશે તે ઘણાકો સમજવાને અસમર્થ થયા, ગામના રહેવાસીઓએ નવા આવેલા સ્વામીની પાસે એ સર્વે હકીકત જણાવી; સ્વામીએ મનને મનમાં નક્કી કર્યું કે, સંન્યાસિની ખરેખર ધર્મનું મહત્વ હૃદયમાં ધારણ કરવામાં સમર્થ થઈછે

છ મહીનાની વાત પ્રથમ કહેવામાં આવીછે, આ છ મહીનાં પછી ગુરૂદેવ પર્વત ઉપર ગયા. છ મહીનામાં સંન્યાસીનીની જોડે કેવળ એક દિવસ તેનો મેળાપ થયો હતો. તેઓએ સંન્યાસિનીના જીવનનું જે તત્વ જાણ્યું હતું, તે પુસ્તકના છેલ્લા ભાગમાં આપવામાં આવશે. પર્વતપર જવાને છ મહીના થયા પછી તેઓની સાથે હરિનારાયણનો મેળાપ થયો; હરિનારાયણને છ મહીના સુધી ગુરૂદેવના આશ્રયમાં જવાનો અવકાશ મળ્યો ન હોતો. પહેલા ખંડના ત્રીજા પ્રકરણમાં સંન્યાસીની સાથે મેળાપ

થયા પછી જે વિષયની આલોચના થઈ હતી, તે હમે હવે આપવામાં પ્રવૃત્ત થઈએછિયે.

પ્રકરણ ૪ થું.

મરીચિના બે પત્રો.

સંન્યાસીનું ચિત્ત સ્થિર થયું, પછી ગુણરામસ્વામી બોલ્યા, "બેટા હરિનારાયણ! મરીચિનું હૃદય પવિત્ર પ્રેમથી બનેલુંછે. સંસારમાં ઘણાંખરાં જે પ્રેમનાં ચિત્ર જોઉંછું તેનાથી મને બલતરા થાયછે, મરીચિ તે પ્રેમની અધિકારિણી નથી, તે તારો પત્ર મળતાંજ મ્હારી પાસે આવી હતી, હું તેની વાતચીત સાંભળીને ઘણોજ આનંદિત થયો હતો; તું તેને જેવીરીતે ધારેછે તેવી તે નથી, તારા રિપુઓનું તું હજી સુધી દમન કરી શક્યો નથી, તારી પરીક્ષાને ઉપયોગી તું હજીસુધી પણ થયો નથી. ચિત્તસંયમનું વ્રત સાધનસાપેક્ષછે, સર્વદા કોઈ પણ લાલચથી જય મેળવી શકતો નથી, એ વાસ્તે હું કેટલોક કાળ લાલચમાં રહી ચિત્તનો સંયમ અને રિપુઓને દુર્બલ કરૂંછું, કોઈપણ મનુષ્ય નિર્દ્ધારેલી મુદતમાં જે આત્મજયી થઈ શકતો નથી, તે કદીપણ ધર્મસાધનમાં ઉપયોગી નથી. પુષ્કળ માણસો કઠોર સાધના વિના ધર્મના અધિકારી થઈ શકતા નથી. એ સર્વ કારણથીજ હું એક નિર્દ્ધારિત સમય સુધી સંસારની

લાલચની પરીક્ષા આપીને જય થયા પછી લાલચને ઝેરના પ્રમાણે છોડું છું. સંસારને એકીવારે ત્યાગ કરવાનું કારણ એ છે કે, સંસારની લાલચમાં રહીને સર્વદા એકરીતે રહેવાતું નથી, માણસનું મન ચંચલ છે, વિવેક ચંચલ છે, બુદ્ધિ ચંચલ છે, સર્વ ચંચલ છે. તું એક નિર્દ્ધારિત સમયમાં પણ લાલચથી જયી થઈ શક્યો નહિ; બેટા! તું હવે શું કરશે, તે હું સમજી શકતો નથી. મરીચિએ મને જે સર્વ નીતિનો સાર કહ્યો હતો, તે સાંભળ્યાથી હું સમજ્યો છું કે, તારા શીખવવાના ગુણથી રેતીવાળી જમીનમાં સુગંધવાળું ફૂલ ખીલ્યું છે; મેં જાણી લીધું છે કે, તારી શિક્ષાના પ્રભાવથી અરણ્યમાં મરીચિ રત્ન ઉત્પન્ન થઈ છે. મરીચિ તને જોયાવગર રહિ શક્તી નથી; તે કહેતી હતી કે, પંડિતજીને જોયાથી મારૂં મન સ્વર્ગમાં જાણે રહેતું હોય એવું થાય છે. તે આવું પણ કહેતી હતી કે, પંડિતજીને જોયાથી મ્હારૂં હૃદય સર્વદા ધર્મને માટે તૃષિત રહેતું હતું, પરંતુ તેઓએ શાનો વિચાર કરીને મ્હારો ત્યાગ કર્યો? ખરેખર મરીચિની ઉન્નતિનું મૂળ તુંજ છે. તારી પાસેથી અભ્યાસ નહિ કરત તો કદીપણ મરીચિ રેતાળ જમીનમાં ફૂલની સમાન શોભા આપત નહિ, પરંતુ એવો ધર્મનો ભોગ છે, તું પરમ શુદ્ધાચારી છે, પવિત્ર પ્રેમના આસ્પદને પણ સંસારની લાલચ સમજીને ત્યાગ કર્યો! મેં તને કહ્યું હતું કે લાલચમાંજ તારી

પરીક્ષા થશે, જોતું લાલચ સમજ્યો તો તેને શામાટે ત્યાગ કરી? આત્મજયી શામાટે થઈ શક્યો નહિ? તને ઉપદેશ આપવામાં મેં કંઈ ઓછું રાખ્યું નથી. પરંતુ સમજ્યોછું કે તે સર્વ વૃથા થયું. તને હવે કહ્યાથી શું વળશે? તું જીવનનો ઉદ્દેશ હજી સુધી સમજ્યો નથી. તું મંત્ર લેવાને અધિકારી થયોછે; બેટા! તને હવે કંઈ કહેવાની ઈચ્છા રાખતો નથી."

ગુણરામસ્વામીની આંખમાંથી આંસુની ધારા પડવા લાગી; તે જોઈને હરિનારાયણે તેના પગનું ચુંબન કર્યું.

થોડીવાર પછી ગુણરામસ્વામી ફરી કહેવા લાગ્યા, તારે હવે શું કરવું જોઈએ તેનો તું હવે વિચાર કર, મરીચિ મ્હારી પાસે બે દિવસ આવી હતી. પહેલે દહાડે તે તારૂં પહેલાંનું વર્ણન સાંભળીને જતી રહી હતી, બીજે દહાડે તને આપવા સારૂ આ પત્ર આપ્યો હતો. કેટલાક દિવસપછી માણસદ્દારા આ પત્ર મોકલ્યો હતો. બેટા! બીજે ઠેકાણેજઈને કાગળ વાંચ, ત્યારપછી પાછો મ્હારી પાસે આવજે તું ક્યો રસ્તો પકડીશ તેનો પણ તેજ વેળાએ વિચાર કરજે."

હરિનારાયણ સ્વામીજીના હાથમાંથી બે પત્ર લેઈને બીજી જગાએ જઈને વાંચવા બેઠો.

(પહેલો પત્ર.)

પંડિત મહાશય!

જે દહાડે આપનો પત્ર મળ્યો હતો તે દહાડો મ્હારો કેવીરીતે ગયો હતો, તે હું જણાવી શકતી નથી. યાતના સહન નહિ થયાથી તેજ દહાડે હું આપના ગુરૂદેવના આશ્રમમાં ગઈ હતી; ત્યાં જઈને ગુરૂદેવને મળી. તેઓ કેવળ ત્રણ ચાર દિવસ થયા પહાડઉપર આવ્યા હતા, મ્હારી પાસેથી આપની સર્વ વાત સાંભળીને તેઓ ઘણાજ દુઃખિત થયા. મેં તેઓના હૃદયમાં ઘણોજ આઘાત કર્યો. તેઓ આપને જોવામાટે ઘણાજ ઉત્સુક થયાછે.

મેં તમારી વાત કરીને તેમને ઘણાજ ખેદિત કર્યા છે, ત્યારપછી તેમની પાસેથી તમારો પૂર્વનો વૃત્તાન્ત જાણવામાટે મ્હારી ઈચ્છા બળવતી થઇ. હું એ વાસ્તે તેમના અશ્રમમાં ગઈ હતી, કારણ કે તમારો પત્ર વાંચ્યાથી મને શેંકડો દરજ્જે અજાયબી વધી હતી. તમારા ગુરૂદેવે સર્વ કહેવાને કબુલ કર્યું; તેઓએ તમારા પૂર્વના જીવનની કોઈપણ વાત મ્હારી પાસે છુપાવી નહિ, મેં જેમ તેઓને આઘાત કર્યો હતો તેમ તેઓએ તેનો બદલો લીધો, તેઓએ મ્હારા હૃદયમાં વિષદ્વારા દંખ કર્યો; હવે તમારા જીવનની સર્વ હકીકત જાણુંછું, તે જાણ્યાથી હું વિશેષ જ્વાલામાં બળી મરૂંછું. વિશેષ યાતનાથી હું અસ્થિર થઈને ત્રણ દિવસપછી મંદિરમાં પાછી

આવી, ત્યાં આવીને જે સાંભળ્યું, તે ઘણુંજ ભય પમાડે એવું હતું; સાંભળ્યું કે, અંગ્રેજ લશ્કરે પિતાજીના મકાન ઉપર જપ્તી કરીછે, બીજું એ પણ સાંભળ્યું કે, મંદિરવાસિની સર્વ કુમારીઓ મ્લેચ્છની સાથે લઢાઈ કરવા ગઈ હતી; હું તે વખત ચુપ બેશી રહી નહિ તેથી હું પણ ગઈ હતી. ઈશ્વરની ઈચ્છાથી અમે જય મેળવ્યો પિતાજીએ સઘળાને પ્રથમથી લજ્જિત કરી રાખ્યા હતા, અંગ્રેજો આવતાંજ ભયાનક વિપદ્દમાં પડ્યા; સામે કોઈને પણ જોઈ શક્યાનહિ, તોપણ સર્વને અજાણતાં તીરના પ્રહારથી અસ્થિર કર્યા, આવીરીતે કેટલોક કાળ કષ્ટ સહન કરીને તેઓ નાશી ગયા, અમે તેઓની પછવાડે ગયા; એ વાતને પડતી મૂકો કારણકે એ વાતની હવે જરૂર નથી; અમે બદલો લેવા પામ્યાં છિયે; અમે અપમાન સહન કરી શકતા નથી. જો તે દિવસે લઢાઈમાં મરણ પામી હોત તો આજે મરીચિ આપને પત્ર લખવા પામત નહિ; તેમ જો થાત તો મરીચિ બચી જાત.

લઢાઇ થવાને બીજે દહાડે આપને પત્ર લખવા બેઠી હતી, પરંતુ કંઈ પણ લખાયું નહિ, આંખમાં આંસુ ભરાઈ આવ્યાથી કંઈ લખી શકી નહિ; આ આંખ જો આંધળી થઈ જાત તો કંઈ દુઃખ નહોતું, તેમ જો થયું હોત તો તમને નહિ જોયાથી આંખમાંથી આંસુ આવત નહિ. ત્યારપછી બીજે દિવસે

જરા લખ્યું હતું, ત્રીજે દિવસે થોડું લખ્યું, આમ થોડું થોડું લખતાં લગભગ દસ દિવસે આ પત્ર પૂરો કર્યો. પંડિત મહાશય! મ્હારા યત્નનું ધન તુચ્છ કરશો ના, તે વાંચી જોજો.

મને તમારો પત્ર મળ્યાપછી પિતાજીની પાસે મ્હારા મનની વાત કહી હતી, તેઓએ કહ્યું—"તારી જો મરજી હોય તો જા, પંડિતજીને મળવામાં મને કંઈ હરકત નથી." આ વાત શામાટે લખું છું? તમે મને સ્વેચ્છાચારિણી કહી હતી, તે સમજાવવા માટે. હું પિતાજીને નહિ પૂછતાં ગુરૂદેવના આશ્રમમાં ગઈ નહોતી.

તમારો પત્ર વાંચ્યો છે—ઘણીવાર વાંચ્યો, તમારૂં આગળનું જીવનવૃત્તાન્ત સાંભળ્યું. વિશેષ ધ્યાન લગાડીને સાંભળ્યું છે, તમે જે પ્રાણ જતાં પણ મને કહેતા નહોતા, મેં તે સર્વ આજે જાણ્યું, આજે હવે મ્હારી આગળ છુપાવી શકશો નહિ; મેં આજે પવિત્ર પુષ્પમાં કીડાનું આધિપત્ય જોયુંછે ખરૂં, તોપણ કુલને ત્યાગ કરી શકતી નથી; તમને હૃદયમાં એકવાર જગા આપીછે તો તમને છોડી શક્તી નથી; ગમે તો આ બન્ને આંખ રોતાં રોતાં આંધળી થઇ જાય તો કંઈ ચિંતા નથી, પણ આંસુ રોકીશ નહિ; તમને કદીપણ ભૂલીશ નહિ.

તમે મ્હારો ત્યાગ કરીને કેમ જતા રહ્યા તે હું સમજી શકતી નથી; હું તો આપની પાસેથી કંઈ મા-

ગતી નહોતી; કેવળ તમને જોવા ચાહતી હતી વગર કારણથી કેમ તમે મ્હારી છાતીમાં છુરી ભોકી.

તમારી સુરબાળા અને હું એક નથી. સુરબાળા પતિપરાયણા સતી, સીતા અને સાવિત્રીના સમાન છે, હું વીરકન્યા, નીરસ જીવન ધારણ કરૂંછું ; હું કોઈને પણ પ્રેમ કરતાં શીખી નથી; વનનું ફૂલ વનમાં ખીલી રહ્યુંછે, તોપણ તમને જોયાથી સુખી થાઉંછું, શામાટે થાઉંછું, ? તે શું હું કહી શકીશ ? આ હૃદય જે જાણેછે, તે કહી શકશે. તમે મ્હારી છાતીમાં છુરીનો આઘાત કર્યો કેમ?

તમે ધાર્મિક છો, તમારીપાસે ધર્મનું ધન એકઠું કરેલું ઘણું છે. તેથીજ તમે સાવચેત થયા, મ્હારૂં એકઠું કરેલું ધન કંઈજ નથી; હું કેમ સાવચેત થાઉં ? જેનું જીવન રહેછે, જીવનમાં સુખની વસ્તુ રહેછે, તેનેજ ઝેરનો ભય છે, મ્હારે શું છે, હું જીવનશૂન્ય છું, પ્રેમશૂન્ય છું, સુખશૂન્ય છું, હું કોના ભયથી સાવચેત રહું ? હું પૃથ્વીમાં કોઇને પણ ભય કરતી નથી.

તમે તો ચાલ્યા ગયા પણ હું તો રહી, પરંતુ હું તમને ભૂલી શકીશ નહિ.

તમારા સ્નેહની મરીચિ. "

(બીજો પત્ર).

પંડિત મહાશય !

આ પત્ર તમને ક્યારે મળશે, તે હું જાણતી નથી. પહેલાંનો પત્ર મળ્યો છે કે નહિ તે પણ હું જાણતી

નથી; મને મ્હોટી વિપદ્દ આવીછે, પિતાજીને અંગ્રેજોએ રાજાની સાથે કાવાદાવા કરીને પકડ્યાછે; આજથી પંદર દિવસમાં પિતાજીનો ન્યાય થશે, તમને જો આ પંદર દિવસમાં પત્ર મળે તો જરૂર મને મળજો. મને મ્હોટી વિપદ્દ આવીછે—આજે બીજું કંઈ લખી શકતી નથી, મહેરબાની કરીને એકવાર આવજો.

"તમારા સ્નેહની મરીચિ."

પ્રકરણ ૫ મું.

રિપુદમનનો ઉપાય.

પત્ર વાંચ્યા પછી, સંન્યાસી સ્તંભિત ભાવે રહ્યો, અતિ અલ્પ સમયમાં ઘણા વિષય ઉપર વિચાર કર્યો, મરીચિને મળવું એ ઘણું જરૂરનું જાણ્યું; પણ રિપુઓને વશીભૂત નહિ કરી શક્યાથી જવાની અભિલાષા કરી નહિ. એનાવિષયમાં વિશેષ રૂપે વિચાર કર્યો હિસાબ કરીને જોયું કે મરીચિને મળવાને હજી આઠ દિવસ બાકી છે, તે જ્યાં બેઠો હતો ત્યાંથી નિકળીને જ્યાં ગુરૂદેવ બેઠા હતા તે તરફ ધીરે ધીરે ગયો.

મરીચિના પત્રનો તાત્પર્ય ગુરૂદેવને કહ્યો, ગુરૂદેવે સંન્યાસીને કહ્યું "તારે મરીચિને મળવું જોઈએ."

સંન્યાસી—"મળવું તો જોઈએ તે તો મેં ધાર્યુંછે પરંતુ મ્હારા રિપુઓનું દમન નહિ કરી શક્યાથી હું

જનાર નથી. આપે રિપુદમનનો ઉપાય મને કહ્યો, મ્હારાથી હવે તે સહન થતો નથી."

ગુરૂદેવ—"રિપુદમનનો ઉપાય? બેટા! કિયો ઉપાય અવલંબન કર્યાથી કોણ આત્મસંયમનમાં સમર્થ થશે, તે મનુષ્યના વિચારથી બહાર છે. ઘણાક સાધકોને જોયાછે. તેઓ કઠોર શાસનનો દંડ હાથમાં પકડીને રિપુઓને દમન કરવાનો યત્ન કરેછે, જ્યારે રિપુને પ્રબળ જુએછે, ત્યારે તેનું મૂળ સુદ્ધાં નાશ કરી નાંખેછે. એક બાજુએ જોઈએ તો તેઓને ધર્મને માટે તૃષિત જાણી શકાયછે ખરા; પરંતુ દુર્વૃત્ત મનને દમન કરી નહિ શક્યાથી કદી ધર્મસાધન થતું નથી; કારણ સંચો નાશ કર્યાથી પણ કળ ચલાવવાની શક્તિ અંતરમાં પ્રબળ વેગથી ચલાયમાન રહેછે; આથી મનુષ્યને ઘણોજ નકામો કરી નાંખેછે. બીજી એક જાતના સાધક નજરે પડેછે, તેઓ સદ્ગ્રંથ વાંચવામાં, સારા સંગમાં અને સારા કામમાં સર્વદા મંડેલા રહેછે; રિપુ સંબંધી વિચાર કરવાનો વખત રાખતા નથી; એઓના ઉપાય ઘણાજ ક્ષીણ અને દુર્બલ છે; કારણ મનનો વેગ આ સઘળા કાર્યમાં તત્પર રહેવાથી નિવારણ થતો નથી. બીજી એક જાતના સાધક લાલચની સાથે લઢાઈ કરેછે; તેઓના મનના બળને લીધે, તેઓ જ્યારે અનુભવ કરેછે કે, લાલચ મને ખેંચેછે, ત્યારે તેઓની જોડે લઢાઈ કરવામાં પ્રવૃત્ત થાયછે. જ્યારે લઢાઈમાં

જય મેળવવાની આશા હોતી નથી, ત્યારે લાલચનો પરિત્યાગ કરીને પોતાનો બચાવ કરેછે. એઓનો ઉપાય તદ્દન ખરાબ નથી, પરંતુ તેમાં વિઘ્ન ઘણાં નડેછે: કારણકે જો કદી વિવેક પરાજય પામે, જો કદી દુર્વૃત્ત રિપુઓ પ્રબળ વેગથી વહીને વિવેકનો અતિક્રમ કરે, તો કોણ તેનો બચાવ કરે? પળમાં લાલચ તેના જીવનને કલંકિત કરી નાંખેછે.

પરંતુ મ્હારો ઉપાય જૂદો છે; હું આ સર્વે રીતિમાંથી કોઈ પણ અવલંબન કરતો નથી. હું જાણુંછું કે પ્રજ્વલિત દાવાનલ નહિ સલગાયાથી કદી અસંખ્ય ફાડી ખાનારાં પશુઓના હાથથી છુટવાનો બીજો ઉપાય નથી; હું સારીપેઠે જાણુંછું કે દરેક રિપુની સાથે લઢાઈ કરીને માણસ કદી પણ જય મેળવી શકતો નથી, જો તેના હૃદયમાં કોઈ જાતનું અલૌકિક મહાબળ છુપીરીતે સંચિત નહિ કરેલું હોય. હું જાણુંછું કે, આ સંસારના દરેક ખાતામાં, જીવનના પ્રત્યેક અધ્યાયમાં, બનાવની પ્રત્યેક લીટીમાં પાપનો ઝાડો છુપાઇ રહેલોછે, તે સર્વેના હાથથી બચાવવાનો ઉપાય તેઓજ છે, જે એઓના મનમાં દેવભાવ હોયછે, પશુભાવ ત્યાગ કરીને મનુષ્ય જ્યારે દેવભાવ મેળવવામાં સમર્થ થાયછે; ત્યારે સંસારના સર્વ પ્રકારનાં ઝેર તેની પાસે ઝેર જણાયછે. આપણે ઝેરને અમૃત જાણીને ગ્રહણ નહિ કરીએ તો કદી વિપદ્‌માં પડવાની સંભાવના રહેતી નથી. બેટા! મ્હારા

જીવનની કહાણી સાંભળ, જ્યારે હું બાળક હતો, જ્યારે મ્હારી જુવાનીએ મ્હારા ઉપર પોતાનું બળ વિસ્તારવાનો આરંભ કર્યો હતો, ત્યારે હું ઘણીવાર ઠગાયો હતો, ઘણીક વખતે અમૃતને ઝેર જાણીને ત્યાગ કર્યું હતું, ઘણીક વેળાએ ઝેરને અમૃત જાણીને ચુંબન કરવામાં તત્પર થયો હતો; મન તે વેળાએ ચંચલ હતું, વિવેક તે વેળાએ ચંચલ હતો, સઘળા વેળાએ હું પોતાને બચાવવાને અસમર્થ હતો. ત્યારપછી સાધનામાં રત થયો; એકીવારે આસક્તિના હાથથી બચવાનો યત્ન કર્યો, મનમાં વિચાર કર્યો કે, આસક્તિ નહિ રહે તો ઝેર ઉપર મારૂં મન ખેંચાશે નહિ, અમૃત ગ્રહણ કરવાની મ્હારી ઈચ્છા થશે નહિ, સંસારમાં જે છે, તેજ રહો, સંસારનું સુખ સંસારનું છે, સંસારનું દુઃખ સંસારનું છે, સંસારનું સૌન્દર્ય સંસારનું છે, સંસારની લાલચ સંસારની છે, હું જો નહિ ખેંચાઉં તો બીજો કોણ મને ખેંચશે? આવો વિચાર મનમાં કરીને મેં ઈશ્વરની આગળ બળની પ્રાર્થના કરી. વખત જતે તે બળ મેળવ્યું. બેટા! નિરાશ શામાટે થાયછે. સરળ મનથી ઠોક, દરવાજો ઉઘડશે; સરળ વિશ્વાસી થા, ઈશ્વર જરૂર મનોવાંછા પૂર્ણ કરશે. હમણાં મ્હારી પાસે સંસારની કોઈ વસ્તુ લાલચયુક્ત જણાતી નથી. સંસારની કોઈ વસ્તુ મને ખેંચવા પામતી નથી. સંસારની લાલચ હમણા લાલચ જાણીને જણાતી નથી, એ સકું, બેટા!

ઈશ્વરની કરૂણા છે, મનુષ્ય પોતાના બળથી કદીપણ આ સંસારમાં પોતાને અચળ રાખવાને સમર્થ થતો નથી; વિશેષ સાધનના શિવાય કદીપણ કોઈ આ સંસારમાં પોતાનો જય કરી શકતો નથી. કેવળ પ્રાર્થના આપણું ધન છે, કેવળ આત્મસમર્પણજ આપણો એક માત્ર ઉપાય છે. આપણે પોતે સર્વસ્વ સચ્ચિદાનંદ ઈશ્વરને સમર્પણ કરવું જોઈએ, આ સંસારને માટે શું રાખું? આપણે અપરિપક્વ મનુષ્ય છિયે, અપરિપક્વ અવસ્થામાં સંસારનો શો લાભ કરી શકીશું? કેવળ પોતાને પાપના કૂવામાં ડુબાડીને ધર્મથી દૂર ખસી જઈએ. અપરિપક્વ અવસ્થામાં સંસારના કોઈ કાર્યમાં હાથ નાંખવો નહિ જોઈએ, કારણ કે, પોતાને કોણ અચળ રાખશે? જ્યારે ઈશ્વરજ સર્વ અધિકાર કરી મૂકેછે, ત્યારે મનુષ્ય સંસારમાં જઈને લાભ કરી શકશે. પરાક્ષામાં જય થયા પછી સાધનામાં રત થવું જોઈએ સાધનામાં સફળતા મેળવ્યાથીજ મનુષ્યને હાથે સંસારમાં ઉપકાર કરી શકાય છે. વત્સ હરિનારાયણ! આ સઘળા નિગૂઢ તત્વ ઉપર વિશેષ રૂપથી વિચારીને જો.

સંન્યાસીએ અવિચલિત ભાવથી ગુરૂદેવનો ઉપદેશ હૃદયમાં ધારણ કર્યો, ત્યારપછી બોલ્યો—"હું આપનો સંગ છોડીને બીજે ક્યાં પણ જઈશ નહિ, હું આપની જોડે રહીશ તો નિશ્ચય હું પોતાનો જય કરી શકીશ."

ગુરૂદેવ—"વત્સ! મ્હારી સાથે ચાલ, તને એક દેખાવ દેખાડું." આમ કહીને સંન્યાસીને સાથે લઈને દક્ષિણની મુસાફરીએ નિકળ્યા.

પ્રકરણ ૬ ઠું.

સ્વર્ગનું ચિત્ર.

બે દિવસ પછી ગુરૂદેવ સંન્યાસીને લઈ નિર્દ્ધારેલી જગાએ પહોચ્યા. બીજા બે દિવસમાં એક મૂર્તિ આણીને સંન્યાસીની સામે ધરી, તે મૂર્તિ જોઈને સંન્યાસી આશ્ચર્ય પામ્યો.

કેવો સુંદર દેખાવ! સંન્યાસી મૂર્તિ જોઈને ચમત્કૃત થયો, જે કદીપણ જીવનમાં જોવાને શક્તિમાન થયો ન હોતો, જે ચિત્રનું સૌંદર્ય એક દિવસે તચ્છિલ્યપૂર્વક પગની નીચે કચર્યું હતું, આજ તે મૂર્તિ કેટલી શોભાનો ભંડાર છે; આજ કેટલા સુખનું મૂળ છે! સંન્યાસી જોઈને ઓળખી શક્યો. તેની બન્ને આંખોમાંથી આંસુની ધારો વહેવા માંડી, માથું લજ્જાને મારે નત થતું ચાલ્યું, મનમાં ઘણીક રીતની લીલાનો તરંગ ડોલવા લાગ્યો, તે મૂર્તિ કોની હતી? એક સંન્યાસિનીની મૂર્તિ છે, જે જોઈને ગુરૂદેવ એક દહાડો મોહિત થયા હતા, સંન્યાસિનીની મૂર્તિ સંન્યાસીના હૃદયનું પ્રતિબિંબ હતું, ખરૂં સ્વામિગત હૃદયનું મનોહર ચિત્ર હતું, તે જોયાથી ઘણાક ભાવ મનમાં આવ્યા, કેવો સુંદર દેખાવ!

ગુરૂદેવ—" વત્સ! રત્નની અવગણના કરીશ ના, તારા કરતાં સ્ત્રીના હૃદયમાં કેટલા અમૂલ્ય પદાર્થ છે, વત્સ! એને તુચ્છ કરીશ મા." ત્યારપછી સંન્યાસિનીને સંબોધીને કહ્યું, "દેવિ! તમારૂં જીવન ઘણુંજ ઉન્નત છે તેમાં કંઈ સંદેહ જણાતો નથી, પરંતુ ધિક્કારવાયોગ્ય જીવને સાથે લઈને અગ્રસર થયાથી તમને કંઈ અમંગળ થવાની સંભાવના નથી, તમે તમારા આદરના ધનને ગ્રહણ કરો. મેં ઘણા યત્નથી આપના આદરના ધનને આવી રીતે બીજા રૂપમાં આણ્યું છે, એ તમારા આદરનું કે અનાદરનું થશે તે સમજવાની શક્તિ મારામાં નથી, તોપણ આટલું તો કહુંછું કે, તમારી મરજી હોય તો એને ગ્રહણ કરો.

સંન્યાસિનીએ આનંદની સાથે વિનીતભાવે હાથ લંબાવીને સંન્યાસીનો હાથ પકડ્યો, હાથના સ્પર્શથી સંન્યાસીના જીવનને એક નવો ભાવ ઉત્પન્ન થયો હોય એવું એના ચહેરા ઉપરથી જણાયું; ત્યારપછી સંન્યાસિની બોલી—" સ્વામીન્! જેની કૃપાવડે ફરી આપણો મેળાપ થયોછે; તેનું વિશેષરૂપથી ચિંતન કરો, તેને વિસારી દીધાથી આપણને કષ્ટ પડ્યું હતું, તેનું સ્મરણ કરવામાંજ આપણે સુખ પામીએછિયે. આપણે જે માર્ગ ઉપર પગ મૂક્યો છે તે સુખ અને શાંતિની વસ્તુ નથી, સંસારની કોઈ અસાર ચિંતા અમારા મનને તુષ્ટ કરી શકશે નહિ, વિચાર કરો રાત્ર દિવસ તે હૃદય ધનને

જે સર્વદા તમારા અને મ્હારા પ્રેમને અભિન્ન કરી રાખશે; તમે પણ તેને ચાહો છો, હું પણ તેમના ઉપર પ્રેમ કરવાનો અભ્યાસ કરૂંછું, બે જણના મન એક જણને અર્પણ કરીએ, સર્વદાને માટે આપણે અભિન્ન બંધનમાં બંધાઈએ તમે જ્યાં રહેશો ત્યાં મ્હારો ઈશ્વર તમારા મનને ખેંચી રાખશે; હું જ્યાં રહીશ, ત્યાંપણ તમારો ઈશ્વર મ્હારા મનને ખેંચશે એવો સંબંધ બીજે ક્યાં મળનાર છે? સ્વામિન્! ભૂલશો ના તે સખીને, જે જીવનમાં અને મરણમાં એક માત્ર બંધુ, સંપદ, આશ્રય અને અવલંબન છે. વિશેષ રૂપથી પરમેશ્વરને યાદ કરો જે આપણે સંસારનું બંધન તોડીને પણ એક અભિનવ અભિન્ન સંબંધમાં આજ બંધાયાંછિયે. તમારો ઈશ્વર મ્હારો છે, અને મ્હારો ઇશ્વર તમારો છે; કેવો મનોહર સંબંધ થયો! ઈશ્વર તમને સુખી કરો.'' આટલી વાત કરીને સંન્યાસિનીએ આસ્તે આસ્તે સ્વામીનો હાથ છોડ્યો. ગુરૂદેવ સંન્યાસિનીની વાત સાંભળતાં સાંભળતાં ધ્યાનમાં અચેતન થઈ પડ્યા હતા; સંન્યાસી ગુપચુપ જોતા હતા, મુખથી એક વાક્ય પણ નિકળ્યું નહિ, હાથ જાણે શૂન્ય થઈ ગયા હોય એવું જણાવા લાગ્યું; સંન્યાસિની સ્વામીનો હાથ છોડી દઈને થોડી થોડી ચાલવા લાગી. સંન્યાસી તેની તરફ જોતો હતો, થોડીવારમાં ઘોર અરણ્યમાં સંન્યાસિની છુપાઈ ગઈ.

ગુરૂદેવનું ધ્યાન ભંગ થયું, તેઓ સંન્યાસીની પાસેથી સર્વ વૃતાન્ત સાંભળીને આશ્ચર્ય પામ્યા. ચાર પાંચ દિવસ સુધી તેઓ તે જગાએ રહ્યા. ચાર પાંચ દિવસમાં ગામમાં મ્હોટી ગડબડ મચી રહી, સંન્યાસિનીની ખબર નહિ મળ્યાથી સર્વ અસ્થિર થઇ પડ્યા, ગામના લોકો છેલ્લીવારે ગુરૂદેવના ઉપર ગુસ્સાથી આંધળા બન્યા, ગુરૂદેવના ખરાબ આચરણથી સંન્યાસિની ગામ છોડીને જતી રહીછે, એ વાત જ્યારે ગામમાં ફેલાઈ, ત્યારે સર્વ ગુરૂદેવને મારવાની તજવીજ કરવા લાગ્યા; તેઓ પ્રથમથીજ સાવચેત થઈને સંન્યાસીને જોડે લઈને ગામ છોડીને પર્વત તરફ ચાલ્યા ગયા; માર્ગમાં એક માણસે નીચલો પત્ર આપ્યો; શરનામા ઉપર તેઓનું નામ હતું.

દેવ. અમે માણસ છિયે, આપ દેવતા છો, આપને મેં જ્યારે વસંતપુરમાં જોયા હતા, ત્યારેજ હું દેવતા સમજી હતી; હમણાં તે વિશ્વાસ સેંકડોગણો બદ્ધમૂળ થયોછે. આપ દેવભાવથી પરિશોભિત છો, હું નરકની કીટ છું, આપનું દાન લેવામાં હું અસમર્થ થઈ છું, હું દેવતાનું દાન પવિત્ર રાખી શકીશ, એવો વિશ્વાસ મને આજ પણ થયો નથી. બીજું હું રત્ન લઇને શું કરૂં? દીન દુઃખિનીના ભંડાર, રત્ન અબળાને લેવાનું પ્રયોજન શું? આશીર્વાદ દ્યો, આપની સુરબાળા સર્વદા દરિદ્ર રહે! આશીર્વાદ આપોકે આપના સંસા-

રની ઐશ્વર્ય વગરની સંન્યાસિની સર્વદા ઈશ્વરના સહવાસમાં સુખ પામે. દીનને રત્નની જરૂર શેની?

દેવ! હું હમેશને માટે આ ગામ છોડીને જાઉં છું, કારણ કે, ઘણો વિચાર કરીને જોયાથી જણાયું કે આપના કહેવાથી આપનું કહેવું પ્રતિપાલન કરવાની મ્હારી ઈચ્છા થાય એવી સંભાવના વધારેછે; આપનું કહેવું પાળવા જતાં સંસારનું ઝેર પીવાની હવે ઈચ્છા નથી! સંસારનું માન, સંસારની વિદ્યા, સંસારની બુદ્ધિ, સંસારનું સુખ અને શાંતિ આ કોઈમાં પણ મ્હારૂં મન હવે જતું નથી; આ સર્વ લઈને હું જ્ઞાન વગરની શું કરૂં? જે અવલંબન પામી છું, એ ત્યાગ કરવાની ઈચ્છા જે દિવસે થશે, તે દિવસેજ હું મરીશ. આપનું કહેવું પૂર્ણ કરવું એ મ્હારૂં મૃત્યુનું કારણ છે, એ સારી રીતે જાણીનેજ હું સર્વ પ્રકારના પરિચયનું સ્થાન છોડીને ચાલી જાઉં છું; આ ઉમ્મરમાં, ખોળવાના હજારો યત્ન કરશો તોપણ મ્હને મેળવી શકશો નહિ; વૃથા મને શોધવામાં હવે વખતનો નાશ કરશો ના.

આપે મ્હારા સ્વામીને જે ઉત્તમ શોભાથી શોભાયમાન કર્યા છે: તેને માટે અનંતકાળ ઈશ્વરની આગળ કૃતજ્ઞ રહીશ. આપ સુખમાં અને શાંતિમાં રહો; ઈશ્વર આપનું મંગળ કરો.

આપની પાલિતા
પૂર્વની સુરબાળા સંન્યાસિની.

પ્રકરણ ૭ મું.

અમરધામાભિમુખે.

વાંચનાર, આજ ચાલો, તમારા આંખનાં આંસુ અને અમારાં આંખનાં આંસુ એક સાથે નાખીએ. યશલાલના જીવનના સુખના અંશ હસ્તાં હસ્તાં લખ્યા છે, તમે પણ પ્રસન્ન ચિત્તથી ધૈર્ય અવલંબન કરીને સાંભળ્યા છે. યશલાલનું જીવન સ્વતંત્ર હતું, તે સ્વતંત્રતાથી વંચિત થઈને યશલાલ એક પ્રકારે મૃત થયો હતો. કૃતઘ્ન સિકિમનો રાજા અંગ્રેજ રાજની માયામય જાળમાં ભુલાઈને આજ આ મૃત જીવની મૃત્યુસંઘટન ક્રિયા જોવામાં ઉલ્લસિત થયો છે, એ ચિત્ર લખવામાં, આ કલંક ભારતભૂમિમાં ફેલાવવાની કોની મગદુર હતી? સરકારે યથાસમયે અમને સહાય થઈને એક પ્રકારે અમારી કલમનું સંમાન રાખ્યું છે. એ કાયદાનો ભય નહિ હોત તો આટલા દિવસ સુધી આ કલંક દેશમાં વ્યાપ્ત થાત. અને કોઈ રીતે આ કલંકની રેખા ધોવાઈ નહિ.— યશલાલના આત્માની સાથે સિકિમના સૌભાગ્યનો રવિ અસ્તમિત થયો છે,—રાજાના કલંકની કાહણી ઘેર ઘેર સંભળાય છે. અમે જોઈએછિયે કે અંતે અનિચ્છા છતાં પણ એ કાહાણી અમારી કલમથી નિકળેછે. તેમાં અમે દુઃખિત, નથી. અમારી કલમથી જ્યારે યશલાલના મૃત્યુની ખબર ઘોષિત

થઈ શકીછે, ત્યારે કૃતઘ્ન રાજાનો કલંક ફેલાવવામાં દુઃખ તથા ક્ષોભ શામાટે કરીએ? ત્યારે વાંચનાર ધીરે ધીરે ચાલો, યશલાલને ફાંસીએ ચઢવાની જગાએ જઈએ. આંખમાંનું પાણી રોકો, અમે પણ તેમજ કરીએછિયે. જે આંખનાં આંસુ ભારતભૂમિમાં જન્મ લઈને ચિરકાળ નાંખવાં પડશે, તે આંસુ થોડિવારને માટે રોકો. આંખનાં આંસુજ આપણું ધન છે,—બીજું આપણી પાસે શું છે? આપણું વીરપણું આંખનું પાણી છે, આપણી સહાનુભૂતિ આ આંખનાં પાણી છે, આપણા પોતાના બચાવનું હથિયાર આ આંખનાં પાણી છે. વિધાતાએ આપણને આ એક માત્ર વસ્તુ આપીછે-તેજ આખી ઉમ્મર સુધી નાંખીશું.આપણે રોવા માટે આવ્યાછિયે, રોઇને જતા રહીશું. ત્યારે આજે કેમ રોવાનુ બંધ કરવાને કહીએછિયે? યશલાલ આપણને કાયર કહેશે. યશલાલનો બચાવ કરવામાં જે જાતિની શક્તિ નથી તે જાતિના મૃત્યુની વખતે રોવું એ એક જાતની વિટંબના છે. અમે પણ રડશું, તમે પણ રડો પરંતુ થોડીવાર થોભો, યશલાલનો પુણ્યાત્મા આ પાપલોક પહેલાં છોડે.

આ તો યશલાલને ફાંસી દેવાની જગા. આજે સવારે ન્યાયાધિશોએ દંડાજ્ઞા આપીછે કે ૧૦ વાગે યશલાલસિંહના જીવનનો પ્રદીપ નિવારિત કરવો જોઈએ. ન્યાય કરવાની આગમજ સર્વ તૈયારી

હતી—ન્યાયના પછી સઘળા ફાંસી દેવાની જગાએ એકઠા થયાછે. એક તરફ અંગ્રેજ પ્રતિનિધિ ઘોડાપર સ્વાર થયોછે, તેની પછવાડે અંગ્રેજનું લશ્કર હારબંધ સજ્જિત થયું છે. બીજી બાજુએ સિકિમના રહેવાસીઓ, અને જોનારાઓ મલિન વેશથી ઉભા રહેલા છે; તેની પાસે યશલાલના કેટલાક પ્રિય સિપાઈઓ ઉભા છે; તેઓ હથિયાર વિનાના છે, કારણકે, સિકિમરાજાએ તેઓને રાજ્યમાં બળવો ઉઠાવનાર કહીને કાઢી મૂક્યાછે. પહાડની તલાટી આજ મલિન છે,—બપોર થયાછે, સૂર્યદેવે ધીરેને ધીરે વિષાદના ચિત્રથી તલાટીને મલિન કરી દીધીછે;—પક્ષીઓ જાગ્યા છે, એવી વખતે પહેરાઓ યશલાલને ફાંસીની જગાએ લાવ્યા. યશલાલની ગંભીર મૂર્ત્તિ વિસ્ફારિત લોચનમાંથી જાણે અગ્નિના ભડકા નિકળતા હોય ને એવો દેખાવ નજરે પાડતી હતી. પહેરીઓ થોડે છેટે રહેલા હતા—કારણકે યશલાલે તેઓને કહ્યું હતું કે, મને સ્પર્શ કરવાની જરૂર નથી—હું કાયર પુરૂષ નથી-મૃત્યુને માટે ભય કરતો નથી." તેની પછવાડે પછવાડે પેલી એક સ્ત્રી આવેછે, વાંચનાર, એ કોણ છે તે તમે જાણોછો? એ વીરકન્યા મરીચિ છે! આજ મરીચિ ઉન્મત્ત છે, છુટા મૂકેલા રૂક્ષ કેશથી પછવાડે પછવાડે આવેછે. યશલાલ હમણાં કન્યાની તરફ પળ આંખ ફરકાવ્યાવિના એક નજરથી જોતો હતો—ઈશારતથી તેને કહેતો હતો

મરીચિ, વીરકુલની અવમાનના કરીશ માં—આંખ્ય-માંથી પાણી કાઢીશ માં. તેથી મરીચિની મૂર્તિ આજે ગંભીર થઈ, બાલિકા મરીચિનું બાળપણું આજે સમય સમજીને જતું રહ્યું હોય તેમ જણાવા માંડયું. મરીચિ પછવાડે પછવાડે પિતાની સાથે ફાંસીની જગાએ જવા લાગી, કોઈએ પણ તેને રોકી નહિ. જ્યારે દાવાનલ સળગેછે, ત્યારે કોણ તેને રોકવા આગળ પડેછે? ફાંસીની જગાએ પહોંચતાંજ અંગ્રેજ લશ્કરે આનંદધ્વનિ કર્યો, એક તરફ ઘંટ વગાડવામાં આવ્યો. યશલાલસિંહ આટલીવાર સુધી સંજ્ઞા શૂન્ય થઈને કન્યાની તરફ જોતો હતો. મરીચિ બોલી—"પિતાજી પિતાજી!" યશલાલ સિંહ તરત ચેતન પામ્યો, ચારેબાજુએ જોયું તો સર્વ તૈયારી થઈ રહીછે. એક બાજુએથી એક માણસ યશલાલની તરફ આવતો હતો તે જોઈને યશલાલે તરત ફાંસીના લાકડાપર પગ નાંખ્યો,-તેનું આખું શરીર થરથરવા લાગ્યું, તે ગંભીર સ્વરથી બોલવા લાગ્યો;—

"જો કોઈ આજ મને પૂછેકે, તું અગ્રસર થઈને ક્યાં જાયછે? તો હું તેના ઉત્તરમાં કહીશકે, હું એવા રાજ્યમાં જાઉંછું, કે જે રાજ્યમાં ન્યાયનાપ્રતિ અન્યાયનું આધિપત્ય નથી,—સુખમાં કલંક નથી—પ્રેમમાં વિશ્વાસઘાતકતા નથી;—વીરત્વમાં કાયરતા નથી. જો કોઈ પૂછે કે તને ફાંસીપર શામાટે લટકાવ્યો છે.

સ્વાધીનભાવે સમરક્ષેત્રમાં જીવનનો પરિત્યાગ નહિ કરતાં કેમ આજે આવી રીતે જીવનવિસર્જન કરવા આવ્યો છે? આ પ્રશ્નનો ઉત્તર એક આજ છે કે કૃતઘ્ન સિકિમરાજાની વિશ્વાસ ઘાતકતાથી મને રાજ-વિદ્રોહી કહીને મશહૂર કર્યોછે, સ્વતંત્રતા વિના મનુષ્યની બીજી આદરની વસ્તુ શી છે? હાય, તે દેવ-વાંછિત સ્વતંત્રતાનો સિકિમે એકીવારે ત્યાગ કર્યોછે સિકિમનો રાજા હમણાં અંગ્રેજનો ગુલામ થયોછે. કૃતઘ્ન રાજા રૂપીઆની માયામાં ભૂલાવો ખાઈને સ્વતંત્રતા વેચવામાં તૈયાર થયોછે, એ જ્યારે સાંભળ્યું, ત્યારે રાજાના વિરૂદ્ધ હથિયાર પકડવાનું એક માત્ર કર્તવ્ય સમજીને તે માર્ગ પકડ્યો. દેશનો રાજા આજ છે તો કાલે નથી, પાણીના પરપોટાની પેઠે પૃથ્વીમાં રાજ્યનું ઉત્થાન અને રાજ્યનું પતન થાયછે. ક્ષણસ્થાયી રાજાનું મુખ જોઈને શું સ્વદેશની માયા પ્રિય જન્મભૂમિની મુખચ્છબિ ભૂલનાર છું! જન્મભૂમિની પીઠ ઉપર કલંક લગાડવો એ મ્હારા પ્રાણ સહન કરી શકતા નથી. જન્મભૂમિની સ્વતંત્રતા મને પ્રાણના કરતાં પણ પ્યારી છે. જન્મભૂમિની સ્વતંત્રતા માટે મ્હેં આ વિનાશી રાજાના વિરૂદ્ધમાં હથિયાર પકડ્યાં હતાં. જેઓ કહેશે કે તમે જે ખરાબ કામમાં હાથ નાંખ્યો હતો તેનો યોગ્ય બદલો મળ્યો છે, તેઓને હું કહુંછું કે—"સ્વદેશના ઉદ્ધાર માટે જીવન આપવાના જેવું હું ઉત્તમ કંના-

મ જાણતો નથી. હું આજ મરવા આવ્યો છું—પરંતુ આ સંસારમાં કોણ મરવાનું નથી? કિયો માણસ સંસારમાં અમરપણું મેળવીને મૃત્યુના હાથથી છુટ્યો છે? મ્હારા મૃત્યુથી હું જેવો સુખી છું ;—સિકિમની દુર્દશા જોવાને જીવતો રહ્યો હોત તો તેટલો સુખી થાત નહિ. આજે મ્હારો પ્રાણવાયુ આ દુર્ભેદ્ય પર્વતની માળાની નીચે નિકળશે, અનંતકાળ સુધી આ વાત પથ્થરના ટુકડા ટુકડામાં ખોદેલી રહેશે. સિકિમના રહેવાસીમાં જેઓના અંતરમાં સ્વદેશની દુર્દશાના ચિત્રની કાળાસ આવી છે—મ્હારા મરણ તેઓને બમણા ઉત્સાહિત અને અનુપ્રાણિત કરશે. આ પર્વતશ્રેણીમાં શું એવો કોઈ વીર નથી કે મ્હારા મૃત્યુમાં સિકિમના પુનરૂદ્ધારનું ટીપું રહેલું જુએછે? હાય સર્વ નીરવ થયું! સ્વદેશવાસી બંધુઓ મૂગા તમાસો જોઈને ઘેર જશો ના. દેશની દુર્દશાનું ચિત્ર અહિથીજ અંતરમાં ભરી રાખજો. મુગા બેસવાનો હવે સમય નથી."

આટલી વાત કહેતાં કહેતાં યશલાલની બન્ને આંખમાંથી પાણીની ધારો વહેવા માંડી ; ફરી કહેવા લાગ્યો "પ્રિય સમદુઃખી સ્વદેશ પ્રિય સિપાઈઓ! મ્હારો વખત થઈ રહેવા આવ્યોછે,—હવે વધારે વખત સુધી તમારૂં મુખ જોઈને હું સુખી થઈ શકીશ નહિ. આ જન્મને માટે તમને ચાહુંછું, તમારી મુખશ્રી હું ભૂલતો જાઉંછું ; મૃત્યુના પછી શું થશે તે હું

જાણતો નથી, નહિ તો તમને હું અંતરમાં ગાંઠી લેત. હું ચાલ્યો.--પરંતુ સ્વદેશની દુર્દશાનું ચિત્ર તમારી પાસે રાખી જાઉંછું, એના વિષય જીવનમાં એક દિવસ પણ ભૂલશો ના. આખા દિવસ પછી જ્યારે વિશ્રામ લેવા માટે બિછાના ઉપર જાઓ ત્યારે તમે તેને યાદ કરજો,—સિકિમને હવે વિશ્રામ કરવાનો સમય નથી. વિશ્રામની વાત યાદ આવ્યાથી તમારા અંતરમાં દારૂણ તીર ભોકાય;—તે વેળાએ ધારજો કે જેઓની છાતીપર રક્ત શોષક સર્પ દંખીને સર્વસ્વ હરણ કરેછે,—તેઓને શું વિશ્રામનો સમય છે!! હું આ જન્મને માટે ચાલ્યો, મ્હારા મૃત્યુ પછી તમે મ્હારે માટે-મ્હારા સ્મરણને માટે શું કરશો, આ વિષય લઈને કેટલાક દિવસ સુધી વિચાર કરતો હતો-હું કહુંછું-મ્હારા સ્મરણને માટે તમે હમણા કંઇજ કરશો નહિ. આ પરાધીન દેશમાં મ્હારા સ્મરણને માટે કંઈ યત્ન કરવાની જરૂર નથી. તમારા અંતરમાં જે ચિત્ર અંકિત થયલું છે.—જીવનનું સર્વસ્વ ત્યાગ કરીને પણ જેનાપર પ્રેમ કર્યોછે, તેનો એક અનુરોધ તમે પાળજો. હાય-હું ઘણોજ અપરાધી છું,-હું ફરી તમને અનુરોધ કરૂંછું! હું કેવો સ્વાર્થપર છું! હું આયુષ્યમાં તમારે માટે કંઈ કરી શક્યો નહિ, મૃત્યુ વેળાએ પણ હું કંઈ કરી શકતો નથી. તમે મ્હારા ઉપર પ્રેમ રાખતા હતા તેને બદલે મેં આખી ઉમ્મરમાં શું આપ્યુંછે?"

યશલાલની આંખમાંના પાણીથી તેના ફરી ગાલ ભીંજાવા માંડ્યા. ફરી કહેવા લાગ્યો,–હું શું કાયર છું! બંધુ બાંધવને માટે મૃત્યુ સમયે અસ્થિર થયોછું? સિપાઇઓ, મ્હારે માટે તમે કોઈ પણ રોતા ના. હું આ વખતે સમજુંછું કે તમારા કોમળ શરીર ઉપર હું આઘાત આપુંછું;–પરંતુ મ્હારૂં આ છેલ્લું કહેવું છે—યશલાલ બીજી કંઈ ભિક્ષા માગતો નથી, આટલીજ ભિક્ષા માગુંછું કે મ્હારે માટે તમે રોશો મા, જ્યાંસુધી મ્હારા મૃત્યુનો બદલો લઈ નહિ શકો, જ્યાંસુધી સિક્કિમના ઉદ્ધારને માટે તમે જીવન આપી નહિ શકો, ત્યાંસુધી તમને રોવાનો અધિકાર નથી. મ્હારે માટે કંઈજ કરવાની જરૂર નથી, સ્વદેશને માટે જીવન અર્પણ કરો. એજ તમારી પાસે મ્હારી પ્રાર્થના છે." એ સાંભળીને યશલાલસિંહના પ્રિય સિપાઈઓમાં ગડબડ મચી રહી, સર્વ ઉત્તેજિત થઈને કહેવા લાગ્યા–હું આજથી દેશને માટે જીવન આપવાનો અંગીકાર કરૂંછું,–આજ પ્રતિજ્ઞા લઉંછું કે આ ચિત્રનો બદલો નહિ લેતા હું ઘેર પાછો જઈશ નહિ.'

આવી રીતની ગડબડ જોઇને અંગ્રેજ અધિનાયકે કહ્યું—હવે વિલંબ કરવાની જરૂર નથી. એ વાત બોલતાંજ ફાંસીની જગાએ પેલો માણસ ગયો. યશલાલસિંહ ધીરભાવથી બોલ્યો—કેટલીવાર સુધી રહું જરા થોભ ત્યારપછી મ્હારો અંત આણ.

સિપાઈઓની તરફ જોઈને યશલાલ ફરી કહેવા લાગ્યો—" એજ તમને સંભવ છે. તમને દૃઢ પ્રતિજ્ઞાવાળા જોઈને મને મૃત્યુમાં જીવન મળ્યું, બંધુબાંધવ ત્યારે આજે હું વિદાયગિરી લઉં છું."

પાસે ઝાંખી પડેલી મરીચિ ઉભી હતી, તેને જોઈને યશલાલસિંહ બોલ્યો—" મરીચિ, જીવન સર્વસ્વે તું હવે પાછી જા. આજથી તારા પિતાની મુખશ્રી ભૂલી જા. વીરકુળમાં જન્મી છે, જેનાથી વીરકુળનું માન કાયમ રહે તે કરજે. દેશની વાત ભૂલીશ માં. તેં યોગ્ય શિક્ષણ મેળવ્યું છે. મ્હારી ખાતરી છે કે મ્હારી સર્વ વાતનો તાત્પર્ય તું સમજી શકીછે. આજ જીવનમાં તારા પિતાને ગુમાવ્યો, પરંતુ વિશ્વપિતા તારા મસ્તકના ઉપર સર્વદા તારી કલ્યાણકામના કરેછે, યાદ રાખજે. ને ભૂલી જઈને ઈશ્વરને યાદ કર;— માતૃભૂમિની દુર્દશાને યાદ કર. ને જેવી ચાહતી હતી, તેના કરતાં પણ વધારે વિશ્વપિતાને, તારી જન્મભૂમિ ઉપર પ્રેમ કરતાં શીખ. અનંતકાળ તારે માટે સુખ અને શાંતિ સ્વર્ગમાં છે;--મરીચિ સર્વને યાદ કરતી કરતી પાછી જા."

મરીચિ ગંભીરભાવથી બોલી—પિતાજી, હું ક્યાં જાઉં ?

યશલાલે ઉત્તર આપ્યો—" અનંત પર્વત શ્રેણી તારા વિહારનું ક્ષેત્ર બનો,—પ્રત્યેક સિકિમવાસીનું ઘર તારૂં આશ્રમ બનો,—પ્રત્યેક અધિવાસીનીની તું

પ્રેમની પાત્રી થા,—પ્રત્યેક મનુષ્ય તારા જીવનમાં વીરત્વ શીખો! પ્રત્યેકના ઘેર જઈને પ્રત્યેકને સ્વદેશના વિષય યાદ દેવડાવ્યાથી તારા કર્તવ્ય કાર્યનો અંત આવશે. આ વાત કહેતાં કહેતાં યશલાલસિંહની વાકશક્તિ બંધ થઈ,—તેણે ઈશારતથી જહલાદને બોલાવ્યો ત્યારપછી આંખ મીચીને બોલ્યો.—

"પ્રસન્નમયી જનનિ, તમારૂં પ્રસન્ન મુખ જોઈને સર્વ ભૂલી જઈશ મા! યશલાલને ખોળે લ્યો. તમારા ચરણપરજ મને એક માત્ર ભરૂસો છે. આશ્રયદાયિની, તમારા ચરણની નીચે આશ્રય આપો. યશલાલ સર્વ ભૂલી જઈને અનંત સુખ અને શાંતિના અધિકારી થાવ."

એના પછી શું થયું, તે હવે મને લખવાની ઈચ્છા થતી નથી. ત્યારપછી મરીચિ અંતરમાં ઝેર ધારણ કરીને પાછી જતી, હતી. તે ચિત્ર દેખાડવાની હવે મરજી નથી. ટૂંકામાં અંગ્રેજ કલંકનો આ જગાએ અંત આણીએછિયે.

પ્રકરણ ૮ મું.

દુઃખની કાહણીમાં સુખનાં ચિહ્ન.

સંન્યાસિનીનો પત્ર વાંચીને ગુણરામસ્વામી ઘણોજ આશ્ચર્ય પામ્યા, સંન્યાસી આગળ પત્રની વ્યાખ્યા કરી અને સુરબાળાના જીવનની હજારો

વાર પ્રશંસા કરી, ત્યારપછી જલદીથી પગ ઉપાડતા આશ્રમની તરફ ચાલ્યા. મરીચિને મળવાને હવે એક માત્ર દિવસ બાકી રહેલો હતો, સંન્યાસી અને ગુણરામસ્વામી બન્ને વિચારમાં પડ્યા.

ઘણો યત્ન કર્યા છતાં પણ તેઓ નિર્ધારેલા સમયમાં આશ્રમમાં પહોંચી વળ્યા નહિ, ગુણરામ સ્વામી ઘણાજ ઉદ્વિગ્ન થયા, અને યત્નપૂર્વક સંન્યાસીને મરીચિને મળવા મોકલ્યો. સંન્યાસી જે દિવસ પહાડની તલાટીપર જઈ પહોંચ્યો, તેને આગળે દિવસે યશલાલસિંહનો ઈનસાફ થઈ ગયો હતો, પહાડની તલાટી ઉપરની ખુબસુરતી એકીવારે નાશ થઈ ગઈ હતી તે જોઈને તેના હૃદયમાં ઘણું દુઃખ ઉત્પન્ન થયું. પહેલાં જે જગાએ ભૂટિયા લામાઓનું મંદિર સ્થાપિત હતું, ત્યાં કંઈપણ નજરે પડ્યું નહિ, જ્યાં યશલાલસિંહનું ઘર હતું ત્યાં વેરાન ઉજડ થઈ ગયલું જોયું. જ્યાં પહેલાં સિકિમ રાજાના લશ્કરી સિપાઈઓ પહેરો ભરતા હતા, ત્યાં અંગ્રેજીના સિપાઈઓ નજર પડ્યા; એ સર્વ બનાવ જોઈને મનમાં ધાર્યું કે, અંગ્રેજોની મનોવાંછા પૂર્ણ થઈછે, એ રાજ્યમાં તેઓની સત્તા વિસ્તાર પામીછે. તે ખેદિત અન્તઃકરણથી મરીચિની શોધ કરવા લાગ્યો.

પર્વતના ઉપર આ શેનું મનોહર ચિત્ર છે. એક જુવાન સ્ત્રી નવો વેશ ધારણ કરીને એક ઝાડની

નીચે ઉભી રહીને વિચારમાં નિમગ્ન છે. શેનો વિચાર કરેછે. ગુજરાતી ગ્રંથકારને તે સમજવાની શક્તિ નથી, ગુજરાતી વાંચનારાઓને હૃદયમાં ધારણ કરવાની શક્તિ નથી. આપણે સંસારના ચિત્ર જોઈ જોઇને મનની ગતિને ખરાબ માર્ગે ચલાવી દીધી છે, મન આવાં ચિત્ર જોયાથી કહેછે કે જુવાનીમાં પ્રેમના વિચાર શિવાય સ્ત્રી બીજા શેનો વિચાર કરે? આપણે એપણ ધારીએ છિયે કે આવી ખુબસુરતી, આવું સુકોમળ ખીલેલું ફુલ કીટદશનની યોગ્ય વસ્તુ છે. અસાર મન લઈને, અપવિત્ર હૃદય લઈને ગ્રંથની રચના કરવાનો યત્ન કરવો એ કેવળ વિટંબના છે, તે અમે ઉત્તમરૂપે જાણીયે છિયે. બીજો અપવિત્ર ભાવ લેવાની ઈચ્છાથી ગ્રંથનાં પાનાં ફેરવવાં એ વાંચનારની હદવગરની વિડંબના છે, તેનો પરિચય હવે અમે લખીને શું આપીએ? ગુજરાતી વાંચનારાઓનું મન ક્રિયા પુસ્તકના ઉપર દિવસે દિવસ આસક્ત થઈને મનુષ્યત્વ વગરનું થવા બેઠુંછે, તે થોડી મુદતમાં દેશમાં ફેલાવ્યું છે. જે ગ્રંથકાર થાય તેને અસાર મહોબતનો કીચડ પોતાની પાછી-થી ચિતારી રાખવો જોઈએ, અને જે વાંચે, તેને મહોબતના પાનાનો કીડો થઈને તેમાં મગ્ન થઈ રહેવું જોઈએ!! આવી રીતની દેશની હીનાવસ્થા અમે હવે કેટલા દિવસ જોઈને આંખમાંથી આંસુ પાડીને ગાલ ભીંજવીશું, તે કોણ કહાને અમને શાન્ત્વના આપશે?

પેલી સ્ત્રી, ગરૂવા વસ્ત્ર પહેરીને, વાળ છુટા મૂકીને સ્થિરભાવથી ઉભી રહીછે, શરીરની શોભા ઝાંખી થઈછે, પરંતુ પ્રફુલ્લતા વિનાની નથી; આંખમાં આંસુ ભરાઈ આવ્યાછે તોપણ જ્યોતિ વગરની નથી, હસ્તપદાદિ સ્થિર છે તોપણ નિશ્ચળ નથી; એના મનમાં ઘણા પ્રકારને વિચાર ધીરે ધીરે આવેછે વિલીન થઈ જાયછે; એનો આવો ભાવ કેમ છે? આપણે જો ગુજરાતી નહિ હોત તો એના મનની શોભા આપણે ચિત્રત, આપણા દેશના વાંચનાર જો ગુજરાતી પ્રકૃતિનો પરિચય નહિ આપત તો આહ્‌લાદની સાથે તે વાંચી જોત. વિર્જીવ અરણ્યની નર્જીવ રસશૂન્ય કાહાણી લખવા જતાં અમે સ્વર્ગીય ચિત્રની અવમાનના કરવાની વાસના કરતા નથી, કારણ કે તે કલંકરેખા, અમે જ્યારે આ સંસારને છોડી જઈશું ત્યારે પણ અદૃશ્ય જગતમાં અમારા સ્વભાવને મ્લાન કરીને જગતની આગળ હાસ્યાસ્પદ કરશે. કોણ ઈચ્છાપૂર્વક જીવનમાં કલંકનો બોઝો વધારીને, આ સંસારમાં કૃતાર્થ મનથી સમય ગાળે?

સંન્યાસી મનોહર ચિત્ર જોઈને મુગ્ધ થયો, મરીચિનો વેષ પરિવર્ત્તિત થયાથી પણ તેને દૂરથી ઓળખી, તે હળવે હળવે પગ ઉપાડતો મરીચિની પાસે આવ્યો, શરીર અજ્ઞાતસારે રોમાંચિત થતું હતું.

દૂરથી પંડિતને જ્યારે પાસે આવતો જોયો, ત્યારે

મરીચિ વ્યાકુળ મનથી તેની પાસે ગઈ, ત્યાર પછી બોલી, "પંડિત મહાશય! કંઈ જાણવા પામોછો કે? કહો જોઈએ હું આ વેશથી અહિં કેમ આવીછું?"

સંન્યાસી—"તે હું કેવીરીતે જાણું? કાલે તમારા પિતાનો ઈનસાફ થઈ ગયોછેકે શું?"

મરીચિ—"તેની ઘણી વાત છે, તે પછી કહીશ, મેં આજે જે વેશ ધારણ કર્યોછે એ જોઈને શું તમે સુખી થયા નથી?"

સંન્યાસી—"મરીચિ, બાળિકાનો સ્વભાવ તમારો આજપણ દૂર થયો નથી, જે વાત સાંભળવા માટે મ્હારૂં મન ઘણુંજ અસ્થિર છે, તે વાત પહેલા કહો."

મરીચિ—"તમે બાળિકાનો સ્વભાવ શેમાં જોયો?"

સંન્યાસી—"તમારૂં મંદિર, પિતાનું મકાન વગેરે સર્વ લુટાઈ ગયુંછે, પહેલાની ખુબસુરતી નાશ પામી છે, આ સર્વ જોઈને મને ઘણો અફસોસ થાયછે, તેને યાદ કરીને શું તમારા મનમાં જરા પણ કષ્ટ થતું નથી."

મરીચિ—"દુ:ખ શા વાસ્તે ઉપજે? આ સંસારમાં ચિરસ્થાયી વસ્તુ કયી છે? તમે તો કહ્યું હતું કે પૃથ્વીની સર્વ વસ્તુ ચંચલ છે; તમે શું ધારો છો કે તમારા શિક્ષણથી મ્હારૂં કંઈજ કલ્યાણ થયું નથી; તમારા શિક્ષણથી મ્હારા હૃદયમાં શું કોઈપણ પ્રકારનું આધિપત્ય વિસ્તાર કરી શક્યું નથી?"

સંન્યાસી—" મરીચિ! એ સર્વ વાત હમણા પડતી મૂકો, કહો જોઈએ ખરેખર શું તમારા મનમાં કંઈ પણ કષ્ટ થતું નથી ?"

મરીચિ—" કષ્ટ થાયછેકે નહિ, તે તમે શું જાણી શકતા નથી? કષ્ટ થયાથી તમે કેવી રીતે જાણશો ?"

સંન્યાસી—" અંતરમાં કષ્ટ થયાથી તે અવશ્ય બહાર પ્રકાશિત થાયછે, તમારી બહારની આકૃતિ જોયાથી કંઈ જણાતું નથી. આ અસ્વાભાવિક ભાવ તમે કેવીરીતે ઉપાર્જન કર્યો ?"

મરીચિ—" શો અસ્વાભાવિક ?"

સંન્યાસી—" તમારા મનમાં કષ્ટ થતું નથી એજ અસ્વાભાવિક છે."

મરીચિ જરા હસીને બોલી " પંડિત મહાશય ! અમે પર્વતના રહેવાસી છિયે, અમારૂં કષ્ટ બહારના કોઈપણ ચિન્હથી પ્રકાશિત થતું નથી, અમારા અંતરમાં કષ્ટ થયું છેકે નહિ, તે સર્વે આજ તમારી પાસે સ્પષ્ટ કહીશ;ચાલો હમણા મ્હારા આશ્રમમાં જઈએ." આટલી વાત કહીને મરીચિ આગળ જવા લાગી અને સંન્યાસી તેની પછવાડે જવા લાગ્યો.

આશ્રમમાં જઈને બન્ને એક બીજાની સામે બેઠા, મરીચિએ એકદમ નીચું માથું કર્યું, એકાએક તેનું શરીર ફીકું પડીગયું; સંન્યાસીનો હાથ પકડીને બોલી—"પંડિત મહાશય! તમારા ચરણમાં મેં ઘણા અપરાધ કર્યા છે, તમારા હૃદયમાં મેં પુષ્કળ

આઘાત કર્યાછે, તે હું સર્વ સમજી છું. આજ સમજી છું કે, આપના હૃદયમાં આઘાત નહિ કર્યો હોત તો મ્હારૂં હૃદય આજ અસ્થિર થાત નહિ ! પર્વત ઉપર રહેનારી અમે સ્ત્રીઓ છિયે—ચિરકાળ પાષાણદ્વારા હૃદયને બાંધી રાખીએછિયે; એનાથી શું કોઈ બનાવતું દુઃખ અથવા યંત્રણાનું સ્થાન મળી શકે? પરંતુ આજ જોઉછું કે મ્હારાં હૃદયમન અસ્થિર થાયછે. કેમ થાયછે? તે કોણ સમજે? અમે પર્વત ઉપર પાલિતા છિયે, અમે કદીપણ જુલમ સહન કરી શકતા નથી. આ છરો મ્હારા હાથમાં નીરવ રહ્યો, એ શિક્ષણ કોનું? આજ જુલમીઓએ મ્હારા જીવનનું સર્વ લૂંટી લીધું, તોપણ મ્હારો હાથ અચલ રહ્યો? પંડિત મહાશય! ક્ષમા કરજો, તમારા શિક્ષણનું ફળ પાછું આપુંછું તે લ્યો, તુચ્છ કરશો ના. આ લ્યો,—તમારા સર્વ પુસ્તકોને આજે વિસર્જન દઈશ. શામાટે આ સર્વ હવે હૃદયમાં ભરી રાખું? તમારી પાસે અપરાધ કર્યોછે, કેમકે અયથા તમારી પાસેથી શિક્ષણ મેળવીને હૃદયત્વ ગુમાવ્યું છે. તમારા ઉપદેશ વાક્ય અયથા હૃદયમાં ભર્યાં છે. આજે હવે કંઈ રાખીશ નહિ, આજ સર્વ પાછાં આપીશ." આવું બોલતાં બોલતાં મરીચિની આંખોમાંથી પાણીના ઝરાની પેઠે સ્રોત પડવા લાગ્યો. થોડીવાર પછી ફરીને કહ્યું, "સર્વ આજે પાછું આપીશ, કંઈ પણ બાકી રાખીશ નહિ. સર્વ

પાછું આપીને શું હૃદયમાં ભરીશ? તમારી આ સુંદર મૂર્ત્તિ? નહિ–તે પણ નહિ. તમારા ઈશ્વરને, બીજું શું? જુલમી લોકોના ઉપર ક્રોધ. તમે જો કહેશો કે ધર્મ કરવા જતાં ક્રોધને વિસર્જન કરવો જોઈએ; તેમ હું કરી શકીશ નહિ. આ બેને હૃદયમાં પોષણ કરીશ. બન્નેનું સામજસ્ય રાખીશ, નહિ તો હું ધર્મ ચાહતી નથી. પિતાની સુંદર મૂર્ત્તિ શું ભૂલી જાઉં? પિતાના પ્રતિ જુલમ કેવીરીતે હૃદયમાંથી દૂર કરૂં? તે કદીપણ કરી શકીશ નહિ. પિતાજીની વાત—એ હૃદયના ચૂરેચૂરા થઈ જાયછે. તમે વિદ્વાન છો. તમે ધાર્મિક, છો. પરંતુ હું પિતાના પ્રતિ જુલમ ભૂલી જઈને કદીપણ કેવળ ધર્મ લઈને રહી શકતી નથી. અપરાધ ક્ષમા કરો, મને વિદાય દ્યો."

આ સાંભળીને સંન્યાસીનું હૃદય અસ્થિર થયું, તેથી બોલ્યો—"મરીચિ! ઉન્મત્તની પેઠે શા માટે થાઓછો? તમારા પિતાના પ્રતિ કેવીરીતનો જુલમ થયોછે?"

મરીચિ દાંતને કડકડાવીનેતેમજ ત્રાસીને બોલી—'જુલમી કૃતઘ્ન રાજાએ પિતાજીને અંગ્રેજના હાથમાં સોંપ્યો હતો, કાલે જુલમી અંગ્રેજોએ મ્હારા પિતાજીનો ન્યાય કર્યો હતો, કાલે આ ગગનભેદી પર્વતની સામે પિતાજીને ફાંસી દઈને મારી નાંખ્યા; અપરાધ ક્ષમા કરો, હું કદીપણ એ સહન કરી શકતો નથી;

હું નિશ્ચય જુલમીની છાતીમાં છુરી ફેકીશ. મને કોણ રોકનાર છે?"

સંન્યાસીએ ગંભીરભાવથી દીર્ઘ નિઃશ્વાસ ત્યાગ કર્યો, ત્યારપછી બોલ્યો;—"મરીચિ, હૃદયનું અમૂલ્ય રત્ન! અસ્થિર થશો ના, ઈશ્વર અવશ્ય તમારા હૃદયમાં શાન્તિ આપશે; ઈશ્વર તમારૂં મંગળ કરશે."

મરીચિ—"હું શાન્તિ ચાહતી નથી, પર્વત પાલિતા વનબાળા, શાંતિ લઈને શું કરે? મ્હારૂં લોહી હજીપણ ગરમ છે, આ શરીરમાં હજીપણ લોહી ફરેછે. ઈશ્વરની આગળ શાન્તિની પ્રાર્થના કરીને જુલમીને છોડી શકતી નથી. તેમ કદીપણ થશે નહિ. પંડિત મહાશય! મ્હારૂં હૃદય છોડી દ્યો, મ્હારો પ્રેમ પાછો આપો. મ્હારા પિતાના ઉપર થયલો જુલમ વિસારીને કદીપણ તમારા કહ્યા પ્રમાણે ચાલીશ નહિ; અપરાધ ક્ષમા કરો."

સંન્યાસી—"જીવન મરીચિ! શું કરશો, તમે તો અસહાય છો, તમે એકલાં શું કરશો?"

મરીચિ—"શું કરશો? તેને માટે શા માટે ચિંતા કરો છો? હું મદદ વગરની છું તો શું થયું, હું મ્હારી આગળ અવિશ્વાસિની નથી, આ હથિયાર અવિશ્વાસી નથી. આ હાથમાં રહ્યાથી કદીપણ હું અવિશ્વાસિની થનાર નથી. મને વિદાય કરો, મ્હારો પ્રેમ છોડી દ્યો."

સંન્યાસી—"તમને વિદાયગિરી આપીને હું કેમ રહી શકીશ? તમારો પ્રેમ વિસારી દઈને હું કેવી રીતે જીવતો રહીશ?"

મરીચિ—"તે હું જાણતી નથી. તે હું કહી શકતી નથી. ઈશ્વર છે, તેનું અવલંબન કરો; સ્ત્રીના ઉપર મન અર્પણ કરવું એ તમારૂં કર્તવ્ય નથી; તમે ધાર્મિક છો, મનુષ્યના ઉપર તમારો પ્રેમ બાંધવો એ ઉચિત નથી. તમારી મનોવાંછા પૂર્ણ થયા પછી ઈશ્વરસેવામાં નિયુક્ત થજો. જ્યારે ઈશ્વરસેવામાં નિયુક્ત થશો, ત્યારે સંસારની કોઈ વસ્તુમાં મન અર્પણ કરશો! ના. અપરાધ ક્ષમા કરો; હું આજે તમારી પાસેથી વિદાયગિરી લઈશ; આજે મ્હારા પ્રેમને છિન્ન કરીશ; હું અપરાધિની છું; આજ સર્વ પ્રકારના દોષના હાથથી છુટીશ."

મરીચિ બોલતી મુંગી રહી. સંન્યાસી ઘણી વાર સુધી સ્થિર ભાવે બેસીને વિચાર કર્યા પછી બોલ્યો, "મરીચિ! તમારી છુરી આપો." મરીચિ બીજા વિચારમાં ગુંથાયેલી હતી. તેથી હાથમાંની છુરી અનાયાસે સંન્યાસીને આપી. સંન્યાસી છુરી લઈને ઓરડામાંથી બહાર નિકળ્યો. મરીચિ ત્યાંજ બેઠી રહી.

પ્રકરણ ૯ મું.

આ શું? પ્રેમનો બદલો!!

મરીચિની પાસેથી છુરી લઈને સંન્યાસી પાસેના પર્વતના શિખર ઉપર ગયો, તે જગા નિર્જન, લોકસમાગમરહિત હતી; સંન્યાસીના હાથમાં છુરી હતી. એકલો એકાએક સંન્યાસી શામાટે આવી રીતે ગયો? તેમાંનું મરીચિ કંઈ જાણતી નહોતી.

આજે પ્રતિમાવિસર્જન કરીશ. કેટલી મહેનત કરીને રંગ ફેલાવી શક્યો નહિ, હવે કામ શું? આજે પ્રતિમા ડુબાડીશ. હવે કોની વાત સાંભળું? કોના આશ્વાસવાક્યપર વિશ્વાસ કરીને હવે આ પ્રતિમા રાખું? મ્હારો વિવેક ઉત્તમ ચિતારો નથી તે તો જાણી લીધું છે; ત્યારે હવે કોની વાત સાંભળું? માટીના શરીરમાં માટીનાજ દોષથી રંગ ખરાબ થઈ રહ્યો છે, તેના ઉપર વિવેકરૂપી ચિતારો રંગ ફેલાવી શકતો નથી; ઘણો યત્ન કર્યો, ઘણું જોયું, ઘણું જાણ્યું, ઘણું ધીરજ પકડીને રહ્યો તો પણ સ્વચ્છ પવિત્ર રંગ આ પ્રતિમાપર શોભાયમાન થયો નહિ, ત્યારે પ્રતિમા ડુબાવી નહિ દઉં તો તેનું બીજું શું કરૂં? ગુરૂદેવે કહ્યું હતું કે જો દુર્દમનીય રિપુઓ કાળાશની રેખાથી તારા આત્માને મલિન કરી નાંખે, તો વિવેકરૂપી સારા ચિતારાથી નીતિનો ચળકતો રંગ ફેલાવીને આત્માને પવિત્ર અને ઉજ્વલ

કરજે; હું તો તેમ કરી શકતો નથી, મ્હારો વિવેક રંગ ફેલાવી શકતો નથી, ત્યારે આ કલંકની મલિન પ્રતિમા રાખવાનું ફળ શું? નીરવ જગત સાક્ષી રહો, આજે આ પ્રતિમા વિસર્જન કરીશ.

સંન્યાસીનું શરીર થરથરવા લાગ્યું, ઉત્તેજિત હાથ સ્થિર થઈ ગયા, સંન્યાસી બોલવા લાગ્યો, "હાથ! આજ વિશ્વાસઘાતકનું કામ કરીશ મા, મછવો ડૂબાડી દો. જગતના નિંદાવાદના ઉપર નજર કરીને શું પાપનો બોઝો વધારૂં? જગત અન્તરમાં શું તે શું જાણે? મછવામાં શો ભાર છે તે શું જગત જાણવા પામેછે? કોણ જાણે છે! મછવામાં ઝેર કેટલું અસહ્નીય થયું છે? ઘણું સહન કર્યું છે—ઘણીવાર સુધી વાટ જોતો રહ્યો છું, હવે દુઃખ સહન કરી શકાતું નથી. હાથ! વિશ્વાસઘાતકનું કામ કરીશ મા, મછવો ડુબાવો, મછવો ડુબાવો. ગુરૂદેવે કહ્યું હતું કે મછવામાં વધારે બોઝો થયો હોય તો ખલાસીને બોલાવીને કહેજે કે મ્હારો બોઝો ઓછો કરે, બીજો કોઈ મદદગાર નથી, વત્સ,—નિર્ભર થતા શીખ, તરંગ જોઈને ભય કરીશ મા. ખારવા ઉપર અવિશ્વાસ કરીશ મા. ખારવો નિશ્ચય તારો ઉદ્ધાર કરશે. ગુરૂદેવની વાત કેવળ કલ્પનામાં રહી ગઈ; હવે વિલંબ સહન થતો નથી, હવે આશા રાખીને બેસી શકતો નથી, પાપનો બોઝો ધીરે ધીરે વધતો જાયછે, તે જોઈને કેવીરીતે મછવાને રાખું? જગત્

ગમે તે કહે; હાથ! આજ વિશ્વાસઘાતકનું કામ કરીશ મા મછવો ડુબાવી નાંખ."

સંન્યાસી અસ્થિર થઈને ઉન્મત્તની પેઠે અહિંથી તહિં ફરવા લાગ્યો અને બોલવા લાગ્યો; "જો દાવાનલ સળગાવીને આ જંગલના મારી ખાનારા જંતુઓને બાળી નાખવા પામત તો બીજું શું જોઈતું હતું? એકના પછી એકને કેટલા મારૂં? એકને મારવા જતાં બીજો એક ઉભો રહેછે, તેને માર્યાથી બીજો એક આંખની સામે પડેછે. આવીરીતે કેટલો કાળ લઢાઈમાં રત રહું? લઢાઈ કરીને પણ શું કરવા પામ્યો છું? એક બાજુએ જય મેળવુંછું, તો બીજી બાજુએ જંતુઓ ભયાનક આવાજ કરીને મન ઘેરી પરાજય કરેછે, કેટલા દિવસ, કેટલા મહીના, કેટલા વર્ષ આમ કરતાં કરતાં ગયા, પરંતુ શત્રુકુળ, મારીખાનારા જંતુઓના હાથથી આ જંગલની રક્ષા કરવા પામ્યો નહિ. જો દાવાનલ સળગાવી શકત તો સર્વ બળીને રાખ થઈ જાત, પરંતુ તેમ તો કરી શક્યો નહિ, તે તો મ્હારી શક્તિથી બન્યું નહિ. ત્યારે હવે શું કરૂં? આ જંગલ છોડીને જવુંજ સારૂ છે. બીજો કંઈ ઉપાય નથી,—હવે મારીખાનારાં જનાવરોનાં આક્રમણ સહન થતાં નથી; ત્યારે તો મ્હારે હવે નાસવું જોઈએ. પણ જાઉં ક્યાં?"

બહુ યાતનાને લીધે સંન્યાસીનો પ્રાણ છટપટ કરવા લાગ્યો; ફરી કહેવા લાગ્યો, "આ રોગી શરીરમાં

હવે કંઈજ સાર વસ્તુ નથી, કેટલાને દુરૂસ્ત કરૂં? એકને આરોગ્ય કરૂંછું તો બીજો એક રોગ પ્રબલ થઈ પડેછે, તેને સારો કરૂંછું તો બીજા દશ નજરે પડેછે. હવે ઔષધ મેળવી શકતો નથી. ગુરૂદેવના! કહ્યા પ્રમાણે મહા ઔષધ આટલી શોધ કર્યા છતાં મેળવી શક્યો નહિ, જે ઔષધ એકવાર પેટમાં જતાંજ સર્વ રોગ આરોગ્ય થઈ જાય તે મેળવી શક્યો નહિ; ત્યારે હવે શું કરૂં? હવે આ રોગનું દુઃખ સહન શકતું નથી. ધીરજ પકડવાની શું મરજી નથી? પરંતુ કરી શકતો નથી. દુઃખથી શરીર અસ્થિર થયુંછે, આ રોગવાળા શરીરના પરિત્યાગ વિના તો બીજો કંઈ ઉપાય જોતો નથી. પરંતુ ત્યાગ કરીને જઈશ ક્યાં? એ કેવું કષ્ટ! કોણ સમજશે? સંસાર છોડીને આવ્યો, તે સર્વ દુઃખના હાથથી છુટવા માટે, પરંતુ સંસાર રોગવાળો દેહ છોડીને તો દૂર રહી શકતો નથી; જયાં જાઉંછું, ત્યાં મને ઘેરેછે! ક્યાં જાઉં ? એ હવે સહન થતું નથી.”

સંન્યાસીની આંખ નિમીલિત થઈ.—ઇશ્વર હું ક્યાં જાઉં ? અપરાધીને બીજે ક્યાં પણ જગા નથી; જયાં જઈશ ત્યાં રોગ છે, જ્યાં જઈશ ત્યાં મારી ખાનારા જનાવરોનું આક્રમણ છે, હવે ઉભા રહેવાની જગા નથી. અન્તર્યામિન્! તમારા શિવાય અંતર તો બીજો કાંઈ જોવા પામતો નથી,—આ

અંતરમાં કોણ કોણ રહેછે, તે તમે સર્વ જાણોછો-હવે સહન થતું નથી. પ્રવંચના કરીને તો હવે તમારૂં જ્ઞાન આંખને છુપાવી રાખી શકતું નથી. હૃદય-બિહારિ! હૃદયના સઘળા ભાવ તમે જાણોછો. શેંકડો અપરાધથી ભરેલો—અપરાધી સંતાન—તમારા ચરણમાં, હવે નિવેદન શું કરૂં? મનને હવે શો પ્રબોધ આપું? હવે શું આશ્વાસ વાક્યથી ભુલાવું? ગુરૂદેવની સઘળી વાત યાદ રાખીછે, તથાપિ મ્હારી આ દશા થઈછે. ઘણા દિવસ, ઘણી વાર, ઘણો યત્ન કર્યો છે તે તમે સર્વ જાણોછો; પરંતુ કંઈ કરવા પામકતો નથી. લક્ષ્ય વગરના, ઉદ્દેશ્ય વગરના, જીવન-શૂન્ય, પાપી, તાપી, નારકી, શેંકડો અપરાધ કરેલો સંતાન હું છું, દીનબંધુ! મ્હારી તરફ જુઓ. આજે તો આ મછવો ડુબાડીશ. પ્રભુ! આજ તો આ મારીખાનારા જનાવરોથી ભરપૂર અરણ્યમાંથી નાશી જઈશ. જગદીશ! આજ તો આ રોગીષ્ટ દેહનો ત્યાગ કરીશ. દયાલ, જગા દેખાડો, હું ક્યાં જાઉં? ઉપાય હીનના ઉપાય આંધળાની આંખ માર્ગ દેખાડો. સંસારી લોકોની પાસે હું ધાર્મિકમાં ખપું છું; પણ હું પ્રવંચક છું, હું કપટી છું,—મ્હારી સઘળી સ્થિતિ તમે જાણોછો. કોની વાતપર હવે વિશ્વાસ કરૂં? મેં તો પોતાને આળખ્યોછે. પ્રભુ! હવે કોના મ્હોંની પ્રશંસાની તરફ જોઈને રહું, હું પોતાને તો ઓળખું-છું. મ્હારા અંતરમાં ઝેર ભરેલું છે, તેની જવાલા

મ્હારાથી હવે સહન કરાતી નથી; પ્રભુ ! તમે તો જાણતા નથી; હું તો અપરાધી છું, મ્હારા પાપનો ભાર ઘણોજ ભારી થયોછે, પરંતુ હવે બોઝો ભારી કરી શકતો નથી. તમે સાક્ષી છો. આ મછવો ત્યારે તો ડુબાવું.

"મન! તેં ઝેરનું પાન કર્યુંછે. આ જો મરીચિ તને કેટલું અમૃત ઢાળેછે. મરીચિના અમૃતને તેં ઝેરમાં આણીને હલાહલ પાન કર્યુંછે ? મરીચિના પેલા હસવાને તેં કેટલું પરિવર્ત્તિત કર્યુંછે; ઓઃ, કેવી નકામી તારી ખાશિયત છે! ઝેરને અમૃતમાં આણવું તો એક બાજુએ રહ્યું, તું અમૃતને પણ અમૃત સમજી શક્યો નહિ. તે અમૃત ઝેર જાણીને ચુમ્બન કર્યું. ઓ કેવી તારી નકામી ખાશિયત છે!"

"ગુરૂદેવે કહ્યું હતું કે સંસારમાં બે ચિત્ર છે, એક અમૃતનું, અને બીજું ઝેરનું. ઝેરના ચિત્રમાં લાલચ વધારે હોયછે, ઝેરના ચિત્રની મોહિની શક્તિ ઘણીજ પ્રલોભક છે; જેઓ ઝેરના ચિત્રને અમૃત જાણીને ગ્રહણ કરેછે, તેઓની પાસે ઝેર અમૃત વર્ષણ કરેછે, ઝેર પણ અમૃત થઈ જાયછે; એ અવસ્થા મેળવવામાં ઘણુંજ કષ્ટ થાયતોપણ તે એકીવારે અસાધ્ય નથી. પરંતુ હું તેમ કરી શકતો નથી, હું લાલચથી જય પામી શક્યો નહિ, હું ઝેરને અમૃત જાણીને ગ્રહણ કરી શક્યો નહિ, હું નરાધમ છું, મેં અમૃતને પણ ઝેર કરી નાંખ્યું હતું. ઓઃ પ્રાણ જાયછે, અમૃત નિકેતન

મરીચિ—પ્રેમની પુતળિ,—હૃદયનું ધન, તમે મને જાણ્યો નહિ, હું આજ અમૃતમાંથી ઝેર ઉત્પન્ન કરીને પીઉંછું,—હું હવે જીવી શકતો નથી, મને હવે કોણ બચાવશે? પૃથ્વી અંધકાર થાવ, જગત્ ડુબી જાવ, મરીચિ ક્યાં છે? ઓઃ હું શું ગાંડો થયોછું? મ્હારો હાથ? આ રહ્યો હાથ. મ્હારૂં મન? ક્યાં મન છે? મરીચિ! છોડાવ્યો, હવે ઘેરી રાખશો ના, મ્હારા મનને હવે ધરશો ના. પિશાચી મરીચિ, આ છુરી મ્હારા હાથમાં છે, જોતી નથી? તને હમણા જખમ કરીને મારી નાખીશ. મન! પિશાચીની મમતા છોડ, કુહકિનીની મંત્રજાળ તોડીને આવ. ઓ હું શું ઘેલો થયોછું. જે મનમાં આવેછે તે બકું છું ઘણુંજ સારૂં, ઘેલો થયો છું, પ્રાણ જાયછે.—જાઉં"

"આ હથિયાર કેવું સુંદર છે! મરીચિએ એનાથી કેટલા પશુનો ધ્વંસ કરીને પોતાનો બચાવ કર્યોછે. મરીચિનો હાથ કેવો પવિત્ર છે! હું પણ મારીખાનારો પશુ છું, હું પણ આ હથિયારનો યોગ્ય છું. બરાબર વાત છે. ત્યારે આજે કોણ મને મારશે? આ હાથ? આતો મરીચિનો હાથ નથી. મરીચિનો હાથ વિશ્વાસી છે; મ્હારો હાથ પાપી છે, મ્હારો હાથ કૃતઘ્ન અવિશ્વાસી છે! અવિશ્વાસી શામાટે છે? મરીચિનો હાથ શત્રુવિનાશમાં કદીપણ પાછીપાની કરતો નથી. અને મ્હારો હાથ શત્રુનો વિનાશ કરવામાં અશક્ત છે? કેમ? હુંજ તો મ્હારો શત્રુ છું, મ્હારા

રિપુ તો મ્હારા શત્રુ છે, કેમ એનો વિનાશ કરી શકતો નથી. મરીચિનો હાથ વિશ્વાસી છે અને મ્હારો હાથ અવિશ્વાસી છે, શું આ હાથને મુહુર્તમાં પરિચાલન કરી શકીશ નહિ?"

આટલું કહેતામાંજ સંન્યાસીએ હાથ વિજળીના પેઠે હથિયારની સાથે લંબાવીને વિશ્વાસની વિજયધ્વજા નાંખી. હાથે પ્રબલ વેગથી આક્રમણ કરીને સંન્યાસીનો વાગ્યંત્ર વિનષ્ટ કર્યો. વિશ્વાસી હાથે મણઝો ડુબાવી દીધો.

પ્રકરણ ૧૦ મું.

ભારતવર્ષનું પરિણામ.

પંડિતનુ અમૃત શરીર જ્યારે દુઃખિની મરીચિના જોવામાં આવ્યું, ત્યારે મરીચિએ શું કર્યું? મરીચિના આંખમાં પાણી આવ્યાં નહિ, હૃદયમાં વૈલક્ષણ્ય આવ્યું નહિ. આ અસ્વાભાવિક હૃદય શું રમણીના જીવનમાં સંભવિત હોયછે? જો મરીચિ સંન્યાસીના શરોરને ચાહતી હોત તો તેના દુઃખની હદ રહેત નહિ જોઈએ; કારણ કે પૂર્વનું સૌંદર્ય હમણાં માટીમાં મળી ગયું છે. જો મરીચિ પંડિતના રિપુની દાસી થઈ હોત તો તેની પાસે આજ પૃથ્વી અંધકારમય થઈ જાત, કારણકે રિપુ હમણાં ક્યાં જતા રહ્યા છે, તેનો નિર્ણય કરવામાં કોણ સમર્થ છે?

મરીચિ એક દિવસ પંડિતની વાતો સાંભળવા ચાહતી હતી, આજ પણ જો તે ચાહતી હોત તો મરીચિ આજ દુઃખસાગરમાં તણાત. મરીચિનું ચાહવું, નીરવપ્રેમ જે અનંતકાલ સુધી મનુષ્યનો સંગી છે, જે અદૃશ, અચિંત્ય અને અતીન્દ્રિય દેવને હૃદયમાં આલિંગન કરવામાં મનુષ્યને અધિકારી કરેછે, જે આ સંસારમાં ઘણુંજ આદરનું ધન અને દુષ્પ્રાપ્ય વસ્તુ છે. મરીચિનો પ્રેમ, મરીચિનું ચાહવું જોઇને સંસારી મનુષ્યો, તમે હસશો, ઘણીજ વાતો કરશો, ઘણાજ અસ્વાભાવિક શબ્દ કહેશો તે તો જાણીએછિયે. સંસારના જીવ જો સંસારના ચિત્ર શિવાય બીજું કંઈ હૃદયમાં ધારણ કરવાને અધિકારી નહિ હોત તો સંસારના અતીન્દ્રિય ઈશ્વરની સેવા અને પૂજા કેવળ કલ્પના જણાત, ધર્મ કેવળ બહારનો આડંબર જણાત. આ સંસારમાં જો ધર્મ છે તો નિશ્ચય નિઃસ્વાર્થ પ્રેમ પણ આ સંસારમાં રહેવાને યોગ્ય વસ્તુ છે.

મરીચિએ અવિચલિત ભાવથી સંન્યાસીના મુખપર વારંવાર ચુમ્બન કર્યાં. નીરવ શરીરે મરીચિના આ દુર્લભ ઉપહારનો કંઈ બદલો આપ્યો નહિ. મરીચિ ઘણીવાર સુધી નિસ્તબ્ધ ભાવથી સંન્યાસીના મુખ તરફ જોતી રહી, હૃદયમાં ઘણા પ્રકારના ભાવ ઘોળાવા લાગ્યા, ઘોળાઈને ફરી જતા રહ્યા. નિસ્તબ્ધ પૃથ્વી, નિબિડ અરણ્ય, ગગનભેદી

પર્વત અને અનંત આકાશને મરીચિના પ્રેમનો પરિચય થયો જે પ્રેમ વિચ્છેદમાં અચલ રહે, ઉચ્છ્વાસમાં સ્થિર રહે, અને વિપદ્‌માં અવિચલિત રહે. તે પ્રેમનું દૃષ્ટાંત મરીચિએ આજે દેખાડ્યું. પ્રતિમા ડુબી ગઈ, પરંતુ ભક્તના હૃદયમાં તે મૂર્ત્તિનો પ્રતિબિંબ રહ્યો; પ્રેમનું અવલંબન જતું રહ્યું. પરંતુ અદૃશ્ય અવયવ રહિત મરીચિના આત્મામાં તે પ્રેમ દૃઢરૂપથી અંકિત રહ્યો. ચંદ્રમા કવખતે છુપાઈ ગયો. પરંતુ સરોવરમાં ખીલેલાં કમળ ફરી પહેલાંની પેઠે શોભાયમાન થયાં નહિ. મરીચિના હૃદયનો ભાવ, સંન્યાસીની સાથે આ લોકમાં જતો રહ્યો નહિ. મરીચિએ ઘણીવાર સુધી સંન્યાસીને જોયો, ત્યારપછી પોતાનું હથિયાર લઈને ગુણરામ સ્વામીના આશ્રમ તરફ જવા નીકળી.

ગુણરામ સ્વામીની સાથે મેળાપ થયો, મરીચિએ અંગ્રેજોનો જુલમ અને યશલાલનો દંડ ભોગ વગેરે બાબત સ્પષ્ટ રીતે કહી સંભળાવી. તે બધું ગુણરામ સ્વામી સાંભળીને ગંભીરભાવથી બોલ્યા.—"આ દેશનું પરિણામ શું થશે તે હું આગમજથી જાણતો હતો. તે ભારતવર્ષના પરિણામનું સ્મરણ કર્યાથી હૃદય અને મન એકદમ અસ્થિર થઈ જાયછે. દુરાચારી કૌશલી અંગ્રેજ એક દિવસ આખો દેશ વિદેશીના શાસનમાં જોડશે. ભારતવાસીઓ બળ, વીર્ય, સાહસ સર્વનું વિસર્જન કરીને એક દિવસ

એઓના ગુલામ થશે. જુલમના ઉપર જુલમ, મારના ઉપર માર, ઉત્પીડનના ઉપર ઉત્પીડન, ભારતનાં હાડકાં નસોમાં ભેદ કરશે; એવી વખત આવશે, જ્યારે કોઈને પણ નિઃશ્વાસ ત્યાગ કરવાનું સામર્થ્ય રહેશે નહિ; એવી વખત આવશે કે જ્યારે હૃદયનું દુઃખ, યંત્રણા કોઈની પાસે કહેવાઈ શકાશે નહિ. જે ત્રિશ વર્ષ પછી બનશે તેનો આજ આરંભ થાયછે. એક દિવસ જે જુલમથી આ દેશના જીવ મરણ પોશાક પહેરશે, એક દિવસે જે જુલમથી આ દેશ શ્મશાન થઈ જશે, આજે તેનો આરંભ થયોછે. મરીચિ, દુઃખની વાત કોને કહું? હૃદયની બળતરાનો ભાગ કોની પાસે કહુ? સર્વ આશા, ભરૂસો, દેશનો ગૌરવ એ સર્વનું વિસર્જન કરીને આ વિચિત્ર શોભનીય પર્વતનો આશ્રય લેવાનું કારણ શું? જીવનનું સર્વ પરિત્યક્ત કર્યુંછે તે કેવળ મનની શાંતિને માટેજ! જ્યાં ભારતવાસીના ઉપર જુલમ, ત્યાં મ્હારા મનને શાંતિ મળતી નથી. આ નિર્જન પ્રદેશ, કોણ જાણેછે કે હું અહિં શાંતિમાં છું? ઓઃ કેવું કષ્ટ થાયછે! ઈશ્વર! સર્વદા શું આવીજ રીતે રાખીશ? ભારતવર્ષમાં શું હવે સૂર્યોદય થશે નહિ? આ પર્વતશ્રેણીની સુખશાંતિ શું ચિરજીવનને માટે અંતર્હિત થશે? હાય! જગદીશ, અંધકાર ધીરે ધીરે બધી જગાએ વ્યાપ્ત થઈ ગયોછે. દીનનાથ! ધર્મનું ઈનામ શું ભારત વાસીનું આ હતું! ઉઃ હૃદય કેમ અસ્થિર થાયછે? પ્રાણ શામાટે

રૂવેછે ? દુઃખસ્મરણ કર્યાથી હૃદય કેમ તુટે છે? નાથ હવે ક્યાં જાઉં? આ મ્હોં હવે ક્યાં છુપાવું? ક્યાં ગયાથી યંત્રણા ભૂલી શકું? ઈશ્વર, દીન દુઃખીના આશા, ભરૂસા, સ્થાન દેખાડો, ક્યાં ગયાથી અંગ્રજોના જુલમ ભૂલી શકું ? ક્યાં ગયાથી ભારતના કલંકોનો શાસન દંડ વિસરી શકું? આઃ મનનું દુઃખ કોણ જાણે !"

મરીચિએ ગુણરામ સ્વામીની સર્વે વાત સ્થિર ભાવથી સાંભળી, તેના હૃદયના પ્રત્યેક વિભાગમાં ઉત્સાહની લહરી પ્રવેશ થઈ, આશ્ચર્ય પામીને બોલ્યો, દેવ! દેશના ઉપર આપનો આટલો પ્રેમ છે તો શામાટે આપ પર્વત ઉપર આવ્યાછો? આપના દ્વારા ઘણુંજ સુફલ ઉત્પન્ન થઈ શકત."

ગુણરામ સ્વામીએ કહ્યું—" મરીચિ હજી તું બાળક છે, તેથી મ્હારા મનનો ભાવ કેવીરીતે સમજશે ? જો જરાપણ આશાની જગા હોત તો આ માર્ગપર કદીપણ આવત નહિ. અંગ્રેજના મંત્રબળથી ભારતવર્ષનું સર્વે મુગ્ધ થઈ ગયુંછે, સર્વ મનુષ્યત્વ શૂન્ય થયુંછે. કેટલા દીવસ સુધી વાટ જોઈ પણ કંઈ વળ્યું નહિ ત્યારે મને જણાયું કે દૈવબળવિના કદીપણ ભારતવાસીના મૃતજીવનમાં ઉત્સાહપ્રવાહ વહેશે નહિઃ ઘણો વિચાર કરીને જોયું પરંતુ ઈશ્વરની વિશેષ કરૂણા શિવાય બીજા કંઈપણ ઉપાય જોયા નહિ. તેથીજ સર્વ છોડીને, સર્વનું વિસર્જન કરી ઈશ્વરને અનુગત થયોછું.

મરીચિ બોલી—"દેવ! હું તો હવે જુલમ સહન કરી શકતી નથી. હું આજેજ મ્હારી પોતાની વાસના પૂર્ણ કરવામાં અગ્રસર થઈશ."

ગુણરામ સ્વામીએ કહ્યું—"તું જુલમનો બદલો કેમ લઈશ? તું બાળક છે, શરીર કોમળ છે, અંગ્રેજની ચતુરાઈ તું કેમ જાણીશ?"

મરીચિ બોલી—"હું બાળક છું ખરી, પરંતુ યાદ રાખજો હું યશલાલસિંહની કન્યા છું પિતાજીની અસીમ શક્તિથી ૨૦ વર્ષ સુધી સિકિમ રાજ્યનો એક ભાગ પણ કોઈ લેવા પામ્યા નથી, કોઈપણ વીર પિતાની સામે થવા પામ્યો નથી; યાદ રાખજો કે, હું વીરકન્યા છું, પર્વત ઉપર ઉછેરેલી છું, અમે જુલમ સહન કરી શકતાં નથી. આ હથિયાર જુઓછો, એનાથી પ્રત્યેક અત્યાચારીની છાતી ચીરી નાંખીશ! સિકિમના રાજાને પણ છોડીશ નહિ! કૃતઘ્ન અવિશ્વાસીનું મસ્તક સર્વથી પહેલાં કાપી નાંખીશ! આજે આપને બીજી એક ખબર આપવા આવીછું."

મરીચિના સાહસ, બળ, વીર્યનો પરિચય પામીને ગુણરામસ્વામીએ પર્વતવાસીઓને અંતરની સાથે ધન્યવાદ આપ્યો, ત્યારપછી બોલ્યા "શી વાત કહેછે, મરીચિ?"

મરીચિ બોલી—"મ્હારૂં હૃદય આજ અવસન્ન થયુંછે, આ જગતમાં મ્હારૂં દુઃખ આજ સુધી કોઈએ પ્રત્યક્ષ જોયું નથી; આજ આપને કહેવા આવીછું.

આજ મ્હારા પ્રેમનું અવલંબન, સુરબાળાના હૃદયનું પુતળું, જીવન, પ્રાણ, આપનો અતિ પવિત્ર પદાર્થ, સંન્યાસીએ આત્મઘાતી થઈને આ સંસારનો ત્યાગ કર્યોછે. આપ ચાલો, હૃદયના ધનને આજે છેલ્લીવારે જોઈ લ્યો.''

ગુણરામસ્વામી ઉન્મત્તની પેઠે મરીચિની સાથે ચાલ્યા. હૃદયનું દુઃખ, મનની યંત્રણા આ સંસારના કોઈ જીવે જોઈ નહિ, સમજ્યા નહિ, સંન્યાસીનો નિગૂઢ પ્રેમ નિઃશબ્દ શૂન્યમાં વિલીન થઈ ગયો.

સમાપ્ત.